# હું આત્મા છું

**ભાગ : ૧-૨**

શ્રીમદ્ રાજચંદ્ર રચિત
'શ્રી આત્મસિધ્ધિ શાસ્ત્ર' પર પ્રવચનો

: વ્યાખ્યાતા :
બા.બ્ર.પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજી
**M.A.Ph.D.**

ઃ પ્રકાશક ઃ
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ
લિટરરી રીસર્ચ સેન્ટર
SPR જૈન કન્યા શાળા ટ્રસ્ટ, શ્રી જગધીર બોડા વિદ્યા સંકુલ,
કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.
ફોનઃ ૫૧૨ ૫૬૫૮, ૫૧૫ ૫૪૭૬, ૫૧૬ ૩૪૩૪

HUN ATMA CHHUN
I am the Soul
By Dr. Tarulatabai Mahasatiji - M.A.Ph.D.
Gujrati Disourses
based on Shrimad Rajchandra's
Atmasiddhi Shastra (May 2002)

© પ્રકાશક:
પ્રકાશન સૌજન્યઃ
શ્રીમતી રમાબેન છોટાલાલ દફતરી,
શ્રીમતી જયાબેન શાંતિલાલ કામદાર,
શ્રીમતી ઈંદીરાબેન શશીકાંત મહેતા
શ્રીમતી મંજુલાબેન અનીલકુમાર બોટાદરા

પ્રાપ્તિ સ્થાનઃ
● ગુણવંત એમ. બરવાળિયા, માનદ્ સંયોજક
SKPG જૈન ફિલોસોફીકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર
**Adm. Office :**
૧/૩૧૬, સિદ્ધિવિનાયક સોસાયટી, હિંગવાલા લેન એક્ષ.,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫.
ફોનઃ ૫૧૨ ૫૬૫૮, ૫૧૫ ૫૪૭૬

● કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર
સુમેરૂ નવકાર તીર્થ પાસે, મુ. મીઆગામ, તા. કરજણ
જી. વડોદરા ઃ પીન ૩૯૧૨૪૦

કિંમત : રૂા.૧૫૦/-

ચોથી આવૃત્તિ : મે ૨૦૦૨

મુદ્રક:
નિતીન બદાણી ઃ અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
પંતનગર, સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડીંગની પાછળ,
ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોનઃ ૫૧૧૪૩૪૧, ૫૧૧૯૧૫૨

**પરમશ્રદ્ધેય, વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય બા.બ્ર. લલિતાબાઈ મહાસતીજી (પૂ. બાપજી)ના ચરણોમાં સવિનય....**

# સમર્પણ

હે અમ્બ!
તવ હૃદયની સર્વ સરવાણીઓ
વહે છે મુજ પરે....!
શા – શા તેનાં નામ દઉં?
મુજ મસ્તકે જે કર ધરે.....
કૃપા-કિરણ કે વાત્સલ્યધારા....?
ઉરનાં અમી કે સુ-ભાવ સારા....?
સતત મુજ શ્રેયનું ચિંતન
રહે છે તવ ઉરે....!
આ કાળમાં તવ ચરણ પામી
થઈ હું કૃત કૃત્ય ખરે....!

તવ અમી સિંચનથી ખીલ્યું જે
પુષ્પ મુજ જીવન બાગે....
તેને ધરૂં છું તવ ચરણમાં
મુજ હૃદયનાં સર્વ ભાવે....

આપની ચરણ ધૂલી તરૂ

o o E o o

## આત્મચિંતનના અસ્ખલિત ઝરણાનો પવિત્ર પ્રવાહ

અધ્યાત્મયોગિની પૂજ્ય લલિતાબાઈ મહાસતીજીના વિદ્વાન શિષ્યરત્ના પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીએ મુંબઈ યુનિવર્સિટી દ્વારા Ph.D.નો અભ્યાસ કર્યો. યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર, અવધૂત યોગી આનંદઘનજી મહાકવિ બનારસીદાસજી અને સંતકવિ કબીરજી એ એમના મહાનિબંધનો વિષય હતો.

આ શોધપ્રબંધના સંશોધન કાર્ય દરમ્યાન પૂજ્ય મહાસતીજીએ આત્મસિધ્ધિ શાસ્ત્ર પર ઊંડો અભ્યાસ કર્યો. ગહન ચિંતન કર્યું. સં. ૨૦૪૨માં આત્મસિધ્ધિ શાસ્ત્ર પરના તેમના વ્યાખ્યાનોનો સંગ્રહ 'હું આત્મા છું' ગ્રંથ રૂપે પ્રગટ થયાં.

આપણે જ્યારે સંકુલ જીવન શૈલીમાં જીવી રહ્યા છીએ ત્યારે આત્મતત્ત્વની ઓળખ કરાવનાર આવા દિવ્ય સાહિત્યની ખૂબ જ આવશ્યકતા છે. આ ગ્રંથના શબ્દો વ્યાખ્યાતાના આચરણમાંથી પરાવર્તિત થઈ, અનુભૂતિના રસાયનમાં સ્નાન કરી અક્ષરદેહને પામ્યા છે.

વ્યાખ્યાનની ભાષા પ્રવાહિત છે. ચિંતનસભર તત્વ અને સમજાવવાની સરળ શૈલીએ વ્યાખ્યાનના આ સંગ્રહને લોકભોગ્ય બનાવ્યો છે. એટલે જ આજે આ ગ્રંથની ગુજરાતીમાં ચોથી આવૃત્તિ અને હિન્દીમાં બીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. બે વર્ષે પૂર્વે અંગ્રેજીમાં બે હજાર સેટનું પ્રકાશન થઈ ચૂક્યું છે.

કેટલાંય ઉપાશ્રયો મંડળો અને અભ્યાસ વર્તુળમાં આ ગ્રંથનું વાચન સ્વાધ્યાય અર્થે ખૂબ જ ઉપયોગી બન્યું છે.

આત્મચિંતનના સતત વહેતા અસ્ખલિત ઝરણા જેવા આ દિવ્ય ગ્રંથને તત્વદર્શી પૂ. જયંતીલાલજી મહારાજ સાહેબે 'દેવતાઈ અરીસા' જેવો લેખાવ્યો છે.

વિદુષી પૂજ્ય ડૉ. તરૂલતાબાઈ મ.સ.જીએ 'હું આત્મા છું'માં આત્માના અદ્ભૂત રહસ્યોનું ખૂબ જ સરળ શૈલીમાં ઉદ્ઘાટન કર્યું છે. અંતર્મુખ થવાનું એલાન કરી આપણી નિજી સંપત્તિનું આપણને દર્શન કરાવ્યું છે.

'હું આત્મા છું'ના દરેક પ્રકરણને અંતે 'આત્મ ચિંતન'ની કાવ્યાત્મક શૈલીમાં લખાયેલી કેટલીક પંક્તિઓ મૂકી છે જે 'હું આત્મા છું'ના રાજમાર્ગ તરફ જતી પગદંડી જેવી ભાસે છે.

દ્રવ્યાનુયોગ આત્મતત્ત્વના સિધ્ધાંતો સમજવા માટે કથાનુયોગ કેટલું ઉપકારી છે તે પૂજ્ય મહાસતીજીએ આ વ્યાખ્યાનોમાં સિધ્ધ કરી બતાવ્યું છે. દૃષ્ટાંતો અને કથાઓ દ્વારા વ્યાખ્યાનને રસમય તો બનાવ્યું જ છે, સાથે સાથે વાચક કે શ્રોતા માટે જૈન દર્શનના ગહન રહસ્યો સુવાચ્ય અને સુપાચ્ય બન્યા છે.

સંતોનું જીવન પ્રયોગશાળા જેવું છે. પોતાની જાત પર સતત પ્રયોગ કરી અને કાંઈ પ્રાપ્ત થાય તેને પરમાર્થે ઉપયોગ કરે છે. અનુભૂતિની નીપજ પછી પ્રગટ થયેલા આ શબ્દો સ્વ પરનું કલ્યાણ સાધવામાં સહાયક બનશે.

૧૯૯૮ પૂજ્ય ગુરુદેવ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણલાલજી મહારાજ સાહેબનું જન્મશતાબ્દી વર્ષ હતું. પૂ. ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્ય બાપજી, પૂજ્ય તરૂલતાબાઈ મ.સ. આદિ સતીવૃંદની પ્રેરણાથી જ સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટરની સ્થાપના થઈ. જેમની પ્રેરણાથી આ સેન્ટરની સ્થાપના થઈ છે. એવા પૂજ્ય મહાસતીજીના વ્યાખ્યાનોનો સંગ્રહ પ્રગટ કરવાની તક આ સેંટરને મળી છે તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે.

આ કાર્યમાં શ્રી કીરીટભાઈ દફ્તરી (ટેક્સાસ – અમેરિકા)નો અમને ખૂબ જ સહયોગ સાંપડ્યો છે તે બદલ આભાર.

પ્રકાશન કાર્યમાં સહયોગ આપવા બદલ પ્રકાશન સૌજન્ય દાતાઓનો આભાર.

સેંટરના કાર્યોમાં વિવિધ સહયોગ આપવા બદલ શ્રી તુષારભાઈ બાટવીયા, શ્રી કુમુદભાઈ મહેતા, શ્રી જીતુભાઈ શેઠ, શ્રી મિલનભાઈ અજમેરા, શ્રી બિપીનભાઈ સંઘવી શ્રી હસમુખભાઈ અજમેરા અને શ્રીમતી મધુબેન જી. બરવાળિયાનો આભાર.

મુમુક્ષુ અને જીજ્ઞાસુઓની જ્ઞાન પિપાસાને આ ગ્રંથ સંતોષ આપશે જ એવી શ્રધ્ધા છે.

જ્ઞાનના આ સતત વહી રહેલા દિવ્ય ઝરણામાંથી આપણે યથાશક્તિ આચમન કરી આત્માનું ઉર્ધ્વગમન કરીએ તે જ અભ્યર્થના.

ગુણવંત બરવાળિયા
માનદ્ સંયોજક
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન
ફિલોસોફિકલ એન્ડ લીટરરી
રિસર્ચ સેન્ટર

અક્ષયતૃતિયા
મે – ૨૦૦૨



# પૂ. બાપજીના આશિર્વચનો
## આત્મશુધ્ધિ એ જ સિધ્ધિ

મનુષ્ય બુધ્ધિ દ્વારા ઘણું જ જાણે છે માણે છે પરંતુ તેનાથી ઈષ્ટની ઉપલબ્ધિ થતી નથી. તે માટે ભાવ તથા વિવેક પૂર્વક આંતરિક ચેતનાની જાગૃતિ જરૂરી છે. બુધ્ધિ વિવેક પૂર્વક જ્ઞાન ચેતના સાથે જોડાય છે ત્યારે તે પ્રજ્ઞાનું રૂપ ધારણ કરે છે. આ બધું બહાર નથી પણ આપણી અંદર જ છે. અને તે આપણા ભાવ પુરુષાર્થને આધિન છે. એ જ સત્યને બતાવવાનો સાધ્વી તરૂલતાજીનો આ પ્રયાસ છે.

આત્મસિધ્ધિ શાસ્ત્ર આત્માની શુધ્ધિના લક્ષે જ રચાણું છે. રચયિતાનું લક્ષ સ્વ અને પર બન્નેની શુધ્ધિનું દેખાય છે. અને તે વાત પણ એટલી જ સ્પષ્ટ અને સત્ય છે. શુધ્ધિ પણ આત્માની અને સિધ્ધિ પણ આત્માની જેમ આ શાસ્ત્ર રચનારનું લક્ષ્ય સ્વ પર હિત અને શુધ્ધિ તથા સિધ્ધિનું છે, તેમ આ શાસ્ત્રની યથાશક્તિ વ્યાખ્યા કરી વ્યાખ્યાન રૂપે રજુ કરનાર વ્યાખ્યાનકારનું ધ્યેય પણ સ્વ પર હિત અને શુધ્ધિ તથા સિધ્ધિનું જ છે. તેમાં શંકાને સ્થાન નથી. આવા ધ્યેયના ફળ રૂપે જ આવી ભાવ ભરેલી ભાષા નીકળે, અન્યથા વ્યાખ્યાનમાં અને ભાષામાં કૃત્રિમતા દેખાય, અહીં આપણને ભાવ સાથે ભક્તિ જોવા મળે છે, આ ભાવ ભીની ભાષા જિજ્ઞાસુ જનોના હૃદયને ભીંજવીને આત્મસાત કરાવી, આત્માનુભૂતિ સુધી લઈ જાય એવી મારા અંતરની અપેક્ષા અસ્થાને નહી ગણાય.

આ વ્યાખ્યાનોમાં અલંકારી ભાષા વાપરી શબ્દોના સાથિયા પૂર્યા વગર જ વિષયની રજુઆત કરવામાં આવી છે. દ્રષ્ટાંતોથી શ્રોતાઓને મનોરંજન કરાવ્યું નથી, પરંતુ શક્ય અને શક્તિ પ્રમાણે સત્યને તથ્ય-પથ્ય સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે, સાધકોનું જ્ઞાન સ્વ ઉપકારી જ હોય છે. ત્યારે સંતોનું શ્રુતજ્ઞાન સ્વ અને પ બન્ને માટે ઉપકારી જ હોય છે. ત્યારે સંતોનું શ્રુતજ્ઞાન સ્વ અને પર બન્ને માટે ઉપકારી બને છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આપેલ આ આત્મસિધ્ધિ શાસ્ત્ર સ્વ પર ઉપકારી જ છે. તેઓ જબરજસ્ત જવાબદારી લેતા કહે છે કેઃ- તમે સાધના શરૂ કરો અને સિધ્ધિની ચિંતા સોંપી દો. તેમના જ શબ્દોમાં કહીએ તોઃ 'તમે નવા કર્મોનું બંધન રોકી દો. જુનાની ચિંતા ન કરો,

પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજો.'

જો કે આ આત્મસિધ્ધિનો વિષય જ સહજતાથી ભરેલો છે અને સાથે આ વ્યાખ્યાનકારનો એક પ્રકૃતિ ગુણ પણ એવો છે કે તેમની દરેક પ્રવૃત્તિમાં સહજતા અને સરલતા દેખાય. કૃત્રિમતા બહુ જ ઓછી દેખાય ક્યારેક ન પણ દેખાય. સાધ્વી તરૂલતા યશ-કિર્તિના ભાવને પોષણ આપવાની બહુ જ ઓછી ઈચ્છા ધરાવે છે, જે તેમની સાધના દ્રષ્ટિને આભારી છે. જેના અંતરમાં સાધનાની ભાવના ભરી છે તે જ આત્મસાધના કરતા કરતા સિધ્ધિના સોપાન સર કરી શકે છે. અને આત્મશુધ્ધિની વાતો કરવાની યોગ્યતા તથા અધિકાર ધરાવે છે. જેમનામાં જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમન્વય છે નથી ફક્ત જડ ક્રિયા કે નથી કોઈ શુષ્ક જ્ઞાન જેડલું જાણે છે તેમાંથી જ યથાશક્તિ કહેવાની અને આચરવાની કોશિષ કરે છે.

આવા સાધ્વી રત્નો પાસે સમાજ પણ નવી નવી કૃતિઓની અપેક્ષા રાખે તો તે પણ અસ્થાને ન ગણાય. આપણે આશા કરીએ કે તેઓ નિત્ય નવી કૃતિઓ રચે અને પોતાની લાક્ષણિક કલા છટાને મૂર્ત રૂપ આપી લોકોપયોગી બનાવે. જેમ ધનવાનનું ધન પરોપકાર માટે વપરાય છે તેમ જ્ઞાનીઓનું જ્ઞાન પણ લોકોપયોગી બનવું જોઈએ.

સાધ્વી તરૂલતાનો આ પ્રથમ પ્રયાસ હોવા છતાં ઘણો બલવાન છે. આનાથી ફક્ત સાધ્વીજીના નામને જ નહી પરંતુ સમાજ, સંઘ, સંપ્રદાય અને શાસનને ચમકતી કલગી ચડી રહી છે. જે જોઈને હું મારી જાતને મહા ભાગ્યશાળી માનુ છું.

જીજ્ઞાસુજનોની જાગૃતિ જ હંમેશાં કૃતિના કર્તા માટે પ્રેરણા રૂપ બને છે. હવે એ જોવાનું છે કે આ પુસ્તકના પ્રભાવથી જીજ્ઞાસુઓની ઉત્સુકતા આવા સાહિત્ય માટે કેટલી રહે છે ને કેટલી વધે છે ?

આ વ્યાખ્યાનો શ્રોતાઓને અને વાચકોને વાંચતા કે વાંચ્યા પછી લાભરૂપ બનશે જ પરંતુ વ્યાખ્યાનકારને તો એ જ ક્ષણે મહાન લાભકારી બની ગયું છે. હજુ પણ તેમના ભાવો વર્ધમાન બની રહી ભાષા દ્વારા પ્રગટ થાય, નીત નવા ગ્રન્થોનું સર્જન થાય, અને તેમનું જ્ઞાન તેમજ ચિંતવન સ્વ-પર કલ્યાણનું કારણ બની રહે.

**એવી મંગલ કામના સહ**
**સાધ્વી લલિતા**



## અધ્યાત્મસાર ચ સરિતા

**પંડિતરત્ન, તત્વદર્શી પૂ. શ્રી જયંતિલાલજી મહારાજ સાહેબ**

હું આત્મા છું કેવા સુંદર નામાંકનનો અધ્યાત્મ ગ્રન્થ! તેમનું પ્રકાશન અતિ ઉત્તમ ભાવે થયું છે. પ્રકાશન થયા અગાઉ જ મેં ભાવોચ્ચાર કર્યા હતા. પરંતુ પ્રકાશન હાથમાં આવ્યું ત્યારે લાગ્યું કે તે શબ્દો અધુરા રહ્યા હતા. પ્રકાશન હાથમાં આવતાં જ પ્રકાશની ઝલક આવી ગઈ. ધાર્યું હતું તેથી ઘણું જ વધારે ઉત્તમ અને ભાવોનો પ્રવાહ જેમાં વહેતો હોય તેવી શ્રુતસરિતા દૃષ્ટિગોચર થઈ.

હું આત્મા છું – એ ગ્રન્થ દેવતાઈ અરીસા જેવો મહાગ્રન્થ છે જ્ઞાનગ્રન્થ છે. જેમાં જોવાથી પોતાનું મૂળ દ્રવ્ય તુરત જ દૃષ્ટિગોચર થાય છે અને મૂળભાવોથી આત્માની કેવળ ભિન્નતા છે તે જાણી શકાય છે. આત્મા સ્વયં 'હું' અને 'હું તે આત્મા સ્વયં' હું તે આત્મા આવો નિર્મળ પ્રતિભાસ થાય છે.

આત્મસિધ્ધિનું અવલંબન જરૂર છે અને એ અધ્યાત્મ યોગી શ્રીમદ્ રાજચંદ્રજીનો અનંત ઉપકાર છે, જેઓએ આત્મસિદ્ધિનું શબ્દગઠન કરી જનતાને અધ્યાત્મ સાગરમાં તરવાનો અવકાશ કરી આપ્યો છે. પરંતુ આત્મસિધ્ધિ સુવર્ણ ઉપર કંડારવાનું કામ ઘણા સાધકોએ-દ્રવ્યાનુયોગી તત્ત્વતાઓએ-મનીષી આત્માઓએ કર્યું છે. અને રોજ નવી નવી પ્રતિભાઓ ખીલતી જાય છે.

અમારા તરૂલતાજીએ પણ આ જ સુવર્ણને સ્પર્શ કરી તેમના ઉપર નકશી કરી છે. કેટલાક નકશીકાર સાંપ્રદાયિક આગ્રહવાળા અને સમ્યગ-મિથ્યાના ભાવોનો અભિનિવેશ લઈને વ્યાખ્યા કરતા હોવાથી – મૂળ ગ્રન્થકારોને પણ અન્યાય થતો હોય છે. જ્યારે શ્રી તરૂલતાજીએ આવા અભિનિવેશ ભાવોથી આત્માને મુક્ત રાખી ઉદારભાવથી નકશી કરી છે અને ભાવ કળારૂપે જે જે સમદર્શિતાનું માધ્યમ થનારા પદો હોય તેમને પણ સંગ્રહિત કર્યા છે. પછી

ભલે તે કબીરનાં હોય કે નરસીંહના હોય કે કોઈ રમણમહર્ષિના હોય, જૈન મતધારી ચિંતકોના હોય કે સર્વથા ગુપ્ત એવા કોઈ અનામી મહાત્માના હોય પણ 'સારૂં તે સૌનું' આ સિધ્ધાંતને તેમણે મોખરે રાખ્યો છે.

જ્યાં મતવાદનું નિરાકરણ છે ત્યાં પણ તેમણે સમતોલપણું એટલું બધું જાળવ્યું છે કે કાંટો કાઢતી વખતે જાણે પીડિતને નિદ્રા આવે એટલો હલકો હાથ વાપર્યો છે. શ્રીમદનાં આ સિધ્ધિસાગરમાં કોઈ દર્શનનું નિરાકરણ કે ખંડન નથી ફક્તા કદાગ્રહ તથા હઠાગ્રહ જેવા એકાંતવાદને જ તેમણે ઝાટક્યો છે અને શ્રીમદ્ હરિભદ્રસુરિ જેવા દર્શન યોગીની જેમ બધા દર્શનનો સમન્વિત ભાવને જૈનદર્શન બતાવવા પ્રયાસશીલ રહ્યા છે. શ્રી તરૂલતાજીએ આ વાતને યથાર્થ ભાવે સમજી છે. અને બધા પદોને સ્પષ્ટ કરવા ઉર્ધૃતપદોનો રત્નાકર ભરી દીધો છે. કેટલા વ્યાપક સાહિત્યનો સ્પર્શ કર્યો છે. તરૂલતાજીએ! આ રીતે આત્મસિધ્ધિ ઉપર આટલા શુધ્ધ અધ્યાત્મસ્પર્શી પદોના સંગ્રહથી વ્યાખ્યા કરનાર ભારતમાં આ પ્રથમ સાધ્વીજી છે. જેઓએ આત્મ સમુદ્રમાં આમૂલચૂલ અવગાહન કર્યુ છે, અને આત્મપદોમાં એકરૂપતા સાધી. સમુદ્રનો રત્નરાશી એકત્ર કર્યો છે. તેવા શ્રી તરૂલતાજીએ આત્મસિધ્ધિનું આલમ્બન કરી અધ્યાત્મસારમાં નિખાર લાવી દીધો છે. સમયસર પછી આ ગ્રન્થને આત્મસિધ્ધિનાં પ્રવચનો ન કહેતાં અથવા હું આત્મા છું – એવું વાક્યાત્મક નામ ન આપ્યું હોય અને ખરે જ સાચું સર્વસ્પર્શીનામ આપવું હોય તો 'અધ્યાત્મ સાર' આપવું જોઈએ.

આપણે પણ અહીં આ પ્રસ્તુત ગ્રન્થને અધ્યાત્મસાર કહી સંબોધન કરીશું.

હવે આવો જરા અધ્યાત્મસારને વાગોળવા અને તે પણ શ્રી તરૂલતાજીની વાણીમાં

''આત્માના શુધ્ધ સ્વરૂપનું જ્ઞાન થયા પછી અહં તો ગળી જ જવો જોઈએ. બન્ધુઓ! માફ કરજો નિશ્ચયની વાતો કરનારના



અહંને જોઈએ છીએ ત્યારે એમ થાય છે કે આના હાથમાં શસ્ત્રો આવ્યા કે શાસ્ત્રો? નિશ્ચયની વાણી શું અહં રૂપે પરિણમી? ગમે તેઓ આગમો હોય મિથ્યાત્વનીને તે મિથ્યાત્વરૂપે પરિણમે.... તે આનું નામ!''

કેટલો સરસભાવ વણ્યો છે વ્યાખ્યામાં! નિશ્ચયની વાત કરનારના વિવેકને તેમણે પારખ્યો છે! બન્ધુઓ માફ કરશો. આટલું કઠોર બોલવામાં પણ વ્યાખ્યાતાનો આત્મા દુભાય છે. એટલે સહજ માફી માંગતા કઠોર સત્યને પીરસ્યું છે.

આખા ગ્રન્થમાં – વાણીનો જાણે સાર પ્રગટ થયો છે. વચમાં વાર્તારૂપી ઉદાહરણ પણ છે. તે ખૂબ જ સચોટ-સંક્ષેપમાં તત્વને સ્પર્શવામાં ઉપયોગી એવા દૃષ્ટાંતો મૂક્યા છે.

આખો ગ્રન્થ એક ખાનદાન પુત્રવધુની જેવી સંસ્કારિતાથી ભરપૂર અલંકાર યુક્ત કોઈ નૂતનપ્રતિભાવાળી શારદાની પ્રતિકૃતિ જેવો છે.

બન્ધુઓ! ધંધામાં ધર્મ ન વણાય, ત્યાં સુધી આત્માની કોરી વાત કરવાનો અધિકાર (કોઈને) નથી મળતો.

વ્યવહાર નિશ્ચયના પક્ષને શ્રી તરૂલતાજી બહુ જ સ્પષ્ટપણે માણસના દૈનંદિની – આચરણમાં જોવા મથે છે. ધંધો એ સમસ્ત જીવનનો બાહ્ય ક્રિયાત્મક પક્ષ છે અને તેમાં ધર્મ જોવા ન મળે તો આ ક્રિયાત્મક પક્ષ ઘણો જ નબળો બેહુદો બની સમસ્ત અધ્યાત્મપક્ષ ઉપર પાણી ફેરવે તેવું થાય! પ્રવચનકાર તે માટે કેટલી સરસ ટકોર કરે છે!

મેં ફક્ત બે જ વાક્યોનો નમુનો લીધો છે બાકી પાઠક માટે આખો ગ્રન્થ અમૃત ભંડાર જેવો છે. સાહિત્યકારે લખ્યું છે અમૃતસ્ય સ્નાનં અર્થાત અમૃતમાં સ્નાન કરવું રસોક્તિ કાવ્ય અર્થાત રસમય કથન કરવાથી તે કાવ્ય બની રહે છે. આપણા પ્રવચનકાર શ્રી તરૂલતાજી શુષ્ક અધ્યાત્મ વચની નથી. પરંતુ

કાવ્યનાં પાસાં જાણે છે. જેથી અધ્યાત્મને રસમય કરીને મૂક્યું છે, જેથી કાવ્યની મધુરતા પીરસાવી છે અને આપણે માણી શકીએ છીએ. વીતરાગમાં – શબ્દરાગ જ ઠાલવ્યો છે જેથી આ ગ્રન્થ અલંકાર પણ બની ગયો છે.

'આત્માનંદ તો એવું કલ્પવૃક્ષ છે કે જેને કદી પાનખર આવતી જ નથી તેને તો સદાયે વસંત જ વસંત.'

કાવ્યાત્મક વાક્યો બોલે છે ત્યારે જાણે મીઠી રાણકોકડી ખાધા જેવું લાગે છે. હથરોટી ખૂબ જ આવી ગઈ છે.

અંતે હું એટલું જ કહીને એક પ્રશ્ન પૂછીને મારી આ વિવેચના શેષ કરૂં છું. આવા આ ચૈતન્યમણિ ગ્રન્થના અધિકારી કેટલા? આજના આ યુગમાં હલ્કા ડીસ્કો વ્યાખ્યાન વાંચવાની અને સાંભળવાની પ્રથા જ્યાં વધતી જાય છે ત્યાં આ તત્વસ્પર્શી-મુક્તાફળોના આહારને આરોગનારા હંસ કેટલા? ચરચરા ચીવડા ખાવાની આદતવાળા માનવસમાજમાં આવા રસગુલ્લાજમનારા કેટલા?

આ ગ્રન્થ માટે અધિકારી જરૂર જોઈએ. થોડા મુમુક્ષુ ભાવો વધ્યા છે જેથી થોડા અધિકારી અવશ્ય મળી રહેશે. બાકી 'બહુરત્ના વસુંધરા'ની જેમ યોગ્ય વ્યક્તિ પ્રગટ થતા જશે તેમ તેમ કાલાંતરમાં આ ચુડામણિ કામ આવતો જશે.

આજે યુગ એવો આવ્યો છે કે સસ્તા ખરીદનારા અને નકલી નીકલવાળા અલંકારો જ્યાં વધુ વેચાતા હોય ત્યાં સુવર્ણમય સાચા ઘરેણા લેનારની ખોટ તો આવી જ છે. હેમના ગ્રાહકો આ અધ્યાત્મ સારને અવશ્ય ઓળખશે! એ જ અંતરની અભિલાષા સાથે....

'હું આત્મા છું' મહાગ્રંથી સંપૂર્ણ સંતુષ્ટિ પ્રગટ કરતાં અપાર હર્ષનો અનુભવ કરૂં છું. જો મારે આખી જ સમાલોચના લખવાની હોય તો એક મોટો ટીકાગ્રન્થ ફરીથી તૈયારી થઈ જાય એ ભયથી અહીં જ વીરમું છું.

**શ્રી તરૂલતાજી સદા જયવંત રહો**
**આનંદ મંગલમ**



## બા.બ્ર.પૂ. ડૉ. તરૂલતાબાઈ મ.સ.જીનો પરિચય

અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ મ.સ.જી (પૂ. બાપજી)ના વિદ્વાન શિષ્યા સાધનાશીલ રત્નપ્રભ સાધ્વી, બા.બ્ર.પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજી બહુમુખી પ્રતિભાના સ્વામી છે.

સંતપુરુષને જન્મ આપનાર માતાપિતા ધન્ય છે તારાના સમૂહરૂપ હજારો બાળકોને જન્મ આપનારી માતા અનેક હોય છે. પરંતુ સૂર્યસમાન મહાન તેજસ્વી યશસ્વી શાસનરત્નને જન્મ આપનારી માતા એકાદી જ હોય છે.

૧૮ વર્ષની યુવાન વયે પૂર્વ જન્મના સંસ્કારો જાગી ઉઠ્યા. સૌરાષ્ટ્રના ધારી ગામના પિતાશ્રી વનમાળીદાસ વેલજી ઠોસાણી તથા રત્નકુક્ષીણી માતુશ્રી શાંતાબહેનની પનોતી પૂત્રી બહેનશ્રી તરૂલતાબેને પરમ ઉપકારી તપસમ્રાટ ગુરુદેવ રતિલાલજી મ.સા.ના સ્વમુખેથી ગુરુણી મૈયા પૂ. લલિતાબાઈ મ.સ.જી પાસે સ. ૨૦૧૪ ફાગણ સુદ ૨ થી સંયમ આરાધના યાત્રાની શુભ શરૂઆતકરી.

દીક્ષાબાદ વિદ્યા ઉપાર્જનની આકાંક્ષાના ફળસ્વરૂપ જૈન ધર્મના શાસ્ત્રો તથા આગમનો વિશદ અભ્યાસ કર્યો.

પૂજ્ય મહાસતીજીએ હિંદી સાહિત્યમાં M.A. કર્યું. સાચા વિદ્યોપાસક જીજ્ઞાસુને છાજે તેમ વધતા વિદ્યાભ્યાસ સાથે તેમની જ્ઞાન પિપાસા વધુ તીવ્ર બનતી ગઈ. મેળવેલ જ્ઞાને 'જ્ઞેય'ની વિરાટતાના દર્શન કરાવ્યા અને સાથે જ જ્ઞાનોપાર્જનમાં વધુને વધુ ઊંડા ઉતરવા લાગ્યા. જૈન ધર્મનો ગહન અભ્યાસ અને જીનેશ્વર દેવે પ્રરૂપેલ જૈન ધર્મમાં ઉંડી શ્રધ્ધાએ જૈનદર્શનના સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદથી પ્રભાવિત થયા અને તેથી પણ આગળ વધીને કહીએ તો અહિંસાના સુક્ષ્મ સિધ્ધાંતોની અનુભૂતિએ એમનું મન તેમાં જ રમી રહ્યું. તેમના ચિંતન અને સાહિત્યમાં અધ્યાત્મને પ્રધાનતા હોવાથી શ્રીમદ્‌જી બનારસીદાસજી આનંદઘનજી અને કબીરજીના તત્ત્વજ્ઞાનનો ગહન અભ્યાસ કરી Ph.D.ની પદવી મેળવી.

'આત્મસિધ્ધિ શાસ્ત્ર' પરના તેમના વ્યાખ્યાનનો સંગ્રહ 'હું આત્મા છું' ખૂબ જ લોકપ્રિય બન્યો.

પૂજ્ય મહાસતીજીની વ્યાખ્યાનવાણી વહેતી હોય ત્યારે ફક્ત વિદ્વત્તા જ નહિ પરંતુ આત્માના ચૈતન્યની વિશુધ્ધિનો રણકાર તેમના અંતરમાંથી પ્રગટતો હોય છે. દૃષ્ટાંતો સાથે સરળ શૈલીમાં જિન તત્ત્વના ગુઢ રહસ્યો સમજવા મંત્રમુગ્ધ શ્રોતાઓ પૂજ્યશ્રીની અમૃતવાણીનું પાન કરવા હંમેશા તત્પર હોય છે.

સૌરાષ્ટ્ર ગુજરાત, મુંબઈ મહારાષ્ટ્ર, બંગાળ, બિહાર, ઓરિસ્સા, ઉત્તર ભારત, મધ્ય ભારત, આંધ્ર કર્ણાટક, તામિલનાડુ વિ. પ્રદેશોમાં હજારો માઈલની વિહારયાત્રા કરી ધર્મપ્રભાવના કરી છે.

૧૯૯૮માં સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મહારાજની જન્મ શતાબ્દીને અનુલક્ષીને પૂ. ગુરુદેવના જીવન-કવન અને ઉપદેશને આવરી લેતો ગ્રંથ ''અભિવંદના''નું સંપાદન કરી પૂ. ગુરુદેવને ભાવાંજલિ અર્પણ કરી. મુંબઈમાં તેમની પ્રેરણાથી સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટરની સ્થાપના થઈ. મુનિશ્રી સંતબાલજીના અપ્રગટ સાહિત્યનું સંશોધન કરી તે સંપાદિત કરાવી પ્રકાશન કાર્યની પ્રેરણા આપી મહાવીરનગરમાં સર્વધર્મ સમભાવ સભાઓ કરી.

પૂ. મહાસતીજીએ દક્ષિણ ભારતમાં ''વિશ્વ અહિંસા સંમેલન'' તથા ''વર્લ્ડ વેજીટેરિયન કૉંગ્રેસ''ની બેઠકોમાં સંબોધન કરી, અહિંસા ધર્મની પ્રરૂપણા કરી છે. પૂજ્ય મહાસતીજીએ અનેક વિહાર ક્ષેત્રો અને ચાતુર્માસ ક્ષેત્રોમાં પ્રેક્ષાધ્યાન, યોગ અને મુદ્રા વિજ્ઞાનની વિશિષ્ટ શિબિરો કરાવી યુવાનોને અધ્યાત્મની નવી દિશા પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે.

નૈસર્ગિક સૌંદર્યને શબ્દોમાં મઢવાની તેમની આગવી ફાવટ છે.

ગુરુણી મૈયાની કૃપાથી અધ્યાત્મની અસર નીચેનું મનન ચિંતન તેમાંથી પ્રગટ થતો તલસાટ કવિ હૃદયની સંવેદનશીલ ઋજુતા, ભાષા ઉપરના તેમના પ્રભુત્વને કારણે વિશાળ વર્ગે પૂ. ડૉ. તરૂલતાજીને સફળ લોકપ્રિય અને આદર્શ વ્યાખ્યાતા રૂપે હૃદયમાં સ્થાપિત કર્યા છે.

હાલ તેઓ ગુરુણી મૈયા પૂ. બાપજીની નિશ્રામાં સતીવૃંદના સાન્નિધ્યમાં કલ્પતરુ સાધના કેન્દ્ર મીયાગામ કરજણ (ડી. વડોદરા) ક્ષેત્રને સાધના અર્થે પાવન કરી રહ્યાં છે.



## અધ્યાત્મ સાહિત્યની ઉત્તમ કૃતિ

ઘણા જ હર્ષનો વિષય છે કે

હું આત્મા છું નો આધ્યાત્મિક સૂક્ષ્મ તત્વજ્ઞાનનો ગ્રન્થ આટલો જનપ્રિય થઈ શક્યો છે. ખરેખર આ માટે કલાકાર પ્રવચનકાર જ યશના ભાગી બને છે. કારણ આટલી ઉંચી વિદ્યા અથવા અધ્યાત્મ ભાવોને જનપ્રિય બનાવવા તે ઘણું જ દુર્ગમ કાર્ય છે. કોઈ શ્રેષ્ઠ પ્રવચનકાર જ્યારે શબ્દનો કલાકાર હોય છે અને ભાવ તંતુનો પારંગત હોય છે, ત્યારે સુન્દર પુસ્તક વસ્ત્ર વણાય છે.

કુંભકાર ચતુર હોય તો જ ગ્રન્થનું ગૌરવ વધે છે.

પ્રવચનકાર ભાવોનો અધિષ્ઠાતા હોય તો જ ગ્રન્થનું ગૌરવ વધે છે.

શ્રી તરૂલતાજી મહાસતીજી સાધનાશીલ સાધ્વીરત્ના તો છે જ પરંતુ તેથી વધારે તેઓ મર્મસ્પર્શી કલાકાર વ્યાખ્યાતા પણ છે. એટલે તેમની વાણીમાં પ્રવચનની સાથે અમૃતધારા વહે છે. જેને રસધાર કહી શકાય.

વસ્તુત અધ્યાત્મ ભાવોને સાહિત્યનું રૂપ આપવું તે આ પ્રવચન પટવી સાધ્વીજીની આગવી સાધના છે.

**''રસિક વચન સાહિત્ય''** રસાત્મપ્ત વાક્ય કાવ્યમ્ જ્યારે અધ્યાત્મ તે નિરસ વિષય છે. સાહિત્ય અને અધ્યાત્મને પૂર્વ પશ્ચિમનો ફર્ક છે. પરંતુ ઉત્તમ કલાકાર અધ્યાત્મ ભાવને, સ્પર્શ કરે છે ત્યારે તે રસમય બની સાહિત્યનાં ઢાળામાં ઢળે છે.

આજે આ મુકુટમણિ અધ્યાત્મગ્રન્થ ચોથી આવૃત્તિમાં પ્રવેશ કરે છે ત્યારે સાબિત થાય છે કે ઘણાં હૃદયોને રસાસ્વાદ કરાવતી ઉત્તમ સાહિત્યકૃતિ અભિનંદનીય છે. તરૂલતાજીના ભાષણ-ભાવોની આવી સાહિત્ય, સરિતા બરાબર વહેતી રહે તેવી અંતર અભિલાષા સાથે. આશા છે કે વાંચકો, મુમુક્ષુઓ આનો વધુમાં વધુ સ્વાધ્યાય કરી લાભ લેશે.

**આનંદ મંગલમ્**
**મુનિ જયંત**
**પેટરબાર**

## ધૂન

સહેજે સહેજે સહજાનંદ આતમ
દૃષ્ટિ પરમાનંદ
છૂટે જો આ વિષયાનંદ પામે
સહેજે પરમાનંદ
પામે જ્યારે પરમાનંદ છૂટે
સહેજે વિષયાનંદ
સહેજે સહેજે સહજાનંદ આતમ
દૃષ્ટિ પરમાનંદ

## મંગલાચરણ

अनन्तविज्ञाननमतीतदोषम्
अबाध्य सिद्धान्तर्त्य पूज्यम् ।
श्री वर्धमानं जिनमाप्तमुख्यं
स्वयंभूवं स्तोतुमहं यतिष्ये ।।

અનંતવિજ્ઞાની, સર્વદોષ રહિત
પૂર્વાપર વિરોધ રહિત વાણીના સ્વામી,
દેવો દ્વારા પૂજનીય વીતરાગ,
આપ્ત શ્રેષ્ઠ તથા સ્વયંભૂ શ્રી
વર્ધમાન સ્વામીની સ્તુતિ કરવાનો હું
(હેમચંદ્રાચાર્ય) પ્રયત્ન કરૂં છું

## અનુક્રમણિકા


| નંબર | વિષય | પાન નંબર |
|---|---|---|
| ૧ | નમું શ્રી સદ્ગુરુ ભગવંત! | ૧ |
| ૨ | વર્તમાન આ કાળ..! | ૧૧ |
| ૩ | ક્રિયા જડ! | ૨૦ |
| ૪ | શુષ્કજ્ઞાની! | ૩૦ |
| ૫ | વૈરાગ્યાદિ સફળતો | ૩૭ |
| ૬ | જો સહ આતમજ્ઞાન | ૪૭ |
| ૭ | પ્રાપ્તિ તણાં નિદાન | ૫૮ |
| ૮ | અટકે ત્યાગ વિરાગમાં | ૬૫ |
| ૯ | આત્મ - ચિંતન | ૭૬ |
| ૧૦ | આત્માર્થી જન એહ | ૭૮ |
| ૧૧ | સેવે સદ્ગુરુ ચરણને | ૮૭ |
| ૧૨ | સદ્ગુરુ લક્ષણ યોગ | ૯૭ |
| ૧૩ | ઉગે ન આત્મ વિચાર | ૧૦૫ |
| ૧૪ | સદ્ગુરુના ઉપદેશવણ | ૧૧૩ |
| ૧૫ | સમજ્યે જિન સ્વરૂપ | ૧૨૫ |
| ૧૬ | આત્માદિ અસ્તિત્વ | ૧૩૦ |
| ૧૭ | કરિ મતાંતર ત્યાજ | ૧૪૨ |
| ૧૮ | આત્મ - ચિંતન | ૧૫૧ |
| ૧૯ | રોકે જીવ સ્વચ્છંદ તો | ૧૫૩ |
| ૨૦ | પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ | ૧૬૨ |
| ૨૧ | સમકિત તેને ભાખિયું | ૧૭૦ |
| ૨૨ | વિનય કરે ભગવાન | ૧૭૮ |
| ૨૩ | બૂડે ભવજળમાંહિ | ૧૮૫ |
| ૨૪ | સમજે એહ વિચાર | ૧૯૨ |
| ૨૫ | તે ગુરુમાં જ મમત્વ | ૧૯૮ |
| ૨૬ | વર્ણન સમજે જિનનું | ૨૦૪ |
| ૨૭ | આત્મ - ચિંતન | ૨૧૨ |
| ૨૮ | વર્તે દૃષ્ટિ વિમુખ | ૨૧૩ |
| ૨૯ | જે સમજે શ્રુતજ્ઞાન | ૨૧૮ |
| ૩૦ | લેવા લૌકિક માન | ૨૨૫ |
| ૩૧ | લક્ષ્ય સ્વરૂપ ના વૃત્તિનું | ૨૩૩ |
| ૩૨ | લોપે સદ્વ્યવહારને | ૨૪૨ |
| ૩૩ | પામે નહીં પરમાર્થને | ૨૫૦ |

| | | |
|---|---|---|
| ૩૪ | એ મતાર્થી દુર્ભાગ્ય | ૨૫૭ |
| ૩૫ | વર્તે આજ્ઞા ધાર | ૨૬૬ |
| ૩૬ | એક હોય ત્રણ કાળમાં | ૨૭૪ |
| ૩૭ | શોધે સદ્‌ગુરુ યોગ | ૨૮૧ |
| ૩૮ | ત્યાં આત્માર્થ નિવાસ | ૨૮૭ |
| ૩૯ | જીવ લહે નહીં જોગ | ૨૯૪ |
| ૪૦ | સદ્‌ગુરુ બોધ સુહાય | ૨૯૮ |
| ૪૧ | જ્યાં પ્રગટે સુવિચારણા | ૩૦૫ |
| ૪૨ | ગુરુ શિષ્ય સંવાદથી | ૩૧૨ |
| ૪૩ | આત્મ – ચિંતન | ૩૧૮ |
| ૪૪ | આત્મા છે – | ૩૨૧ |
| ૪૫ | ષડ્ દર્શન પણ તેહ | ૩૨૭ |
| ૪૬ | નહીં જુદુ એંધાણ | ૩૩૬ |
| ૪૭ | માટે છે નહીં આત્મા | ૩૪૦ |
| ૪૮ | ભાસ્યો દેહાધ્યાસથી | ૩૪૫ |
| ૪૯ | અબાધ્ય અનુભવ જે રહે | ૩૫૧ |
| ૫૦ | પણ આત્માને ભાન | ૩૫૭ |
| ૫૧ | આત્મ – ચિંતન | ૩૬૧ |
| ૫૨ | પ્રગટ રૂપ ચૈતન્યમય | ૩૬૩ |
| ૫૩ | જાણનારને માન નહી | ૩૭૦ |
| ૫૪ | આત્માની શંકા કરે | ૩૭૮ |
| ૫૫ | અંતર કર્યે વિચાર | ૩૮૪ |
| ૫૬ | દેહ માત્ર સંયોગ છે | ૩૯૦ |
| ૫૭ | તેથી નિત્ય સદાય | ૩૯૬ |
| ૫૮ | પૂર્વ જન્મ સંસ્કાર તે | ૪૦૨ |
| ૫૯ | આત્મ – ચિંતન | ૪૦૮ |
| ૬૦ | આત્મા દ્રવ્યે નિત્ય છે | ૪૧૦ |
| ૬૧ | વદનારો તે ક્ષણિક નહીં | ૪૧૫ |
| ૬૨ | કેમાં ભળે તપાસ | ૪૧૯ |
| ૬૩ | તેથી જીવ અબંધ | ૪૨૭ |
| ૬૪ | હોય ન ચેતન પ્રેરણા | ૪૩૧ |
| ૬૫ | અસંગ છે પરમાર્થથી | ૪૩૭ |
| ૬૬ | ચેતન જો નીજ ભાનમાં | ૪૪૩ |
| ૬૭ | આત્મ – ચિંતન | ૪૪૮ |

## SKPG જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર, મુંબઈ ૫ ૮૬ના પ્રકાશનો

| | રૂા. |
|---|---|
| ● જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના | ૧૦૦ |
| ● જૈન ધર્મ પરિચય પુસ્તિકા | ૨૦ |
| ● અહિંસા મીમાંસા | ૩૦ |
| ● સંકલ્પ સિદ્ધિના સોપાન (કથા) | ૫૦ |
| ● અમરસેન વયરસેન (કથા) | ૩૦ |
| ● શ્રી સોમસુંદરસુરિકૃત ઉપદેશ માલા બાલાવબોધ (પૂર્વાર્ધ) | ૧૪૦ |
| ● શ્રી સોમસુંદરસુરિકૃત ઉપદેશ માલા બાલાવબોધ (ઉત્તરાર્ધ) | ૧૪૦ |
| ● ચંદ્રસેન કથા | ૩૦ |
| ● જ્યોતિર્ધરની જીવનગાથા (સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીનું જીવન અને કાર્ય) | ૫૦ |
| ● હું આત્મા છું (ભાગ ૧-૨ - ગુજરાતી) | ૧૫૦ |
| ● હું આત્મા છું (ભાગ ૧-૨ - હિંદી આવૃત્તિ) | ૨૦૦ |
| ● આત્મચિંતન | ૧૦ |

## શ્રી પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટ

### પી. એન. દોશી વીમેન્સ કોલેજ ઓફ આર્ટ્સ સંચાલિત

### સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી શાસ્ત્રગ્રંથોનું પરિશિલન, તાડપત્રીયગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંર્દભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ મ. સા. ના વિધ્વાન શિષ્યા પૂ. ડો. તરૂલતાજીની પ્રેરણાથી ''સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ'' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજયશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ ''સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર'' ની સ્થાપના કરી છે. સેંટરના ઉદ્દેશ આ પ્રમાણે છે.

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈનધર્મના તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજુઆત કરવી
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધનનો આભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) આપવી.
- વિદ્વાનો અને સંતોના પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારના વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાંચન (Paper Reading) લીપી વાંચન અને પ્રાચીન જૈન ગ્રંથો (Old Jain Manuscript) નું વાંચન.
- જૈન ધર્મપર સંશોધન M.A., Ph.D, M.Phil કરનારા જીજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ, સુવિધા અને માર્ગદર્શન પૂરા પાડવા અને સંશોધિત સાહિત્યનું પ્રકાશાન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વિગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ્યવિદેશમાં જૈનધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટનેટ પર 'વેબસાઇટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.

આપના સહયોગની અપેક્ષા સાથે.

| મેનેજીંગ ટ્રષ્ટી : | માનદ્ સંયોજક : |
|---|---|
| નવનીતભાઈ શેઠ | ગુણવંત બરવાળિયા |

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફીલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર

S. P. R.J. કન્યાશાળા ટ્રષ્ટ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

મારે મારા શુધ્ધ સ્વરૂપનો અનુભવ કરવો છે. શુધ્ધ સ્વરૂપને માણવું છે. આજ સુધીના અનુભવો વિકૃતિઓમાંથી નીકળેલાં છે અશુધ્ધિમાંથી આવેલા છે. આત્માની સ્વભાવિક દશાનો અનુભવ જીવે કર્યો નથી માટે મારી સ્વભાવિક શુધ્ધ દશા નિર્મલ દશા, સ્પટિક જેવી સ્વચ્છ દશાનો અનુભવ કરવા દઉ.

મૂક રેખાંકન

નિર્જન પર્વત પ્રદેશ... નીરવ એકાંત... ગહન ગુફા.. પવિત્ર વાયુમંડળ... નિજ ની શોધમાં મગ્ન, આત્મધ્યાની સાધક... સૌષ્ઠવતાયુક્ત સત્વશીલ તન મન... અંતરનાં ઉંડાણનું અહં, ગાળવાનાં ધ્યેયથી બાહ્યાંતર એકાંતવાસ... અવલંબન રૂપ ધ્યાન... સુ-દીર્ઘ કાળની અખંડ મૌન-એકાંત સાધનાનાં પરિણામે ઉત્પન્ન થયેલ 'સુ-વિચારણા' અને તેમાંથી પ્રગટેલ મૂળભૂત પ્રશ્ન 'હું કોણ ?'...પ્રશ્નના ગહન ચિંતને અર્પેલ આંતર મૌન.... જીવંત મૂકતાનાં પ્રતીક રૂપ સાધકનાં જ હૃદય દેશમાંથી મળેલું સાકાર સમાધાન 'હું આત્મા છું'...

મૂક રેખાંકન

'હું આત્મા છું'ની સચોટ દૃઢ પ્રતીતિ. સાધક દશાની વિકસતી ઉત્કૃષ્ટ નિગ્રંથતા..વીતરાગ વાણીનાં રહસ્યોને આત્મસાત કરાવતું ઉપાધ્યાયત્વ... અરિહંતો નાં પ્રતિનિધિત્વ રૂપ આચાર્યત્વ... સાધક દશાની એક પછી એક પાર થતી ભૂમિકાઓ... મોહાવરણ તૂટતા સ્ફટિક શી પારદર્શક ઉજ્જવળ દશા રૂપ અરિહંતત્વ... સદેહે સાર્વભૌમ આત્મ-વિકાસ.. દેહનાં બંધનોથી સર્વથી મુક્તિ રૂપ સિધ્ધત્વ... આત્મ દશાનો ક્રમિક વિકાસ... વિકસિત ચેતનાથી નીકળતાં સ્ફૂલિંગોનો સર્વ દિશામાં ફેલાવ... ષડ પદની સિધ્ધિ સ્વરૂપ ચરમ સ્થિતિની આત્મ આભા... આત્મા આત્મામાં સમાઈ જવા રૂપ 'હું આત્મા જ.'

આત્મચિંતન

આ આત્મા સર્વકાળે સર્વત્ર સ્વતંત્ર છે... રાગદ્વેષનાં બંધનો તેને જકડી શકે નહીં. રાગદ્વેષના મેલથી એ મલિન બની શકે નહીં... પુદ્ગલના સંગે...એ પુદ્ગલ થાય નહીં વિભાવના પરિણામે એ વિકૃત બને નહીં. વિકૃતિથી રહિત... નિત્ય સ્વભાવદશામાં રહેવા ટેવાયેલો આત્મા સર્વથા શુધ્ધ બને છે.

મૂક રેખાંકન

અડોલ.. અકંપ.. અલૌકિક આત્મ દશા.. પ્રકંપનનાં સર્વ નિમિત્તોથી પર.. શૈલેશી દશા.. આંતર વિભાવ પરિણતિની કૃશતા.. કૃશ દેહે આંતર શક્તિનો ચરમ વિકાસ.. 'કોદંડ બાણ મુક્તવત્'..'ઉર્ધ્વગમન સિધ્ધાલય પ્રાપ્ત સુસ્થિત''.. સર્વોચ્ચ આરાધનાનાં પ્રતિક રૂપ 'શૈલેશીકરણ'..દેહ પાત્રનું આત્મ-સત્વથી ત્રૈકાલિક ભિન્નત્વ... મટિયે દૈહિક પાત્ર જો... અરૂપી... અવર્ણ.. અમૂર્તે... વળી એક માં હી અનેક રાજે.. અનેક માંહી એકીકં.. ચરમ દશાનું દેહાતીત સિધ્ધત્વ... આત્મા.. કેવલ આત્મા... અન્ય કશું જ નહીં...બસ. હું આત્મા છું! હું આત્મા છું!... હું આત્મા છું!....

મૂક રેખાંકન

નિર્જન પર્વત પ્રદેશ... નીરવ એકાંત... ગહન ગુફા.. પવિત્ર વાયુમંડળ... નિજ ની શોધમાં મગ્ન, આત્મધ્યાની સાધક... સૌષ્ઠવતાયુક્ત સત્વશીલ તન મન... અંતરનાં ઉંડાણનું અહં, ગાળવાનાં ધ્યેયથી બાહ્યાંતર એકાંતવાસ... અવલંબન રૂપ ધ્યાન... સુ-દીર્ઘ કાળની અખંડ મૌન-એકાંત સાધનાનાં પરિણામે ઉત્પન્ન થયેલ 'સુ-વિચારણા' અને તેમાંથી પ્રગટેલ મૂળભૂત પ્રશ્ન 'હું કોણ ?'...પ્રશ્નના ગહન ચિંતને અર્પેલ આંતર મૌન.... જીવંત મૂકતાનાં પ્રતીક રૂપ સાધકનાં જ હૃદય દેશમાંથી મળેલું સાકાર સમાધાન 'હું આત્મા છું'...

અધ્યાત્મ યોગીની, કૃપાદાત્રી
પૂજ્ય બા.બ્ર. લલિતાબાઈ મહાસતીજી
(બાપજી)
આપને સત્સત્ વંદન

વ્યાખ્યાતાઃ ડૉ. તરૂલતાબાઈ મહાસતીજી
M.A.Ph.D.

# નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંત દર્શની પ્રભુ વીર, જગતનાં જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સ્વભાવને પામવા માટે છે. અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતો જીવ, વિભાવની પરિણતિમાં જ પરિણત થયા કર્યો છે. વિભાવથી રંગાયેલા આત્માને સ્વભાવ શું છે તેની ખબર નથી. સ્વ-પરિણતિનું ભાન નથી. આખાયે વિશ્વને જાણનારો, પોતે પોતાને જ ભૂલી ગયો છે. પોતાને ઓળખવાનો પ્રયાસ જીવે કર્યો નથી. એવા જીવોને જાગ્રત કરવા જ શાસ્ત્રોની રચના થઈ છે. તે શાસ્ત્રોને સહારે જીવ સ્વને જાણી શકે છે.

વાસ્તવમાં તો પોતે આત્માનંદી છે. પણ ભાન ભૂલ્યો, તેથી પુદ્‌ગલાનંદી બન્યો છે. પોતામાંથી આનંદ લેવાનું ભૂલી ગયો તેથી જ પુદ્‌ગલોમાંથી આનંદ પામવાનાં ફાંફાં એ મારતો હોય છે અને એ આનંદમાં ક્યાંય પણ ઊણપ ન રહે તે માટે કેટલો પુરુષાર્થ? સંસારસુખની એક પણ કડી ના તૂટે તે માટે કેટલી મથામણ? તૂટેલી કડીને જોડવા માટે આકાશ-પાતાળ એક કરી નાખવા જેટલી મહેનત! આ સર્વ પુરુષાર્થ, અમાપ મથામણ અને મહેનત; માત્ર પુદ્‌ગલાનંદ માટે જ છે. જેમાં એ પોતાની બુદ્ધિના ઉપયોગ વડે કંઈક પામવાનો પ્રયત્ન કરે છે. બૌદ્ધિકતાના સહારે જ જીવન જીવતો હોય છે. જીવનનો બધો જ વ્યવહાર પુદ્‌ગલ સાથે જ છે. આજ સુધી જેટલા ખેલ ખેલ્યા તે બધા જ પુદ્‌ગલ સાથે ખેલ્યા કે જે પુદ્‌ગલ જડ છે. તો જીવ એવા જડ ભાવથી પર થઈ ચૈતન્ય તરફ વળે તે માટે જ પૂર્વાચાર્યોએ કેટલીક પરંપરાઓ ઊભી કરી છે.

આજથી ચાતુર્માસ શરૂ થાય છે. આ પરંપરા શા માટે? આઠ માસ વિહાર કરતાં સાધુ-સાધ્વીજીઓ, આ સમય દરમ્યાન એક સ્થાને સ્થિર રહી પોતે સાધના કરે અને સહુને સાધનાની પ્રેરણા આપે. ચાતુર્માસના આ દિવસો આરાધના માટે અનુકૂળ હોય છે. તેથી જ જીવ ચાહે તો આરાધના



કરી શકે છે. સંતોની વાણી સાંભળી સન્માર્ગે વળી શકાય. આવો સન્માર્ગ જેમાં બતાવ્યો છે એ આત્મસિદ્ધિ શાસ્ત્રની આપણે અહીં શરૂઆત કરવી છે.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' એ શું છે?

એમાં શાની વાતો કરવામાં આવી છે? શાસ્ત્રોમાં આત્માના ઉત્થાન સિવાય બીજી શું વાત હોય? આ શાસ્ત્રોમાં પણ કોઈ નવા સિદ્ધાંતો નથી. પણ અનંત તીર્થંકરો જે કહી ગયા, પોતે જે જોયું, જાણ્યું અને અનુભવ્યું તે જ વાણી દ્વારા આપણને આપી ગયા, એ જ તત્ત્વ આ શાસ્ત્રમાં પણ છે. પૂર્વકાળમાં થઈ ગયેલા 'યાકિની મહત્તરા સૂનુ શ્રી હરિભદ્રસૂરિ' કે જેઓ મહાવિદ્વાન હતા. તેમના સમયમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં તેઓએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી અને જૈન સાહિત્યની અણમોલ સેવા કરી. એમણે આ છ પદોને સંસ્કૃત ભાષામાં 'ધર્મબિન્દુ' ગ્રંથના દ્વિતીય અધ્યાયમાં બહુ જ ભાવવાહી શૈલીમાં ગૂંથ્યાં છે. આ છ પદ તે (૧) આત્મા છે. (૨) તે નિત્ય છે. (૩) કર્મનો કર્તા છે. (૪) કર્મફળનો ભોક્તા છે. (૫) આત્માનો મોક્ષ છે અને (૬) મોક્ષનો ઉપાય છે. આ છ પદ એટલે જૈનધર્મના મૂળભૂત સિધ્ધાંતો કે જે જૈન આગમોમાં બધે જ વારંવાર ચર્ચાયા છે. આપણાં આગમો અર્ધમાગધી ભાષામાં છે. જે સર્વ સામાન્યને સમજમાં ન આવે, માટે જ લોકભોગ્ય બની શકે તે હેતુથી આ જ તત્ત્વોની અધ્યાત્મયોગી શ્રીમદ્‌ રાજચંદ્રજીએ સરળ ગુજરાતી ભાષામાં રચના કરી, આપણને સમજાવ્યાં અને એ પણ તેમને એક બહુ જ ઉત્તમ નિમિત્ત મળ્યું તેથી જ આ રચના થઈ. આપણા સહુનો પુણ્યોદય હતો જેથી આ બન્યું. જો તેઓને આવું નિમિત્ત ન મળ્યું હોત તો કદાચ આપણી પાસે જે મહાન શાસ્ત્ર છે, તે ન હોત.

શ્રીમદ્‌જી વડે થયેલી આ શાસ્ત્રની રચના તેમની સહજ આત્માનુભૂતિની દશાનું પરિણામ છે. તેઓ પૂર્વે આરાધના કરીને આવ્યા હતા. આ જન્મે આત્માને પામવા માટે વધારે સાધના તેમને કરવી પડી નહોતી. પૂર્વભવથી જ જ્ઞાન સાથે લઈને આવ્યા હતા. જ્ઞાન અને દર્શન એવા ગુણ છે કે જીવે સમ્યગ્‌ આરાધના કરી હોય અને જીવની ચિત્તદશાની નિર્મળતા જળવાઈ રહી હોય તો એ જ્ઞાન-દર્શન સાથે લઈને જાય છે.

શ્રીમદ્‌જીના બાલ્યકાળની એક વાત મેં ક્યાંક વાંચી હતી, જે આનો પુરાવો છે. તેઓ મોટા થયા અને તેમને સ્કૂલમાં ભણવા બેસાડ્યા, એ વખતમાં અઢી-ત્રણ વર્ષનો બાળક હોય એને ભણવા મૂકી દે તેમ ન હતું.

એ ઉંમર તો બાળકની રમવા-ભમવાની હોય, તેથી નિર્દોષ રમતથી જીવનનો આનંદ બાળક માણે. રાયચંદભાઈને ૬-૭ વર્ષની ઉંમર થતાં સ્કૂલમાં બેસાડ્યા. પ્રથમ જ દિવસ છે. એ સમયે ધૂળી સ્કૂલો હતી. આજના જેવાં સાધનો ન હતાં. અરે! પાટી હોય પણ તેના પર લખવા માટે પેન ન હોય! પથ્થરની પાટી પર ઝીણી ધૂળ નાખવામાં આવે. તમે જોયું હશે આજથી અમુક વર્ષો પહેલાં વ્યાપારી ચોપડા લખે અને તેની સ્યાહીને સૂકવવા માટે કાળી રેતી તેના પર નાખે, જેથી સ્યાહી સુકાઈ જાય. રાયચંદભાઈના શિક્ષકે પણ પાટી પર રેતી નાખી, તેમાં એકડો લખી આપ્યો અને બાળકને ઘૂંટવા બેસાડ્યો. હાથની આંગળીથી એકડો ઘૂંટે છે. પાંચ-સાતવાર ઘૂંટી તેઓ શિક્ષક પાસે ગયા અને કહ્યું.

''સર! મને એકડો આવડી ગયો, હવે બગડો શીખવાડો.''

''અરે! એમ તે કંઈ આવડી જાય! જા... જા... ઘૂંટ'' પણ રાયચંદભાઈ શાના માને? તેઓ કહે :

''મને આવડી ગયો, હવે નહિ ઘૂંટું.''

ત્યારે શિક્ષકે એ એકડાને ભૂંસી, ધૂળ નાખી, રાયચંદભાઈને પોતાની મેળે એકડો લખવા કહ્યું અને તેમણે તરત લખી બતાવ્યો. શિક્ષકને આશ્ચર્ય થયું. સામાન્ય રીતે દરેક બાળકને એક-એકડો શીખતાં દિવસોના દિવસો લાગતા હોય અને આ પાંચ મિનિટમાં શીખી ગયો? તેઓએ બગડો લખી આપ્યો અને સૌના આશ્ચર્ય વચ્ચે એ પણ તરત શીખી ગયો. આમ સ્કૂલે ગયા તેના પ્રથમ દિવસે જ ૧૦ અંક શીખી ગયા અને ૧૦ શીખે એટલે ૧૦૦ તો આવડી જ જાય. આમ પૂર્વભવના જ્ઞાન સંસ્કાર સાથે લઈને આવેલા જીવને આવું વ્યવહારિક જ્ઞાન તો શીખતાં જરા પણ વાર લાગતી નથી. સાથે સાથે તેમનો આધ્યાત્મિક વિકાસ પણ એવો જ હતો. બહુ જ નાની ઉંમરમાં લખેલાં તેમનાં કાવ્યો સ-પ્રમાણ અને આધ્યાત્મિક ભાવોથી ભરેલાં હતાં. અને પછી તો ઉંમર વધતાં તેઓનો આધ્યાત્મિક વિકાસ પણ ખૂબ જ વધ્યો.

શ્રીમદ્‌જીના જીવનકાળમાં જ કેટલાક પાત્ર જીવો તેમને ઓળખી શક્યા હતા. અને તેઓ પાસેથી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવતા હતા. તેમાં એક અનન્ય મુમુક્ષુ આત્મા તે સૌભાગ્યભાઈ. જેઓ શ્રીમદ્‌જીથી ઉંમરમાં ઘણા મોટા હતા, છતાં તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા.



સૌભાગ્યભાઈની ઉંમર થતાં, તેમને જ્યારે એમ લાગ્યું કે હવે જીવનકાળ પૂર્ણ થવામાં છે ત્યારે તેઓએ શ્રીમદ્‌જીને પત્ર લખ્યો કે :-

''મારો અંતિમ સમય નજીક છે. મારું 'સમાધિમરણ' થાય અને મારી આત્મદશા વધુ જાગ્રત રહે એવું કંઈક મને લખીને મોકલો.''

આ પત્રના ઉત્તરરૂપે શ્રીમદ્‌જીએ છ પદનો પત્ર લખીને મોકલ્યો, જે ગદ્યરૂપે હતો. સૌભાગ્યભાઈએ પત્ર વાંચ્યો, તેઓને ગમ્યો. ભાવો ઘણા ઊંચા હતા પણ તેઓએ ફરી લખ્યું કે :-

''પત્રના ભાવો તો ઉત્તમ છે પણ ગદ્યરૂપે હોવાથી તે સ્મરણમાં રહી શકવા મુશ્કેલ છે. માટે આપ કૃપા કરી જો આ જ ભાવો પદ્યરૂપે, કાવ્યરૂપે લખી મોકલો, તો તેનું રટણ રાત-દિવસ રહ્યા કરે.''

પત્ર શ્રીમદ્‌જીને મળ્યો. એ સમયે તેમને રોજ સાંજે થોડું ચાલવા જવાની આદત હતી, જઈને આવ્યા. સાથે તેમના એક ભાવિક ભક્ત અંબાલાલભાઈ હતા. સાંજ પડી ગઈ હતી. સૂર્યાસ્ત થઈ ગયો, અંધારાં ઊતરવા માંડ્યાં હતાં. એ સમયે અંબાલાલભાઈને ફાનસ પકડી ઊભા રહેવા સંકેત કર્યો. અને જેમ અનેક વખત તેમની ઊંડી અંતઃર્મુખતા વધતાં મુમુક્ષુઓ પ્રતિ પત્રરૂપે સહજસ્ફુરણ થતું હતું તેમ એ વખતે પણ એકાએક અંતઃસ્ફુરણા થઈ અને એક અદ્‌ભૂત ઘટના ઘટી. ૧૪૨ ગાથારૂપ શાસ્ત્ર માત્ર દોઢ કલાકના અલ્પ સમયમાં રચાઈ ગયું.

એ સમય હતો સંવત ૧૯૫૨ના આસો વદ એકમ અને પુણ્ય સ્થળ હતું ચરોતર પ્રદેશનું ગામ નડિયાદ. તેઓની લખવાની ખૂબી તો એ હતી કે તેઓ ક્યારેય પણ કાંઈ લખતા તો તેમાં એકને બદલે બીજો શબ્દ મૂકવાની જરૂર ન રહેતી. શ્રી ગાંધીજીએ પણ એક જગ્યાએ લખ્યું છે કે મેં રાયચંદભાઈને લખ્યા પછી કોઈ પણ શબ્દ ભૂંસતા નથી જોયા. આવું સ-પ્રમાણ લખાણ તેમના અંતરમાંથી આવતું હતું.

આ આત્મસિદ્ધિ શાસ્ત્રની એક કોપી તેમણે સૌભાગ્યભાઈને મોકલી અને બીજી બેત્રણ મુમુક્ષુઓને મોકલી. એ સમયે તેઓએ એ સિવાય બીજાઓને આ શાસ્ત્ર વાંચવાનો અધિકાર નહોતો આપ્યો. કારણ આવા ગહન શાસ્ત્રને પચાવવું સહેલું નથી હોતું. બધાં જ તેને સમજી ન શકે. માત્ર અધિકારી જીવ જ પચાવી શકે છે. સૌભાગ્યભાઈ આ શાસ્ત્રને પામી જીવનનો અંત સુધારી ગયા. પણ તે પછી આ શાસ્ત્રનો ખૂબ જ પ્રચાર

થયો. અને આજે તો ઘરે-ઘરે આ શાસ્ત્રના સ્વાધ્યાય થતા જોવા મળે છે.

આ આત્મસિદ્ધિને ગંગાજીની ઉપમા આપવામાં આવી છે. તેથી કહ્યું છે.....

**હે.... પતિત જન પાવની. સુર સરિતા સમી**
**અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ;**
**જન્મ જન્માંતરો, જાણતા જોગીએ**
**આત્મ અનુભવ વડે આજ દીધી... હે ! પતિતજન....**
**ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા**
**ભવ્ય સૌભાગ્યની, વિનતિથી....હે! પતિતજન....**
**ચરોતર ભૂમિના નગર નડિયાદમાં**
**પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી.....હે! પતિતજન....**

આત્મસિદ્ધિ અધમ-ઉદ્ધારિણી છે. પતિતને, પાપીને પાવન કરનારી છે. પણ એક પ્રશ્ન થાય છે, શું આપણે પાપ ધોવા ઈચ્છીએ છીએ! અને હવે એ પાપોથી અકળાયા છીએ? કોઈ પણ વ્યક્તિ ન તો એકલાં પાપકર્મોથી ભરેલો હોય છે કે ન તો એકલા પુણ્ય કર્મોથી. ઓછે-વત્તે અંશે બંને પાપ અને પુણ્ય દરેક જીવમાં પડેલું હોય જ છે. અને તેમાં હાનિ-વૃધ્ધિ થતી રહે છે. શુભ ભાવો વધે તો પુણ્યની વૃધ્ધિ થાય છે. અને અશુભ ભાવો વધે તો પાપની વૃધ્ધિ થાય છે. આમ બંને ધારાઓ સાથે ચાલે છે. તો આત્મા પર રહેલાં પાપોને ધોવા માટે સુર-સરિતા એટલે દેવ-નદી જેવી આત્મસિદ્ધિ છે. એટલું જ નહિ, આ શાસ્ત્ર શુભ-અશુભથી પર થઈ શુદ્ધ ભાવોમાં સ્થિરતા કરાવવા માટેનું અમોઘ બળ પૂરું પાડે છે. પણ એ માત્ર રટી જવાથી પાપોને દૂર ન કરે. વીતરાગની વાણીરૂપ આ પાણી જીવને ત્યારે જ પાવન કરે છે જ્યારે એ વાણી સાંભળીને આચરણમાં ઉતારાય. માટે જ આત્મસિદ્ધિ શાસ્ત્રની ભૂમિકામાં જે ભાવો બતાવ્યા છે તે ભાવોમાં લીનતા સેવાય તો જરૂર પાપો ધોવાય અને આત્મા વિશુધ્ધ બને.

વળી આ શાસ્ત્ર જેમણે આપણાને આપ્યું તે પૂર્વજન્મના 'યોગભ્રષ્ટ' આત્મા હતા. એટલે કે પૂર્વભવોમાં સાધના કરતાં કરતાં જેમનું આયુષ્ય અધવચ્ચે જ પૂર્ણ થઈ ગયું, જેથી સાધના અધૂરી રહી હતી અને અહીં પૂરી કરવા આવ્યા હતા. તેવી ચિત્તદશાના કારણે જ તેમને નાની ઉંમરમાં



જાતિસ્મરણજ્ઞાન થયું. જે જ્ઞાનમાં તેઓએ પોતાના પૂર્વજન્મોને જાણ્યા. આ જ્ઞાનની વિશેષતા એ છે કે તેમાં જીવ, સંજ્ઞી પંચેન્દ્રિયના ૯૦૦ ભવ જોઈ શકે, જો વચમાં કોઈ બીજો અસંજ્ઞીનો ભવ ન થયો હોય તો. આમ શ્રીમદ્જીએ પોતાના અનેક ભવો જોયા અને સાથે જ આત્માની અનુભવદશા પણ હતી. તેમાંથી સ્ફુરાયમાન થયેલાં આ તત્ત્વો શાસ્ત્રરૂપે આપણને મળ્યાં.

અહીં શ્રી સૌભાગ્યભાઈને ભગીરથ કહ્યા છે. હિન્દુપુરાણોમાં એવી માન્યતા છે કે પૃથ્વી પર પાપો વધી ગયાં હતાં અને પવિત્ર ગંગાને સ્વર્ગથી નીચે ઉતારી આ ભૂમિ પર વહેવડાવવાની જરૂર હતી. ત્યારે રાજા ભગીરથે અનેક વર્ષો સુધી તપ કરી શિવજીને પ્રસન્ન કર્યા અને તેઓએ ગંગાવતરણ કરાવ્યું. પહેલાં શિવજીએ પોતાની જટામાં ઝીલી અને પછી આ પૃથ્વી પર વહાવી. તેમ આ કાળમાં શ્રી સૌભાગ્યભાઈએ પણ ભગીરથની જેમ ભક્તિ કરી અને શ્રીમદ્જીને રીઝવ્યા. તેઓના આત્માનુભવમાંથી આ શાસ્ત્રરૂપ ગંગાનું અવતરણ થયું અને જન-જનના માનસ પર વહાવ્યું. આમ સૌભાગ્યભાઈ જેવા સુપાત્ર જીવના નિમિત્તે આપણે આ શાસ્ત્રને પામી શક્યા છીએ.

આવા મહાન શાસ્ત્રનો માત્ર સ્વાધ્યાય જ કરી લેવાથી શું વળે? પરંતુ આ શાસ્ત્રના હાર્દને પામવું હોય તો એને અંતરમાં ઉતારવું પડશે. તે માટે પ્રબળ પુરુષાર્થ જોઈએ. અન્યથા અંતર અનુભૂતિ થતી નથી. પરને સદંતર ભૂલી જઈશું ત્યારે જ સ્વને જાગ્રત કરી શકીશું. સ્વની જાગૃતિ માટે આપણા માર્ગદર્શક કોઈ હોય તો તે સદ્ગુરુદેવ છે. સદ્ગુરુના શરણ કે સ્મરણ વિના જીવ અધ્યાત્મ માર્ગે આગળ વધી શકતો નથી અને તેથી જ ભારતીય પરંપરામાં સદ્ગુરુનું માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. અહીં શ્રીમદ્જી પણ આ શાસ્ત્રની શરૂઆત કરતાં પ્રથમ જ સદ્ગુરુને વંદના કરે છે અને પછી જ આગળ વધે છે. હવે આપણે આત્મસિદ્ધિ શાસ્ત્રનો પ્રારંભ કરીશું.

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત....૧**

આ ગાથામાં સદ્ગુરુની વંદનારૂપ મંગલાચરણ કર્યું છે. ભારતીય પરંપરામાં કોઈ પણ શાસ્ત્ર કે ગ્રંથનો પ્રારંભ મંગલાચરણથી થાય છે. ભારતીય માનસ શ્રદ્ધાભાવથી ભરેલું હોય છે. તેથી સંતકોટિના કવિઓ અને લેખકો પોતાના ઈષ્ટદેવના સ્મરણ સાથે જ ગ્રંથ પ્રારંભ કરે. મંગલ શા માટે કરવું કે જે કાર્યની

શરૂઆત કરાય છે તે નિર્વિઘ્ને પાર ઉતરે તે માટે જ કહેવાય છે કે -

### સારા કામમાં સો વિઘ્ન

અનેક પ્રકારનાં વિઘ્નો, કાર્ય કરતાં આવવાની સંભાવના છે અને મંગલાચરણ કરવાથી વિઘ્નો ટળી જાય છે. કારણ જ્યાં મંગલ શબ્દનો અર્થ કર્યો છે, ત્યાં મં એટલે પાપ અને ગલ એટલે ગળી જવું, નાશ થવો. જેનાથી પાપનો નાશ થાય છે, તે મંગલ. વળી ઈષ્ટદેવને નમસ્કાર કરવા તે એક પ્રકારનો વિનય છે અને વિનય તે આભ્યંતર તપ છે, કે જે તપથી કર્મની નિર્જરા થાય છે, પાપો ધોવાઈ જાય છે. મંગલાચરણનું વિશિષ્ટ મહત્ત્વ તો એ છે કે સદ્ગુરુની વંદના કરી. શરૂઆત પામતું શાસ્ત્ર સહજ રૂપે જ ગુરુદેવને સમર્પિત થઈ જાય છે અને તેથી કર્તાનો અહં ગળી જાય છે. જે અહંકાર જ સૌથી મોટું નડતર છે. આમ આત્મસિદ્ધિ શાસ્ત્ર પણ નિર્વિઘ્ને પૂર્ણ થાય માટે શ્રીમદ્જીએ મંગલાચરણ રૂપે વંદના કરી છે. જેમાં પ્રથમ કહ્યું –

### 'જે સ્વરૂપ સમજ્યા વિના'

કયું સ્વરૂપ? જીવે અનેક જન્મોમાં જગતના પદાર્થોને અનંત વાર જાણ્યા છે, જોયા છે, તેને સમજવાની કોશિશ કરી છે. પણ ક્યારેય પોતે કોણ છે? કેવો છે? પોતાનું સ્વરૂપ શું છે? એ જાણવાની કોશિશ કરી જ નથી. જે પદાર્થ જેવો છે તે રૂપે જ તેને જાણવો તે સમ્યગ્ જ્ઞાન. આત્મા એક પદાર્થ છે, તેના સ્વરૂપને માત્ર જાણી લેવું એમ જ નહિ પણ સમ્યગ્ રીતે જાણી લેવું તે જ્ઞાન.

આત્મા ચૈતન્ય સ્વરૂપી છે-જ્ઞાન સ્વભાવી છે. સર્વથી ભિન્ન અને અસંગ છે. આ સમજાય તો શરીરમાં આત્મબુદ્ધિ ન રહે. જીવની દેહાત્મ બુદ્ધિ એ જ મૂળભૂત ભ્રમણા છે. એ જ ભ્રાંતિ છે, એ જ અજ્ઞાન છે, અને એ જ સૌથી મોટું પાપ છે. એટલું જ નહિ બલ્કે તે જ સર્વ પાપોનું મૂળ છે. જેનાથી આ પરંપરા ઊભી થઈ કે જીવ શરીરને આત્મા સમજીને તેના જ સુખ દુઃખને પોતાના સુખ-દુઃખ સમજતો રહ્યો અને એવા સુખને પામવા અને દુઃખને ટાળવા પ્રયાસ કરતો રહ્યો, જેમાં પાપકારી પ્રવૃત્તિ જ વધારે થઈ, શરીરનું સુખ એટલે પાંચે ઈન્દ્રિયોના વિષયોનું પોષણ, વળી એ વિષયોને મેળવવા ગમે તેટલા અને ગમે તેવા પાપો કરતાં પણ જીવ અચકાતો નથી.



પૂછી જુઓ તમારા જ અંતરને! મનને ગમે તે, ઈન્દ્રિયોને ગમે તે દેવા માટે આજ સુધી શું નથી કર્યું? હજુ શું નથી કરતા? બધું જ! કંઈ જ બાકી નહિ. ગમે તે કરવું પડે - તૈયાર જ. તેમાં ધર્મ-નીતિ કે સદાચાર કંઈ જ આડું ન આવે. પણ તેમ કરતાં જીવ ગાઢાં-ચીકણાં કર્મો બાંધે અને પરિણામે અનંત દુઃખને નોતરે. એથી ઊલટું જો હું આત્મા છું પણ શરીર નથી, મારું સ્વરૂપ વિષય-કષાયરહિત છે. વિષય અને કષાય તે વિભાવ છે. તે મારો સ્વભાવ નથી માટે વિષયો કે કષાયોથી પ્રેરાઈને એક પણ નિંદ્ય-પ્રવૃત્તિ ન કરું. આવું જો જીવ સમજ્યો હોય, આવો પુરુષાર્થ કરતો હોય, આમાં સતત જાગ્રત હોય તો તે પાપ કરે નહિ અને કર્મ બાંધે નહિ. પરિણામે દુઃખ ન ભોગવતાં સુખ અને શાન્તિનો અનુભવ કરે. જેણે પોતાના સ્વરૂપને અંતરમાં અનુભવ્યું છે, વેદ્યું છે, તેને તેના સુખની ખબર છે, બાકી તો અનંતકાળના પરિભ્રમણમાં ક્યાંય સાચા સુખનો એક છાંટો પણ મેળવી શક્યો નથી તેથી જ શ્રીમદ્જીએ કહ્યું –

### 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત'

બંધુઓ! જે સમજ્યા તે તરી ગયા. ન સમજ્યા તે ભટકતા રહ્યા. વ્યવહારમાં પણ ન સમજે તે અનાડી કહેવાતો હોય તો આધ્યાત્મિક માર્ગે જે ન સમજે તેને કેવા કહેવાય? વ્યવહારની અણસમજ તો અહીં પૂરતું થોડું જ દુઃખ આપશે, પણ જો આત્મમાર્ગે સમજણ નહિ આવે તો અનંત અનંત દુઃખો ભોગવ્યાં છે અને હજુ ભવિષ્યમાં ભોગવવાં પડશે.

જો હવે ભવમાં ભટકવું ન હોય, અનંત દુઃખના દાવાનળમાંથી બહાર નીકળવું હોય તો નિજ સ્વરૂપને સમજ્યા વિના છૂટકો જ નથી. આજ નહિ તો કાલ, જ્યારે સમજશું ત્યારથી જ આપણી મંઝિલનો માર્ગ ટૂંકો થવા માંડશે. માટે જ શ્રીમદ્જી આગળ કહે છે-

### 'સમજાવ્યું તે પદ નમું'

જેમણે આત્મસ્વરૂપ સમજાવ્યું તેમને નમસ્કાર કરે છે. કોણ સમજાવી શકે? જે ખુદ સમજ્યા છે તે. જેઓએ આત્માનુભવ કર્યો છે, સ્વરૂપને પામી તેમાં સમાઈ ગયા છે, નિજાનંદની અનુભૂતિ કરી છે તેવા સત્પુરુષ જ સાધકને સાક્ષાત્કાર કરાવવાનું પ્રત્યક્ષ અવલંબન બને છે. બાકી બધું જ પરોક્ષ છે. આવી દશા જેમણે પ્રાપ્ત કરી છે તે જ સદ્ગુરુનું પદ પામી શકે છે. માટે એવા પદને અહીં નમસ્કાર થયો છે. વળી તે સદ્ગુરુની દશાને

વધુ સ્પષ્ટ કરવા શ્રીમદ્જી બે વિશેષણો આપે છે.

**'શ્રી સદ્ગુરુ ભગવંત'**

**શ્રી અર્થાત્ લક્ષ્મી.** જેઓ લક્ષ્મી-સંપન્ન છે. કઈ લક્ષ્મી? તમે બધા પણ લક્ષ્મી-સંપન્ન છો. લાખો-કરોડોના માલિક છો. તો તમે પણ સદ્ગુરુ ખરા ને? નહિ? અરે તમે તો આ લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે આત્મલક્ષ્મી ગુમાવી બેઠા છો, આત્મ-ગુણોનો ઘાત કરી રહ્યા છો. અહીં તો જેમણે આત્માની જ્ઞાન-દર્શનાદિ ઋદ્ધિને પ્રાપ્ત કરી છે. તે શ્રી સંપન્ન છે. અને વાસ્તવિક લક્ષ્મી પણ આ જ છે. બાકી બધું ધૂળ છે. જેમણે પોતાના સત્‌ને પ્રાપ્ત કરી લીધું છે. સત્ એટલે આત્મા. સત્ એટલે સંસાર નહિ, ધન નહિ, તમારે મન સત્ એટલે શું? ધન! પણ ધન ગમે તેટલું પામ્યા પછી પણ સદ્ગુરુ બની શકાતું નથી. બંધુઓ! સદ્ગુરુ તો તે જ કે જેમણે સત્‌નો સાક્ષાત્કાર કર્યો છે. પોતે પોતાને પામ્યા છે એવા સદ્ગુરુને 'શ્રી'ની ઉપમા લાગે છે.

**ભગવંત** – જેના અનેક અર્થ થાય છે. અહીં ભગવંત એટલે ભાગ્યવાન, જેમણે શુભયોગે કરી પુણ્યનો રાશિ એકઠો કર્યો છે. ભગવંત એમ ને એમ નથી બની જવાતું. જેની પાસે પુણ્યના થોકના થોક છે અને એ પુણ્ય પોતાની આત્મ-વિશુદ્ધિ માટે અનુકૂળતા કરી આપે તથા પુણ્યાનુબંધી પુણ્ય, અન્ય જીવોને માર્ગ બતાવવાનું સામર્થ્ય ધરાવે. આમ જે પોતે તરે અને બીજાને તારે તે ભગવંત. તિન્નાણં - તારયાણં એટલે કે જેઓ પોતે પહેલાં તરીને પાર થઈ જાય તે જ ડૂબતાને તારી શકે છે. શ્રીમદ્જીએ આવા શ્રી અને ભાગ્યથી યુક્ત એવા સદ્ગુરુને અહીં પ્રણામ કર્યા છે.

આમ આત્મસિદ્ધિ શાસ્ત્ર શરૂ કરતાં શ્રીમદ્જી નમ્રભાવે સદ્ગુરુના ચરણોમાં વંદન કરી અનુભૂત આત્મસ્વરૂપને સમજાવવાનો પ્રયાસ કરે છે.

આત્માને જાણવા, જોવા, ઓળખવાની આરાધના કરવા માટે જ આપણા પૂર્વાચાર્યોએ પર્વોનું નિર્માણ કર્યું છે. આજનો ચાતુર્માસિક પાખીનો દિવસ પણ એ માટે જ છે કે આજે પ્રતિક્રમણ દ્વારા આલોચના દ્વારા આપણે સહુ આત્મનિરીક્ષણ કરીએ. આપણામાં રહેલા રાગ-દ્વેષ કષાયોને જાણીએ, તેનો એકરાર કરીએ અને પશ્ચાતાપના જળ વડે તેને ધોઈએ, સાથે સાથે યથાશક્તિ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દાન, શીલ અને ભાવની આરાધના કરીએ. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે -

**'બલં થામં ચ પેહાએ, સદ્ધા મારુગ્ગમપ્પણો.'**



તારી જેટલી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિ હોય તે શક્તિને જરા પણ છુપાવ્યા વિના, થાય તેટલી આરાધના કરી લેજે. આ આરાધના દ્વારા 'હું આત્મા છું' એનો દૃઢ નિર્ણય હૃદયપટલ પર અક્ષરાંકિત થઈ જવો જ જોઈએ. શ્રીમદ્જીના શબ્દોમાં....

**''રે આત્મા તારો, આત્મ તારો, શીઘ્ર એને ઓળખો.**
**સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.''**

આ મૂળભૂત સિદ્ધાંત છે. આને સર્વ રીતે સમજીશું તો જ આત્મસિદ્ધિના હાર્દને પામી શકીશું. હાર્દને પામવું તે માત્ર બુદ્ધિની જ સમજ દ્વારા નહિ પણ 'હું આત્મા છું' અને પછી તો -

**'जे एगं जाणई, से सव्वं जाणई'**

એનો ભાવ, એવી શ્રદ્ધા આત્મસ્પર્શી બને. જે પોતાને જાણે છે તે સર્વને જાણે છે.

બંધુઓ! આજના પ્રથમ દિવસે જ હું તમારી પાસે ગુરુદક્ષિણા માગી લઉં તો તે અનુચિત નહિ જ કહેવાય કે આપણી આ ચાર મહિનાની આરાધના તમો સહુ 'હું આત્મા છું'ની આસપાસ જ કરશો અને ચાતુર્માસના અંતે હું તમારા સૌમાં એ જોવા ઈચ્છું છું કે તમારા રોમેરોમમાં 'હું આત્મા છું'નો દિવ્ય ધ્વનિ ગુંજતો થાય.

અહીં અમો ચાર મહિના માટે આવ્યા છીએ તે આરાધના કરવા અને કરાવવા. આજથી શરૂ થતી આ સાધના કારતક પૂનમ સુધી ચાલશે; આપણો જ્ઞાનયજ્ઞ ચાર મહિના સુધી અખંડ ચાલશે. તેમાં આપણે સહુ આપણા વિષય-કષાય, રાગ-દ્વેષ, વાસના-વિકૃતિઓ હોમી દઈને નિર્મળ બનીએ, શુદ્ધ બનીએ.

આ આત્મવિશુદ્ધિ માટે જ આત્મસિદ્ધિ શાસ્ત્રની ચર્ચા આપણે કરવી છે. હવે પછીની ગાથામાં આગળ શું ભાવ બતાવ્યા છે તે અવસરે કહેવાશે.

# વર્તમાન આ કાળ....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અને અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષમાર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રથી થાય છે. આ ત્રિરત્નની આરાધના સ્વનો નિર્ણય કરવા માટે છે.

આ જીવે પરના નિર્ણયમાં અનંત ભવો ગુમાવ્યા છે. સ્વ એટલે ચૈતન્ય અને પર એટલે જડ. ચૈતન્યની શોધ જીવે કરી નહીં અને જડની શોધ માટે, તેના ઊંડાંમાં ઊંડાં રહસ્યો પામવા માટે કેટલી મહેનત! તમને ખ્યાલ છે કે એક વૈજ્ઞાનિક, જગતનાં રહસ્યોને જાણવામાં પોતાની આખીયે જિંદગી ખર્ચી નાખે છે. લેબોરેટરીમાં કામ કરતો સાયન્ટીસ્ટ, રાત-દિવસ એક કરે છે. ઊંઘ અને આરામ હરામ કરે છે. ખાવા-પીવાનું ભાન તેને રહેતું નથી. આટલો પુરુષાર્થ માત્ર જગતને જાણવા માટે જ છે. કારણ તેનો રસ, તેની રુચિ જડમાં છે.

પ્રત્યેક જીવ કાંઈ ને કાંઈ મહેનત કરતો જ હોય છે. બધાંને કંઈક પામવું તો છે જ પણ જેવી જેની રૂચિ. જેની આત્મા વિશે રૂચિ હશે તે આત્માની શોધ કરે અને જેને ભૌતિક સંસારની રૂચિ હોય તે ઈંદ્રિયજન્ય વિષયોને શોધવા-મેળવવામાં જીવન નષ્ટ કરી દે. જડની શોધમાં દુનિયાનું ભાન ભૂલી જાય. તેના એટલા ઊંડાણમાં જાય કે પોતે ક્યાં છે તેની તેને ખબર ન રહે.

બંધુઓ! એવાં પણ બાળકો આપણે જોયાં છે કે તેના હાથમાં એક નવું રમકડું આવે તો તેના એક એક PARTS જુદા કરી નાંખે. પાછા તેને ફીટ કરે. વળી તેને જુદા પાડે અને તેની એક એક રચનાને જાણવા પ્રયાસ કરે. ત્યારે એ બાળકનાં મા-બાપ એમ કહેતાં હોય કે મારો દીકરો તો ભવિષ્યમાં મોટો ઍન્જિનિયર થશે અને ગર્વ લે. અને ખરેખર ગર્વનો વિષય પણ ખરો. પરંતુ બાળકની આ વૃત્તિને માત્ર ભૌતિક ઉપયોગિતા તરીકે જ નહીં પણ આત્મિક ભાવનાના ત્રાજવાથી તોલીએ તો એ બતાવે છે કે જીવમાં કોઈ પણ પદાર્થના ઊંડાણમાં જવાની શક્તિ છે.



જેમ જડની રૂચિ જડના ઊંડાણ સુધી લઈ જાય છે, તેમ જો ચૈતન્યની રૂચિ જાગે તો જીવને ચૈતન્યના ઊંડાણ સુધી પણ લઈ જઈ શકે છે. પોતે પોતાના સ્વરૂપને પામી શકે છે અને સર્વ દુ:ખોનો અંત આણી શકે છે. પણ શાસ્ત્રના પ્રારંભે જ શ્રીમદ્જીએ કહ્યું કે -

**'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત.'**

જીવે બધું જ કર્યું, બધાં જ ઊંડાણોને માપવાનો પ્રયાસ કર્યો, પૃથ્વીનાં પેટાળો ભેદી નાખ્યાં, સમુદ્રનાં ઊંડાણને માપ્યાં, આકાશના અંતરને વીંધી નાખ્યું, અવકાશયાનો બનાવ્યાં, જે અવાજની ગતિથી પણ વધારે ઝડપથી દોડી શકે છે. અણુ અને પરમાણુની શક્તિને પણ જાણી લઈ, – માપી લઈ – નાથી લઈ જીવન વિષે તેની ઉપયોગિતા સિદ્ધ કરી પણ પોતે પોતાના સ્વરૂપને પામવાનો પ્રયાસ ન કર્યો. પોતાના ઊંડાણમાં જવાની જરૂરત તેને ક્યારેય ન જણાઈ અને તેથી આખાયે બાહ્ય વિશ્વને જાણનારો, પોતાને ન જાણી શક્યો. પરિણામે અનંત દુ:ખ ભોગવ્યું અને હજુ પણ સ્વરૂપથી જેટલો દૂર રહેશે તેટલો વધુ દુ:ખ ભોગવશે. આખરે તો નિજ સ્વરૂપ જાણ્યા વિના દુ:ખનો અંત જ નથી અને સાચું સુખ પામવા માટે સમસ્ત વિશ્વ જે બે દ્રવ્યોમાં વિભાજિત થયેલું છે તે બંને દ્રવ્યો ચૈતન્ય અને જડનાં - મૂળભૂત સ્વરૂપને, તેના ક્ષણ-ક્ષણના પલટાતા પર્યાયને જાણવા અતિ અતિ આવશ્યક છે.

જડ દ્રવ્ય પણ પરિણમનશીલ છે. પળે પળે પલટાવું તે તેનો સ્વભાવ છે, જેની આપણને જાણ જ નથી. અને તેથી જ જડની પરિણતિના કારણે જીવનમાં અનેક દુ:ખો આપણે માની લીધાં છે. જડનો સ્વભાવ સડન, પડન, ગલન, વિધ્વંસનનો છે. અને તે થાય જ. તેને કોઈ રોકી શકે નહીં, આ સમજણ જો ઊંડી હોય તો કોઈ પણ જડ પદાર્થના તૂટવા-ફૂટવાથી દુ:ખ થાય નહિ. અરે! એટલું જ નહિ પણ બંધુઓ! ગમે તેવા પ્રિય સ્વજનનું મૃત્યુ પણ દુ:ખનું કારણ ન બને! કારણ જેને જાણ છે અને તેમાં સંપૂર્ણ શ્રદ્ધા છે કે કોઈનું પણ, ક્યારેય પણ મૃત્યુ થવું તે જડ અને ચૈતન્ય બન્નેનાં તે - તે પ્રકારનાં પરિણમન સિવાય બીજું કશું નથી. આત્માનો તે દેહમાં રહેવાનો પર્યાય પૂરો થયો અને દેહના જડ - પરમાણુઓનો પણ દેહરૂપ પર્યાય પૂરો થયો. તેથી હવે એ પર્યાયમાં પરિવર્તન આવે જ. તો પર્યાયનું પરિણમન સમયે સમયે થઈ જ રહ્યું છે. જે બહુ જલદી આપણા જોવામાં આવતું નથી. પણ મૃત્યુ થયું તે દૃષ્ટિએ ચડે તેવું પરિણમન છે. તો

આ પરિણમનનો શોક શો? આમ જે ઘટનાને સામાન્ય સ્થૂલ બુદ્ધિ, અતિ દુ:ખનું કારણ માને છે, તે સ્વરૂપના જાણકારને દુ:ખરૂપ બને જ નહીં.

મૃત્યુ દુ:ખનું કારણ બને છે તે માત્ર આપણી મોહબુદ્ધિ તથા સ્વાર્થબુદ્ધિ. જો કોઈપણ વ્યક્તિમાં રહેલા આપણા મોહ અને સ્વાર્થને તેનામાંથી ખેંચી લઈએ તો દુ:ખ સમાપ્ત થઈ જાય છે. જગતમાં રોજ હજારો માનવો મરે છે તેનું આપણને લેશમાત્ર દુ:ખ નથી. કારણ? આ મોહ અને સ્વાર્થબુદ્ધિ જ મરણથી પણ વધુ ભયંકર છે. એ મોહ અને સ્વાર્થને તોડવા માટે જડ અને ચૈતન્ય બંનેના સ્વરૂપને જાણવું જરૂરી છે અને જે એ સ્વરૂપને સમજ્યો, તેનું દુ:ખ ગયું.

મંગલાચરણમાં આટલું કહ્યા પછી શ્રીમદ્જી આ શાસ્ત્રનો હેતુ શું છે, તે બતાવતાં કહે છે -

**''વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,**
**વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય''.....૨**

શ્રીમદ્જીની હયાતીના સમયને વર્તમાન ગણાવો કે આજના વૈજ્ઞાનિક યુગને વર્તમાન ગણાવો? અહીં બે રીતે સમજવાનું છે. એક તો ચોથો આરો પૂરો થઈ આ પાંચમો આરો ચાલે છે, અને આ વર્તમાનમાં ભરતક્ષેત્રમાં મોક્ષનો લોપ બતાવવામાં આવ્યો છે એટલે કે ભરતક્ષેત્રથી વર્તમાનકાળે કોઈ મોક્ષે જશે નહિ.

વર્તમાન આ કાળમાં - શ્રીમદ્જીનો સમય ગણીએ તો પણ તે કાળમાં શ્રીમદ્જીએ જોયું હશે કે લોકો જડની સાધના પાછળ પડ્યા છે, વૈભવ-વિલાસમાં રાચે છે. આજથી લગભગ ૯૦-૧૦૦ વર્ષ જૂના ભારતની કલ્પના કરો. ત્યારે જમીનદારશાહી હતી. નાનાં-નાનાં રાજ્યો અને રાજાઓ હતા. તેઓ પોતાના જ ધન-વૈભવ, વિલાસ અને શાન– સત્તા માટે જ જીવન જીવતા હતા. તેમાં જેમને સમજદાર ગણીએ, તેઓ પણ મોક્ષમાર્ગને જાણવા છતાં એ તરફ જવા માગતા ન હતા.

અને આજે ૯૦ વર્ષ બાદ આપણે કયા કાળમાં ઊભા છીએ? આ નેવું વર્ષમાં માણસે પૃથ્વીનાં પેટાળો ફોડ્યાં, આકાશ-અવકાશનાં રહસ્ય શોધ્યાં અને સહુથી ભયંકર શોધ કરી અણુ-પરમાણુ બોમ્બની. શક્તિ વધવા સાથે પરસ્પરનો વિશ્વાસ ખોયો અને બબ્બે વિશ્વયુદ્ધો થયાં પછી



વિશ્વવિનાશના ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા હેઠળ સતત ભયભીત થઈને માણસ જીવી રહ્યો છે. એમાં પણ આશ્ચર્ય છે કે શરીરસુખનાં, મનોરંજનનાં સાધનો મેળવવા છતાં તેને શાંતિ-સંતોષ નથી. નયનરંજન માટે સિનેમા, ટી.વી. છે. ગરમીથી બચવા માટે કૂલર - એરકન્ડિશનરો છે. ચાલવાની તસદી ન લેવી પડે માટે કારો છે. કબીરજીના શબ્દોમાં - બે ગજ જમીનની જરૂરવાળા માણસ પાસે વિશાળ બંગલાઓ છે. પણ તેને સુખ છે? શાંતિ છે? નથી. વિચારો તો ખરા! વ્યક્તિ અને સમષ્ટિ બન્ને દૃષ્ટિએ લોકો પાસે ઘણું હોવા છતાં, જે નથી તેના વિચારે સુખ નથી, શાંતિ નથી. પણ એ સુખ અને શાંતિ ક્યારે મળે? જ્યારે આત્માની પીછાણ કરીએ ત્યારે પોતાના સ્વરૂપને – નિજસ્વરૂપને, આત્મસ્વરૂપને ઓળખીએ ત્યારે.

**આત્માને ઓળખવાની શરૂઆત એટલે મોક્ષમાર્ગનો પ્રારંભ**

આ કાળમાં મોક્ષમાર્ગ શું છે? તેની સમજણ મોટા ભાગના લોકોને નથી. જાણે મોક્ષમાર્ગ ભૂંસાઈ ગયો હોય - લોપ થઈ ગયો હોય તેવું લાગે છે. પહેલાં તો એ સમજી લઈએ કે જ્ઞાનીઓએ મોક્ષમાર્ગ કોને કહ્યો છે? શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮મા અધ્યયનની બીજી ગાથામાં શ્રીપ્રભુએ ફરમાવ્યું છે કે -

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**एस मग्गुत्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं ॥२॥**

તેમજ

**ज्ञान क्रियाभ्यां मोक्षः ।**

અને

**'सम्यग्दर्शन - ज्ञानचारित्राणि मोक्षमार्गः १/१**

અહીં મોક્ષમાર્ગ બતાવ્યો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગ કહો. જ્ઞાન અને ક્રિયાનો સમન્વય તેને મોક્ષ કહો અથવા સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રના સમન્વયને મોક્ષ કહો તે બધું એક જ છે. આવા યથાર્થ મોક્ષમાર્ગની સમજણ આજે લોપ થઈ ગઈ છે.

ગામડાના ધૂળિયા રસ્તે પડેલી પગદંડી તે આવવા - જવાનો માર્ગ છે અને વંટોળના કારણે અથવા ચોમાસામાં વરસાદથી થયેલા કીચડના

કારણે પગદંડી ભૂંસાઈ જાય છે. હંમેશા કેડી દેખાતી નથી પણ હવા કે વરસાદનું તોફાન શાંત થતાં માણસોનું આવાગમન ચાલુ થાય છે. અને તે પગદંડી ફરી પાછી બની જાય છે. અનંત તીર્થંકરો દ્વારા બતાવેલ આ મોક્ષમાર્ગ જીવને સૂઝતો નથી. કારણ કે જીવ સાંસારિકતાના તોફાનમાં ફસાયેલો છે. રાત અને દિવસ સંસારના જ વિચારો. દિવસે જે વિચારો છો અને રાત્રે સ્વપ્નમાં જે જુઓ છો તે સંસાર સિવાય બીજું શું હોય? અરે બંધુઓ! અહીં બેઠા હો, પ્રવચન સાંભળતા હો, ત્યારે પણ માથામાં જે વિચારો ઝબકી જાય છે, તે સાંસારિકતાના કે અધ્યાત્મના? અધ્યાત્મ ભાવોને જાગ્રત કરે એવી વાણી સાંભળતાં પણ જો માથામાંથી સંસાર ખસતો ન હોય તો સંસારની જાળમાં લેપાયેલા હો ત્યાં સંસારના વિચારો સિવાય બીજી અપેક્ષા શું રખાય?

વળી જેવા વિચારો એવી વાણી. એક આખાયે દિવસની બોલાયેલી વાણીને તપાસી જજો કે તેમાં સંસારના ભાવે બોલાયેલ વચનો વધારે હતાં કે આત્મા-પરમાત્માની શ્રદ્ધા - ભક્તિના ભાવે વધુ વચનો નીકળ્યાં હતાં? અને પ્રવૃત્તિ પણ તે જ. દિવસભર થતી પ્રવૃત્તિમાં લક્ષ્યસ્થાને કાં તો પોતાની જાત, કાં તો પત્ની અને પરિવાર અને કાં તો સામાજિક પ્રતિષ્ઠા; કહો આ સિવાય આત્મા અર્થે કંઈ પ્રવૃત્તિ કરી ખરી?

સમ્યગ્દર્શનના બદલે અભિમાનનું પ્રદર્શન, સમ્યગ્ જ્ઞાનના બદલે મોહ અને સ્વાર્થનું ભાન તેમજ સમ્યગ્ચારિત્રના બદલે તૃષ્ણાની માયા જ્યાં હોય ત્યાં મોક્ષમાર્ગ ક્યાંથી સૂઝે? જ્ઞાન શુષ્ક બને છે; ક્રિયા જડ પરિપાટી બને છે, પછી મોક્ષમાર્ગ ક્યાંથી દેખાય? જ્ઞાન, દર્શન, ચારિત્ર ઉપર; મિથ્યાભિમાન, સંસારદર્શન તેમજ ભોગ-વિલાસનાં જાળાં બાઝ્યાં છે અને તપ, જે આત્માને નિર્મળ કરે છે, તેમાં પણ ઘણીવાર કેટલો આડંબર થાય છે!

આમ સમગ્ર પ્રકારે જોતાં મન, વાણી અને દેહ સાંસારિકતામાં જ તરબોળ છે. સાંસારિકતાનાં પ્રચંડ તોફાન અંદરમાં ઊઠ્યાં જ કરે છે. મોહ-મેલના કીચડથી આત્મા અવરાઈ ગયો છે તેથી જ મોક્ષમાર્ગ સૂઝતો નથી.

આ માર્ગ જીવને ક્યારે સૂઝે? કે જ્યારે તેના અંતઃકરણમાં સંસારવૃદ્ધિના ભાવોને સ્થાને સંસારને પરિમિત કરવાના ભાવો સ્થિર થાય. પછી ભલે એ ગૃહસ્થાશ્રમમાં હોય, પણ એના ભાવો એને માર્ગે ચડાવી દે.



ભરત ચક્રવર્તી છ ખંડને જીતી વિજયમાળ વરીને પાછા ફરી રહ્યા છે. વિજયનો ગર્વ તન-મન પર સવાર થઈ ગયો છે. એ જ ગર્વિષ્ટ પગલે ઋષભકૂટ પર્વત પર આવે છે. ગ્રંથકારો કહે છે કે દરેક ચક્રવર્તી વિજયી બનીને પ્રથમ આ સ્થાન પર આવે, ત્યાં રહેલી શિલા પર પોતાનું નામ પોતાને હાથે જ ટાંકે અને પછી જ પોતાની રાજધાનીમાં પ્રવેશ થાય. ભરત પણ આ સ્થાને આવ્યા. નામ લખવું છે. શિલા પર નજર પડે છે, ત્યાં તો એક અક્ષર લખવાની પણ જગ્યા નથી. વિચારે ચડે છે. શું કરવું? તત્ક્ષણ ઉપાય મળી ગયો. ભૂતકાળના બધા જ ચક્રવર્તીઓનાં નામ લખાયેલાં હતાં તેમાં જે છેલ્લા ચક્રવર્તીનું નામ હતું તે ભૂંસી નાંખી પોતાનું નામ કંડારી દીધું. ફરી ફરીને નામ નિહાળે છે અને ગર્વની માત્રા વધે છે. અહા! યુગ-યુગ સુધી આ સુવર્ણ અક્ષરે કોતરેલું નામ અહીં રહેશે, અને અનેક યુગો સુધી, લાંબા કાળપર્યંત જગ જાણતું રહેશે કે ભરત નામનો સમર્થ ચક્રવર્તી આ ભૂમિમાં થઈ ગયો. મારું નામ **''यावत्‌चंद्र-दिवाकरौ''** અમર રહેશે.

આમ વિચારતો તે આગળ ડગ ભરે છે ત્યાં જ અચાનક એક સુવિચાર ઝબકી જાય છે. પોતાની પામરતાનો ખ્યાલ આવે છે. ક્યાં ચૂક્યો તેનું ભાન છે. એ પોતાની જાતને જગાડે છે. હે ભરત! તું ભાન ભૂલ્યો, આજે તારું નામ લખી તું ફુલાય છે પણ તેં જેમ આગળનું નામ ભૂંસી નાખ્યું તેમ તારા પછી આવનાર ચક્રવર્તી તારું નામ નહીં ભૂંસે? ક્યાં સુધી આ નામ રહેશે? જે નાશ પામનાર છે તેના માટે તેં આટલાં યુદ્ધ કર્યાં? આટલાં લોહી વહેવડાવ્યાં? અને પોતાનું મન જ પોતાને ડંખે છે. ત્યાંથી બહાર નીકળતાં પહેલાં જ આંખમાંથી આંસુ સરવા માંડે છે અને એ આંસુઓ અંતરમાં પડેલા સંસારભાવને ધોઈ નાખી ત્યાં અનાસક્તિનાં બીજ વાવે છે. અને પછી આખુંયે જીવન અનાસક્ત ભાવે - નિર્લેપ ભાવે જીવે છે. પરિણામે ગૃહસ્થાશ્રમી હોવા છતાં 'કેવળ'ને વરે છે. બંધુઓ! વિચારો - જીવમાં પડેલી પાત્રતા કેવી જાગી ગઈ! અને જે ભવમાં આટલાં યુદ્ધો ખેડ્યાં હતાં એ જ ભવમાં આ પાત્રતાએ મોક્ષ અપાવ્યો.

જ્યારે આપણે આપણા જ આસક્તિ ભાવના કારણે મોક્ષમાર્ગને લોપી નાખ્યો છે અને ઊંધા માર્ગે ચડી ગયા છીએ. અરે! કેટલાક તો એવું સમજી બેઠા કે આ ભવમાં મોક્ષ નથી તો ધર્મ શા માટે કરવો? જ્યારે, જે કાળે, જે ક્ષેત્રે, મોક્ષ મળવાની સંભાવના હશે ત્યારે ધર્મ કરીશું. પણ બંધુઓ! એવું ન વિચારો. પુરુષાર્થ કરો. કરેલો પુરુષાર્થ ક્યારેય પણ વ્યર્થ

જતો નથી. આ ભવે નહીં તો ત્રીજે ભવે અને ૧૫મે ભવે નહીં તો પછી, પણ પુરુષાર્થ તો અત્યારથી કરવો જ રહ્યો. આપણા અંતરમાં એવી ભાવના જગાડીએ કે ભલે આ ભવે મારો મોક્ષ ન થાય પણ મોક્ષની નજીક પહોંચવાની પાત્રતા કેળવવા માટે જે કરવું જરૂરી છે, એ જેટલો પુરુષાર્થ માગે છે એ તો કરી લઉં બસ-આવી ભાવના જાગ્રત કરવાની જરૂરી છે.

### 'जो जागत है सो पावत है'

જેને આત્માર્થ જગાવવો છે, જેને આત્મદર્શન કરવું છે, તેના માટે જ **'ભાખ્યો અત્ર અગોપ્ય'** મોક્ષમાર્ગ જેવો છે તેવો સ્પષ્ટ, કંઈ પણ છુપાવ્યા વિના આ શાસ્ત્રમાં શ્રીમદ્‌જી વર્ણવે છે. શાના માટે?

### વિચારવા આત્માર્થીને

જીવનમાં બીજા વિચારો તો બહુ કર્યા પણ આત્માના અર્થે વિચારવાની ફુરસદ તો શું પણ જીવને ખબર જ નથી કે મારે આત્મા વિષે, તેના હિત-અહિત વિષે, તેના સ્વભાવ અને વિભાવ વિષે કંઈક વિચારવું જરૂરી છે. જીવનનું કોઈ પણ કામ વગર વિચાર્યે કરતા નથી. બહુ જ લાંબી વિચારણા પછી જ અમલમાં લાવો છો. અરે! કોઈ કામ બરાબર ન થાય તો કરનારને આપણે ઠપકો આપીએ છીએ કે આમ વગર વિચાર્યે કામ કેમ કરે છે? જ્યારે આત્મક્ષેત્રે કરાતો ધર્મ અને ધર્મનાં અનુષ્ઠાનો વગર વિચાર્યે, વગર સમજણે કરીએ છીએ. રૂઢિથી દોરવાઈને જ ચાલીએ છીએ. પણ કરાતો ધર્મ આત્માનું હિત સાધી શકે છે કે નહિ? આત્મશુદ્ધિ થાય છે કે નહિ? તે ક્યારેય વિચારતા નથી. અહીં -

### ''વિચારવા આત્માર્થીને''

આ પદ કહીને શ્રીમદ્‌જી કહેવા માગે છે કે ધર્મ આચારમાં ઉતાર્યા પહેલાં વિચારમાં ઉતારવો જરૂરી છે. ધર્મ વિચારમાં જાગ્યો હશે, વિચારમાં વણાઈ ગયો હશે તો એ યથાર્થ રૂપે તેમજ સહજતાથી આચારમાં ઊતરી શકશે. વિચારપૂર્વકના ધર્મને આચારમાં ઉતારવા મહેનત નહીં કરવી પડે. એક કલાકનું સામાયિક જેવું અનુષ્ઠાન કરવું હોય તે પહેલાં થોડી મિનિટો કે થોડી સેકન્ડો એ વિશે વિચાર કરો છો? સામાયિક એટલે શું? કેવી રીતે કરવું? શા માટે કરવું? જો આ પ્રશ્નોનો ઊંડો વિચાર કરી અંતરમાંથી જ તેના ઉત્તરો ઊગવા દઈએ તો પછી એ સામાયિક કરવાનો આનંદ જુદો જ હશે. અને પછી એવા જીવને પોતાને પામવા માટેની તાલાવેલી લાગશે,



વ્યાકુળતા ઉત્પન્ન થશે. સંસારના કોઈ પણ પદાર્થને પામવાની જે અને જેટલી વ્યાકુળતા જાગી નથી એથી વિશેષ વ્યાકુળતા આત્મા માટે જાગે તેવા આત્માર્થી, આત્માને પામી શકે.

એક બ્રાહ્મણ યુવાન, જે કંઈક વિચારક હતો-ભણેલો હતો, ધર્મ અને આત્મામાં શ્રદ્ધા ધરાવનાર હતો. તે એક વખત એક સાક્ષાત્કારી સંત પાસે ગયો. જઈને પ્રણામ કરી વિનયપૂર્વક પોતાની ભાવના વ્યક્ત કરતાં કહ્યું :

''મહારાજ! આપની ખ્યાતિ સાંભળી આપની પાસે આવ્યો છું, મારે આત્મ-સાક્ષાત્કાર કરવો છે. કરાવશો?''

સંત અનુભવી હતા. તેઓએ યુવાનની વાણી અને ચહેરાના ભાવ વાંચી લીધા : ખરેખર લગની લાગી છે તેવો જીવ છે. તેઓએ તેને પ્રેમથી બાજુમાં બેસાડ્યો અને પોતાના કાર્યમાં પરોવાઈ ગયા. ચાર-છ કલાક એમ જ વીતી ગયા. સંત પ્રથમ તો તેની સમતાની કસોટી કરે છે. અને જ્યારે યુવાન એ કસોટીમાંથી પાર ઊતર્યો એટલે તેને થોડે દૂરની એક મોટી નદી પાસે લઈ જાય છે. નદીએ પહોંચ્યા પછી તેનો હાથ પકડી સંત કહે છે -

''ચાલ બેટા! આપણે જરા નદીના પાણીથી પહેલાં પવિત્ર થઈએ.'' યુવાન ચાલ્યો. તે સમજ્યો કે આત્મસાક્ષાત્કાર કરતા પહેલાં આવી વિધિમાંથી પાસ થવાનું હશે. નદીમાં ચાલ્યા જાય છે. પાણીનું ઊંડાણ વધવા માંડ્યું. કમર સુધી પાણી હતું તે છાતી સુધી આવ્યું. સંતે હાથ પકડ્યો છે ને એ તો આગળ વધતા જ જાય છે. ત્યાં તો પાણી નાક સુધી પહોંચ્યું. યુવાન સમજ્યો બસ હવે આગળ વધવાનું નહીં હોય પણ સંત તો જમીન પર ચાલતા હોય એટલી જ સ્વસ્થતાથી આગળ વધી રહ્યા છે. ને માથોડું પાણી આવ્યું. યુવાન ડૂબવા લાગ્યો. બે ડગલાં આગળ વધી સંતે તેની ચોટલી પકડી લીધી ને ત્રણવાર તેના માથાને પાણીમાં ડુબાડ્યું ને ત્રણવાર બહાર કાઢ્યું. યુવાન અકળાઈ ઊઠ્યો... ત્રાહિ ત્રાહિ પોકારી ઊઠ્યો. ગૂંગળામણ અનુભવવા લાગ્યો. હદ આવી ગઈ! સંતે તરત જ યુવાનને ઊંચકી ખભા પર નાંખ્યો અને નદીની બહાર કિનારે આવી ગયા. પેલો પાણી પી ગયો હતો. ઊંધો લટકાવી પાણી કઢાવી નાંખ્યું. કિનારે સુવરાવ્યો. થોડીવારે યુવાન સ્વસ્થ થયો.

સંતે પૂછ્યું : ''બેટા! શું થાય છે?''

યુવાન કહે : ''મહારાજ! મોતની નજીક જઈ પાછો આવ્યો.''

''એમ? અચ્છા તો જે વખતે ડૂબી રહ્યો હતો ત્યારે કોણ કોણ યાદ આવ્યું?''

''કોઈ નહીં.''

''કેમ? તારે પત્ની તથા બાળકો નથી? મા-બાપ નથી? સ્વજન મિત્રો નથી?''

''મહારાજ! બધાં જ છે.''

''તો કોઈ યાદ ન આવ્યાં?''

''ના મહારાજ! માત્ર એક જ વિચાર હતો કે હવે આમાંથી છૂટું તો જ બચીશ, નહીં તો મરીશ. બસ, કેમ જીવતો રહું એ જ એક વિચાર હતો. અને મહારાજ! ખરું કહું? બહુ વ્યાકુળ થઈ ગયો હતો.''

ત્યારે સંત કહે છે :

''ભાઈ! એક નાશવંત જીવનને બચાવવા માટે જેટલી વ્યાકુળતા થઈ એ સમયે બધાં હોવા છતાં કોઈ યાદ ન આવ્યાં. માત્ર એક તું જ રહ્યો હતો. તને એમ લાગ્યું હશે કે અત્યારે આ વિશ્વમાં બીજું કોઈ નથી. બસ, આત્માને પામવા માટે આવી વ્યાકુળતા જન્મે, બધું જ વિસરાઈ જાય. સહુ સંબંધો અંતરથી અળગા રહે ત્યારે જ આત્મસાક્ષાત્કાર થઈ શકે, એ વિના નહીં.''

બંધુઓ! અહીં શ્રીમદ્જી પણ આ ગાથા દ્વારા આપણને એ જ કહેવા માગે છે કે સંસારથી પર થઈ, માત્ર દૃષ્ટિ આત્મા પર જોડાય તો જ આત્માને પામવાનો પુરુષાર્થ જાગી શકે છે. પણ એ મોક્ષમાર્ગ સમજાય તો જ. હવે આ માર્ગને નહીં સમજનારા કેવા ભ્રમમાં હોય છે અને કેવા ખોટા માર્ગે સમય અને શક્તિ વેડફી રહ્યા હોય છે તે હવે પછી આગળની ગાથામાં બતાવવામાં આવશે.

# ક્રિયા–જડ....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અને અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ, અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના મોક્ષમાર્ગને પ્રશસ્ત કરે છે. વિરાધક ભાવને તોડતો જીવ ક્રમે-ક્રમે આરાધક ભાવમાં સ્થિર થતો જાય છે. જો આરાધના સમ્યક્ થાય તો તેનું ફળ સમ્યગ્ જ મળે છે. સમ્યગ્ આરાધનાનું સુ-ફળ મળ્યા વગર રહે જ નહીં. વ્યાવહારિક કાર્ય પણ યથાર્થરૂપે થાય, તો જ તેનું ફળ યથાર્થ મળે, જેવું કાર્ય તેવું ફળ. કોઈ પણ કામ, કરવા ખાતર જ કરી લેવાય તે બરાબર છે કે નહીં તે ધ્યાન ન દેવાય તો તેનું યોગ્ય ફળ મળતું નથી.

એક બીજને જમીનમાં વાવી દીધું અને જો તેને હવા, પાણી, પ્રકાશ, ખાતર બધું જ યોગ્ય મળી રહે તો જ તે બી પ્રસ્ફૂટિત થઈ અંકુરિત થાય છે. વળી બધું હોવા પછી પણ જો જમીન જ બરાબર ન હોય તો પણ તે ઊગે નહીં. બીજ ફળે નહીં. જેટલી અધૂરાશ જોઈતી સામગ્રીમાં રહે એટલી અધૂરાશ ફળમાં પણ રહે, માટે ભૂમિકા યથાર્થ જોઈશે. તેની સાથે બધા જ સંયોગો પણ યથાર્થ જોઈશે. એ બધું થયા પછી જે જે ફળને ઈચ્છીએ છીએ તે મળશે. સ્વીચ ઓન કરો છો ને પ્રકાશ મળે છે. પણ સ્વીચ ઓન કર્યા પછી પણ જો પ્રકાશ ન પામો તો તરત વિચારો કે ક્યાંક ખામી છે. કોઈ કારણે જ્યાંથી પ્રકાશ પ્રાપ્ત થવો જોઈએ તેની સાથેનું કનેક્શન કપાઈ ગયું છે, અથવા તો લાઈન બરાબર નથી, ફીટિંગ બરાબર નથી કે બલ્બનો ફ્યુઝ ઊડી ગયો છે અથવા સ્વીચ ઓન કરવાનો સાચો કીમિયો નથી જાણતા. બંધુઓ! જીવન-વ્યવહારમાં જીવતાં આ જ્ઞાન તો સહેજે મેળવી લીધું છે અને તેમાં પૂરા સાવધાન છો. તેની યથાર્થતામાં ક્યાંય ખામી આવવા દેતા નથી, કારણ કે તેની આવશ્યક્તાનું ભાન છે.

પણ હવે આપણે, આપણા પોતા તરફ એટલે કે આત્મા તરફ

દૃષ્ટિ કરી નિહાળવાનું છે. ઘણી ક્રિયાઓ, ઘણો ધર્મ કર્યા પછી પણ મળવું જોઈએ તેવું ફળ કેમ મળતું નથી? શ્રીમદ્જીએ કહ્યું :-

**'મોક્ષમાર્ગ બહુ લોપ'**

ક્રિયાઓ વધી ગઈ અને તેમાં માર્ગનો લોપ થઈ ગયો. માર્ગ ભૂલેલો ગમે તેટલું ભટકે તો પણ સ્વ-સ્થાને કેમ પહોંચે? આખા દિવસમાં અનેક માઈલ ચાલ્યા પછી પણ વ્યક્તિ ત્યાં જ હોય તો તેને ઘાણીનો બેલ સમજવો કે બીજું કંઈ?

બંધુઓ! વિચારો....તમે આજે ધંધો શરૂ કર્યો. મહેનત કરી. ઘણું ધન રોક્યું. પણ જો ધંધામાં બરકત ન હોય, કમાણી ન હોય તો એ ધંધો પકડીને ક્યાં સુધી બેસી રહો? ધંધો તો એનું નામ કે જેમાં નિત્ય પ્રગતિ થતી રહે. ગમે તેવી સારી વસ્તુનો ધંધો હોય પણ તેમાં જો વિકાસ ન હોય તો અભણ માણસ પણ એવો ધંધો ન કરે. આપણા બાપ-દાદા ભણેલા ન હતા છતાં; આ સમજણ તેઓને હતી. આજે તમે ઘણું ભણ્યા પછી પણ આ જ વાત કહો છો! તેમાં કાંઈ જ ફરક નહીં. બીઝનેસમાં આગળ વધવા તમે શું નથી કરતા? અને આજ સુધી હજુ પણ એ જ પ્રયાસમાં છો. ધંધામાં એવા ડૂબી જાઓ છો કે ઊંઘ-આરામ, ભૂખ-તરસ, વ્યવહાર, માતા-પિતા, પત્ની-પરિવાર બધાંને છોડી દો છો. બધાંને ભૂલી જાઓ છો. અરે! કેટલીક વાર તો ધંધા માટે એ બધાંનાં દિલને પણ દૂભવ્યાં હશે. એમના સુખ-દુ:ખનો ખ્યાલ પણ નહીં રાખ્યો હોય. વિચાર કરો. આટલી તન્મયતા, આટલી સમજણ એ ક્ષેત્રમાં છે તો અહીં આત્મિક ક્ષેત્રે કેમ નહીં? કદી વિચાર્યું છે કે ધર્મ શા માટે કરું છું? ધર્મ કરું છું પણ એ કર્યા પછી કેટલી પ્રગતિ થઈ? કેટલી બરકત થઈ? કેટલી કમાણી કરી? પ્રગતિ થવી જ જોઈએ. જેવો છું એવો ને એવો રહું તો ધર્મ કર્યાનો અર્થ શો? આ માટે આત્માને ઢંઢોળવો પડે. હજુ સુધી મારામાં પરિવર્તન નથી આવ્યું તો કંઈક ભૂલ છે. ક્યાંક ચૂકું છું. કંઈક ઉણપ છે. કાં તો ધર્મની આવશ્યક્તા જ જણાઈ નથી એટલે જ નાટક ચાલે છે. નહીં તો કાર્ય ફળ આપે જ. એટલે કે યથાર્થ કાર્ય થયું નથી માટે જ તેનું યથાર્થ ફળ મળ્યું નથી.

અહીં એવી ભૂલોમાં રાચનાર જીવોની તરફ સંકેત કરતાં શ્રીમદ્જી ફરમાવે છે –



## કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
## માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ....૩...

અહીં પોતાની માન્યતામાં-ભૂલભરેલી માન્યતામાં જ મોક્ષમાર્ગની કલ્પના કરનાર બે પ્રકારના જીવો બતાવ્યા. એક જડ ક્રિયાવાદી અને બીજા માત્ર જ્ઞાનની નીરસ વાતો કરનારા, કે જેઓ કરુણાને પાત્ર છે.

તેમાં પ્રથમ પ્રકારના જીવો, ધર્મના નામે ઘણી ક્રિયાઓ કરતા હોય પણ તેમાં તેના અંતરભાવ ભળેલા ન હોય તેથી તેનું કાંઈ જ ફળ મળે નહીં. જેમ કે તમારા રસોડામાં ઉપયોગમાં આવતી છરી. તેના વડે કેરી સુધારવામાં આવે, મરચાં સુધારવામાં આવે કે કારેલાં સુધારવામાં આવે. ત્રણમાંથી કયા સ્વાદને એ માણી શકે? મીઠો, તીખો કે કડવો? એકેય રસની એને ખબર નથી. કારણ? કે તે જડ છે. જડ ગમે તેટલી ક્રિયા કરે તેનું તેને કાંઈ ફળ ન હોઈ શકે. નથી લાગતું કે આપણે પણ જડ જેવા થઈ ગયા છીએ અને તેથી જ જડ ભાવે ક્રિયા કર્યા કરીએ છીએ અને તેનું ફળ પામતા નથી.?

ધર્મ-ક્રિયા થતી હોય પણ એય જો રૂટીન વર્કની જેમ જ થાય તો એ જડ જ છે. વિચાર તો કરો મારા પ્યારા બંધુઓ! કે તમે અહીં આવો છો. કેટલો સમય આપો છો? એ એક-એક પળની કિંમત કેટલી છે? શું તમે તમારો સમય વ્યર્થ વેડફી દેશો? બધું છોડીને આવો છો ત્યારે કેમ એવી ભાવના નથી થતી કે મારી અમૂલ્ય એવી પળોને નિરર્થક નહીં જવા દઉં? આ પળોમાં જે ધર્મક્રિયા કરીશ તે એવી કરીશ કે સાર્થક થાય, ધર્મ માન્યતામાં નથી પણ વાસ્તવિકતામાં છે એટલે બધી જ ભૂલભરેલી માન્યતાને મૂકી વાસ્તવિકતાને પ્રગટ કરું તો જ એનું મને યથાર્થ ફળ મળે. આનું ફળ કોઈ ભૌતિક નથી પણ આંતરિક છે, ધર્મ કરો એટલે અંદરથી આનંદ અને પ્રસન્નતા થાય. હળવાશ અનુભવાય, કારણ કે ધર્મનું સ્વરૂપ જ પરમ શાંત રસમય છે. પણ પૂછો અંતરને કે ધર્મ કર્યા પછી હળવાશ અનુભવી છે? અંતર પ્રસન્નતાથી નાચી ઊઠ્યું છે? નથી થતું ને આમ? તો સમજી લેજો કે માત્ર જડ ક્રિયા જ થાય છે. માટે જ કહ્યું :

**'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા.....'**

ક્રિયા પાછળનો ધ્યેય શું છે તેની ખબર નથી. અરે! આરાધના

શું? અને શેની? મોક્ષમાર્ગે આરાધના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની કરવાની છે. પણ થયું છે શું? જ્ઞાન, દર્શન તો ભૂલાઈ ગયાં. રહ્યાં ચારિત્ર અને તપ. તેમાં વધુ મહત્ત્વ આપી દીધું તપને, અને તે પણ તપને સમજ્યા વગર. માત્ર આહારના ત્યાગને તપ સમજી બેઠાં છીએ. અવસરે એવો જ તપ કરતાં રહ્યાં છીએ અને એના અલૌકિક મહત્ત્વને વ્યાવહારિકતામાં વહાવી દીધું. શું આહાર છોડીને ભૂખ્યા રહ્યા તે તપ છે? ના, તે માત્ર ત્યાગ છે. તપના ધ્યેયને સમજ્યા નહીં. જો આહારત્યાગ જ તપ હોત તો ભગવાન ૧૨ પ્રકારના તપ કહેત નહીં અને બાહ્યતપ કરતાં આંતરતપને વધુ મહત્ત્વ આપત નહીં. હા, આહારત્યાગથી થતું તપ જો સમજણપૂર્વક થાય, તે દરમિયાન આત્મભાવમાં રહેવાતું હોય તો તો તે ઉપવાસ છે. આજે શરીરરૂપી મોટરને પેટ્રોલની જરૂર નથી, એટલે આહારપ્રપંચથી નિવૃત્ત થઈ, આત્મભાવનામાં તદાકાર થવાનો સબળ પુરુષાર્થ કરું, એવી ભાવનાથી ઉપવાસ થાય એ જ ઉપવાસની સન્મુખતા છે. અને તેથી અનંતાનંત કર્મોની નિર્જરા થાય છે. માટે સમજીને વિચારપૂર્વક તપ કરીએ.

એ જ રીતે ચારિત્ર. બાહ્ય ચારિત્રને જ ચારિત્ર માની લીધું. શ્રાવકનાં વ્રતો કે સાધુનાં વ્રતો માત્ર બહારથી પાળવાં તે ચારિત્ર, પણ એ દ્રવ્ય ચારિત્ર છે. આ ચારિત્ર આંતર ચારિત્ર - ભાવ ચારિત્રને પ્રગટાવવાનું સહાયક સાધન છે. પણ તે સર્વસ્વ નથી. બાહ્ય ચારિત્ર ગમે તેટલું દોષરહિત - વિશુદ્ધ પળાતું હોય પણ જો ભાવ ચારિત્રનો આત્માને સ્પર્શ ન થયો હોય તો તેવું ચારિત્ર બહુ ફળદાયી નીવડતું નથી.

ચારિત્રની વ્યાખ્યા શું? અહીં ભાવ ચારિત્રને આપણે સમજવું છે અને ચારિત્રને સમજવા માટે પહેલાં યથાર્થ જ્ઞાન - દર્શનને સમજવાં પડશે., કારણ કે જો જ્ઞાન - દર્શન જ યથાર્થ ન હોય તો ચારિત્ર પ્રગટ થતું જ નથી. શ્રીમદ્જીએ સ્વરચિત એક પદ, **''મૂળ મારગ સાંભળો જિનનો રે''**માં બહુ જ સરલ અને સચોટ શૈલીમાં કહ્યું છે-

**છે દેહાદિથી ભિન્ન આતમા રે,**
**ઉપયોગી સદા અવિનાશ... મૂળ.**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,**
**કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ... મૂળ.**



અહીં જ્ઞાનની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે સહુથી પ્રથમ તો આપણો આત્મા - દેહ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત - બધાંથી ભિન્ન છે એમ જાણે. અહીં જાણવું તે શું છે? શેનાથી જાણે? શું માત્ર બુદ્ધિથી જાણ્યું તેને જાણ્યું કહેવાય? ના, માત્ર બુદ્ધિજન્ય જાણપણાને અહીં જ્ઞાન નથી કહ્યું પણ જ્યારે હૃદયની વિશુદ્ધિ વધતી જાય અને તે વિશુદ્ધતરથી વિશુદ્ધતમ થાય ત્યારે, અંતરની જાણવાની તાલાવેલી તીવ્રતમ બને છે. આ તાલાવેલી અંતર્મુખતા તરફ લઈ જાય છે. અંતર્મુખી આત્માની પ્રજ્ઞા સ્થિર થતી જાય છે. ભગવદ્ ગીતામાં આવા પુરુષને સ્થિતપ્રજ્ઞ કહ્યો છે.

સ્થિતપ્રજ્ઞ પુરુષ જ શ્રી સદ્ગુરુના ઉપદેશને ગ્રહણ કરવા પ્રેરાય છે અને તે ઉપદેશને ઝીલીને આત્મસાત્ કરે છે. ગુરુદેવના મુખેથી સાંભળેલી વાણી તેના હૃદયતલને સ્પર્શી જાય છે અને ત્યારે જ પ્રાજ્ઞ પુરુષ અનુભવ કરાવનાર ઉલ્લસિત ભાવો તરફ ઢળે છે. જેમ જમીનમાં ધરબાઈ ગયેલું બીજ, ભૂમિમાનાં તત્ત્વને પોતાની અંદર ખેંચી પોતારૂપે પરિણમાવે છે, ત્યારે જ તે બીજ પ્રસ્ફુટિત થઈને અંકુરિત થઈ શકે છે. બીજ પહેલાં પોતે ફાટે છે પછી જ ભૂમિને ફાડીને બહાર આવવાની કોશિશ કરે છે. તે જ રીતે સ્થિતપ્રજ્ઞ આત્મા સદ્ગુરુના ઉપદેશને અંતરના ઊંડાણમાં ઝીલીને આત્મસ્પર્શી બનાવે છે અને ત્યારે જ તે આત્મામાંથી આત્માને જાણે છે કે આત્મા સદા સ-ઉપયોગી છે, જ્ઞાન, દર્શન સહિત છે, વળી અવિનાશી તત્ત્વ છે. બસ, જ્ઞાનની પરિસીમા અહીં સુધીની જ છે.

પણ માત્ર જ્ઞાનથી, પ્રજ્ઞાજન્ય જ્ઞાનથી જ બસ નથી. અહીં સુધી પહોંચી ઈતિશ્રી માની લેવાની નથી, પણ અહીંથી તો સાધનાનો પ્રારંભ થાય છે. તેથી જ શ્રીમદ્જી આગળ કહે છે :-

**જે જ્ઞાને કરીને જાણિયું રે,**
**તેની વર્તે છે શુદ્ધ પ્રતીત...મૂળ.**
**કહ્યું ભગવંતે દર્શન તેહને રે,**
**જેનું બીજું નામ સમકિત....મૂળ.**

અંતર્મુખતાએ પ્રજ્ઞાને હચમચાવી નાખી. તે આત્મ-સ્વરૂપના જ્ઞાનની સીમા સુધી પહોંચી, પણ જેમ જમીનનું બીજ જ્યારે પોતામાં જ ફૂટી જાય પછી એ જમીનની અંદર રહી જ ન શકે. જમીનને ફોડીને બહાર આવવું તે તેની

અનિવાર્યતા છે, તેમ જ્ઞાન પણ પ્રજ્ઞા સુધી સીમિત રહેતું નથી. આત્મામાં હલચલ મચી જાય છે. નિજાનુભૂતિના વિરહથી વ્યાકુળ આત્મા પોતાના જ ઊંડાણમાં જવા માંડે છે. સમુદ્રતલની સંપત્તિને પામવા જેમ મરજીવા મોતને મુઠ્ઠીમાં લઈ સેંકડો-હજારો ફીટની ઊંડાઈએ જઈ સમુદ્રતલને સ્પર્શે છે તેમ આત્મા પણ દર્શનમોહના ભુક્કે ભુક્કા બોલાવવા માટે વ્યાકુળ થઈ ઊઠે છે. હવે તેનાથી મિથ્યાત્વ ભાવો સહેવાતા નથી. અજ્ઞાન-અંધકારમાં પડ્યું રહેવું તેને અકારું લાગે છે. સમ્યક્ત્વ વિના રહેવું તેને વસમું થઈ પડે છે. પળનોય વિલંબ તેને પોષાતો નથી. તેથી અંતરમાં ઉપડેલા પ્રબળ પુરુષાર્થથી આત્માએ નિજ સ્વરૂપને જે પ્રજ્ઞા વડે જાણ્યું હતું તેને હવે પોતે પોતાનામાં માણે છે. જાણવું તે સાધન છે ને માણવું તે સિદ્ધિ છે,જેને અનુભવદશા કહી જ્ઞાનીઓએ બિરદાવી છે, એક નહીં અનેક નામ વડે નવાજી છે. તેનું કારણ પણ એ જ છે કે આવી દશાને પામેલો સાધક સામાન્ય ગણાતા ધર્મી જીવો કરતાં ક્યાંય આગળ હોય છે. તેનાં મૌન, ધ્યાન વગેરે સાધન સહજરૂપ બનતાં જાય છે. ત્યાં તેને અંતરતપ માટે પણ પ્રયત્ન કરવો પડતો નથી, તો બાહ્યતપ માટે તો પૂછવું જ શું? અંતરતપમાં આમ ઉદાસીનતાના ભાવો વર્ત્યા કરે છે, તેને દર્શન કહો, શ્રદ્ધા કહો, સમકિત કહો, બધું જ તેમાં છે. અને તેથી જ **''सद्धा परम दुल्लहा''** ની સુક્તિ ત્યાં સાર્થક થાય છે.

બધું જ મળવું સહેલું છે પણ દર્શન-આત્માની અનુભવદશા જ દુર્લભ છે. આથી દુર્લભ દશાની પ્રાપ્તિ એટલે જ જીવનું સુલટાપણું. અનાદિથી ઉલટો હતો તે સુલટો થઈ જાય અને તેથી જ જે જ્ઞાન માત્ર સંસારના પરિભ્રમણનું કારણ હતું તે એક ક્ષણ માત્રમાં સંસાર-નાશનું અમોઘ સાધન બને છે અને તેથી અંતરંગમાં ત્રિકાળ અસંગ દશા પ્રગટ થાય છે. જેથી પોતે પોતામાં **एगोहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ।** ની ઊંડી અનુભૂતિ કરે છે.

જો કે આ અપૂર્વ અનુભવ અલ્પ સમયનો જ હોય છે, પણ તે અનિવાર્ય છે. ઔપશમિક કે ક્ષાયોપશમિક અનુભવ અલ્પ સમયનો હોવાનું કારણ આત્માની તેવી ભવસ્થિતિ છે. પણ એક વખત જો આ અનુભવ ન થાય તો જીવને ગતિ અને પ્રગતિનો અવકાશ જ ક્યાં છે! માટે આટલો અનુભવ એ પણ આત્માનું પરમ સૌભાગ્ય છે.

અહીં સુધી જીવ દર્શન ભાવોમાં જ છે. પણ ના, અહીંથી જ



એને અટકી જવાનું નથી. હજુ આગળ વધવું આવશ્યક છે, તે ક્યાં અને કેવી રીતે? એ બતાવતાં શ્રીમદ્જીએ કહ્યું :-

**જેમ આવી પ્રતીતિ જીવની રે,**
**જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ....મૂળ.**
**તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,**
**નામ ચારિત્ર તે અણલિંગ ....મૂળ**

જે જ્ઞાનથી જાણ્યું તેને અનુભવથી માણ્યું. આત્મદશાનો આ અનુભવ અનન્ય અને અલૌકિક હોય છે. એક વખત આ અદ્ભુત અનુભૂતિ થયા પછી વારંવાર ફરી-ફરી જીવને એ માણવાની વૃત્તિ થયા જ કરે અને ક્યારેક ક્યારેક એ માણતો પણ હોય. પરંતુ અંતરની જિજ્ઞાસા પ્રબળતમ વેગમાં વહેવા માંડે અને તે વેગ જ્યારે પ્રવેગનું રૂપ ધારણ કરે ત્યારે આત્મા નિજાનુભૂતિમાં સ્થિરતા પ્રાપ્ત કરતો જાય. આ સ્થિરતા વર્ધમાન દશામાં જેમ જેમ આગળ વધતી જાય તેમ તેમ અનુભવનું ઊંડાણ થતું જાય.

આ ઊંડા અનુભવના કારણે આત્માના બાહ્ય વ્યવહારમાં સહજરૂપે વ્રતાદિ અનુષ્ઠાનો ઊતરી આવે. તેને પ્રયત્નપૂર્વક વ્રતોના પાલનની જરૂર ન પડે. અરે! વ્રતો કોઈ પાસે અંગીકાર કરવાની પણ જરૂર ન રહે. બહારના વેશભૂષા હોય કે નહીં, કોઈ સંપ્રદાયમાન્ય ચારિત્રનું લિંગ કે ચિહ્ન હોય કે નહીં પણ 'આત્મા છું' અને સચ્ચિદાનંદ સ્વરૂપી આત્મા છું એવો અનુભવ સતત વર્ત્યા કરે. આત્મસ્થિરતામાંથી પળને માટે પણ ચલાયમાન ન થાય. તેનું કારણ પણ એ જ છે કે એણે પ્રગટ આત્માનો અનુભવ કરી લીધો છે અને તેથી જ જડની આસક્તિના ગુપ્ત કે સુપ્ત સંસ્કારો જડમૂળથી જ ઉખડી જાય છે. પછી ત્યાં શેનું **अहं** અને કોનું **मम?** ક્યાં ઊભા રહે એ ભાવો? બસ, માત્ર સ્વભાવની જ આત્યંતિક પ્રતીતિ. આમ સ્વભાવદશાને પ્રગટ કરી તેમાં જ સતત વર્ત્યા જવું તે સાચું ભાવ ચારિત્ર.

જ્ઞાનથી જાણવું, દર્શનથી જાણેલાનો જ અનુભવ કરવો અને ચારિત્રથી પળના અનુભવને સદા માટે સ્થિર કરવો અર્થાત્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ ત્રણ જુદા નથી પણ એક છે. ક્રમિક પ્રગટ થતી આત્મદશા જ છે.

તો ચારિત્ર તે બાહ્ય ક્રિયા, અનુષ્ઠાન કે વેષ– લિંગ નહીં પણ અંતરંગની સહજ દશા 'હું આત્મા છું'નો અનુભવ તે છે. આ સમજણ

જ્યાં સુધી ન આવે ત્યાં સુધી જીવ બાહ્ય વ્રત-અનુષ્ઠાનને જ ચારિત્ર સમજી તેમાં રચ્યોપચ્યો રહે. પણ દ્રવ્ય-ચારિત્ર તે માત્ર ભાવ–ચારિત્રને જાગ્રત કરવાનું સાધન જ છે. એથી વિશેષ કંઈ નહીં.

આ રત્નત્રય યથાર્થરૂપે જાણીને આરાધે તો જ એ મોક્ષમાર્ગ છે, અન્યથા નહીં, હવે ક્રિયાજડ કેવા હોય તે બતાવતાં શ્રીમદ્જી આગળ કહે છે –

**બાહ્ય ક્રિયામાં રાચતાં, અંતર્ભેદ ન કાંઈ**
**જ્ઞાનમાર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આંહિ....૪**

શાસ્ત્રોમાં યથાર્થ શ્રાવકદશા અને યથાર્થ સાધુદશાને લક્ષ્યમાં રાખી તે તે પ્રકારનાં ક્રિયા - અનુષ્ઠાનોની વિધિઓ બતાવી છે કે જેના અવલંબને તે સાધક આત્માઓ અતિ-શીઘ્ર અંતર્મુખતાને પામે છે. જે સાચા અર્થમાં ધર્મ-ધ્યાન છે. પણ જડ ક્રિયાવાદીઓ તેના હેતુને ભૂલી જઈ બાહ્ય ક્રિયાઓ માત્ર કરી લે. અરે! રાત-દિવસ તેમાં જ રચ્યાપચ્યા રહે. એક પણ ક્રિયામાં લેશમાત્ર પણ સ્ખલન ન થાય તે માટે પૂર્ણ સાવધાન રહે. ચાહે શ્રાવક હોય, ચાહે સાધુ હોય, પણ ક્રિયામાં ચુસ્ત રહી તે કર્યાનો સંતોષ માને પણ એથી શું?

બંધુઓ! શાસ્ત્રોમાં તો બતાવ્યું છે કે અભવ્ય જીવ કે જેનો કદી મોક્ષ થવાનો નથી તે શ્રી ગૌતમ જેવું ચોખ્ખું ચારિત્ર પાળે. મન, વચન કે કાયાથી એક પણ મહાવ્રતમાં કે સમિતિ-ગુપ્તિમાં દોષ ન લગાડે છતાં ભાવધર્મની સ્પર્શના ન હોવાના કારણે તેને માત્ર શુભ ક્રિયા કહી અને આ ક્રિયાના પરિણામસ્વરૂપ પુણ્યની રાશિ ભેગી થતાં નવમી ગ્રૈવેયક જેટલા ઊંચા સ્વર્ગમાં જઈ એ સ્વર્ગીય સુખોને ઘણા જ લાંબા કાળ સુધી ભોગવે પણ પછી શું? કંઈ નહીં. સરવાળામાં શૂન્ય! ફરી પાછું સંસારનું પરિભ્રમણ! એનો સંસાર ક્યારેય પરિમિત થાય નહીં. આટલું કર્યા પછી પણ તેનું અંતર ભેદાણું ન હોય, પરંતુ બહિર્મુખતા જ પુષ્ટ થતી રહે.

અંતર્ભેદે એટલે શું? જેને બીજા શબ્દોમાં ભેદ-વિજ્ઞાન કહીએ એટલે કે દેહ-આત્માની ભિન્નતાનું વિજ્ઞાન. વિજ્ઞાન શબ્દ સમજવા જેવો છે. બંધુઓ! આપણા તીર્થંકર પ્રભુ સહુથી મોટા વૈજ્ઞાનિક હતા. તેથી જ તેઓનાં અનેક વિશેષણોમાં એક વિશેષણ છે - 'અનંત વિજ્ઞાની'

આજે આપણે વિજ્ઞાનને અધ્યાત્મથી વિરોધી માની લીધું છે. પણ ના, એમ નથી, વિજ્ઞાન જેમ જેમ ઊંડાણમાં ઊતરે છે તેમ તેમ તે અધ્યાત્મની



નજીક પહોંચે છે. વિજ્ઞાનનું અંતિમ પરિણમન અધ્યાત્મ જ છે. જ્ઞાન તે બુદ્ધિ સુધીનો જ વિષય છે. પણ તે જ જ્ઞાન જ્યારે અનુભવમાં ઊતરે છે ત્યારે વિજ્ઞાન બની જાય છે. વિશેષ જ્ઞાન તે વિજ્ઞાન. કોઈપણ પદાર્થને એક અંશે જાણવો તે જ્ઞાન અને સર્વાંશે જાણવો તે વિજ્ઞાન. જ્ઞાન તે શોધન છે. વિજ્ઞાન તે પરિશોધન છે, તો અધ્યાત્મ તે સર્વશોધનની સિદ્ધિ છે, એટલે જ એ સત્ય શોધન છે. શોધન કે પરિશોધનથી પણ આગળનાં સોપાન રૂપ શુદ્ધ સનાતન સત્યનો આવિષ્કાર છે અને તેથી જ જ્ઞાન અને વિજ્ઞાન બન્ને અધ્યાત્મમાં અંતર્ભૂત થઈ જાય છે. જ્ઞાન અને વિજ્ઞાન જ્યાં થાકીને વિશ્રામ લે છે ત્યાંથી અધ્યાત્મનું પ્રથમ ચરણ ઊપડે છે. પ્રભુએ પોતાના આત્માને માત્ર સર્વાંશે જાણ્યો જ નહીં પરંતુ અનુભવ્યો. તેમની અનુભવદશા સતત ચાલુ રહી. અને તે અનંત જ્ઞાન સાથેની અનુભવ દશા હતી, તેથી તેઓ અનંત વિજ્ઞાની કહેવાયા.

જીવને પણ અંતર્ભેદ થાય એટલે કે સમયે-સમયે નિજાનુભૂતિ અને તેની સાથે આનંદાનુભૂતિ. પણ આ ક્યારે થાય? બહારના પદાર્થોને જાણવાની રુચિ છોડી દઈ, એ જ જ્ઞાનદૃષ્ટિને આત્મામાં વાળે અને પોતે પોતાને જાણવાનો પ્રયાસ કરે તો! પણ જે ક્રિયા જડ છે, તે ઉપર ઉપરથી બધા જ સ્થૂલ ભાવોને જાણી લેશે. ધર્મના નામે ક્રિયાઓ પણ હંમેશાં કરતો રહેશે, પણ તેને સ્વની પરવા હોય નહિ. માત્ર દૈહિક દૃષ્ટિથી જ એ ધર્માનુષ્ઠાનો કરતો રહે. ખરેખર આત્મહિત શેનાથી થાય તેની તેને ખબર જ નથી. ખૂબ કઠિન ક્રિયાઓ જ કેવળજ્ઞાન પ્રગટાવશે એવી અંધ-શ્રદ્ધામાં એ રાચતો રહે છે. પણ કેવળજ્ઞાન શું? અને આત્મકલ્યાણ શું? તેની યથાર્થતાનું તેને ભાન જ ન હોય.

કેવળજ્ઞાન એ તો આત્માની સતત અનુભૂતિ છે. આ સતત અનુભૂતિનું કારણ, અલ્પ સમયની આત્માનુભૂતિ અને અલ્પ સમયની આત્માનુભૂતિનું કારણ અંતર વિચાર છે. જેનામાં અંતર વિચાર નથી અને માત્ર વિચારવિહીન ક્રિયાઓને જ જે સર્વસ્વ માને છે, વળી મહાપુરુષોની ઉગ્ર તપશ્ચર્યા અને અસહ્ય ઉપસર્ગ પરિસહો માત્રને લક્ષમાં રાખી, તેમ પોતામાં કરવાનો માત્ર બાહ્ય પ્રયાસ આદરે છે, તેને કોટિ ઉપાયે પણ 'હું આત્મા છું'ની શ્રદ્ધા સંભવતી નથી, બલ્કે પોતાના આત્માના અસ્તિત્વ વિષે પણ સદા શંકા જ રહે છે.

આવા અજ્ઞાની જીવો તપ તો એટલું કરે કે દેહને સૂકવી નાખે,

કૃશ કરી નાખે. અરે! કેટલાક તો એમ બોલતા સંભળાયા છે કે આ શરીર જ જીવને અંતરાય રૂપ છે. શરીર ન હોય તો આત્માનો મોક્ષ થાય માટે શરીરને સૂકવી નાખો, એને ગાળી નાખો. વર્ષો સુધી તપ કરનાર શરીરને તો ગાળી નાખે પણ તેની અંદરની વૃત્તિઓ જરા પણ ગળતી નથી.

પાંચે ઇંદ્રિયોને ઉત્તેજિત કરતી જે તીવ્ર વૃત્તિઓ અંતરમાં છે તેને જીવે સમજણપૂર્વક, જ્ઞાનપૂર્વક સંયમિત કરવાની છે. ઇંદ્રિયોના રસને સૂકવવાના છે. અંદરના રસ મંદ થઈ જશે, સુકાઈ જશે તો પછી શરીરને સૂકવવાની જરૂર નહિ રહે. પણ ક્રિયા કરતાં કરતાં પોતે જડ જેવો થઈ જનાર અને ક્રિયામાંથી ભાવને મારી નાખીને ક્રિયાને જડ બનાવી દેનાર, આ પ્રકારની સમજણને પામતો નથી. અરે! આવી સમજણ હોવી જરૂરી છે તેમ પણ તે માનતો નથી અને તેથી જ તેવા જીવોને શ્રીમદ્જીએ ક્રિયા જડ કહ્યા.

વળી જડ ક્રિયામાં જ સર્વસ્વ માની લેનારને જ્ઞાનની વાતો નિરર્થક લાગે છે. તેથી જ્ઞાનમાર્ગ મોક્ષ નથી, એવું કહીને જ્ઞાનનો વિરોધ કરે છે, નિષેધ કરે છે. પણ અંતરજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં માત્ર જડ ક્રિયાથી મોક્ષ થાય નહીં. જીવે ક્રિયા કરવા માટે જ્ઞાનપ્રાપ્તિની જરૂર છે. શાસ્ત્રોમાં કહ્યું છે :

**''પઢમં નાણં તઓ દયા''**

પહેલાં જ્ઞાન અને પછી જ દયારૂપ ધર્મ અનુષ્ઠાનો. કઈ ક્રિયા શા માટે કરવી અને કઈ પદ્ધતિથી કરવી તે જાણવું અત્યંત જરૂરી છે. પણ મોટા ભાગના જીવો સમજ્યા વગર જ, માત્ર પરંપરાથી ચાલી આવતી ક્રિયાઓ જ કર્યા કરે છે. ગાડરિયા પ્રવાહની જેમ સહુ કરે છે માટે મારે પણ કરવી જોઈએ એટલું જ સમજ્યો છે. પણ અનુષ્ઠાનોના હાર્દને પામ્યો નથી. શાસ્ત્રોમાં તો જ્ઞાનપૂર્વકની ક્રિયાનો જ આદેશ છે. પરંતુ જડ ક્રિયાવાદીઓના જીવનમાંથી જ્ઞાનરૂપ તત્ત્વ તો ચાલ્યું ગયું અને ક્રિયાઓનું ખાલી ખોખું માત્ર રહી ગયું.

આવા પોતાની જડ માન્યતામાં મોક્ષમાર્ગને માનનાર જીવો દયાને પાત્ર છે. શ્રીમદ્જી તેમના પર કરુણા વરસાવે છે અને હવે શુષ્ક જ્ઞાની જીવો પણ ક્યાં ભૂલ્યા છે, કેવા ભ્રમમાં ભટકી રહ્યા છે તે આગળની ગાથામાં બતાવવામાં આવશે.

## શુષ્ક જ્ઞાની....!

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની, અનંત દર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના પોતાના સ્વરૂપની વાસ્તવિકતાનું ભાન કરાવવાની સાથે, સ્વરૂપને પ્રગટ કરે છે. પોતાનું ભાન ન હોવાના કારણે જ જીવ વિરાધના કરતો હોય છે. રાગ-દ્વેષનો ક્ષય જેનાથી થાય તે આરાધના. પણ જીવ તો રાગ-દ્વેષમાં જ અટવાયા કરે છે. તેનો ક્ષય કરવાની, મંદ કરવાની વાત તો દૂર રહી, પણ રાગદ્વેષને મજબૂત બનાવવાના પ્રયત્નમાં જ આપણે હોઈએ છીએ. જેને મોક્ષ પામવો છે તેને તો રાગ-દ્વેષ ક્રમે ક્રમે મંદ કરવા પડશે. તો જ એ મોક્ષની નજીક પહોંચશે. કારણ કે રાગ-દ્વેષનો સર્વથા ક્ષય તે જ મોક્ષ છે. અન્યથા રાગ-દ્વેષના ભાવોની તીવ્રતા કર્મ બંધાવ્યા કરશે. પરિણામે અથાગ પરિશ્રમ પછી પણ મોક્ષ તો દૂરનો દૂર જ રહેશે.

જ્ઞાની પુરુષોએ મોક્ષમાર્ગને સર્વ પ્રકારે સમજાવવા પ્રયાસ કર્યો છે. અહીં 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં શ્રીમદ્જી બે પ્રકારના જીવો બતાવે છે. એક તો જડ ક્રિયાવાદી, જેઓ ક્રિયાને જ સર્વસ્વ માની તેમાં જ રચ્યાપચ્યા રહે છે અને પોતે જે કરે છે તેનાથી મોક્ષ છે એવી દૃઢ માન્યતા ધરાવે છે. તેની આ માન્યતા તેને આત્મા તરફ દૃષ્ટિ કરવા દેતી નથી. આત્મા દ્વારા પુરુષાર્થ થાય એ જ સમ્યગ્ પુરુષાર્થ છે તેની તેને ખબર જ હોતી નથી. અને તેથી તેનું અંતર ભેદાય ક્યાંથી? આત્મા અને દેહની ભિન્નતાનું ભાન પણ ક્યાંથી થાય? અને તેથી જ આરાધક ભાવો પણ તેને જાગતા નથી. આમ આગ્રહપૂર્વક ઘણી જ આકરી ક્રિયાઓ કરવા છતાં તેવા જીવો વિરાધક જ રહે છે.

બીજા પ્રકારના જીવો છે શુષ્ક જ્ઞાની. તે જીવોની આંતર-બાહ્ય દશાનું વર્ણન કરતાં શ્રીમદ્જી કહે છે.

## બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી
## વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહિ......૫

શુષ્કજ્ઞાનની વાતોમાં રચ્યાપચ્યા જીવો આત્મા તથા આત્માની આસપાસના બધા જ સિદ્ધાંતોની વાતો તો જોરશોરથી કરતા હોય, આત્માને માત્ર તેઓએ જ જાણ્યો છે એવો દાવો પણ કરતા હોય. જીવાદિ નવ તત્ત્વો અને ષડ્દ્રવ્યોની પરિભાષા બહુ જ ભારપૂર્વક બતાવતા હોય પણ તેઓની ભ્રમણા ભાંગી ન હોય. વાસ્તવિકતાથી ઘણા જ દૂર હોય. જીવ અને જીવના સ્વરૂપની યથાર્થતા વિષે ગહન અંધકારમાં હોય.

તેઓ એમ કહેતા હોય કે આત્મા તો સ્વતંત્ર છે. ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છે. તે બંધાતો પણ નથી અને મુક્ત પણ થતો નથી. આ તો માત્ર આપણે કરેલી બધી કલ્પનાઓ છે. આત્મા તો સિદ્ધ સ્વરૂપી છે. જેવો સિદ્ધનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. અને એમ માનીને હું સિદ્ધ જ છું એમ લોક સંગમાં વર્ત્યા કરે છે, પરંતુ આત્મદશાનો એક અંશ પણ દેખાતો નથી.

આ બધી જ માન્યતા પરમશુદ્ધ નિશ્ચયદૃષ્ટિથી યથાર્થ હોવા છતાં પણ શરીરધારી આત્માને વ્યવહારનયની દૃષ્ટિથી વિચારવો યોગ્ય છે. જ્યાં સુધી જીવ સર્વ કર્મથી મુક્ત નથી થયો, કર્મસહિત છે ત્યાં સુધી તેને ગતિ-અગતિ છે, જન્મમરણ કરવાં પડે છે. સંસારના અનેક પ્રકારનાં બંધનોથી એ બંધાયેલો છે. શરીરધારી આત્મા મુક્તિ પામવાની યોગ્યતાવાળો ભલે હોય, પણ અત્યારે તો મુક્ત નથી. જો એમ ન હોત તો ભારતનાં કોઈપણ દર્શન આત્માની મુક્તિ માટે આટલાં શાસ્ત્રોની રચના ન કરત. પણ જૈન કે અજૈન સર્વ ધર્મો આત્માની મુક્તિને માને છે. ભલે માર્ગ ભિન્ન ભિન્ન હોય પણ આત્મ-મુક્તિના પુરુષાર્થને પ્રાધાન્ય તેઓએ આપ્યું છે અને તેથી જ બંધ અને મોક્ષ માત્ર કલ્પના છે એમ કહેવું તે યોગ્ય નથી.

પણ આમ માનનારાઓની મોટી કરુણતા એ છે કે તેઓએ શાસ્ત્રોને માત્ર શબ્દોથી જ વાંચ્યાં છે. વાંચીને વિચાર્યાં નથી. ચિંતનમાં ઉતાર્યાં નથી. સત્ય સમજણ વડે શાસ્ત્રનાં તત્ત્વો સમજવાં માટે સદ્‌ગુરુનો આશ્રય જરૂરી છે. તે નથી મેળવ્યો. ગમે તેવી તીવ્ર પ્રજ્ઞા હોય પણ શાસ્ત્રોનાં રહસ્યો એમ ને એમ ઊકલતાં નથી. ગુરુ ગમ વિના તત્ત્વોની ગમ પડતી નથી. તેને ગુરુગમથી મેળવીને પચાવવાં પડે છે ચિંતન દ્વારા.



અમારા પરમપૂજ્ય પરમદાર્શનિક શ્રી જયંતીલાલજી મહારાજ સાહેબે આપણાં બત્રીસ શાસ્ત્રો માંહેલું અતિ ઉત્તમ શાસ્ત્ર 'શ્રી ભગવતીજી'ને ગુરુ-ગમથી પામીને ચિંતન દ્વારા ખૂબ વાગોળ્યું છે. તેઓ ગમે ત્યાં બિરાજિત હોય 'શ્રી ભગવતીજી સૂત્ર' તેમના પાસે હોય જ. અનેક વખત વાંચી તેના પર તેઓનું ચિંતન ચાલે અને પછી જ રહસ્યોને પામી તેમણે આત્મસાત્ કર્યા છે. આ શાસ્ત્ર વાંચતાં કોઈ એક તત્ત્વ વિષે તેઓશ્રીને યથાર્થ સમાધાન ન થાય તો તેઓ એ એક પ્રશ્નના ચિંતનમાં છ-છ મહિના સુધી દિવસ અને રાત તેના મય જ રહે. દિવસે આહારની ખબર ન હોય અને રાત્રે ઊંઘ ન હોય. જ્યારે એ તત્ત્વનું સમાધાન અંતરમાંથી ઊગે ત્યારે જ એ જંપે. અમે જ્યારે ૧૯૬૮માં તેઓશ્રીના સાંનિધ્યે 'શ્રી ભગવતીજી'ની વાંચણી લેતાં હતાં ત્યારે તેઓશ્રી તેમાંથી એકાદ પ્રશ્ન પૂછે. અમે વિચારીને બધાં જ એનો ઉત્તર આપીએ, પ્રશ્ન સાવ જ સરળ લાગતો હોય અને અમને જવાબ આપવાવાળાં છએ ઠાણાંને એમ થાય કે મારો જવાબ તો બરાબર જ હશે. પણ પછી પૂ. મહારાજ સાહેબ ઉત્તર આપે તો સાવ જુદો જ હોય. આમ આવા ગહન શાસ્ત્રનો ઉકેલ ગુરુ-ગમ વિના ન મળે. ઉપર ઉપરથી કદાચ શાસ્ત્ર વાંચી જઈએ પણ તેનો ગૂઢાર્થ તો જાણવા ન જ મળે. કારણ કે અનંતજ્ઞાની દ્વારા કથિત આ શાસ્ત્રોના શબ્દે-શબ્દે અનંત રહસ્ય ભર્યાં હોય. આપણી સામાન્ય બુદ્ધિ, વિના અનુભવની મતિ, એને શી રીતે સમજી શકે? અને જો ગુરુ-ગમ વિના સમજવાનો અહંકાર સેવીએ એટલે અનર્થ જ વધારે થાય.

હા, ગુરુ-ગમ વિના મેળવેલા જ્ઞાનથી પંડિત થવાય, પણ જ્ઞાની ન થવાય. પંડિત હોય તે શાસ્ત્રનાં તત્ત્વોને બહુ જ સુંદર સમજાવી શકે. અરે! કોઈ સાથે વાદ-વિવાદમાં ઉતરે તો નંબર મેળવી જાય. પણ એ જ તત્ત્વોની પોતાને જરા પણ શ્રદ્ધા ન હોય. એવા પંડિતો જોયા છે કે જૈનદર્શનની મૌલિક માન્યતાઓને એટલી સચોટ રીતે સમજાવી શકે કે આપણે સાંભળીને સ્તબ્ધ થઈ જઈએ. પણ આ તત્ત્વ વિષે તેમની શ્રદ્ધા એક પૈસા ભાર પણ ન હોય. એમ કેમ? પંડિત થવું તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને આધારે થવાય છે, જ્યારે જ્ઞાની થવું તે મોહનીયના ક્ષયોપશમે. જ્યાં મોહનીયનો ક્ષયોપશમ હોય ત્યાં શ્રદ્ધા સંભવે. જે માત્ર વાક્ચાતુર્યથી જ તત્ત્વ સમજતા હોય તેને શ્રદ્ધા ન હોય. તેવાને શુષ્કજ્ઞાની જ કહેવાય.

અહીં આ ગાથામાં પણ એ જ દર્શાવ્યું છે કે શાસ્ત્રને વાંચીને બુદ્ધિએ

સ્વીકારી લીધું કે આત્મા બંધાતો નથી કે મુક્ત પણ થતો નથી. તેથી પણ આગળ વધીને એ એમ માનતો હોય કે આ દેહ દ્વારા જે કંઈ ક્રિયા થાય છે તે તો જડની ક્રિયા છે. આત્મા ચેતન છે તેથી જડની ક્રિયાની આત્મા પર અસર ન થાય. માટે ઈન્દ્રિયોના વિષયોનું સેવન આત્મા માટે હાનિકર્તા નથી. આવું સમજી બેઠેલા માનવ ખોટે માર્ગે ચડી જાય છે.

સૌરાષ્ટ્રમાં ૭૦ વર્ષની ઉંમરના ધર્મપ્રેમી શ્રાવક, વર્ષોથી જેઓએ કંદમૂળનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, સવાર-સાંજ પ્રતિક્રમણ, સામાયિક તથા ત્યાગમય જીવન, વળી સંસારથી અલિપ્ત થઈ, સમાજસેવામાં લાગી ગયા હતા, અને તેમાં જ વર્ષો ગાળ્યાં, પણ નિશ્ચયનયની વાતોને સાંભળી તેને યથાર્થરૂપે ન સમજતાં ઊંધે રવાડે ચડી ગયા. કંઈ પણ ખાઈએ, પીએ, તેથી આત્માને કંઈ લેવા-દેવા નહીં, આવું શ્રદ્ધામાં બેસતાં આ ઉંમરે અર્ધી રાતે ઊઠી દીકરાની વહુને કહે કે, બટેટાનાં ભજિયાં બનાવી દે. વહુને એમ થાય, બાપુજીએ જિંદગી ધરીને જે ચાખ્યું નથી, અરે! અમે ખાતાં તો અમને પણ છોડાવ્યું અને હવે જતી જિંદગીએ તેમને આ શું સૂઝયું છે? તે કહે, ''બાપુજી! તમે આ શું કહો છો''! અમે ખાતાં તે પણ તમને ન ગમતું અને આજે તમે જ ખાવા માટે કહો છો? પણ હવે એને ક્યાંથી સમજાય? હંમેશાં આ જ વાતો સાંભળી સાંભળીને માન્યતા દૃઢ થઈ ગઈ હતી. પરિણામે એ બાપાનું જીવન યતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવું થઈ ગયું. ક્યાંયના ન રહ્યા. **''લેવા ગયા વધુ ને ખોઈ બેઠા બધું''** જેવું થયું. ખાવાપીવાનો મોહ જાગ્રત થયો અને એ મોહમાં લપસી પડાયું. આમ પણ જ્ઞાનની મોટી મોટી વાતો કરનારના જીવનમાં મોહભાવનો એક અંશ પણ ઓછો થયેલો ન હોય એવું પણ ઘણી જગ્યાએ જોવા મળે. તેથી જ કહ્યું છે કે **'વર્ત્તે મોહાવેશમાં....'**

રાગ અને દ્વેષ બન્ને મોહનાં જ રૂપો છે. રાગનું નિમિત્ત મળતાં જીવ રાગના આવેશમાં તણાઈ જાય, ક્રોધનું નિમિત્ત મળતાં તે આવેશમાં તણાઈ જાય. સાધારણ રીતે જોઈએ તો આપણું હસવું કે રડવું, સુખી થવું કે દુ:ખી થવું, બધું જ નિમિત્તોને આધીન છે. આપણને કોઈ હસાવે તો હસી લઈએ, કોઈ રડાવે તો રડી ઊઠીએ. બેમાંથી કોઈ પણ નિમિત્ત આવ્યું હોય તો એ નિમિત્તને છોડી શકતા નથી. રાગના નિમિત્તે રાગ ઉદયમાં આવે તો આપણે એવું વિચારવા ટેવાયેલા નથી કે આ મારું સ્વરૂપ નથી. ભલે નિમિત્ત આવ્યું. મારે રાગ કરવો નથી. એ જ રીતે ક્રોધાદિ દ્વેષનું નિમિત્ત ઊભું થાય ત્યારે પણ તટસ્થ રહીને કહી શકીએ કે નિમિત્ત તેના સ્વભાવે અને હું મારા સ્વભાવે.



મારે ક્રોધ કરવો નથી. હર્ષ કે શોક કોઈપણ નિમિત્ત આવે તેમાં મારે ભળવું નથી. હું વિચારું કે હું નિમિત્તાધીન નહીં પણ નિમિત્તાતીત છું. બંધુઓ! જે ઉદયમાં ભળે નહીં તેને ગમે તેવું નિમિત્ત હોય, કંઈ કરી શકે નહિ.

વિચારો! આપણા શાસ્ત્રમાં ગજસુકુમાલ મુનિની વાત આવે છે. તેમના શિરે અંગારા મૂકાયા. બહુ જ ભયંકર નિમિત્ત આવીને ઊભું છે. એ સમયે ગજસુકુમાલે શું કર્યું હશે? એમને શું થયું હશે? નિમિત્ત તો એવું હતું કે જો એમાં ભળી જાત તો વિપરીત માર્ગે ચાલ્યા જાત. પૂર્વભવના વેરીએ વેરનો બદલો લેવા મારણાંતિક ઉપસર્ગ આપ્યો છે. એવા વખતે તેઓની આત્મદશા કેવી હશે? મને લાગે છે કે તેઓનો દેહાધ્યાસ સર્વથા છૂટી ગયો હશે કે જેથી અસહ્ય વેદનાની ક્ષણોમાં પણ તેઓએ વેદન નહીં કર્યું હોય. દેહ પ્રત્યે લક્ષ જ નહીં હોય, જેથી ગમે તે થાય તેઓને ખબર ન હોય. અને કદાચ ધ્યાનથી સ્ખલિત થયા હશે, મસ્તકના અંગારા ચામડી-હાડકાં બાળી રહ્યા હશે. ભયંકર પીડાનો અનુભવ થાય એવો સંયોગ છે એ ખ્યાલ પણ આવ્યો હશે. અને કદાચ એકાદ ક્ષણ એ પીડાને વેદી પણ હશે... પરંતુ તરત જ બીજી ક્ષણે એમનું જાગ્રત આત્મભાન એમને સ્વભાવદશા તરફ દોરી ગયું હશે. અને એમની પરિણામ-ધારાએ કહ્યું હશે કે જે બળે છે તે હું નથી. હું કદી બળું નહીં, બળે છે તે મારું નથી. હું ચૈતન્ય, એ જડ, માટે તે મારું નથી. અને ફરી આત્મધ્યાનમાં લીન થઈ ગયા હશે. એ લીનતાએ સર્વ મોહ પરિણતિને અલ્પ સમયમાં જ છેદી નાખી અને તેથી જ કેવળ લક્ષ્મીને વરી ગયા.

બંધુઓ! આવડા મોટા દ્વેષના નિમિત્તને પણ તટસ્થ ભાવે નિહાળનાર એ મહાત્મા ખરેખર જ જ્ઞાની હતા. મોક્ષમાર્ગે વિચરનાર મહાન વિદેહી પુરુષ હતા. તેઓ કદી બોલ્યા નહીં હોય કે હું નિમિત્તાતીત છું, તો પછી આ બધું સહેવાની શી જરૂર છે. મારું સ્વરૂપ સિદ્ધ સમાન છે. માત્ર વાણીની વાક્જાળથી તેઓએ કદી કોઈને રંજિત નહીં કર્યા હોય. પરંતુ અંતરતમના ઊંડાણની ભવોભવની સાધનાથી સહજરૂપે, સ્વાધીન આત્મદશામાં રાચનાર એ મહાપુરુષ ખરેખર, નિમિત્તાતીત થઈને સિદ્ધ સ્વરૂપને પ્રગટ કરી ગયા. જ્ઞાની તો તે જ કે જેનો દેહાધ્યાસ છૂટી ગયો હોય. દેહ અને આત્માનું ભેદ-વિજ્ઞાન જેને લાધ્યું હોય. અરે! સર્વથા દેહાધ્યાસ ન છૂટે તોય અંશે તો છૂટે ને? ગજસુકુમાલની વાત તો બહુ જ ઊંચી છે. અત્યારે આપણે એટલી

ઊંચાઈએ ન પહોંચી શકીએ અને આપણને આવા ઉપસર્ગો આવવાની સંભાવના પણ ખૂબ ઓછી છે. ત્યારે આપણે જો પ્રયાસ કરીએ તો જરૂર નાનાં નાનાં નિમિત્તોથી બચી શકીએ અને એમ રાગ-દ્વેષની મંદતા કેળવાતી જાય. અને એ જ છે મોહાવેશનો ત્યાગ.

પણ આ બધું ત્યારે જ થાય કે જ્યારે યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થાય. બાકી શુષ્ક જ્ઞાનીની જેમ વાતો મોટી હોય અને આચરણમાં મીંડું હોય તો શું વળે?

તેથી જ કહેવામાં આવ્યું કે કેટલાક જીવો જડક્રિયાને મોક્ષનો માર્ગ સમજી બેઠા છે, તો કેટલાક જીવો જ્ઞાનની માત્ર વાતોને જ મોક્ષમાર્ગ માને છે. જડ ક્રિયાવાદી અને શુષ્ક જ્ઞાનવાદી બન્નેની દૃષ્ટિ માત્ર ફળ ઉપર રહેવાના કારણે સ્વાર્થની કામનાઓથી કલંકિત હોય છે. તેથી તેઓ બન્નેથી થતાં કર્મો નિષ્કામ હોઈ જ ન શકે. અને મુક્તિ તો સંપૂર્ણ નિષ્કામ સ્વરૂપ છે. આમ બન્નેનો મેળ બેસે નહીં અને આધ્યાત્મિકતાના પરિવર્તુળની આસપાસ ઘૂમતા એ જીવો અંદર પ્રવેશ પામી શકે જ નહીં.

બન્ને પ્રકારની માન્યતાવાળા જીવો માત્ર આવેશમાં જ વર્તે છે. ક્રિયાજડવાદી ક્રિયાના આવેશમાં, તો શુષ્ક જ્ઞાની તાત્ત્વિક ચર્ચામાત્રના આવેશમાં. આ આવેશ જ બતાવે છે કે તેમનામાં વસ્તુસ્થિતિનું યથાર્થ પ્રાગટ્ય થયું નથી. તેથી જ તેમના જીવનમાં માનસિક સમતુલા દેખાતી ન હોય તો આત્મિકની તો વાત જ ક્યાં? અને આ આવેશ રાગ-દ્વેષનું પોષકતત્ત્વ છે અને ભવભ્રમણનું મૂળ કારણ છે. પછી એ આવેશ ભલે ધર્મનું મહોરું પહેરીને સજ્જન થવાની કોશિશ કરતો હોય પણ વિષતુલ્ય જ છે.

શાસ્ત્રની એક મહત્ત્વપૂર્ણ સૂક્તિથી આ વિષયની ગંભીરતાને સમજવાનો પ્રયાસ કરીએ.

### ''જ્ઞાન - ક્રિયાભ્યાં મોક્ષ:''

જ્ઞાન અને ક્રિયાનો સમન્વય શા માટે જરૂરી છે? બહારથી દેખાતો સમન્વય આ બન્નેની ભિન્નતાનું ભાન કરાવે છે. પણ અહીં આપણે વિચારવું છે કે જ્ઞાન અને ક્રિયા બન્ને પરસ્પર ભિન્ન છે કે એક?

કોઈ પણ કાર્ય કારણ વગર થાય નહીં. તેમાં પણ જેવું કારણ તેવું જ કાર્ય. જેટલાં કારણ તેટલાં જ કાર્ય. કોઈ પણ એક કાર્યની પાછળ અનેક કારણો દેખાતાં હોય પણ ખરેખર તો મૂળભૂત ઉપાદાન કારણ તો એક જ હોય. અને બાકીનાં કારણો તે સહાયક નિમિત્ત કારણો હોય છે.



બધાં જ કારણોનું હોવું જરૂરી હોવા પછી પણ ઉપાદાન, કે જે મૌલિક કારણ છે, તેની અનિવાર્યતા છે, જેમ માટીનો ઘડો તે કાર્ય છે, તે રૂપે પરિણમવામાં કુંભાર, ચક્ર, દંડ, ચીવર વગેરે કારણ થયાં પણ તેનું મૂળભૂત ઉપાદાન કારણ એક માત્ર માટી જ છે, કે જેનાથી ઘડો બન્યો. જો આમ જ છે તો અહીં મોક્ષરૂપ કાર્ય માટે મૂળભૂત ઉપાદાન કારણ જ્ઞાન અને ક્રિયા એમ બે શા માટે બતાવ્યાં? અહીં કાર્ય એક છે અને કારણ બે છે. આમ કેમ? આપણે ગઈ કાલે કહી ગયા તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર આપણને સમજાવવા ત્રણ કહ્યા છતાં પણ આત્મ-સ્થિરતાના વિકાસમાં આ ત્રણેય એકરૂપ જ છે. ભિન્ન દેખાતાં તત્ત્વો સર્વથા અભિન્ન અનુભવાય છે એટલું જ નહીં પણ જે કારણ છે તે જ કર્મ છે, અને જે કર્મ છે તે જ કાર્યરૂપ નિષ્પત્તિ છે. જૈન આરાધનાના માર્ગે કારણ, કર્મ અને કાર્ય અભિન્ન છે. સાધન, સાધના અને સિદ્ધિ પણ અભિન્ન છે. માટે જ્ઞાન અને ક્રિયા બે કહેવાયાં હોય તો પણ તે બન્ને ભિન્ન નહીં પણ એક જ છે.

આ જ વિષયને એક અનુભવી સાધકે પદ્યબદ્ધ કરી એ રહસ્યોદ્‌ઘાટન કર્યું છે. તટસ્થભાવે નગ્નચિત્રણ કર્યું છે.

**શું જાણે વ્યાકરણી અનુભવ શું જાણે વ્યાકરણી,**
**કસ્તૂરી નિજ દૂંટીમાં પણ લાભ ન પામે હરણી,**
**અત્તરથી ભરપૂર ભરી પણ ગંધ ન જાણે બરણી... અનુભવ.**
**મણોબંધ ઘૃતપાન કરે પણ, ખાલીખમ ઘી ગરણી,**
**લાખો મણ અન્ન મુખ ચાવે, પણ શક્તિ ન પામે દરણી... અનુભવ.**
**પીઠે ચંદન પણ શીતલતા, પામે નહીં ખર ઘરણી,**
**મણિ માણેક રત્નો ઉરમાં પણ, શોભા ન પામે ધરણી... અનુભવ.**
**ભાવધર્મ સ્પર્શન વિણ નિષ્ફલ તપ, જપ, સંયમ કરણી,**
**શબ્દ-શાસ્ત્ર સહ ભાવ ધર્મતા સહજાનંદ નિસરણી... અનુભવ.**

બંધુઓ! કહેવાનું તાત્પર્ય એ જ કે નિશ્ચય રૂપ તત્ત્વોનું વ્યવહારમાં પ્રસંગે-પ્રસંગે, પળે-પળે પ્રગટીકરણ થવું, સાકાર થવું, એ જ અધ્યાત્મ છે, સાચી અંતર્મુખતા છે, પરિપકવ સાધનાનું સત્ય દર્શન છે.

મોક્ષમાર્ગનો ભ્રમ સેવનાર બંને પ્રકારના જીવોની સ્થિતિને બતાવ્યા પછી હવે મોક્ષમાર્ગ શું છે ને તે કઈ રીતે આરાધવો તે અવસરે કહેવામાં આવશે.

# વૈરાગ્યાદિ સફળ તો....!

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, અનાસક્ત ભાવને કેળવી આત્માને સર્વથા નિર્લેપ બનાવે છે. અનાસક્તિ કેળવાય નહીં ત્યાં સુધી જડ પ્રત્યેનો જે રાગ છે તે ટળે નહીં. જડનો મોહ જડને પામવાના પુરુષાર્થમાં પરિણમે છે. જડની આસક્તિ હોય ત્યાં સુધી એને કઈ રીતે મેળવી લઈએ એવી ભાવના મનમાં નિત્ય રહ્યા કરે. આ આસક્તિ બુદ્ધિ દ્વારા મેળવેલા જ્ઞાનને આત્મસ્પર્શી ન થવા દે.

અહીં 'ક્રિયાજડ' અને 'શુષ્ક જ્ઞાની' એવા બે પ્રકારના જીવોની વાત કરવામાં આવી છે. જે જીવ ક્રિયાજડ છે, એ ક્રિયા કરતો હોવા પછી પણ અનાસક્ત ભાવ કેળવી શક્યો હોતો નથી. બહારની બધી જ ક્રિયાઓ ચાલુ હોય. ધર્મને, સંપ્રદાયને, પરંપરાને માન્ય એવા આચારો એ પાળતો હોય, આચરતો હોય, પણ એના અંદરમાં જડ પ્રત્યેની, વિષયો પ્રત્યેની જે પ્રીતિ છે એ તૂટી ન હોય. બીજી બાજુ શુષ્ક જ્ઞાનીનું પણ એમ જ હોય. જ્ઞાનની અટપટી વાતો કરતો હોય, આત્માનાં સ્વરૂપોને બહુ ઊંચા શબ્દોમાં વર્ણવતો હોય, બીજાઓને સમજાવી શકતો હોય પણ અંદરથી રાગ તૂટ્યો ન હોય, ચારિત્ર તરફ તેનું વલણ ન હોય. બંધ-મોક્ષને કલ્પના માત્ર સમજતો હોય. આમ ક્રિયાજડનો આચરેલો માર્ગ કે શુષ્ક જ્ઞાનીએ બતાવેલો માર્ગ તે બન્નેમાંથી એક પણ મોક્ષનો માર્ગ નથી.

એ બન્નેનો સમન્વય કેવી રીતે થવો જોઈએ એ બતાવતાં શ્રીમદ્જી આગળની ગાથામાં કહે છે -

**વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આત્મજ્ઞાન;**
**તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન... ૬**

વૈરાગ્ય એ શું છે? રાગનું જ કંઈક વિશિષ્ટ સ્વરૂપ. જુઓ, જરા શબ્દને બરાબર સમજવાનો છે. રાગ જ્યાં સર્વથા ત્યાજ્ય બતાવ્યો છે, ત્યાં વૈરાગ્ય



અતિ-આદરણીય બતાવ્યો છે તો વૈરાગ્યનો અર્થ શો? ઉદાસીનતા! શાની ઉદાસીનતા? આપણે સહુએ આપણા વ્યાવહારિક જીવનમાં અનેક વાર એવા પ્રસંગો અનુભવ્યા છે કે જે પ્રસંગોથી અંતરને એક પ્રકારની ઉદાસીનતા ઘેરી વળે છે. કેટલીક વખત આપણને એવું લાગતું હોય છે કે કશુંયે કારણ નથી, તે છતાં આજે કંઈ ગમતું નથી. બનેને એવું? કોઈ પૂછે : ભાઈ! શું થયું? શરીરમાં કંઈ તકલીફ છે? કોઈ કંઈ બોલ્યું? એવો કોઈ પ્રસંગ બન્યો? કોઈ સાથે લડાઈ-ઝઘડો થયો? ના, કશુંયે થયું નથી. ખબર નથી શું છે? પણ આજે ગમતું નથી. એક પ્રકારની ઉદાસીનતા અનુભવાતી હોય છે.

અને કેટલીક વખતે કારણવશ પણ ઉદાસીન થઈ જઈએ છીએ. મનને ન ગમતું બન્યું. ઈચ્છતા હતા એ ન બન્યું. એનાથી ઊલટું થયું. કંઈક ગુમાવી બેઠા! ક્યાંકથી બે-ચાર કટુ શબ્દો સાંભળ્યા! કોઈકે આપણું અપમાન કર્યું! વગેરે વગેરે અનેક નિમિત્તો આવે, જેનાથી આપણે ઉદાસીન થઈ જતા હોઈએ છીએ. એ ઉદાસીનતા અનુભવી છે. પણ આ ઉદાસીનતા તે વૈરાગ્ય નથી. તો વૈરાગ્ય એ શું છે? જ્યાં જ્યાં આપણો રાગ જોડાયેલો છે એ વ્યક્તિમાં હોય! વસ્તુમાં હોય! વિષયોમાં હોય! માન્યતામાં હોય! રુચિમાં હોય! ત્યાં ત્યાં એ રાગથી પર થવાનો પ્રયાસ અને પર થઈ ગયા પછીની જે અંતરદશા તેનું નામ વૈરાગ્ય.

આપણા રાગનું માપ કાઢવું હશે તો અંતર્જગતને તપાસવું પડશે. પ્રયત્ન કરો અને જુઓ કે અંતર્જગત કેટલું વિશાળ છે! તેની વિશાળતા સામે બાહ્ય જગત તો બહુ જ સીમિત છે. ભલે તમે એમ કહેતા હો કે અમુક વ્યક્તિનું સર્કલ બહુ મોટું છે. એના સંબંધો બહુ વિસ્તરેલા છે. પણ તે ક્યાં સુધી હશે? તમે મદ્રાસમાં રહો છો, જૈન છો, જૈન સમાજમાં તમારા સંબંધો હશે. એથી આગળ વધીને અજૈન સમાજમાં હશે. ધંધાના ક્ષેત્રમાં હશે. અને મદ્રાસની આજુબાજુ અને બહુ તો ભારતનાં અમુક ગામો સુધી એ સંબંધો વિસ્તરેલા હશે. તે છતાં એ બધા જ લિમિટમાં આવી શકે તેટલા. એટલે બાહ્ય રાગ તો સીમિત થયો.

પણ અંતર્જગત તો બહુ વિસ્તરેલું છે. નહીં જોયેલાં સ્થાનો કે નહીં મળેલા પદાર્થોની પ્રાપ્તિની ઝંખના. એ તેના પ્રત્યેના રાગના કારણે જ છે. આ મન રાગભાવથી રંગાઈ આખાયે વિશ્વમાં આંટો મારી આવે છે. કે જેને એ કોઈ કાળે મેળવવા સમર્થ નથી. ત્યાં પણ અંતરના રાગને જોડે છે. આમ અંતરમાં પડેલા રાગની કોઈ સીમા જ નથી.

એ અંતરના રાગને સીમિત કરવો, પદાર્થ કે વ્યક્તિમાંથી વાળી લઈને

તેનો સંકોચ કરવો તે વૈરાગ્ય છે. અંદરનો રાગ તૂટ્યો ન હોય અને ઉપરથી પદાર્થો પ્રત્યેની ઉદાસીનતા આવે તો તે વૈરાગ્ય નથી, પણ નરી મજબૂરી છે. જીવનના અનુભવોમાં તમે અનુભવતા હો છો કે આજે જે ઉંમરે પહોંચ્યા, ત્યાં જે રીતે ઈન્દ્રિયોના વિષયોને ભોગવો છો અને જ્યારે યુવાની હતી ત્યારે ભોગવતા હતા એમાં કંઈક ફરક આવ્યો છે ને? જેમ જેમ ઉંમર વધતી જાય, તેમ ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે એમ થાય છે કે હવે આ બધું શું?

બહુ ભોગવ્યું જીવે! બહુ ખાધું, પીધું, પહેર્યું, ઓઢ્યું, જોયું, સાંભળ્યું, માણ્યું બધું ઘણુંયે કર્યું, હવે નથી જોઈતું કાંઈ! આવે છે ને આવી ઉદાસીનતા?

ભોગવી લીધા પછી, માણી લીધા પછી, ઘણુંયે અનુભવ્યા પછી એ માટે એક જાતની ઉદાસીનતા આવે છે. પણ એ ઉદાસીનતા સમજણપૂર્વકની અંતરના રાગ-ભાવના ત્યાગ સહિતની નથી હોતી. પણ આશાની પૂર્તિના અભાવમાં જન્મેલી નરી નિરાશા હોય છે. તેમાં સમાજવિજ્ઞાન પણ કામ કરતું હોય છે. આપણા સમાજમાં જે જાતની સામાજિક ધારણાઓ હોય છે તે આપણા મનમાં દૃઢતાપૂર્વક બેસી ગઈ હોય છે. તેથી એમ પણ થાય કે હવે આ ઉંમરે આપણને શોભે નહિ. એમ પણ થાય ને કે તમારાં દીકરા-દીકરીઓ જુવાન હોય, પરણ્યાં હોય, એ પોતાની યુવાની માણતાં હોય એ સમયે પણ તમને માણવાના અભરખા થાય તો તેને દબાવી દેવા પડે ને? એમ વિચારોને કે હવે આપણને આ ન શોભે! આમ થાય છે ને વિષયો છૂટી જાય છે. પણ આ છૂટવું તે સાચી ઉદાસીનતા નથી, તે સાચો વૈરાગ્ય નથી. અંતરનો રાગ-ભાવ છૂટ્યો હોતો નથી.

અહીં કહેવાનું એ છે કે અંતરના રાગ-ભાવના ત્યાગના હેતુથી જો ઉદાસીનતા આવતી હોય તો એ ઉદાસીનતાનું નામ વૈરાગ્ય છે. એ સહજ છે. કોઈના કહેવાથી કે રોકવા-ટોકવાથી વૈરાગ્ય આવતો નથી. આપણે કોઈને એમ કહેતા હોઈએ છીએ કે તારે આમ કરાય ને આમ ન કરાય. તને આ શોભે ને આ ન શોભે. પણ એનાથી અંતરમાં વિષયો પ્રત્યેની ઉદાસીનતા ન જાગે. અંદરની ઉદાસીનતા તો સમજણપૂર્વકની હોય, વિષયાનંદ પ્રત્યે ઘોર ઉદાસીનતા ઊઠે - ઉપેક્ષાભાવ પેદા થાય અને તેને એમ લાગે કે જડ પ્રત્યેનો રાગ એ મારા માટે બંધનકર્તા છે. તેમાં ખૂંચવા જેવું નથી. એમાંથી તો જલદી નીકળી જવું જોઈએ.

એ માટે રાગનો ત્યાગ કરવો છે. શું કરવું ત્યાં? રાગના ક્ષેત્રને



વિસ્તૃત કરો. રાગને ફેલાવી દો. તમે કહેશો, મહારાજ! આ તો ઊલટી વાત કરી. રાગના ક્ષેત્રને સંકુચિત કરવાનું છે કે વિસ્તૃત કરવાનું છે? જેમ તીર્થંકર દેવ સમસ્ત જીવો પર કરુણા લાવી દીક્ષા લે છે, તેવી જ રીતે સર્વ જન હિતાય-સર્વ જન સુખાય તમારા વ્યક્તિગત રાગને સર્વ વ્યક્તિઓમાં ઢાળી દ્યો જેને વિશ્વમૈત્રીનો ભાવ કહેવાય છે. વિશ્વ-વાત્સલ્યનો ભાવ કહેવાય છે.

તમારો વાત્સલ્ય ભાવ ક્યાં સુધી સીમિત છે? સર્વ પ્રથમ તો તમારાં સંતાન પર અને એથી આગળ વધો તો તમારાં ભાઈ-બહેનનાં સંતાનો પર. બસ! હદ આવી ગઈ. આથી આગળ વધતો નથી, મિત્રતા પણ અમુક વ્યક્તિઓમાં જ છે. પણ એમ નહીં, તમારા વાત્સલ્ય ભાવને સમસ્ત વિશ્વમાં વહાવી દ્યો

**'आत्मवत् सर्वभूतेषु'**

જેવો તમારો આત્મા છે તેવો જ સર્વનો માનીને તેના પર તમારો પ્રેમ વહાવી દો.

શા માટે પોતા જેવા સહુને માનવા છે? શા માટે આમ કહ્યું? તમને જો સૌથી વધારે કોઈ વહાલું હોય તો તે તમારો પોતાનો જીવ જ છે. એથી વધારે વહાલું કોઈ નહીં. તમે એમ કહો છો ને કે અમને અમારો દીકરો બહુ વહાલો. પણ જ્યારે કટોકટીનો સમય આવે, બન્ને સરખી મુસીબતમાં ફસાયા હો ત્યારે પહેલાં પોતાનો જીવ ઉગારવાનો પ્રયાસ કરશો કે દીકરાનો?

એક વખત એવું બન્યું કે એક શ્રીમંતના ઘરમાં અચાનક આગ લાગી. ભાગો-ભાગો કરતાં સહુ ઘરમાંથી બહાર નીકળી ગયાં. તેમનો આઠ મહિનાનો એકનો એક દીકરો ઘોડિયામાં સૂતો રહી ગયો. સહુને એમ કે બીજાએ લીધો હશે, પણ તપાસ કરતાં ખબર પડી કે બધાં તો બહાર આવી ગયાં પણ બાબો રહી ગયો છે. પેલા ભાઈ તો રડીને ચીસ પાડે છે.

''અરે! મારો એકનો એક દીકરો અંદર રહી ગયો છે. કોઈ બચાવો એને! અંદર જઈને લઈ આવો. માંગો તે આપીશ. અરે! દસ-વીસ લાખ રૂપિયા માંગશો તો પણ આપીશ.''

પણ કોણ જાય? સેંકડો માણસો બળતા મકાનને જોવા ભેગા થયા છે. પણ અંદર મરવા કોણ જાય? માણસ વિચારે છે કે લાલચમાં સપડાઈને જઈએ તો ખરા, પણ મરી જઈએ તો દસ-વીસ લાખ શું કામના? ત્યારે એક ડાહ્યો માણસ એ શ્રીમંત બાપને કહે છે 'ભાઈ! દીકરો તારો છે. તું જ જાને અંદર!

લઈ આવ તારા દીકરાને! અમે જ તને જે જોઈતું હશે તે આપીશું.' પણ ન ગયો બાપ, અને બળતા મકાનમાં વહાલામાં વહાલો દીકરો બળીને ભડથું થઈ ગયો.

વિચારો! દીકરો વહાલો હતો કે પોતાનો જીવ? તમે કહેતા શું હો છો? મારી માવડીઓ તો એમ કહે કે દીકરો તો મને હૈયે છે. દીકરો પરદેશ ગયો હોય ને સારી વસ્તુ ખાવા બેસીએ તો તે ગળે નથી ઊતરતી. આંખમાં પાણી આવે છે. પણ આવો કટોકટીનો સમય આવે ત્યારે એ દીકરો વહાલો ન લાગે. માટે જ આપણને સૌથી વધારે કંઈ વહાલું હોય તો તે આપણો જીવ. એટલે જ કહ્યું છે :

**'आत्मवत् सर्वभूतेषु'**

તને તારો જીવ વહાલો છે, એટલા જ વહાલા સર્વ જીવોને માની લે, અને આ ભાવના જ્યારે આત્મસાત્ થાય ત્યારે જ સાચો વૈરાગ્ય પેદા થાય.

જ્ઞાનીઓએ જે જે સૂત્રો આપ્યાં છે એ આપણી મનોવૃત્તિને જાણીને જ આપ્યાં છે. તમારા જેવા જ સૌને જાણીને એના પર તમારું વાત્સલ્ય ફેલાવી દો. જે વાત્સલ્ય તમારી પત્ની કે પરિવાર પર છે તેને આખાયે વિશ્વના સમસ્ત આત્માઓ પર વહાવી દો તો એ રાગનું વિસ્તૃતીકરણ થઈ જશે. અને એ જ વૈરાગ્ય છે. સીમામાં બંધાયેલો રાગ ફેલાઈ જાય તો તેને છૂટતાં વાર ન લાગે. નાના વાસણમાં પડેલા પાણીને સુકાતાં દિવસો જ નહીં મહિનાઓ લાગે, પણ જો એ જ પાણી વિશાળ જગ્યામાં ફેલાવી દેવામાં આવે તો થોડી મિનિટોમાં જ સુકાઈ જાય. તેના માટે પ્રયત્ન પણ ન કરવો પડે.

એ જ રીતે મેં પહેલાં કહ્યું તેમ આ જીવનની અંદર ઈન્દ્રિયોના વિષયોને ભોગવતાં ભોગવતાં ધરાઈએ છીએ, થાકીએ છીએ ત્યારે એના પ્રત્યે જે ઉદાસીનતા આવે છે એ જો સમજણપૂર્વક આવે તો તે સહજરૂપે ત્યાગનું સ્વરૂપ ધારણ કરે.

વયના વધવા સાથે જે ઉદાસીનતા આવે છે તે નહીં, ઉંમર વધી એટલે ઉદાસીનતા આવી એમ નહીં. ગમે તે ઉંમરના હોય પણ માણસો એમ વિચારતા હોય છે કે હજી તો આપણો ભોગવવાનો સમય છે. ભોગવી લો. મારાં ત્રીશ-પાંત્રીશ કે ચાલીસ વર્ષનાં ભાઈ-બહેનોને જ્યારે કંઈ ત્યાગની વાત કરીએ ત્યારે તેઓ એમ કહે : મહાસતીજી! હજી તો અમારી ભોગવવાની ઉંમર છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોને ભોગવી લઈએ!



તો નહીં ભોગવવાની ઉંમર કઈ? તો કહેશે : સાઈઠ પછી. તે પછી છોડવાનું કહેજો. અરે ભાઈ! પછી તો તું ભોગવી જ નહીં શકે. તને ઘણી જાતના Restriction નડશે. શરીર ને ઈન્દ્રિયો કામ નહીં આપે. સમાજની માન્યતાઓ આડી આવશે. તમારાં જુવાન દીકરા-વહુ-દીકરીઓને જોઈ તમને એમ થશે કે મારે હવે આ ન ભોગવાય. અને કાં તો વચમાં જ જીવનલીલા સંકેલાઈ જશે. પછી તો અમે તમને શું કહેવા આવીએ? જ્ઞાનીઓએ જ ન ભોગવવાનો સમય કયો અને ધર્મ કરવાનો સમય કયો તે બતાવતાં કહ્યું છે :

**''जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ ।**
**जाविन्दिया न हायन्ति, ताव धम्मं समायरे ॥''**

વૃદ્ધાવસ્થા પીડે નહીં, વ્યાધિઓ વધે નહીં, ઈન્દ્રિયો શિથિલ ન થઈ જાય તે પહેલાં ધર્મ કરી લો, આ બધું કરવાનું કારણ શું છે તો કહ્યું :

**'વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન'**

વૈરાગ્યની સફળતા ત્યાં છે કે જ્યાં તેની સાથે આતમજ્ઞાન હોય. પણ આતમજ્ઞાન ક્યારે થાય?

**'જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.'**

જડ પદાર્થ પ્રત્યેની ઉદાસીનતા! જડ પદાર્થ સુખ કે દુ:ખ આપી શકે નહીં. તેમાં એ શક્તિ જ નથી. આવી સચોટ શ્રદ્ધા જ્યારે જાગે છે ત્યારે જડ પ્રત્યેનો રાગ તૂટે છે અને તે તરફ ઉદાસ ભાવ જાગે છે. અને એ ભાવ જીવને આત્મવૃત્તિ તરફ લઈ જાય છે. જડમાં સુખ નથી તો પછી આત્મામાં શોધવાના પ્રયાસ થાય છે. પણ અહીં તમને એ પ્રશ્ન થશે કે આવી ઉદાસીનતા આવે ખરી? હા-આવે! જેને આતમ લક્ષ છે તેને આ ઉદાસીનતા આવે છે.

પુરાણકાળની એક વાત કહું તમને? ચારે વેદ અને અનેક શાસ્ત્રોનો જાણકાર એક પ્રકાણ્ડ વિદ્વાન બ્રાહ્મણ હતો. વાદ-વિવાદની સભાઓમાં જેણે અનેકને હરાવ્યા હતા અને એના કારણે એ મહા ઘમંડી પણ હતો. એ સમજતો હતો કે તેના જેવો જ્ઞાની બીજો કોઈ હોઈ શકે જ નહીં. આવા અહંકારમાં એ રાચતો હતો. બંધુઓ! અહં બહુ જ ભયંકર ચીજ છે. તેનું કોઈ માપ નથી હોતું. માનવી અહંથી ઊંચો ઊઠવા માંગે છે પણ તે ન જાણે એ રીતે તેને એ પતનની ઊંડી ગુફામાં ધકેલી દે છે.

આ બ્રાહ્મણને ક્યાંકથી ખબર પડે કે કોઈ સાધુ-સંત-જ્ઞાની પુરુષ

આવ્યા છે તો તરત તેમની પાસે પહોંચી જાય અને અટપટા પ્રશ્નો પૂછી તેમને હરાવવાની પેરવી કરે. તેના પ્રશ્નો જ એવા હોય કે સામી વ્યક્તિ પાસે તેનો જવાબ ન હોય. અને જવાબ ન મળે તેથી પોતાના વિજય પર ગર્વ કરે. ફુલાય.

એકવાર એક અધ્યાત્મ યોગી મહાત્મા પધાર્યા. જેઓએ સ્વને જાણી લીધો હતો. જે નિશદિન પોતામાં જ રમતા હતા અને સ્વભાવે પણ મસ્ત ફકીર હતા. બ્રાહ્મણ પેલી ખોટી ટેવના કારણે તેમની પાસે પહોંચ્યો. રાગ અને વૈરાગ્યની ગૂંચવણ ભરેલી વાતો કરવા માંડ્યો. મહાત્મા વિચક્ષણ હતા. સમજી ગયા કે આ ક્યો હેતુ લઈને આવ્યો છે. તેઓએ બહુ જ મૃદુભાષામાં કહ્યું : બ્રહ્મદેવ! હું તો તમારા પ્રશ્નનો જવાબ આપી શકતો નથી. વૈરાગ્ય શું? સાધના શું? ઉદાસીનતા શું? આ બધું તમને સમજાવવા હું સમર્થ નથી. પણ તમે એમ કરો, મિથિલા નગરીમાં રાજા જનક પાસે જાઓ. એ તમને સમજાવશે કે એક સાધક સાધના કઈ રીતે કરે.

બ્રાહ્મણ વિચારે છે-વાહ મહાત્મા! પોતાના પરથી ભાર ઉતારવા તેમણે જનકનું નામ આપ્યું ને મને ત્યાં મોકલે છે. પણ જનક મોટો કોણ? એ સંસારના ભોગનો કીડો, મને શું સમજાવવાનો હતો? કંઈ નહીં, ચાલો! આજે બહુ સુંદર યોગ મળી ગયો. જનકનું અભિમાન ઉતારવાનો મને મોકો મળી ગયો. પોતાની જાતને વિદેહી કહેવડાવે છે, ચારે બાજુ તેની વાહ-વાહ થાય છે, પણ આજે જગત પણ જાણશે કે જનક કેટલામાં છે?

તે મિથિલા પહોંચ્યો અને રાજમહેલના દ્વારે આવીને ઊભો. તેને મહેલમાં જવા માટે આજ્ઞા લેવાની જરૂર ન હતી.... કારણ કે એ વખતમાં એક બ્રાહ્મણ અને બીજો જૈન-આ બંને પર એટલો વિશ્વાસ હતો કે માત્ર મહેલમાં જ નહીં પણ રાણીઓના અંતઃપુરમાં પણ જવું હોય તોય તેને કોઈ ન રોકે. આજની જેમ - Visiting Card બતાવવાં નહોતાં પડતાં. બંધુઓ! વિચારો! એ યુગમાં જૈનોની છાપ એ હતી કે જિનેશ્વરનો ઉપાસક હોય તેનું ચારિત્ર અણીશુદ્ધ હોય. એ પવિત્ર અને સદાચારી જ હોય! એ પૂછ્યા વગર રાણીઓ પાસે ચાલ્યો જાય તો પણ રાજાના પેટનું પાણી ન હાલે.

આજ શું દશા છે? હું તમને શું કહું? મારાથી પણ વધુ તમે જાણો છો કે સમાજની કઈ વ્યક્તિનું ચારિત્ર કેવું છે! મને તો માત્ર એટલી જ જાણ છે કે જે રૂપ લઈને તમે અહીં આવો છો. પરદાની પાછળ શું થઈ રહ્યું છે તે હું નથી જાણતી. આજે જૈનોએ પોતાની Value ગુમાવી દીધી. તમારી કિંમત



તમે જ ખોઈ નાખી છે. બંધુઓ! માફ કરજો પણ હું તમને પૂછવા માગું છું કે જૈન તરીકે ક્યાંય જઈને ઊભા રહો છો તો તમને માન મળે છે ખરું? જોર-શોરથી ગાજી-ગાજીને કહેતા હો છો કે અમારા ધર્મ જેવો કોઈ ધર્મ નહીં. પણ એમ કહી શકો છો કે જૈનધર્મનો અનુયાયી જેવો ચુસ્ત હોય, ચારિત્રસંપન્ન હોય, સત્યનું પાલન કરનાર હોય એવો બીજો કોઈ ન હોય? ના, નથી કહી શકતા. શા માટે? નૈતિકતા જ ક્યાં રહી છે? નહીં તો રાજા-મહારાજાને ત્યાં જે જૈન આદર પામતો હતો, તે સમાજમાં આદર ન પામી શકે એ અફસોસની વાત છે. જૈનોમાં જૈનત્વ રહ્યું નથી.

હા, તો બ્રાહ્મણ પણ પૂછ્યા વિના જ મહેલમાં ચાલ્યો ગયો. આગળ જતાં એક દાસીને જનકરાજા ક્યાં છે તે પૂછ્યું તો જવાબ મળ્યો કે તેઓ પોતાના શયનગૃહમાં છે, એ સાંભળતાવેંત જ બ્રાહ્મણ ઊછળ્યો, 'હેં! છે તો વિદેહી અને દિવસે શયનગૃહમાં? મહાત્માએ મને આવા રાણીઓના મોહમાં મુગ્ધ બનેલા રાજા પાસે રાગ અને વૈરાગ્ય સમજવા મોકલ્યો? અરે! એક સજ્જન પુરુષ પણ દિવસે શયનગૃહમાં સ્ત્રી સાથે ન હોય. અને આ અત્યારે ત્યાં છે?'

બ્રાહ્મણ આગળ વધ્યો. શયનગૃહનો દરવાજો ખુલ્લો છે. રાજા જનક પલંગ પર બેઠા છે. બાજુમાં રૂપવતી યુવાન રાણી છે. એ તો આ જોઈને ત્યાં ને ત્યાં થીજી ગયો. આ શું? પણ જનક તેના મુખના ભાવ પરથી જ સમજી ગયા, તેથી પલંગ પરથી નીચે ઊતર્યા વિના જ તેનું સ્વાગત કરતાં બોલ્યા : ''પધારો બ્રહ્મદેવ! પધારો!''

પણ તે ત્યાંથી હલી-ચલી શકતો નથી. અંદર જવું કે ન જવું તેની મુંઝવણમાં પડ્યો. ત્યાં તો જનકે બીજીવાર સ્વાગત કરતાં કહ્યું: ''પધારો બ્રહ્મદેવ પધારો! સંકોચ ન કરો. ખુશીથી ચાલ્યા આવો.''

હવે બ્રાહ્મણ નજીક ગયો અને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો. અરે! આમ? એણે જોયું કે રાજાનો એક હાથ રાણીના ગળામાં છે અને બીજો હાથ પોષ મહિનાની કડકડતી ઠંડીને ઉડાડવા સગડીના અંગારા પર છે. એ સમયે હાથ બળી રહ્યો હતો. દૂરથી તે આ જોઈ શક્યો નહોતો. નજીક આવતાં પરસ્પર વિરોધી બે દૃશ્ય એકસાથે જોયાં. અને સાથે સાથે એ પણ જોયું કે રાજા જનક આ બન્નેમાં સ્થિતપ્રજ્ઞ છે. નથી તેમને રાણીના સ્પર્શનો હર્ષ કે નથી બળતા હાથનો ખેદ. મુખ પરની એક રેખા પણ બદલાઈ નથી. નિર્વિકાર દશામાં સ્થિર છે. સુખ અને દુઃખથી પર થઈ ખરેખર

વિદેહ દશાની અનુભૂતિમાં જ એ હતા. આ જોઈને બ્રાહ્મણ તો પાણી-પાણી થઈ ગયો. આવ્યો હતો જનકની પરીક્ષા કરવા, તેનો અહંકાર ઉતારવા પણ તેનો પોતાનો જ અહંકાર ઊતરી ગયો. અને તે જનકના ચરણમાં નમી પડ્યો.

કહે છે : ''મહારાજ! આજ સુધી એમ સમજતો હતો કે તમે ખોટા છો. લોકોએ તમને ખોટેખોટાં વખાણ કરીને ચડાવ્યા છે. પણ ના, એમ નથી. હું ભ્રમમાં હતો. હું ઘણાં શાસ્ત્રો ભણ્યો. અનેકને વાદ-વિવાદમાં મેં હરાવ્યા. પણ સુખ અને દુ:ખથી પર થઈ, જે ઉદાસીનતા આપ કેળવી શક્યા છો, તે મારામાં નથી. એક સ્ત્રીના સંગથી નથી આપને ખુશી, નથી સુખ અને અંગારાથી જલતા હાથની વેદનાથી નથી આપને દુ:ખ! ગૃહસ્થાશ્રમમાં રહી, બધી જવાબદારીઓ સંભાળતા પણ આપે ખરેખર વિદેહદશા પ્રાપ્ત કરી છે.''

દેહ હોવા છતાં પણ દેહના ધર્મો પ્રત્યે ઉદાસીનતા, તેનું નામ છે વિદેહ દશા. દેહ કોને ન હોય? સિદ્ધોને જ! એ સિવાય બધા જ જીવોને દેહ હોય છે. દેહના રાગને કારણે જ વિષયોમાં રાગ-ભાવ હોય છે. જો દેહ પ્રતિ રાગ ન હોય તો વિષયોમાં રાગ ટકી શકતો નથી. એ આપોઆપ દૂર થઈ જાય છે. બહુ પ્રયાસ પણ કરવો પડતો નથી.

અહીં રાજા જનક એવા જ વિદેહી છે. તે પણ બ્રાહ્મણ માટે કોઈ આદર્શરૂપ બની ગયા. સત્યાર્થી બ્રાહ્મણે ત્યાં જ બધાંય પોથી-પાનાં છોડી દીધાં અને પાણી મૂક્યું કે હવે કોઈ સાથે વાદ-વિવાદ કરવા નહિ જાઉં. કોઈને હલકા પાડીશ નહિ. આમ અહંકાર ત્યાં મૂકી દઈ હળવોફૂલ થઈ વિદાય થયો.

પ્યારા બંધુઓ! રાજા જનકના જીવનની આ વાત તમારી સામે એટલા માટે જ રાખી કે અંતરમાં ઉદાસીનતા જાગ્રત કરવા માટે સંસાર છોડી સાધુ બનવું જ પડે એવું જરૂરી નથી. ગૃહસ્થાશ્રમમાં રહેલો ગૃહસ્થી, બધી જ ફરજો બજાવતાં બજાવતાં પણ વિવેક સહિત જીવે તો આંતરવૃત્તિમાં વૈરાગ્ય પ્રગટ થાય છે. જેને જડ પદાર્થની નિ:સારતાનું ભાન છે, જડ સુખ આપી શકે જ નહીં આવો દૃઢ વિશ્વાસ છે તે અવશ્ય આત્મવૃત્તિને પામે છે.

કોઈ પણ પદાર્થ હોય, તે અતિ પ્રિય લાગતો હોય, અને એને સુખનું કારણ માનતા હોઈએ, પણ ખરેખર તેમ નથી. માનો કે તમને ગુલાબજાંબુ



બહુ જ ભાવે છે. તમે એમ કહેતા હો કે ભાઈ! આપણને ગુલાબજાંબુ મળે તો બીજું કાંઈ ન જોઈએ! પણ બીમાર પડ્યા, અને ત્યારે જો એ મળે તો એ ઝેરનું કામ કરે. એટલું જ નહિ પણ કોઈ દુ:ખદ પ્રસંગ આવી પડ્યો હોય અને મન ખિન્ન થઈ ગયું હોય અને એવા સમયે કોઈ તમારી સામે ગુલાબજાંબુ લાવીને મૂકે તો ખાવાનું મન થશે? અરે! ગુસ્સો આવશે. કહેશો- હટાવ આને અહીંથી! જોવા પણ ગમતાં નથી! કેમ શું થયું? એ મળે તો બહુ મોજ પડે તેમ કહેતા હતા ને? પણ ના, મનોવૃત્તિ બરાબર નથી તેથી સુખકારક લાગતો પદાર્થ પણ દુ:ખદાયી લાગે છે.

બંધુઓ! જડ પદાર્થ આપણને સુખી કે દુ:ખી ન બનાવે. સુખ અને દુ:ખ આપણી અંદર જ પડ્યાં છે. જે કેવળ મનની ભ્રમણા છે. આ સમજણ માત્ર બુદ્ધિજન્ય જ નહીં પણ હૃદયસ્પર્શી આવી જાય તો જડ પદાર્થો પ્રત્યે ઉદાસીનતા થાય છે. અને પછી જે મળે તે ખાઈ લેવાય, જેવું મળે તેવું પહેરી લેવાય. જેવી પરિસ્થિતિમાં રહેવું પડે તેમાં રહી શકાય. આમ ઉદાસીનતા આવે, પદાર્થો પ્રત્યે અને વિષયો પ્રત્યે.

ઈંદ્રિયો પોતાના વિષય તરફ નહીં જાય. જશે તો પણ ત્યાં ટકશે નહીં. પાછી વળશે. તેનું નામ વૈરાગ્ય.

**''વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન.''**

વૈરાગ્યની સફળતા માટે સર્વ પ્રથમ રાગ-ભાવના ક્ષેત્રને સીમિત કરવું પડશે. ત્યારે જ આતમજ્ઞાન જાગશે. તે પહેલાં નહીં. જે વ્યક્તિ એમ વિચારે છે કે આ ધર્મમાર્ગે આવતાં મને આત્મજ્ઞાન થાય, હું મારા આત્માને જાણું, ઓળખું તો આ જિજ્ઞાસાને પૂર્ણ કરવા માટે પહેલાં જડ પદાર્થ પ્રત્યે અંતરમાં ઉદાસીનતા કેળવવી પડશે. એ ઉદાસીનતા જડનાં આકર્ષણને તોડી નાખશે. અને વૃત્તિને આત્મા તરફ વાળશે. આત્મા તરફ જાગ્રત થયેલો વિવેક આતમજ્ઞાનને લઈને જ જંપશે તો આતમજ્ઞાન પ્રાપ્તિનો પુરુષાર્થ શું છે તે અવસરે કહેવાશે.

ડ

# ....જો સહ આતમજ્ઞાન!

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્માના સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની સાથે અનંત શાશ્વત સ્થિતિનું સર્જન કરે છે. જે સ્થિતિ, જે સ્વરૂપદશા, જે સ્વાભાવિક સુખનો અનુભવ જીવે આજ સુધી કર્યો નથી, તે અનુભવ આરાધનાથી થાય છે. એ દશાની પ્રાપ્તિ માટે જીવોનો જે પુરુષાર્થ છે તે આદરણીય, શ્રદ્ધનીય અને આચરણીય છે. શાસ્ત્રોમાં આ પુરુષાર્થ કઈ રીતે કરવો કે જેથી જીવ સ્વભાવદશાને પામી શકે, એની જ વાતો અનેક રીતે કરવામાં આવી છે. શાસ્ત્રવચનોને લક્ષ્યમાં રાખી અંતરમાં ઉતારવાનો પ્રયાસ થાય તો સિદ્ધિને પામી શકીએ.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે, જીવને બાહ્ય-આભ્યંતર કેવાં કેવાં સાધનોની ક્યારે ક્યારે આવશ્યક્તા છે એ બતાવવામાં આવ્યું છે. મોક્ષમાર્ગની ભ્રમણામાં ફસાયેલા બે પ્રકારના જીવોનું વર્ણન કર્યા પછી; એ ભ્રમણામાંથી બહાર નીકળીને શું આચરણીય છે એ બતાવતાં શ્રીમદ્જીએ કહ્યું છે:-

**''વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;**

**તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન''......૬....**

વૈરાગ્ય એ શું છે? તેનું વિવેચન ગઈ કાલે કર્યું. રાગનું જ એક સ્વરૂપ કે જે પ્રશસ્ત હોય. જે બાહ્ય જગતથી સંબંધિત ન હોય. જે રાગ બાહ્ય જગતથી પર થઈને, આંતરજગતમાં ફેલાય તે વૈરાગ્ય. જાગતિક પદાર્થો પરની પ્રીતિ તે રાગ અને આંતરિક ઉચ્ચ ધ્યેય-કોઈ ઉચ્ચ હેતુ પ્રત્યેની પ્રીતિ તે વૈરાગ્ય.

આપણે આપણા રાગ-ભાવને, સ્નેહભાવને સૂક્ષ્મ દૃષ્ટિથી મૂલવીએ તો જરૂર સમજાશે કે આપણી પ્રીતિ બાહ્ય જગતને જ ઓળખે છે. સ્નેહભાવ તો સહુમાં પડ્યો છે. જેની પાસે હૃદય છે, જેની પાસે લાગણીઓ છે. સ્નેહ અને પ્રેમની ભાવના છે, એ ક્યાંક ને ક્યાંક બહાર નીકળતી જ હોય છે.

અરે! ગમે તેવો ક્રૂર માણસ હોય, અત્યાચારી હોય, પાપી હોય, પણ એના અંતઃકરણમાં પણ ક્યાંક ક્યાંક કૂણી લાગણીઓ પડી હોય છે. કોઈ માણસે પોતાના જીવનમાં સેંકડો હત્યાઓ કરી હોય, માણસોને મચ્છરની જેમ ચોળી નાખ્યા હોય, ખૂન કરતાં એના હૃદયમાં જરા પણ કંપારી ન છૂટતી હોય, એ જ માણસ પોતાના બાળકની નાની પીડા જોઈને ધ્રૂજી ઊઠતો હોય છે. આંખમાં આંસુ આવી જતાં હોય છે. એટલે કે એના અંતરમાં રહેલ સ્નેહભાવ ત્યાં જાગ્રત થઈ જાય છે. એ બતાવે છે કે સર્વ મનુષ્યોના હૃદયમાં રાગ-ભાવ છે. અને એ ભાવ ક્યાંય ને ક્યાંય બહાર નીકળતો હોય છે.

બાહ્ય જગતમાં ફેલાયેલી આપણી આ પ્રીતિ, તેમાંથી જ સુખ મેળવવાનો પ્રયાસ કરે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી વિચાર કરજો કે જ્યાં આપણી પ્રીતિ જોડાઈ છે, પછી એ વ્યક્તિ હોય, વસ્તુ હોય, વાતાવરણ હોય, પણ તેમાંથી સુખ મેળવી લેવાનો સ્વાર્થ પણ સાથે જ જોડાયેલો હોય છે. ત્યાંથી કંઈક મેળવી લેવું છે, કંઈક અંતરનો આનંદ પામી લેવો છે. આ વૃત્તિ જ જીવમાં વ્યાકુળતા પેદા કરે છે. જ્યાં પ્રીતિ છે ત્યાંથી મનનો માનેલો આનંદ નથી મળતો, જેટલી માત્રામાં સુખ જોઈએ છે એટલું નથી મળતું. જે જે અપેક્ષાઓ એ પ્રીતિપાત્ર પાસેથી રાખી હોય તે નથી સંતોષાતી ત્યારે જીવ ખૂબ વ્યાકુળ બની જાય છે, દુઃખ અનુભવે છે. પણ ખરેખર પ્રીતિ આનું નામ નથી. સર્વ પ્રકારના સ્વાર્થથી રહિત ભાવ તે જ સાચી પ્રીતિ.

મહાયોગી આનંદઘનજી પ્રભુભક્તિમાં મસ્ત બનીને પોતાના અંતરની સર્વ પ્રીતિને પ્રભુમાં જ આરોપી દે છે, ત્યારે તેઓ બોલી ઊઠે છે -

**'ઔર ન ચાહું રે કંત'**

બીજું કોઈ ન જોઈએ મારે. મારે તો મારો ઋષભ જ જોઈએ. એ સિવાય બીજું કશું ન ખપે. અહીં ઋષભ એ માત્ર પ્રતીક છે. ઋષભ એટલે મારૂદેવાનો પુત્ર નહીં. પરંતુ પોતાના આત્મામાં પડેલું પરમ આત્મતત્ત્વ. જે અનંત વીર્ય-શક્તિ રૂપ છે. જેનાથી વધુ સુંદર, અદ્વિતીય, અનુપમ બીજો

કોઈ હોઈ જ ન શકે. એ પરમ તત્ત્વ સિવાય મારે બીજું કશું જ ન જોઈએ. મારે મેળવવાની જે કંઈ ખેવના છે, પામવાનો જે કાંઈ મારો પુરુષાર્થ છે, એ પુરુષાર્થ માત્ર મારા પરમાત્મ તત્ત્વ માટે જ છે. એ સિવાય મારો પુરુષાર્થ બંધ છે, અંધ છે, કેટલી બધી તીવ્ર લગની!

જ્ઞાનીઓ એમ કહે છે કે બાહ્ય જગતમાંથી દૃષ્ટિ વાળીને, તારા આત્મામાં રહેલા અનુપમ ખજાના પર શ્રદ્ધા કરીને એમાંથી જ કંઈક પામવાની પ્રબળ ભાવના જાગે, અંદર પડેલાં આકર્ષણોમાંથી કોઈક આકર્ષણ તને લોભાવતું થાય, ત્યારે એ તારી સાચી પ્રીતિ છે. તારો સાચો વૈરાગ્ય છે. પણ આપણને ક્યાં જાણ છે કે આની અંદર (આત્મામાં) પણ અનેક આકર્ષણો પડ્યાં છે.

બહારનાં આકર્ષણો તરત ખેંચે છે. જીવ એમાં તરત લોભાઈ જાય છે. તેમાંય આ કાળમાં બહાર પગ મૂક્યો નથી. ને તમારા માટે Attractions ઊભાં થયાં નથી! જ્યાં જ્યાં દૃષ્ટિ નાખો ત્યાં ત્યાં સર્વ ઈન્દ્રિયોના વિષયોનાં પોષક તત્ત્વો પડ્યાં જ છે. કંઈક જોઈ લેવાનું આકર્ષણ થાય છે. કંઈક સાંભળવાનું આકર્ષણ થાય છે, તો કંઈક જીભને Taste લેવાનું, ઘ્રાણને ગંધનું અને ત્વચાને સ્પર્શનું આકર્ષણ થાય છે. કેટલાં આકર્ષણો પડ્યાં છે? અને જીવને આકર્ષાતાં વાર કેટલી? જરાય નહીં. પછી એને ઉંમર સાથે, સમજણ સાથે કોઈ સંબંધ રહેતો નથી.

એ વિષયો, એ તત્ત્વો જ્યારે આકર્ષે છે, ત્યારે જાતને ભૂલી જાવ છો ને? હું કોણ છું? કેવો છું? ક્યાં છું? મારે શું કરવું યોગ્ય છે? શું કરવું અયોગ્ય છે? એનું ભાન રહે ખરું? નથી રહેતું. ભાન ભૂલી જઈ, જેના પ્રત્યે આકર્ષાયા છો, તેને મેળવીને ભોગવી લેવા માટેના ઉપચારો કરતા રહો છો. વિચારો તો ખરા, આ જે કંઈ થઈ રહ્યું છે, તે ઠીક થઈ રહ્યું છે?

જ્યાં સુધી અંતરમાં પડેલા સત્ત્વને જાણ્યાં નથી. મારામાં પણ જબરદસ્ત આકર્ષણો પડ્યા છે, જે કંઈ માણવાનું, ભોગવવાનું, અનુભવવાનું છે તે મારી અંદર જ છે, એ બહારના કોઈ પણ પદાર્થમાંથી મળી શકે તેમ નથી, આવો દૃઢ વિચાર, દૃઢ શ્રદ્ધા આત્મામાં જાગે, પછી જ અંતરમાં વૈરાગ્ય પ્રગટ થાય. આવી શ્રદ્ધા ન જાગે ત્યાં સુધી વૈરાગ્ય આવે નહીં.

જન્મ્યા ત્યારથી જ બહારનાં આકર્ષણોથી આપણે આકર્ષાઈ રહ્યા છીએ.



અને ઉંમરના વધવા સાથે એ આકર્ષણો એટલાં વધતાં જાય છે કે આપણે એકલા એને માણી લેવા માટે પૂરા પડતા નથી. થાય છે શું! આ એકલો જીવ, સમયની મર્યાદા અને ઢગલાબંધ આકર્ષણો. કેટલો સમય લઈને આવ્યા છીએ? બસ, બહુ તો ૧૦૦ વર્ષ! ના રે ભાઈ! ૧૦૦ અને ૧૦૦ની ઉપર જાય એનાં નામ તો લખાય છે. Guiness Bookમાં આપણાં નામ એમાં આવવાનાં હોય એવું કંઈ લાગતું નથી. ૫૦, ૬૦ કે ૮૦ કે વળી એથીયે ઓછી આયુષ્યમર્યાદા લઈને આવ્યા છીએ. આટલા થોડા સમયમાં આખાયે જગતમાં જેટલા પદાર્થો છે, એ બધા આપણે ભોગવી લેવા છે. ભોગવાઈ જશે? ના, તો પછી શું થશે? નહીં ભોગવાય એ ખબર છે પણ ભોગવવાની કામના તો અંતરમાં પડી જ છે. તો પછી ભોગવ્યા વિના જ જવું પડશે? હા, એમ જ. પદાર્થો અહીં પડ્યા રહેશે અને આપણે ચાલ્યા જઈશું. પણ હું તમને પૂછું કે જઈને ક્યાં જશો? ક્યાંય જવાના નથી, હં! આપણી શુદ્ધ કાઠિયાવાડી ભાષામાં કહીએ તો 'પાછા થવાના.' કોઈ મરી જાય એટલે એમ કહેવાય કે અમુક ભાઈ 'પાછા થયા.' બહુ સરસ શબ્દપ્રયોગ છે.

કર્મ ફિલોસોફી પણ એ જ કહે છે. અને તે એમ જ છે. પાછા થવાનો અર્થ એ થયો કે અહીં ને અહીં ક્યાંક જન્મ્યા છે. અહીં બીજે જવાના ક્યાં? કારણ કે અહીં જ ચારે બાજુ એની પ્રીતિ પડી છે. પદાર્થો અનંત છે. અને એ અનંતને ભોગવી લેવાની લાલસા લઈને મર્યો છે. એટલે એ ભોગવવા એને પાછું થવું જ પડે. તેથી ફરી ફરીને અહીં જ જન્મવું અને ફરી ફરીને અહીં જ મરવું એ જ ચક્ર ચાલુ રહે છે.

આ એક જન્મમાં જેટલો કાળ ગયો એટલા કાળમાં કેટલું બધું ભોગવ્યું, પણ તૃપ્ત થયા ખરા? સમય અને શક્તિ આટલાં વેડફ્યા પછી પણ કાંઈ હાથ આવ્યું ખરું? તૃપ્તિ થતી નથી, અસંતોષની આગ હંમેશાં જલ્યા કરે છે. ગમે તેટલું પામ્યા પછી, ગમે તેટલું ભોગવ્યા પછી પણ આત્માને તૃપ્તિનો ઓડકાર એ ખાવા દેતી નથી. તો પછી આપણે કેમ ન વિચારીએ કે પદાર્થો આટલા ભોગવ્યા પછી પણ જો એ તૃપ્તિ નથી આપી શકતા તો જરૂર ક્યાંક ખામી છે. પદાર્થો તૃપ્ત કરવા સમર્થ નથી તો પછી કોણ સમર્થ છે?

એમ લાગે છે કે કોઈક એવી બીજી વસ્તુ પડી છે, કોઈક જગ્યાએ કંઈક એવું સત્ત્વ પડ્યું છે કે જેને માણવાથી જીવને તૃપ્તિ થશે. એ સત્ત્વ કયું

છે? એ વિચારતાં સમજાશે કે એ સત્ત્વ આપણા અંતરમાં જ પડ્યું છે, ક્યાંય બહાર નથી. અંદરનું એ સત્ત્વ જ્યારે આપણા આકર્ષણનું કેન્દ્ર બનશે ત્યારે જ આપણે અંતર તરફ વળી શકીશું. પણ એના માટે શ્રદ્ધા જોઈએ. એવી દૃઢ શ્રદ્ધા કે બહારના કોઈ પણ પદાર્થમાંથી અત્યાર સુધી મને સુખ મળ્યું નથી અને બહારના કોઈ પણ પદાર્થ, કોઈ પણ વ્યક્તિ સાથેની પ્રીતિ મને સુખ દેવા અસમર્થ જ છે. આ જેને યથાર્થરૂપે સમજાયું છે, અરે! જેણે અનુભવ્યું છે, અંતરના ઊંડાણમાંથી અનુભવ્યું છે એવા આત્મ-અનુભવી મહાયોગી આનંદઘનજીએ, તેમના ઋષભ સાથે પ્રીતિ જોડતાં બહુ જ સુંદર સમજાવ્યું :

**પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોઈ;**
**પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોઈ ।**
**ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે, ઓર ન ચાહું કંત ।।**

કેટલા સાથે પ્રીતિ જોડી? કેટલાય સાથે તમારે એવા સંબંધો હોય છે કે Relation ની દૃષ્ટિથી, તમારા લોહીના સંબંધથી, એની સાથે કશોય સંબંધ ન હોય, પણ તમે એના માટે કહો છો કે આ મારા સ્નેહી છે. સ્નેહી એટલે એમની સાથે મેં પ્રેમનો સંબંધ જોડ્યો છે. પ્રીત જોડી છે. પણ આનંદઘનજી કહે છે કે ખરેખરી પ્રીતનો સંબંધ કોઈ જોડી શકતું નથી. શા માટે? 'પ્રીત સગાઈ નિરુપાધિક કહી' જેમાં કોઈ પણ પ્રકારની ઉપાધિ ન હોય, રાગ-દ્વેષ કે સ્વાર્થની ભાવના જેમાં એક પૈસા માત્ર પણ જોડાયેલી ન હોય. એનું નામ પ્રીતિ. હવે તમે તપાસી લો તમારા સંબંધોને. અનેક સાથે તમારા સંબંધો જોડાયેલા છે. એ સંબંધો નિઃસ્વાર્થી છે ખરા? કે કંઈક મેળવવાની ઈચ્છા ત્યાં રહે છે? ભલે કોઈ ભૌતિક અપેક્ષા ત્યાં ન હોય! ધન પણ ન જોઈતું હોય કે બીજું પણ કાંઈ ન જોઈતું હોય પણ એટલી ભાવના તો અંતરમાં રહે ને કે હું એને જેટલો પ્રેમ કરું છું, એટલો પ્રેમ એ પણ મને આપે. હું એના વિષે જેટલો ખ્યાલ રાખું એટલો જ ખ્યાલ એ મારા વિષે રાખે તો જ ટકી રહે ને? નહીં તો ટકે ખરો? તમે એના માટે બધું કરતા હો ને એ તમારા માટે કાંઈ ન કરે તો? તરત સંબંધો તૂટી જાય. તૂટી જાય છે ને? તેનું કારણ એ છે કે આ પ્રેમ આરોપિત છે. કૃત્રિમ છે. પણ અકૃત્રિમ નથી. પરાવલંબી પ્રેમ છે. અને એ પરાવલંબન વ્યક્તિરૂપે, પદાર્થરૂપે કે પરિસ્થિતિરૂપે હોય, સ્થાયી રહે જ નહીં. તો એ બધી ઉપાધિ છે. જેનો પ્રયત્ન પણ ઉપાધિપૂર્વકનો અને પરિણામ પણ ઉપાધિ સહિતનું અર્થાત્ જેના આદિ, મધ્ય અને અંત, સર્વાંગમાં ઉપાધિ જ ભરેલી છે અને 'સોપાધિક ધન ખોઈ' એવી ઉપાધિ



સહિતની જે પ્રીતિ છે, એ પ્રીતિ આત્મધનને ખોઈ નાખે છે.

એટલે જ આનંદઘનજીએ સંસારી સાથે પ્રીતિ ન જોડતાં, ઋષભ સાથે જોડી છે. અને તેઓ કહે છે, 'ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો.' કેટલો ભાવભર્યો શબ્દ છે! 'પ્રિયતમ! તમે કહેશો, મહારાજ! એમાં સુંદર શું? ભાવ શું? બધાય જાણે છે પ્રિયતમ શબ્દનો અર્થ. આપણી રૂઢિ પરંપરામાં આ શબ્દનો અર્થ શું થાય? પત્ની એના પતિને પ્રિયતમ કહે, એક નારી એના પ્રેમીને પ્રિયતમ કહે. પણ પ્રિયતમ શબ્દનો શાબ્દિક અર્થ શું છે? જાણો છો? આપણે વ્યાકરણમાં ડિગ્રી શીખ્યા છીએ. સામાન્ય, તુલનાત્મક અને સર્વોચ્ચ'

જે આપણને બહુ ગમે છે તે પ્રિય, એનાથી વધુ ગમે તે પ્રિયતર, અને જે સૌથી વધુ ગમે કે એની કક્ષામાં બીજા કોઈને મૂકી શકાય નહીં તે પ્રિયતમ. આમાં પતિ કે પ્રેમી એવો અર્થ ક્યાં આવ્યો? સર્વોત્કૃષ્ટ પ્રિયતાના ભાવે જ કવિઓએ જ્યાં પ્રભુ-ભક્તિ ગાઈ છે. ત્યાં પ્રભુને પ્રિયતમની ઉપમા આપી છે. ભક્ત કહે છે કે હે પ્રભુ! સારાયે વિશ્વમાં તારાથી વધુ પ્રિય મને કોઈ નથી એટલે તું મારો પ્રિયતમ છે.

તમને સૌથી વધારે પ્રિય શું છે? સંસાર પ્રિય છે. તો સંસાર તમારો પ્રિયતમ અને વિષય વિકારો પ્રિય હોય તો એ પ્રિયતમ. તમને ધન પ્રિય છે તો ધન પ્રિયતમ. પ્રતિષ્ઠા પ્રિય છે તો પ્રતિષ્ઠા પ્રિયતમ, નામના પ્રિય છે તો નામના પ્રિયતમ અને જીભના ચટાકા પસંદ હોય તો એ પ્રિયતમ. શું પસંદ છે? સૌથી વધારે શું ગમે છે? જરા અંતરને પૂછો! અંતરશોધ કરવા જશો તો એમાં ગૂંચવાઈ જશો, સ્પષ્ટ ખુલાસો નહિ મળે. તમે પોતે જ અંતઃકરણમાં મૂંઝાઈ જશો. આજે મેં તમને અહીં વ્યાખ્યાનમાં કહ્યું છે, આખા દિવસમાં કે રાત્રે સમય મળે ત્યારે બે-પાંચ મિનિટ એક બાજુ બેસીને જરા વિચાર તો કરી જોજો આના ઉપર! ભલે મને કહેવા નહીં આવતા, મારે નથી સાંભળવું, કારણ કે મને ખબર છે, નહીં કહો મને, પણ પૂછી લેજો અંતરને.

મને એમ લાગે છે કે એકસાથે ચાર, પાંચ, છ પદાર્થો ભેગા થશે, અને તમને એમ થશે કે આમાં પર્સન્ટેઈજ કેમ મૂકું? આને પ્રિય કહું કે આને કહું? આ વધારે ગમે છે તો તેને પ્રિયતમ કહું? પણ ના, એના કરતાં આ વધારે ગમે છે. અને સહુથી વધુ ગમવામાં પણ ઘણું ઘણું છે. એટલે એનો

અર્થ એ થયો કે તમારે કોઈ પ્રિયતમ જ નથી. પ્રિયતમનો સંબંધ પણ સ્વાર્થથી જ છે. જ્યાં સ્વાર્થ સધાતો હોય, તમારા મનની ભાવનાને જ્યારે જે વધારે અનુકૂળ વર્તે ત્યારે તે તમારો પ્રિયતમ! આ કેવું કહેવાય? સારું કહેવાય ખરું? તમારી સામાજિક કે નૈતિક દૃષ્ટિ શું કહે છે? જ્યારે જે ગમે તે પ્રિયતમ એવું હોઈ શકે કે પ્રિયતમ તો એક જ હોય? અનેક હોય એવું ના બને. પણ એવું છે ખરું? અંતરને ઢંઢોળશો તો અંતર કહેશે કે આયે ગમે છે અને પેલું પણ ગમે છે. અને કોઈનેય હું ઓછા માર્ક દેવા તૈયાર નથી. આ જ કારણ છે કે આપણે અટવાયેલા રહીએ છીએ. કોઈમાંથી કાંઈ જ પામી શકતા નથી.

જ્ઞાની પુરુષો આપણને વારંવાર કહે છે કે બહારના જગતમાં જે વ્યક્તિમાં, જે વસ્તુમાં, જ્યાં જ્યાં તારી પ્રીતિ જોડી છે તે નાશવંત છે. તે પ્રીતિ શાશ્વત સુખ દેનાર નથી, ત્યાંથી પાછો વળ. અને તારા અંતરમાં ઊતર. તારામાંથી તને ઘણું સુખ પ્રાપ્ત થાય તેમ છે. એના Attractionમાં લોભાઈને તું ખેંચાઈશ, એ તરફ વળીશ તો એને તું પામી શકીશ. કારણ તારા અંદરમાં પડેલું તત્ત્વ સ્વાવલંબી છે. અકૃત્રિમ છે, સહજ છે. પણ અંતરનું એક એવું પ્રબળ પ્રલોભન જામે તો બહારનું પ્રલોભન છૂટે. નહીં તો ના છૂટે? બાળકને તમે ચોકલેટ આપો તો એ માટી છોડે. નહીં તો બાળક માટી ના છોડે. બંધુઓ! બહારના સંબંધો, બહારની પ્રીતિઓ આપણા માટે માટી જેવી છે.

મહાપુરુષો આપણા આત્માની શક્તિઓને બતાવતાં કહે છે કે સુખ તારામાં છે પણ બાહ્ય સુખ મેળવવા જતાં, તારા અંતરનું સુખ તું ગુમાવી દે છે.

**''સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો રાચી રહો.''**

'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' વિચાર કર્યો છે ક્યારેય આ પંક્તિનો? બહુ વાર આ ગાતા હશો, બહુ વાર સાંભળતા હશો. સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે એ કઈ રીતે બને? સુખ પ્રાપ્ત કરતાં તો સુખ મળે, ટળે તો નહીં. તો આમાં આમ કેમ લખ્યું શ્રીમદ્જીએ? કંઈ ભૂલ નથી લાગતી તેઓની? આપણે બાહ્ય દૃષ્ટિથી જ જોવા ટેવાયેલા છીએ. એટલે આપણને એમ લાગે છે કે આમાં કંઈક બરાબર નથી. પણ આ મહાપુરુષો જ્યારે કોઈ પણ વાત



આપણી સમક્ષ મૂકે છે ત્યારે બાહ્ય અને આભ્યંતર બેય દૃષ્ટિ એમની સામે હોય છે. એ બેય દૃષ્ટિને સામે રાખી આપણને સમજાવે છે. એટલે એ કહે છે. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' પહેલું સુખ તે ભૌતિક સુખ, તેની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ કરતાં આત્મિક સુખ ટળી જાય છે. કેમ? આમ શા માટે? બહારનાં સુખો મેળવીને શું પ્રાણીઓ સુખી નથી થતાં?

સુખની વ્યાખ્યા શું છે તમારી? જેની પાસે બહારનાં સુખ-સાધન, સગવડતાઓ છે એ સુખી. લોકો કહેતા હોય છે કે ફલાણા ભાઈ બહુ સુખી છે. કેમ સુખી છે? એમ પૂછીએ તો કહે, તેમની પાસે બધું છે. લાડી, ગાડી, વાડી. આ બધું જ છે તેથી તેઓ સુખી છે. આ બાહ્ય સુખ છે. બાહ્યસુખ-પ્રાપ્તિની કામના એ જ મૂર્છા છે, બેભાનતા છે. અને તે સુખને મેળવવાના પ્રયત્નથી આ મૂર્છા વધુ ગાઢ થતી જાય છે. જેના કારણે અંદરથી ઉછળતી રાગ-દ્વેષ રૂપ વિભાવ પરિણતી ઘોર કર્મબંધનની પરંપરા સર્જે છે. અને તેના કારણે આત્મામાં રહેલ સુખ, વધુ ને વધુ દબાતું જાય છે. આત્મિકસુખની અનુભૂતિ ભારેકર્મી જીવ કરી શકતો નથી. માટે જ શ્રીમદ્જીએ કહ્યું છે કે 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે.' બાહ્યસુખ લેવા જતાં આંતરસુખનો નાશ થાય છે. કારણ જેમાં સુખ નથી તેમાં જ મેળવવાનાં ફાંફાં મારે છે. આ જ મોટી મૂર્ખતા છે અને મૂર્ખ પ્રયત્નોથી વાસ્તવિકતા દૂર જ રહે છે. આ વિપરીત પ્રયત્નનું નામ જ મિથ્યાત્વ છે.

**'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો રાચી રહો'** આ પંક્તિ ખૂબ જ સમજવા જેવી છે. ભાવમરણ એ શું? અને દ્રવ્યમરણ એ શું? અને દ્રવ્યમરણ તો આપણે જાણીએ છીએ. નાનાં-મોટાં દરેક પ્રાણીઓને મરતાં આપણે જોયાં છે. શરીરમાંથી આત્માનું નીકળી જવું તે દ્રવ્ય-મરણ. એ કોણ નથી જાણતું? પણ દ્રવ્ય-મરણને જોઈ આપણને કદી ભાવ-મરણ માટેની વિચારણા જાગ્રત થઈ ખરી? બંધુઓ! સિદ્ધિ કોણ પામી શકે છે? જેનામાં સહજ યોગ્યતા આવા પ્રકારની હોય તે જ. પોતાની યોગ્યતાના કારણે જ્યારે જ્યારે આવાં નિમિત્તો આવે ત્યારે એ જીવ પોતામાં ઉતરી જાય છે. આવાં નિમિત્તો એને અંતર્મુખી બનાવે છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના કરનાર શ્રીમદ્ રાજચંદ્રજી ત્યારે સાત વર્ષની ઉંમરના હતા અને તેમના ગામ વવાણિયામાં અમીચંદભાઈ નામના એક ગૃહસ્થનું મરણ થયું. આ નાનકડા રાયચંદે સાંભળ્યું. વળી મરનાર

ભાઈ રાયચંદભાઈ પ્રતિ ઘણું જ વાત્સલ્ય ધરાવતા હતા. 'મરવું' એ શું? તેની રાયચંદભાઈને ખબર ન હતી. તેઓ તો તરત પોતાના દાદાજી પંચાણભાઈ પાસે ગયા, અને તેઓને પૂછ્યું :

''દાદાજી! અમીચંદભાઈ મરી ગયા?''

દાદા કહે : ''હા બેટા! તેઓ મરી ગયા.''

''દાદાજી! મરી ગયા એટલે શું?''

આ પ્રશ્નનો જવાબ કેમ આપવો? અણસમજુ બાળકને શું સમજાવવું? સર્વ-સામાન્ય બાળકને સમજાવાય તેમ દાદાજીએ રાયચંદભાઈને કહ્યું :

''બેટા! હવે તેઓ બોલશે-ચાલશે નહિ. ખાશે-પીશે નહિ, કંઈ જ નહિ કરે.''

''પણ શા માટે નહીં કરે? એ તો એવા ને એવા જ છે. પછી શું કામ કંઈ જ નહીં કરે?''

''બેટા! જે મરી જાય તે કંઈ ન કરે.''

પણ આનાથી રાયચંદભાઈને સંતોષ ન થયો. એ વિચારે છે એવું શું થઈ ગયું? હમણાં થોડીવાર પહેલાં બધું જ કરતા હતા અને એટલી વારમાં બોલતા ચાલતા બંધ થઈ ગયા! એમ કેમ? અને પોતાના જ અંતરના પ્રશ્નનું સમાધાન કરવા તેઓ તે મરનાર ભાઈના ઘરે પહોંચી ગયા. જઈને જોયું તો કેટલાક ભાઈઓ તેમને નનામીમાં જોરથી બાંધી રહ્યા હતા. એ જોઈને રાયચંદભાઈના દીલમાં કરુણા જાગી. તેઓ વિચારે છે : અરેરે! આ બધા કેવા છે? શા માટે આમને બાંધે છે? એમને કંઈ થતું નહિ હોય? અને અમીચંદભાઈ પણ કેમ કંઈ બોલતા નથી? આમ વિચારતાં વિચારતાં તેઓ ઊંડાણમાં ઉતરી ગયા. તેમને થાય છે કે એવું શું થઈ ગયું કે થોડીવાર પહેલાં લોકો જેને જરા પણ પીડા આપવા નહોતા માગતા તેઓ હવે તેને બાંધી રહ્યા છે? ત્યાં તો લોકોએ નનામી ઉપાડી અને ચાલવા માંડ્યા. તો વળી વધુ આશ્ચર્ય થયું કે હવે શું કરશે? ક્યાં લઈ જશે? અને તેઓ સહુની પાછળ ચાલવા લાગ્યા. બે-ચાર વાર મોટેરાઓએ તેમને પાછા વાળવાનો પ્રયાસ કર્યો, પણ લપાતા-છુપાતા તેઓ સ્મશાને પહોંચી ગયા. અને ત્યાં લોકોની નજરથી બચવા માટે પાસેના જ એક ઝાડ પર ચડી ગયા.



ઝાડ પરથી તેઓ જોઈ રહ્યા છે કે નનામીને ચિતા પર ગોઠવી અને પછી પગના અંગૂઠે આગ લગાડી. અને શબ તો ભડભડ બળવા માંડ્યું. આ જોઈ એમનાં રોમ-રોમ જાગૃત થઈ ગયાં. તેમની વિચારદશા, તેમની પરિણામધારા વધુ ઊંડાણમાં વહેવા માંડી અને પોતાની જ અંદર સર્વ પ્રશ્નોનાં સમાધાન શોધવા માંડ્યા.

એ વિચારે છે કે જે દેહને બાળી રહ્યા છે, એ દેહમાં પહેલાં એવું શું હતું? કે જેના કારણે બધી જ ક્રિયાઓ હતી. અને હવે એ તત્ત્વ ક્યાં ગયું? એનું શું થયું કે લોકો તેના શરીરને બાળે છે? આ વિચારમાં તન્મયતાપૂર્વક તેઓ ઊંડા ઉતરતા ગયા અને તેઓને સમજાયું કે શરીરમાં એક અદ્‌ભૂત શક્તિ હતી, જેના કારણે ક્રિયાઓ હતી. અને તે શક્તિ ચાલી ગઈ. તો તે શક્તિ કઈ?

બંધુઓ! અનેકને મરતાં જુઓ છો, બળતા જુઓ છો. અરે! તમારા હાથથી બાળ્યા પણ હશે. છતાંય ક્યારેય તેના પર વિચાર જાગ્યો છે? આમ કેમ? તમે કહેશો : અમે તો જાણીએ છીએ કે શરીરમાંથી જીવ નીકળી જાય એટલે તે શબ કહેવાય, અને તેને બાળી જ નખાય. માટે અમારે કંઈ વિચારવાની જરૂર નથી. તેથી તેઓ આ બધું વિચારતા હતા, પણ ના બંધુઓ! તેઓ આપણા બધા કરતાં વધુ જાણતા હતા, અને તેઓના એ જાણપણાએ જ તેમને અંતરમાંથી જગાડ્યા. તેમની આત્મજાગૃતિ જ તેમને પરિણામધારાના ઊંડાણમાં લઈ ગઈ. અને તે વિચારદશાએ જ એમને ભાન કરાવ્યું કે દેહમાંથી જે નીકળી ગયું તે ચેતનતત્ત્વ હતું, આત્મા હતો. આત્મા હતો તો જ બધું હતું અને તે નીકળી જતાં જ દેહને બળવું પડ્યું. માટે દેહ અને આત્મા ભિન્ન છે. આ ભિન્નતાની પ્રતીતિએ તેઓ પોતામાં સ્થિર થયા અને ત્યાં જ એ ઝાડ પર ઊભા-ઊભા જ એમને જાતિ-સ્મરણજ્ઞાન થયું. તેમાં તેમણે જોયું કે મેં દેહ-આત્માની ભિન્નતાનો અનુભવ પૂર્વભવોમાં કર્યો છે. એટલું જ નહિ, પૂર્વે સાધુનાં વ્રતો પણ પાળ્યાં છે, ત્યાગ અને વૈરાગ્યથી મારા આત્માને રંગ્યો છે. અને બંધુઓ! આ થતાં માત્ર સાત વર્ષની ઉંમરમાં જ એમની વૃત્તિ આત્મા તરફ વળી ગઈ. તેઓએ આટલી નાની ઉંમરમાં પહેલી વાર કોઈનું દ્રવ્ય-મરણ જોયું અને તેઓનો આત્મા જાગ્રત થઈ ગયો. તેમની વૃત્તિ અને પ્રકૃતિ આત્મામય થઈ ગઈ.

બંધુઓ! ખરાબ ન લગાડશો. પણ અમે સાંભળ્યું છે કે જ્યારે સમાજમાં

કોઈનું મરણ થાય છે અને તમે સ્મશાને જાઓ છો ત્યારે જેનું મરણ થયું છે તેનાં સગાં-સંબંધીઓ-સ્વજનો તો ત્યાં ઉદાસ થઈને બેઠાં હોય છે. પણ ત્યાંથી થોડે દૂર બેઠેલા બીજા ચા-પાણી પીતા હોય, અરે! એટલું જ નહીં, જે વાતો બીજે ક્યાંય નહીં થતી હોય તે વાતો ત્યાં થાય, પછી એ ધંધાની હોય, રાજકારણની હોય કે કોઈની સગાઈ કે લગ્નની હોય! મૃત્યુનો મલાજો જે જાળવવો જોઈએ વ્યાવહારિક દૃષ્ટિએ, એ પણ નથી જળવાતો!

જો એ સમયે તમારું અંતઃકરણ જાગ્રત હોય તો જ્યાં દેહ અને આત્માની ભિન્નતાનું પ્રત્યક્ષ સબળ પ્રમાણ મળી રહ્યું છે ત્યાં આત્માની વિચારણા થાય. હું તમને પૂછું છું કે ક્યારેય સ્મશાનમાં ગયા હો અને ત્યાં આત્મા યાદ આવ્યો હોય એવું બન્યું છે? જો ના, તો વિચારવું ઘટે કે કેટલા સુષુપ્ત છો? આત્મા યાદ આવવો જોઈએ ત્યાં પણ જો તેની યાદ કે વિચાર નહીં આવે તો ક્યાં આવશે? શું ઘરમાં, દુકાનમાં, ખાતા-પીતાં આત્મા યાદ આવશે? બંધુઓ! આ દ્રવ્યમરણ આપણને આત્માની વિચારણા પ્રગટ કરાવવા માટેનું મહાન નિમિત્ત છે, તેને સમજીને આત્મવિચાર જાગ્રત કરી લઈએ.

ભાવ-મરણ તો બહુ જ સમજવા જેવું છે. આપણે અહીં બેઠેલા સહુ અને વિશ્વના સમસ્ત જીવો ભાવમરણથી અનેકવાર મર્યા અને હજુ મરી રહ્યા છીએ. જાણો છો તમે? તમારી આ ૫૦-૬૦ વર્ષની જિંદગી ગઈ તેમાં કેટલી વાર મર્યા? મને કહેશો જરા કે તમે કેટલી વાર મર્યા? અરે! મહારાજ! અમે મર્યા નથી. જીવીએ છીએ અને એટલે જ આપની સામે બેઠા છીએ. પણ ભાઈ! હું દ્રવ્યમરણની વાત નથી કરતી, ભાવમરણ માટે તમને પૂછુ છું, ભાવમરણે કેટલી વાર મર્યા? **'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે'** જ્ઞાનીઓ કહે છે તારું ભાવમરણ ક્ષણે-ક્ષણે થઈ રહ્યું છે.

આ ભાવમરણ કેવી રીતે થાય છે? ભાવમરણ સાથે જગતની પ્રીતિનો શુ સંબંધ છે? ઉપાધિ સહિતની આ પ્રીતિ, આ સ્નેહસંબંધ ભાવમરણે વારંવાર શા માટે મારે છે? અને આ ભાવમરણ આત્મા માટે કેટલું દુ:ખદાયી છે? કેટલું પીડાકારી છે? એ બધું અવસરે.

# પ્રાપ્તિ તણાં નિદાન...!

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની સમ્યક્ આરાધના આત્મા પરનાં સર્વ આવરણોને ક્રમશઃ દૂર કરી, આત્માની સર્વ શક્તિઓને જાગ્રત કરે છે. આત્મામાં પડેલી અમાપ શક્તિઓને આપણે નથી અનુભવી શકતા તેનું કારણ પણ કર્મનાં આવરણો જ છે.

જે શક્તિ કેવળજ્ઞાની ભગવંતોએ પ્રાપ્ત કરી અને તેથી મોક્ષની સાધના કરી ગયા, એ શક્તિ આપણામાં પણ છે જ. પરંતુ આપણો અનુભવ તો જુદો જ છે. એક નાનું એવું વ્રત-પ્રત્યાખ્યાન કરવું હોય તો પણ આપણી અંદરની માનસિક કે આત્મિક નબળાઈ આપણને રોકી રાખે છે. શારીરિક અનુકૂળતા હોવા છતાં પણ, આ કારણે જ તપ-ત્યાગ થઈ શકતાં નથી. એટલું જ નહીં પણ આત્માના ગુણો પ્રગટ થતા નથી, આત્મામાં પડેલ અનંત બલ-વીર્ય સક્રિય થતું નથી.

શું કારણ છે આની પાછળ? બંધુઓ! વિચારો! દુર્લભ એવો માનવનો ભવ મળ્યો, સમજણ મળી, શ્રદ્ધા પણ છે અને સત્સંગનો યોગ પણ મળતો રહે છે. આ બધું મળવા પછી પણ સત્પુરુષાર્થ કેમ ઊપડતો નથી? આ પ્રશ્નનો ઉત્તર આપણા અંતરમાં જ શોધવો પડશે.

સર્વ બાહ્ય શક્તિઓને કામે લગાડી ભૌતિક ઉપલબ્ધિની પ્રાપ્તિમાં જરાય પાછો ન પડતો માનવ આધ્યાત્મિક માર્ગે પગ પણ કેમ ઉપાડી શકતો નથી? જીવન વ્યવહારનાં બીજાં અનેક કાર્યો માટે જબરજસ્ત મહેનત કરી શકતો માનવ, આત્મિક પુરુષાર્થમાં કેમ મંદતા અનુભવતો હોય છે? આનું સમાધાન એ છે કે આધ્યાત્મિકતાનું મહત્ત્વ જ જીવને સમજાયું નથી. આધ્યાત્મિકતા જો જીવનની પળે-પળની પ્રવૃત્તિમાં વણાઈ જાય તો એક અદ્ભુત ક્રાન્તિ જીવનમાં ઘટિત થાય છે. એનું ભાન જ નથી. ઈતિહાસમાં

એવા સચોટ અને સાક્ષાત્ દાખલાઓ જોવા મળે છે કે જેઓ પૂર્વ જીવનમાં ખૂબ જ અધમતાથી ભરેલા હતા, પણ જ્યારે તેઓને આધ્યાત્મિકતાની મહત્તા સમજાઈ અને જીવનના મુખ્ય અંગ તરીકે તેનો સ્વીકાર થયો, ત્યારે તેઓ પામરમાંથી પરમાત્મા બની ગયા.

સર્વ પ્રથમ તો જીવને અંતરમાં એ વસી જવું જોઈએ કે સત્યના ચરણમાં સર્વસ્વનું સમર્પણ, એ જ જીવનની સર્વોચ્ચ ઉત્ક્રાંતિ છે. જીવનમાં તેનાથી વધીને કોઈ ધ્યેય, મહાત્મ્ય કે પુરુષાર્થ નથી. આવા સમર્પણ માટે એક અચલ, અકંપ, દૃઢ નિર્ધાર જોઈએ. પછી ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિ આવે. અરે! સર્વસ્વ લૂંટાવી દેવું પડે તો પણ સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની જેમ કરેલા નિર્ણયમાંથી એક તસુ માત્ર પણ પાછા ન હટવું, એવો અડોલ આત્મવિશ્વાસ અત્યંત આવશ્યક છે.

આનું કારણ એ જ કે, આવી નિર્ણયાત્મક સ્થિતિ એ જ આધ્યાત્મિકતાનો મૂળ પાયો છે. પાયાની મજબૂતાઈ પર જ ઈમારતની ઉચ્ચતા અને આલીશાનતા નિર્ભર છે. જો પાયો નબળો હોય તો તે ઊંચે સુધી પહોંચેલા બંધારણને કડડભૂસ કરી જમીનદોસ્ત કરી નાંખે.

સાધનામાર્ગે પણ પાયાની સુદૃઢતા અત્યંત આવશ્યક મનાઈ છે. અન્યથા પાયાની કચાશ, સાધનાને સુયોગ્ય રૂપે આગળ નહીં વધવા દે. પછી સિદ્ધિની તો વાત જ ક્યાં? માટે જ ડગમગતી સ્થિતિ ન જોઈએ. એટલે :–

**ડગમગતો પગ રાખ તું સ્થિર, મુજ દૂર નજર છો ન જાય;**
**દૂર માર્ગ જોવા લોભ લગીર ના, મારે એક ડગલું બસ થાય.**
**મારે એક ડગલું બસ થાય....**

આરાધના પથની નક્કર ભૂમિ પર દૃઢતાપૂર્વક ઉપાડેલું માત્ર એક ચરણ પણ બસ થઈ પડે છે. એવું ચરણ કે જે ઉપડ્યા પછી સિદ્ધિ લઈને જ વિરમે. આત્મનિર્ણયપૂર્વકનું અલ્પ સમયનું વ્રત અનુષ્ઠાન પણ અંતે સિદ્ધિનું કારણ બને છે. માટે પ્રથમ દૃઢતા પછી જ વિકાસ સંભવે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિનો પુરુષાર્થ કેવા પ્રકારના વિચાર અને આચારની અપેક્ષા રાખે છે તે બતાવતાં શ્રીમદ્જી કહે છે —

**વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;**
**તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન...૬...**



છેલ્લા બે દિવસમાં આપણે આ ગાથાનાં પ્રથમ બે પદોનું વિવેચન કર્યું. ત્યાગ વૈરાગ્ય આદિની સફળતા આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં જ છે. ત્યાગ અને વૈરાગ્ય હોવાની સાથે સાથે જો આત્માને ઓળખી લીધો હોય, નિજ સ્વરૂપનો અનુભવ કરી લીધો હોય તો જ તે ત્યાગ વૈરાગ્ય અંતે મોક્ષરૂપ ફળ આપે છે.

આટલું સમજ્યા પછી હવે આપણે એ વિચારવું છે કે ત્યાગ-વૈરાગ્ય જીવનની પ્રતિપળના વ્યવહાર સાથે વણાઈ ગયા હોય, જીવની સમજણપૂર્વકની વિચારણા અને પૂર્વના અનાસક્ત સંસ્કારોએ અંતરમાં સંસાર પ્રત્યે ઉદાસીનતા પણ જગાડી હોય, ધર્મમય આચારોમાં જીવનનો સમય પસાર થતો હોય, અરે! આત્માનુભવની મહત્તા મનથી, બુદ્ધિથી સ્વીકારી પણ હોય, છતાં આત્મજ્ઞાનનું પ્રાગટ્ય થાય નહીં! તો તેવે વખતે કેટલાક જીવો નિરાશા અનુભવે છે. મન ડગમગવા માંડે છે. ક્યારેક તો વળી વૈરાગ્યાદિ નિરર્થક ભાસવા માંડે છે અને મનમાં તેની સત્યતા વિશે સંશય રહ્યા કરે છે. તો ત્યારે શું કરવું?

આવા સાધકની નિરાશાને દૂર કરવા અને વસ્તુસ્થિતિનું ભાન કરાવવા માટે જ શ્રીમદ્જી આ ગાથાનાં અંતિમ બે પદો કહે છે. સાધકની પીઠને પંપાળી તેઓ ઘણા જ પ્રેમથી કહી રહ્યા છે, ભાઈ! સમતા રાખ! ધીરજ ધર! શ્રદ્ધાને ડગવા ન દઈશ. તારા અંતરમાં ઊગેલા ત્યાગ-વૈરાગ્યના ભાવો તારી આંતર ઉદાસીનતા, તારી નિ:સ્પૃહતા, આજે નહીં તો કાલે, તને જરૂર આત્માની પ્રતીતિ કરાવશે. કારણ એ ભાવો જ આત્માનુભૂતિ માટેનાં શ્રેષ્ઠ સાધનો છે.

ત્યાગ-વૈરાગ્યાદિને સાધનરૂપે સેવવાનાં છે. આ સાધનોમાં યથાર્થતા પ્રગટે તો એ તેના બાહ્ય માળખામાંથી બહાર નીકળી, આગળ વધી આત્માને અંતરાત્મા સુધી લઈ જવાના સોપાનરૂપ બને, જે સોપાનશ્રેણી તેના અંતિમ ચરણમાં મોક્ષ મંઝિલ સુધી પહોંચાડે.

ત્યાગ-વૈરાગ્યરૂપ સાધનોની યથાર્થતા એટલે શું? તો પ્રથમ તો એ કે આ જીવને ભોગનો જેટલો પરિચય છે એટલો ત્યાગનો નથી. ત્યાગ કરતાં તો એ શીખ્યો જ નથી અને ભોગ એને શીખવવો પડતો નથી. વિચારો! બંધુઓ! આ જીવે ક્યાંય પણ ભોગને છોડ્યા છે? તે ગમે ત્યાં ગયો, નાની-મોટી ગમે તે યોનિઓમાં જન્મ્યો પણ અનાદિકાળથી ભોગોની સાથે જ

ભ્રમણ કરતો રહ્યો. એકેન્દ્રિયપણું પામ્યો તોય નિરંતર એનો ભોગ ચાલુ જ છે.

એ દૃષ્ટિથી તમે વૃક્ષોને જોયાં છે? વૃક્ષોની વૃદ્ધિ અને તેની અંદર ચાલતી પ્રક્રિયા નિરંતર ચાલુ હોય છે. ઝીણી નજરે જો જોશો તો ખ્યાલ આવશે કે એક ક્ષણ પણ તેનો વિકાસ અટકતો નથી. કોઈવાર પાનખર ઋતુમાં કોઈ એક વૃક્ષનાં બધાં જ પાંદડાં ખરી પડ્યાં હોય, વૃક્ષ તદ્દન ઠૂંઠું થઈ ગયું હોય, પણ પછી તેને સવાર-સાંજ રોજ જોશો તો બહુ જ ઝીણી ઝીણી કૂંપળો તરત જ ફૂટતી દેખાશે. અને એ કૂંપળો ક્યારે નાનાં નાનાં પાંદડાંઓમાં વૃધ્ધિ પામી જશે તેની ખબર પણ નહીં પડે. આ વૃદ્ધિ આટલી જલદી કેમ થાય છે?

વૃક્ષમાં રહેલા જીવમાં આહાર-સંજ્ઞા પડેલી છે. એ સંજ્ઞાના કારણે, એ જીવ જમીનમાંથી જેટલું સત્ત્વ ખેંચાય એટલું નિરંતર ખેંચ્યા કરે છે. માત્ર જમીનમાંથી જ નહીં, બહારના વાતાવરણમાંથી, હવામાંથી, પ્રકાશમાંથી એને જે કંઈ ભોગ જોઈએ છે એ બધા જ વિષયોને ખેંચતો રહે છે. એટલે જ એ વૃક્ષનો વિકાસ થાય છે. એટલું જ નહીં પણ અમેરિકામાં એક એવા પ્રકારનાં વૃક્ષો થાય છે કે જો ભૂલે-ચૂકે કોઈ માનવ કે પશુ તેની પાસે વિશ્રામ કરવા આવે તો તેઓને જીવતા ને જીવતા ચૂસી લે! તો કેવી પ્રચંડ હશે તેની આહારસંજ્ઞા! આમ એકેન્દ્રિયમાં રહેલા એ જીવોનો ભોગ પણ નિરંતર ચાલુ જ છે. આહારસંજ્ઞા એ પણ એક ભોગ જ છે.

આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આ બધી જ સંજ્ઞાઓ સર્વ જીવોમાં હોય છે અને તેના ભોગમાં, તેના પોષણમાં નિરંતર જીવો પ્રયત્નશીલ પણ છે. માત્ર એકેન્દ્રિય જીવો જ નહીં પણ સર્વ સંસારી જીવો મળેલી સર્વ ઈન્દ્રિયોના ભોગમાં જ આસક્ત હોય છે. વળી આ ભોગની ભાવનાઓ આત્મામાં સતત વર્ત્યા જ કરતી હોય છે અને એટલે જ જીવને ભોગનો પરિચય વધારે છે. વિચારધારામાં પણ ભોગના ભાવો જ વહેતા હોય છે, એટલું જ નહીં પણ જીવની કમનસીબી તો ત્યાં છે કે ત્યાગના ભાવ તો કોઈ એકાદ શુભ ક્ષણે જીવને જાગે છે, પરંતુ એ લાંબો સમય ટકતા નથી. એ ભાવોને ટકાવી રાખવા માટે પુરુષાર્થ કરવો પડે છે, જ્યારે ભોગોના ભાવો ચિત્ત-મનમાંથી ખસતા નથી.

આ બન્ને પ્રકારની જે ભાવધારા છે તેને ઉલટાવી નાખીએ. ભોગના



ભાવો અંતરમાં જાગે કે તરત તેને દૂર કરી શકીએ અને ત્યાગના ભાવોને અંતરમાં સતત ટકાવી રાખી શકીએ ત્યારે જ ભોગની ભાવના ભૂંસાતી જશે અને ત્યાગની ભાવના બળવત્તર બનતી જશે.

ચારે બાજુ પથરાયેલું ભોગનું પોષક વાતાવરણ, ભોગ-ભાવોનું પોષણ કરાવે તે સ્વાભાવિક છે. જીવને એ જ વાતાવરણ પ્રિય લાગ્યું છે અને તેવા સંયોગોને જ એ શોધતો ફરે છે. પણ હવે જીવે ત્યાગને ટકાવી રાખે તેવું વાતાવરણ ઊભું કરવું પડશે. અને તે છે સત્સંગ. સત્સંગને શોધી સત્પુરુષનો ઉપદેશ સાંભળવો, એ ન મળે તો સત્શાસ્ત્રનું વાંચન. એ પણ યોગ ન હોય તો સદ્‌વિચારણા અને તેના ફળસ્વરૂપ સદાચરણ. જો આટલું થશે તો ત્યાગભાવ દૃઢતાને પામશે.

જેમનું આત્મવીર્ય ઉલ્લસિત થયું છે, તેમને જ ત્યાગના ભાવ જાગે છે અને તેને જ તે ભાવ ટકી રહી શકે છે. આમ ત્યાગ-વૈરાગ્યરૂપ સાધનોની દૃઢતા જીવને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવે જ, તેમાં કોઈ શક નથી.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલા જીવની સુખ સંબંધી માન્યતા તદ્દન બદલાઈ જાય છે. જડમાં સુખની કલ્પના ન રહેતાં પોતામાં જ પોતાનું સુખ છે. એવી સુદૃઢ શ્રદ્ધા તેના રોમેરોમમાં વસી જાય. તેથી બાહ્યસુખને તે સુખરૂપ માને નહીં પણ આંતરસુખને લૂંટી લેનાર શત્રુરૂપ માને. એટલે જ શ્રીમદ્‌જીએ કહેલી વાત આપણે ગઈ કાલે કરી કે –

**'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.'**

વિષયજન્ય સુખ મેળવવા જતાં આત્મિકસુખ નષ્ટ થાય છે અને તેથી જ જીવ ક્ષણ ક્ષણ ભાવમરણે મરતો રહે છે.

ગઈ કાલે આપણે દ્રવ્યમરણ વિષે વિચાર કર્યો. આજે ભાવમરણ વિષે વિચારીશું.

ભાવમરણ શું છે? મરણ શબ્દ કાન પર પડતાં જ જીવ-કાયાનું જુદા થવું તેમ સમજતા હોઈએ છીએ. પણ એ તો થયું દ્રવ્યમરણ. એ સિવાય મરણની વ્યાખ્યા આત્મા સાથે ઘટી શકે છે તે શું?

દ્રવ્યમરણમાં જેના કારણે દેહ સક્રિય હતો તે ચાલ્યો જતાં દેહ નિષ્ક્રિય થઈ જાય છે. તેનાં સર્વ બાહ્ય સાધનો એટલે કે ઈન્દ્રિયો અને મન જે ચેતનવંતાં દેખાતાં હતાં તે જડ થઈ જાય છે. આત્મારહિત શબમાં પણ એ જ

ઈન્દ્રિયો અને એ જ અંગોપાંગ હોવા છતાં પણ સર્વ નકામાં બની જાય છે. કોઈ વ્યક્તિનું મરણ થયું છે તે માત્ર આપણે તો નિષ્ક્રિય બનેલા શરીરથી જ જાણી શકીએ છીએ. 'દેહ અને આત્માનું અલગ-અલગ થઈ જવું તે દ્રવ્યમરણ' એ જાણતા હોવા છતાં પણ ચાલ્યો જતો આત્મા આપણે જોયો નથી. છતાં તે દેહમાં નથી રહ્યો એમ ચોક્કસપણે માનીએ છીએ.

બંધુઓ! આપણી આ સમજણને, આત્મભાવોને સમજવાના કામે લગાડીએ. આત્મામાં રહેલાં જ્ઞાન, દર્શન, વીર્ય, ક્ષમા, સરળતા, શાંતિ, સમતા આદિ અનેક ગુણો પોત-પોતામાં સક્રિય છે. આ ગુણોનું પ્રાગટ્ય જેટલું વધારે એટલી તેની સક્રિયતા પણ વધારે. મહાપુરુષોમાં ગુણોની સક્રિયતા આપણે જોતા હોઈએ છીએ. સમતા, ક્ષમા, સહિષ્ણુતા આદિ ગુણો તેમની સાધકદશાના વિકાસ સાથે જ વધુ સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે, તો સાધનાના ફળસ્વરૂપે જ્ઞાન, દર્શનાદિની પૂર્ણતા જોવાય છે.

સર્વ જીવો આ બધા જ ગુણોના ધારક છે. પણ મહાપુરુષોમાં દેખાતી ગુણોની સક્રિયતા આપણામાં જોવા મળતી નથી. આપણા એ ગુણોમાં સર્વથા નિષ્ક્રિયતા જ હોય તેવો જ અનુભવ આપણને આજ સુધી રહ્યા કર્યો છે. માનવદેહે સાધના કરી સિદ્ધિ પામી જનારા સિદ્ધ આત્માઓમાં અને આપણામાં વાસ્તવિકતામાં કશું જ અંતર ન હોવા છતાં, એવો જ માનવદેહ મળ્યો હોવા છતાં, આપણે જાણે તેઓ કરતાં સર્વથા જુદા પ્રકારના જ હોઈએ તેવું લાગે છે.

આપણા ગુણોનું અપ્રગટીકરણ તે જ ગુણોની મોટી ઘાત છે. તે જ ભાવ-હિંસા છે. ભાવ-હિંસાના કારણે દ્રવ્ય-હિંસા થઈ રહી છે. અને એટલે જ ક્ષણેક્ષણે ગુણોનો ઘાત થઈ રહ્યો છે. અંતરમાં જાગતા રાગ-દ્વેષાદિના ભાવો, આત્માની સ્વાભાવિક પરિણતિ રૂપ ક્ષમાદિના ભાવોને મૃતપ્રાયઃ કરી નાંખે છે. આપણી વિભાવ પરિણતિનું જોર એટલું બધું છે કે સ્વભાવ તો બિચારો રાંકડો થઈ દબાઈને બેસી ગયો છે.

પૂછો અંતરને? રાત-દિવસ ચાલતી આપણી માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ કેવા ભાવોથી રંજિત છે? કાં તો રાગાત્મક અને કાં તો દ્વેષાત્મક. આ બે સિવાય કોઈ ત્રીજા ભાવનો સ્પર્શ આપણા યૌગિક વ્યાપારને થયો હોય તેવું અનુભવ્યું છે? રાગ-દ્વેષરહિત થઈ તટસ્થ ભાવે કંઈ કરતા હોઈએ એવું ક્યારેય બન્યું છે? વળી કાયા અને વાણી થોડીવાર માટે પણ



કદાચ નિવૃત્ત રહેતાં હશે પણ મન? તેને ક્યાં જંપ છે? અંદર પડ્યું પડ્યું પણ તે તો રાગ-દ્વેષ ઊભા કર્યા જ કરતું હોય છે. એટલે આ જીવની એક ક્ષણ પણ એવી જતી નથી કે આ જીવે કાં રાગ, કાં દ્વેષ ન કર્યો હોય.

ક્ષણે ક્ષણે થતી આ પ્રવૃત્તિ, આ પરિણતિ આત્માના ગુણોને કલુષિત કરી નાંખે છે, તેને આવરણો નીચે દાબી દે છે. એ ગુણો વધુ ને વધુ તિરોહિત થતા જાય છે. પણ જીવને ક્યાં તેનું ભાન છે?

સમગ્રપણે વિચારીએ તો સંસારના સર્વ જીવોને રાગ-દ્વેષમાં રચ્યા-પચ્યા રહેવામાં વધુ મોજ આવે છે, કે તેના ત્યાગમાં? શાંતભાવમાં આનંદ છે? અરે! રાગ કે દ્વેષનાં નિમિત્તો જો ક્યારેક ઓછાં મળે, પૂરતા પ્રમાણમાં ન મળે તો અકળાઈ ઊઠીએ છીએ અને તેને મેળવવા વલખાં મારીએ છીએ. બંધુઓ! આ છે જીવની અવળાઈ! આ જ છે સાધનામાર્ગ માટેની અપાત્રતા! જે નિમિત્તો સર્વથા ત્યાજ્ય છે તેને મેળવવા વ્યાકુળતાની પરાકાષ્ઠા અને જે સર્વથા આદરણીય છે તેવાં નિમિત્તો પ્રત્યે ઘોર ઉપેક્ષા! કહો! આમાં શાંતિ ક્યાંથી મળે! અને આવા અશાંત ભાવોમાં જીવવું તે ભાવમરણ નહીં તો બીજું શું? આત્મિક ભાવોને મહદ્ અંશે દબાવી દઈ, જડ જેવા થઈને જીવીએ તો એમ નથી લાગતું કે આપણે હાલતા-ચાલતા શબ છીએ?

તો શ્રીમદ્જીના શબ્દોમાં તો આપણે સહુ મરેલા જ છીએ. દ્રવ્યમરણથી તો એક જ વાર મરાય પણ ભાવમરણે ક્ષણે ક્ષણે મરી રહ્યા છીએ. તો ભાવમરણમાં રાચી ન રહીએ તો જ ત્યાગ-વૈરાગ્યનાં સાધનો દ્વારા આત્મજ્ઞાનને પ્રાપ્ત કરી શકીશું.

હવે આગલી ગાથામાં ત્યાગ-વૈરાગ્યનું વિશેષ મહાત્મ્ય શું છે તે અવસરે કહેવાશે.

# અટકે ત્યાગ વિરાગમાં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અને અનંતદર્શની પ્રભુ વીર જગતનાં ભવ્ય જીવો સમક્ષ, અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માના પ્રદેશે-પ્રદેશે વણાયેલી સ્વભાવદશાને સંપૂર્ણપણે જાગ્રત કરે છે.

અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે, તેનો એક માત્ર ધ્યેય, વિભાવનો સર્વથા નાશ કેમ થાય અને સ્વભાવદશાની પ્રાપ્તિ કઈ રીતે થાય તે બતાવવાનો છે. આ માર્ગે ઘણા જીવો પુરુષાર્થ તો કરતા હોય છે પણ તેઓનો માર્ગ ખામીભર્યો છે. તે તરફ સંકેત કરતાં શ્રીમદ્જીએ 'ક્રિયાજડ' અને 'શુષ્ક જ્ઞાની' આ બન્ને જીવો માર્ગ ભૂલેલા છે તે કહ્યું: કે જેઓનો પુરુષાર્થ એકાંત માર્ગે થઈ રહ્યો છે, પણ એ યોગ્ય નથી.

મોક્ષમાર્ગને પામવા માટેની પહેલી શરત છે આત્મજ્ઞાન. જ્યાં સુધી આત્મજ્ઞાન જાગ્રત ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગે એક ડગ પણ ભરી શકાય નહીં. આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનો બતાવતાં શ્રીમદ્જી ફરમાવે છે –

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**

**અટકે ત્યાગ – વિરાગમાં, તો ભૂલે નિજ ભાન... ૭...**

જેના ચિત્તને વિષે ત્યાગ-વૈરાગ્ય નથી, તેને આત્મજ્ઞાન થાય નહીં. અને જે ત્યાગ-વૈરાગ્ય સુધી પહોંચીને અટકી જાય, તેને નિજ આત્માનું ભાન – ભૂલાઈ જાય છે.

ત્યાગ અને વૈરાગ્ય આત્મજ્ઞાનના સાધનો છે. જેને આત્મજ્ઞાન પામવું છે તેના જીવનમાં એ બન્ને અત્યંત જરૂરી છે. આમ કહી શ્રીમદ્જી શુષ્ક જ્ઞાની જીવને ચીમકી આપે છે કે માત્ર જ્ઞાનની કોરી



વાતો કર્યાથી કે શાસ્ત્રોની ચર્ચા કર્યાથી જ્ઞાની થઈ જવાતું નથી. પણ જ્ઞાન સાથે ત્યાગ-વૈરાગ્યનું પણ એટલું જ મહાત્મ્ય છે. સાથે સાથે જડ ક્રિયાવાદીઓને પણ ચેતવણી આપે છે કે ત્યાગ-વૈરાગ્ય જ સર્વસ્વ નથી. માત્ર ત્યાગી કે વૈરાગી થઈ જવાથી આત્મ-સાધના નહીં થાય. પણ યથાર્થ ત્યાગ-વૈરાગ્ય અને તે પણ આત્મલક્ષ્યપૂર્વકના હોવાં જ જોઈએ.

વૈરાગ્ય શું છે તે આપણે વિચારી ગયા. હવે તેની સાથે ત્યાગ વિષે પણ વિચારીએ.

ત્યાગ એ શું છે?

બહુધા બાહ્ય પદાર્થોના સતત સંપર્કના કારણે આપણે એ પદાર્થોના ત્યાગને, ત્યાગ માની લેતા હોઈએ છીએ, પણ ત્યાં આપણે ભૂલીએ છીએ. આ ભ્રમણામાંથી આપણને બહાર કાઢવા માટે આ ગાથામાં શ્રીમદ્જી એક બહુ જ યોગ્ય શબ્દનો પ્રયોગ કરે છે.

**'ત્યાગ વિરાગ ન ચિત્તમાં'**

ત્યાગ અને વૈરાગ્ય તે માત્ર પદાર્થો પ્રતિ જ નહીં પણ અંતરંગદશા જ ત્યાગમય હોય. ચિત્ત-દશામાં ત્યાગ ઉતરી જાય.

આપણા આત્મામાં વહેતી સ્વાભાવિક અને વૈભાવિક પરિણામધારામાં જેમ અનેક પ્રકારની વૃત્તિઓ દેખા દે છે તેમ ત્યાગવૃત્તિ પણ નિરંતરની ભાવધારામાં સહજરૂપે જણાતી રહે.

અહીં પ્રશ્ન એ છે કે આંતરત્યાગ શાનો? આત્મ આરાધનાના માર્ગે ત્યાગનો હેતુ સમજી લઈએ તો સ્પષ્ટ રૂપે સમજાશે કે ત્યાગ એટલે પાપોનો ત્યાગ, પાપ-ભાવનો ત્યાગ, વિભાવ પરિણતિનો ત્યાગ.

બાહ્ય ત્યાગના અનેક નિમિત્તો મળે અને તે થઈ પણ જાય. પણ આંતરત્યાગનું મહત્ત્વ મનમાં વસ્યું ન હોય તેને આંતરત્યાગ થાય નહીં. જેને એ મહત્ત્વ સમજાયું છે તેને પળે-પળે એ સાવધાની હોય કે ત્યાગ નહીં થાય તો ભોગભાવ તો અંદર પડ્યો જ છે. અને તે મારા આત્માને દૂષિત કરે છે, કલંકિત કરે છે, ધ્યેયથી દૂર ધકેલે છે. તેથી જાગ્રત આત્માને તો ભોગ કાંટાની જેમ ખૂંચે છે.

યાદ રાખજો આ વાત! ત્યાગ પ્રત્યે શ્રદ્ધા જાગી છે કે નહીં? પ્રેમ જાગ્યો છે કે નહીં? એ માપવું હોય તો બહાર બીજે ક્યાંય

પૂછવાની જરૂર નથી પણ અંતરને જ તપાસી લેજો કે પાંચે ઈન્દ્રિયોના વિષયોમાંથી, એકાદ વિષય, એકાદ ભોગ મારા આત્મામાં ખૂંચે છે ખરો? વિષયોને ભોગવતો હોય, ભોગવવામાં રસ ધરાવતો હોય, પણ ભોગ ભોગવતાં એમ થાય કે અરે જીવ! ક્યાં સુધી ભોગવ્યા કરીશ? આ ભોગની વૃત્તિ મારી ક્યારે શાંત થશે? હું વૃત્તિને શાંત કરવા પુરુષાર્થ કરું. બંધુઓ! આના માટે પુરુષાર્થ કરવો પડે છે. આ વૃત્તિઓ સહજ જ દૂર થતી નથી.

ક્યારેક કોઈ વ્યક્તિમાં આપણને અનાસક્ત ભાવ સહજરૂપે જોવા મળે છે. પણ તે પૂર્વે કરેલા પુરુષાર્થનું જ પરિણામ છે. ક્યારેક તે જીવે અનાસક્ત ભાવ કેળવવા પુરુષાર્થ કર્યો હશે અને તો જ એ અત્યારે દેખાય.

એક સ્વાદવૃત્તિની જ વાત કરીએ. આપણે જમવા બેસીએ ને પદાર્થ સામા આવે કે તરત આપણને રૂચિ-અરૂચિના ભાવો જાગે. આ ભાવે છે અને આ નથી ભાવતું, આવું થયા જ કરે છે. જ્યારે કેટલાક માણસો આ કાળમાં પણ એવા જોવા મળે છે કે જે ધર્મના નામે કશુંયે ન જાણતા હોય. અરે! વર્તમાનમાં ધર્મક્ષેત્ર સાથે કંઈ જ સંબંધ પણ ન ધરાવતા હોય, પણ રસવૃત્તિ પર ખૂબ જ કાબૂ હોય. તેઓને ગમે તેવું ખાવા આપો, વગર બોલ્યે, મનમાં પણ કોઈ પ્રકારની ખુશી-દિલગીરી વગર ખાઈ લે, અરે! ઘરની સ્ત્રીઓને પણ ખબર ન પડે, પુરુષો જમીને જાય અને પછી સ્ત્રીઓ જમવા બેસે ત્યારે ખ્યાલ આવે કે આજે રસોઈ બરાબર નથી.

અહીં દેખાતી આ સ્વાદજયની સહજ વૃત્તિ માટે એ જીવે પૂર્વે કંઈક પુરુષાર્થ કર્યો છે, રસાસ્વાદ જીતવા પ્રયાસ થયો છે. તેથી જ સહજરૂપે સ્વાદ પ્રત્યે ઉદાસીનતા દેખાય છે. આવી સહજતા બીજી વૃત્તિઓમાં પણ જોઈ શકાય છે.

મહારાષ્ટ્રમાં કોલ્હાપુરની બાજુમાં કુંભોજગિરિ નામનું એક તીર્થ છે. ત્યાં એક દિગંબર મુનિ રહે છે. તેઓના જીવનમાં સહજરૂપે કષાયની મંદતા દેખાય. અમે તેમના સત્સંગમાં રહ્યાં છીએ. ત્યાં દિગંબર શાસ્ત્રોનો સ્વાધ્યાય પણ કર્યો છે. એકવાર અમે તેઓને પૂછ્યું:

''મુનિશ્રી! આપને કદી ક્રોધ નથી આવતો?''



''સાધ્વીજી! ક્રોધ એટલે શું? મને એની ખબર જ નથી.'' સ-હાસ્ય તેઓશ્રીએ ઉત્તર આપ્યો. એમની સાથે રહેનારાઓએ આ ૯૬-૯૭ વર્ષના સંતને કદી ગુસ્સે થતા જોયા નથી. આવા ઉપશાંત કષાયી છે આ મુનિજી! આ તેમણે પૂર્વભવમાં કરેલી સાધનાનું ફળ છે.

પણ આપણી કઈ દશા છે? આપણી અંદર રમી રહેલી દુષ્ટ વૃત્તિઓ, વિકારો શાંત થતા નથી, પણ હમેશાં ઉછળતા જ રહે છે. કારણ પ્રથમ તો એ વૃત્તિઓ આપણા માટે અહિતકર છે, તેનું ભાન જ નથી. તો ખૂંચે ક્યાંથી? અને ખૂંચે નહીં તો તેને કાઢવાની વાત જ ક્યાં? એટલે જ પૂર્વે પુરુષાર્થ થયો નથી. જો પુરુષાર્થ થયો હોત તો આપણામાં પણ એવી સહજ દશા હોત. પણ હવે તેનો અફસોસ કર્યા વગર, અત્યારે વૃત્તિઓ પર સંયમ કેળવવાનો પ્રયાસ કરી લઈએ. એ સંયમ સહજદશાને ઉત્પન્ન કરે છે. અત્યારે પુરુષાર્થ દ્વારા જેના પર વિજય મેળવવાનો રહે છે તે ભવિષ્યમાં ચિત્તદશા રૂપ બની જશે.

આમ ત્યાગ-વૈરાગ્યમય ચિત્તદશા જ જીવને આત્મજ્ઞાન તરફ લઈ જાય છે, અને સર્વ વિષયોની આસક્તિ તૂટતી જાય છે. પણ જેનું લક્ષ્ય આત્મજ્ઞાન તરફ નથી તેને આસક્તિ જાગે કે તેમાં એ લોભાઈ જાય છે. જાગૃતિ રહેતી નથી, પણ લપસી પડાય છે. આસક્તિથી છૂટવા માટે, માત્ર જાગૃતિ જ નહીં, સાવધાની જ નહીં, પણ પળેપળની સંયમ સાથેની સાવધાની અનિવાર્ય છે.

રામાયણના એક પ્રસંગ વિષે વિચારીએ. રામ અને સીતા વનમાં છે. સાથે લક્ષ્મણ પણ છે. રામની રક્ષા કરવાનું વ્રત લક્ષ્મણે ધારણ કર્યું છે. જંગલમાં ઝૂંપડી છે. રાત પડે રામ અને સીતા કુટિરમાં સૂતાં હોય અને લક્ષ્મણ પૂર્ણ જાગ્રતદશામાં બહાર પહેરો ભરે છે. સંપૂર્ણ નિદ્રા-ત્યાગનું વ્રત છે. એક રાતે રાવણની બહેન શૂર્પણખા સુંદર યુવતીના રૂપે, સોળે શણગાર સજી લક્ષ્મણ સામે આવે છે. લક્ષ્મણની યુવાની, શરીર સૌષ્ઠવ અને અપ્રતિમ સૌંદર્ય જોઈ શૂર્પણખા લક્ષ્મણમાં મોહિત થાય છે. વનના એકાંતમાં એકલા સુંદર પુરુષને લલચાવવા એ અઘટિત માગ એની સામે મૂકે છે.

પણ લક્ષ્મણજી પૂર્ણ જાગ્રત હતા. સંયમ અને બ્રહ્મચર્યની અદ્દભુત તાકાત તેમનામાં હતી. કોઈનાથી ચલિત થાય તેવા કાચા મનના ન

હતા. તેથી તેઓ શૂર્પણખાની લલચાવે તેવી સુંદરતા અને માગણીમાં ન લોભાયા.

વિચારો તો ખરા બંધુઓ! લક્ષ્મણ જેવો યુવાન વીર, સામે સૌંદર્ય અને સર્વ અનુકૂલ પરિસ્થિતિ, છતાં તેમાં કેમ ન લોભાણો? આવો લોભ જાગવો, આકર્ષણ થવું તે માટીના માનવ માટે સહજ છે. પણ આ તો લક્ષ્મણ હતા. તેને શૂર્પણખાએ કહ્યું: મને પત્ની તરીકે સ્વીકારો. ત્યારે લક્ષ્મણે કહ્યું:

‘‘હું વિવાહિત છું. મારી પત્ની અયોધ્યામાં છે. હું તને ન સ્વીકારી શકું.’’

શું તેમને ઈચ્છા હતી ને ના પાડી? નહીં, મનમાં એક ખૂણામાં પણ ઈચ્છા જાગી નથી. તેણે તો તેને રામ પાસે મોકલી. અને રામે પણ તેને ધૂત્કારી કાઢી. તે ફરી લક્ષ્મણ પાસે આવી. તેની વાસનાએ તેને મર્યાદા અને ભાન ભૂલાવી દીધું. અને જ્યારે લક્ષ્મણે બીજી વાર પણ ઈન્કાર કરી દીધો ત્યારે તે નાગણની જેમ વિફરી અને અંતે લક્ષ્મણે તેનાં નાક-કાન કાપી તેને કાઢી મૂકી.

આ પ્રસંગને આપણે અંતરદશા સાથે મૂલવીએ. લક્ષ્મણ નામમાં બે શબ્દો છે. લક્ષ અને મન! મનનું લક્ષ હોવું જોઈએ. સતત જાગૃતિ – તે રામ એટલે કે આત્માની ચોકી કરવામાં! તેના માટે માત્ર જાગૃતિ ન ચાલે! સંયમનાં હથિયાર આસક્તિને છેદવા માટે જોઈએ! એ જેની પાસે ન હોય તેના માટે શ્રીમદ્જી કહે છે:–

**‘ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.’**

બંધુઓ! ચિત્તદશા ત્યાગ-વૈરાગ્યમય થાય તેને જ આત્મજ્ઞાન થાય. આત્મજ્ઞાન માટેની પ્રથમ શરત જ એ છે કે વૃત્તિઓનો ત્યાગ થાય. સ્વાર્થનો ત્યાગ થાય, પાપનો ત્યાગ થાય, ત્યારે જ આત્મજ્ઞાન પ્રગટે છે અને જીવને એ અનુભવ થાય કે ‘હું આત્મા છું’ હું મને જાણું છું, હું મને ઓળખું છું.

તમે પણ આ સાંભળ્યા પછી પોપટની જેમ બોલી જશો કે ‘હું આત્મા છું’ પણ બોલવા માત્રથી તે જ્ઞાન નથી કહેવાતું. તેનો અંતર-અનુભવ થવો જોઈએ, અને તે ત્યાગ-વૈરાગ્યની અપેક્ષા રાખે છે.



કેટલાક લોકો એમ કહેશે કે ત્યાગ-વૈરાગ્ય વિના પણ અમે ઘણાં શાસ્ત્રો ભણી શકીએ છીએ. જ્ઞાનની ઊંડી વાતો કરી શકીએ છીએ. પણ એ તો માત્ર બૌદ્ધિકજ્ઞાન અને વાચાજ્ઞાન થયું. આત્મજ્ઞાન એટલે અનુભવજન્ય જ્ઞાન. એટલે કે પોતે પોતાનો અનુભવ કરે તે આત્મજ્ઞાન.

જે જીવોને સમ્યગ્દર્શન થયું છે તેમની આવી ચિત્તદશાને કારણે જ થયું છે. ભગવાન મહાવીરના જીવને નયસારના ભવે મુનિને આહાર-દાન કરતાં, માર્ગ બતાવતાં સમ્યક્ત્વ થયું. તમે કહેશો એ ગૃહસ્થી જીવ હતા, તેમના સંસાર-વ્યવહારમાં ડૂબેલા હતા. એમનામાં ક્યાં ત્યાગ-વૈરાગ્ય હતો? એમને સમ્યગ્દર્શન કેમ થયું? તો તેમને બહારથી પદાર્થોનો ત્યાગ હતો કે નહીં પણ તેમની ત્યાગ-વૈરાગ્યમય ચિત્તદશા હતી. હૃદય શુદ્ધ હતું, સરળ હતું અને એવા શુદ્ધ હૃદયમાં જ ધર્મ ટકે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે:

**‘‘धम्मो सुद्धस्स चिट्ठइ’’**

તેથી જ તેમને સમ્યગ્દર્શન થયું.

ત્યાગ-વિરાગની મહત્તા બતાવ્યા પછી તેની સીમા ક્યાં સુધીની છે તે બતાવતાં શ્રીમદ્જી બહુ સુંદર રીતે બીજા ચરણમાં કહે છે:–

**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.**

શું કરશું આનો અર્થ? ત્યાગ-વૈરાગ્ય જીવનમાં હોય અને તેને જ સર્વસ્વ માનીને ત્યાં અટકી પડે કે મેં બધું જ કરી લીધું, હવે મારે આગળ કશું જ કરવાની જરૂર નથી, આવું જો સમજી બેસે ‘તો ભૂલે નિજ ભાન.’ તો પોતાને જ પોતાનું ભાન ન રહે. માણસને પોતાને જ પોતાનું ભાન ન રહે તે કેવું કહેવાય? અરે! વ્યવહારમાં પણ કોઈ કાર્યમાં કંઈક ઉણપ દેખાય તો એ કરનારને આપણે એવા જ શબ્દોથી નવાજીએ છીએ કે ‘સાવ ભાન વગરનો છે’ – ‘કંઈ ભાન છે કે નહીં?’

આ તો પોતાના ભાનની વાત છે. શા માટે નિજ ભાન ભૂલ્યો અને ત્યાગ-વૈરાગ્યમાં જ અટકી ગયો? વૈરાગ્ય આવે તેને અટકવાનું ન હોય. એને તો આગળ વધવાનું હોય છે.

મહાયોગી આનંદઘનજી મહારાજે એક રૂપક દ્વારા બતાવેલ છે.

**અવધુ વૈરાગ્ય બેટા જાયા, વાને ખોજ કુટુંબ સબ ખાયા.... અવધુ**

**જીને માયા – મમતા ખાઈ, સુખ દુ:ખ દોનોં ભાઈ....**

**કામ ક્રોધ દોનોં કો ખાઈ, ખાઈ તૃષ્ણા માઈ.... અવધુ.**

એક એવી માન્યતા છે કે જે બાળક મૂળ નક્ષત્રમાં જન્મે તે આખા પરિવારનો નાશ કરી નાખે. અત્યારના યુગમાં તો આ માન્યતા બહુ રહી નથી. પણ એક જમાનો એવો હતો કે મૂળ નક્ષત્રમાં જન્મેલા બાળકનો મા-બાપ ત્યાગ કરી દેતાં. એવું કહેવામાં આવે છે કે 'રામચરિત માનસ'ના કર્તા ગો-સ્વામી તુલસીદાસજીનો આ કારણે જ તેમનાં માતા-પિતાએ ત્યાગ કરી દીધો હતો.

અહીં આ પદમાં આનંદઘનજી મહારાજ પણ આવા જ બેટાને વૈરાગ્યનું નામ આપીને, આંતર-સંસારના પરિવારનો નાશ કેમ થાય તે બતાવવા માગે છે. તેઓ કહે છે —

**''વાને ખોજ કુટુંબ સબ ખાયા''**

વૈરાગ્યે આખા કુટુંબનો નાશ કર્યો. અર્થાત્ જેનાથી બાહ્ય સંસારની ઉત્પત્તિ થાય છે એવા આંતર-સંસારનો નાશ વૈરાગ્ય જ કરે છે. આ વાતને હિન્દુ દૃષ્ટિથી સમજીએ.

હિન્દુ માન્યતામાં, બ્રહ્મા આ સૃષ્ટિના સર્જનકર્તા છે, વિષ્ણુ એના પાલનકર્તા છે, અને શિવ એના સંહારકર્તા છે. આ ત્રણ શક્તિને માનવામાં આવે છે અને આ શક્તિ દ્વારા સૃષ્ટિનું સર્જન, પાલન અને પ્રલય, આ ચક્ર ચાલ્યા કરે છે. આમ આ આખાયે સંસારની ઉત્પત્તિ બ્રહ્મા દ્વારા થઈ.

હું તમને પૂછું છું કે આપણા સર્વેનો સંસાર કોણે પેદા કર્યો? આપણો સંસાર એટલે શું? તમે કોને માનો છો સંસાર? માલ-મિલકત, પુત્ર-પરિવાર અને એનાથી પણ આગળ વધીને સંબંધોનો પસારો! આ જ છે ને તમારો સંસાર? આ સંસાર કોણે પેદા કર્યો? તમે કહેશો કે? એ તો બધું એમ જ થતું આવ્યું છે.

ઠીક છે, સ્થૂળ દૃષ્ટિથી એમ વિચારો. પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો આપણા સંસારની ઉત્પત્તિ આપણે જ કરી છે. કેવી રીતે? આપણી



અંદર રહેલા રાગ-દ્વેષ અને મોહથી જ આપણો સંસાર ઊભો થયો છે. કર્મ ફિલોસોફીની દૃષ્ટિથી આપણે એટલું તો સમજીએ છીએ કે કોઈપણ વ્યક્તિ, કોઈપણ વસ્તુ જેને આપણી માની રહ્યા છીએ એ સર્વ સાથે કોઈ ને કોઈ પ્રકારના આપણા પૂર્વના ઋણાનુબંધ છે. ત્યારે જ એ વ્યક્તિનો સંપર્ક છે, એ વસ્તુનો સંપર્ક છે. આપણને જેટલું મળ્યું છે એ આપણા મમત્વનું જ કારણ છે. જેનાથી મળ્યું તેની સાથે કોઈ સંબંધ નથી તેથી નથી મળ્યું. તેથી એ નક્કી થાય છે કે આપણામાં પડેલી મોહ અને મમત્વની જે પરિણતિ છે, તેનાથી જ વ્યક્તિ અને વસ્તુની સાથે સંબંધ થયો છે.

અંદરમાં કંઈક પ્રાપ્ત કરવાની ભાવના પડી છે, તેનાથી જ સબંધ પેદા થાય છે. આમ રાગ-દ્વેષાત્મક આપણી વૃત્તિમાંથી જ બહારનો સંસાર પેદા થયો છે, અને અંદરનો સંસાર પણ આપણે જ પેદા કર્યો છે, એ સંસારનું પાલન-પોષણ આપણે જ કરીએ છીએ અને એનો નાશ પણ આપણે જ કરી શકીએ છીએ. એટલે આપણામાં જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણેય શક્તિ છે.

જેટલી રાગ-દ્વેષની તીવ્રતા વધારે, રાગ-દ્વેષનું ક્ષેત્ર વિશાળ, એટલો જ બાહ્ય સંસાર પણ વિશાળ અને રાગ-દ્વેષની જેમ જેમ મંદતા થતી જાય, તેમ તેમ બાહ્ય સંસાર પણ છૂટતો જાય. જ્યાં રાગ-દ્વેષ પર સંયમ આવે, ત્યાં જ વૈરાગ્ય છે. અને તેથી જ સંસારનો નાશ કરનાર પુત્ર-જન્મની ખુશાલી આનંદઘનજી મહારાજ વ્યક્ત કરે છે.

અહીં ખુશાલી એટલા માટે છે કે અનાદિકાળથી વળગેલા સંસારને નાશ કરનાર શક્તિ સ્વમાં પ્રાપ્ત થઈ ચૂકી, વળી આ સંસાર નાશ પામી શકે તેવો છે. અર્થાત્ જો આપણો પુરુષાર્થ ઊપડે તો તેને નષ્ટ થવું જ પડે. એ સંસારની ક્ષણભંગુરતાને બતાવતાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આઠમા અધ્યયનની પ્રથમ ગાથામાં, શ્રી પ્રભુએ કહ્યું છે.

**'अधुवे असासयम्मि, संसारम्मि दुक्खपउराए।'**

આ સંસાર અધ્રુવ અને અશાશ્વત છે. અહીં આત્માની વિભાવ પરિણતિ રૂપ આભ્યંતર સંસારને અધ્રુવ-અશાશ્વત કહ્યો છે. અર્થાત્ તે વિનાશી છે. સમસ્ત બાહ્ય સંસાર ગમે તેવો હોય, તેની સાથે આપણે ઝાઝું લેવા-દેવા નથી. ચાહે ચિરકાળ રહે, ચાહે નાશ પામે. થોડા સમય

માટે અહીં આવ્યા છીએ ને ચાલ્યા જઈશું. માટે સમસ્ત બાહ્ય સંસારની ચિંતા કરવાની જરૂર નથી, પણ આંતર-સંસાર વિનાશી છે. તો જો અંતરંગ વૈરાગ્યથી વાસિત બને તો જ તેનો વિનાશ થઈ શકે.

વૈરાગ્યે સૌથી પહેલાં શું ખાધું? માયા અને મમતાને ખાધી. વૈરાગ્ય આવે ત્યાં માયા-મમતા ઊભાં રહી શકે નહીં. જ્યાં માયા-મમતા છે ત્યાં વૈરાગ્ય નથી. જેને પોતાના અંતરના વૈરાગ્યને તપાસવો હોય, ઉદાસીનતાને તપાસવી હોય, તેણે પોતાના અંદરમાં જઈને પૂછવું પડશે કે ક્યાંય તારૂં મમત્વ પડ્યું છે? કોઈ વસ્તુ કે વ્યક્તિમાં મમત્વના ભાવો છે? જો હોય તો સમજી લેવું કે બહારથી ઉદાસીનતાની વાતો કરનાર આપણે અંદરથી કેટલા પોકળ છીએ! મમત્વ તલભાર પણ ઓછું નથી થતું. અરે! એટલું જ નહીં એ તો પદાર્થો અને વ્યક્તિ સાથેના સંબંધોને વધારવામાં પોતાનું ગૌરવ સમજે છે. પણ જ્યાં વૈરાગ્ય જાગ્યો કે માયા મમતા ગાયબ.

એ પછી વૈરાગ્યે જે સર્વથી મોટો પ્રહાર કર્યો તે ''સુખ દુ:ખ દોનોં ભાઈ'' ''ન સૌખ્યં ન દૌખ્યં'' 'સુખ કે દુ:ખ આત્માને સ્પર્શી શકે નહીં, અનુકૂળ નિમિત્તજન્ય સુખથી આપણો આત્મા ન હર્ષ અનુભવે અને પ્રતિકૂળ પરિસ્થિતિ રૂપ દુ:ખથી ન તો ખેદ અનુભવે. તો એ કેવો હોય? સ્થિતપ્રજ્ઞ. ભગવદ્ ગીતામાં કહ્યું —

**दुखेष्वनुद्विग्नमनाः सुखेषु विगत स्पृह ।**
**वीतराग भय क्रोधः स्थितिधीर्मुनिरूच्यते ॥**

ગમે તેવા દુ:ખમાં જેનું મન ઉદ્વિગ્ન નથી થતું, સુખમાં જેને સ્પૃહા નથી, તથા જેણે રાગ, ભય અને ક્રોધને જીતી લીધા છે તેવી સ્થિર બુદ્ધિવાળાને મુનિ કહેવાય છે.

સુખ-દુ:ખ ક્યારે ન સતાવે? જ્યારે આત્મસ્થિરતા આવી હોય ત્યારે! આત્મામાંથી આનંદ મેળવવાની ચાવી જેના હાથમાં આવી છે તેને સુખ માટે બહારનાં નિમિત્તો શોધવાં જવાં પડતાં નથી. સામાન્ય રીતે માનવ સુખના નિમિત્તે સુખી અને દુ:ખના નિમિત્તે દુ:ખી થતો હોય છે. જે આપણા સહુનો અનુભવ છે. પણ એથી ઉપર ઊઠીને પોતામાંથી જ પોતાનું સુખ શોધી લેનારા વીરલા જીવ આ જગતમાં પડ્યા છે.



તમે કહેશો મહાસતીજી! બહુ ઊંડી ઊંડી વાતો કરો છો. પણ ભાઈ! ઊંડી વાતો કર્યા વગર ઊંચાઈએ પહોંચાતું નથી. સામાન્ય વાતો તો ઘણી સાંભળી, હવે આ આત્માનું ઉત્થાન કરવું છે તો ઊંડી વાતો જ નહીં પણ અંતરતમનો ઊંચો અને ઊંડો પુરુષાર્થ પણ કરી લઈએ.

બાહ્યસુખ અને દુ:ખનાં નિમિત્તો આપણાને અકળાવી ન મૂકે માટે આપણે અંદરથી પુરુષાર્થ કરવો પડશે. હું ઘણીએ વાર તમને કહું છું કે બંધુઓ! આ બધું કરવા માટે અંદરનો પુરુષાર્થ જોઈએ. નિમિત્તો તો આવતાં જ રહેશે. પણ નિર્ણય કરો કે નિમિત્તો આવે તેમાં મારે ભળવું નથી. એ જ સમયે ચૂપ થઈ જાઓ, એ સમયે તમે તમારી જાતને સંયમિત કરી દેજો. એ તરફથી દૃષ્ટિને અને વૃત્તિને ફેરવી નાખો. તો એ નિમિત્ત કંઈ નહીં કરી શકે.

પણ આ પ્રયોગ સમય પણ માગે છે, શક્તિ પણ માગે છે, જાગૃતિ પણ માગે છે, સંયમ અને સાવધાની પણ માગે છે. આ બધી એની શરતો હોય છે. આ બધું થવા પછી જ આપણે નિમિત્તાધીનતાથી છૂટી શકીએ છીએ.

તો પ્યારા બંધુઓ! શ્રીમદ્જીએ અહીંયાં એ જ બતાવ્યું કે આ બધો પુરુષાર્થ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે જરૂરી છે. પરંતુ પહેલાં તો ત્યાગ-વૈરાગ્યમય દશા ચિત્તમાં પ્રગટ કરો, અને એ પ્રગટ્યા પછી આગળનો પુરુષાર્થ વધુ વેગથી ઉપાડવાનો છે. અહીં અટકી જવાનું નથી. પણ આ બેભાન જીવને સ્વનું ભાન કરાવવાનું છે. તે માટે પ્રચંડ પુરુષાર્થ જોઈશે. કેવો, કેટલો અને ક્યાં સુધીનો?

શ્રમણ ભગવંત મહાવીરને જન્મ્યા ત્યારથી જ અરે! જન્મ પહેલાં જ એમને ખબર હતી કે તેઓ તદ્ભવ મોક્ષગામી છે. સર્વ કર્મનો ક્ષય આ ભવમાં જ થવાનો છે. અને એમણે ૧૨ વર્ષ અને ૧૩ પક્ષ સુધી સતત નિરંતર પુરુષાર્થ કર્યો. એક ક્ષણ પણ પુરુષાર્થ છોડ્યો નથી. આટલા દીર્ઘ સમયમાં માત્ર બે ઘડીની જ ઊંઘ પ્રભુએ લીધી. હું તમને પૂછું છું કે પ્રભુ સાડા બાર વર્ષ સુધી સૂતા રહ્યા હોત તો કેવળજ્ઞાન ન થઈ જાત? કેમ? થવાનું જ હતું. નિશ્ચિત થઈ ચૂક્યું હતું. તો થઈ જવું જ જોઈએ.

પણ ના, જેમ સર્વજ્ઞતા નિશ્ચિત હતી, તેમ તેઓની પુરુષાર્થ દશા

પણ નિશ્ચિત હતી. કે આટલો પુરુષાર્થ થશે ત્યારે જ સર્વ કર્મનો ક્ષય થશે. અને તેથી જ તેઓ ઊંઘ્યા નહીં. બંધુઓ! આપણે કેટલું ઊંઘીએ છીએ? નિરંતર ઊંઘમાં જ પડ્યા છીએ! જાગતા હોઈએ ત્યારે પણ ઊંઘમાં પડ્યા હોઈએ તેવા જ છીએ, આત્મ-જાગૃતિ નથી. આપણી ચેતના બિલકુલ સુષુપ્ત છે. તો પ્રભુને સાડા બાર વર્ષ સુધી કઠિન આરાધના કરવી પડી. કેટલી સહિષ્ણુતા! કેટલી ક્ષમતા! કેટલી ક્ષમા! એમનામાં આ બધું હતું ત્યારે જ આટલો પુરુષાર્થ કરી કેવળજ્ઞાન સુધી પહોંચ્યા! વિચારો! તો આપણે કેટલા પુરુષાર્થની, કેટલી સહિષ્ણુતાની અને કેટલી સમતાની જરૂર છે?

તો બંધુઓ! આપણને તો આ અંતરમાં કાંઈ જ નથી થતું! અનુભવ થાય છે. કાંઈ આત્માનો? અરે! હૃદયની ધડકનોનો પણ અનુભવ નથી થતો. સ્ટેથોસ્કોપ લગાવવું પડે છે. ત્યારે જ ખબર પડે છે કે આ હૃદય ધડકે છે. હાડ-માંસના બનેલા આ શરીરના સ્પંદનની ખબર નથી પડતી તો ચેતનાના સ્પંદનની ખબર કેવી રીતે પડશે? ચેતનાના સ્પંદનને પામવા માટે સતત નિરંતર પુરુષાર્થ થવો જોઈએ. આ પુરુષાર્થ જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવશે અને કેવળજ્ઞાન સુધી લઈ જશે.

અંતિમ સ્થિતિ માટે જે આરાધનાની જરૂર છે તે આત્મજ્ઞાનથી શરૂ થાય છે અને કેવળજ્ઞાનમાં તેની પરિપૂર્ણતા થાય છે. અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિના પુરુષાર્થથી લઈને કેવળજ્ઞાનને પામવા માટેની આરાધનાનો માર્ગ પ્રશસ્ત કરવામાં આવ્યો છે.

હવે આગળ, આપણા માટે શું કર્તવ્ય છે તે અવસરે કહેવાશે.

૬

## આત્મ-ચિંતન....

હું.... આત્મા છું.... હું આત્મા.... છું.

સત્.... ચિત્ત.... આનંદ એ મારું સ્વરૂપ.

સત્....

સત્ યાને અસ્તિત્વ. હું અસ્તિત્વવાન પદાર્થ છું....

નિત્ય.... શાશ્વત... અવિનાશી... દ્રવ્ય... છું... હું... સર્વ કાળ રહેનાર..., મારો કદી નાશ થાય નહીં.... હું... ભૂતકાળમાં હતો..., વર્તમાનમાં છું..., ભવિષ્યમાં હોઈશ... હું અવિનાશી..., દેહ વિનાશી..., મારો જન્મ નથી..., મારું મૃત્યુ નથી... જન્મે છે તે શરીર છે... અને મરે છે તે પણ શરીર છે... હું જન્મું નહીં... હું મરું નહીં... દેહ મારો નથી... હું દેહનો નથી... દેહથી ભિન્ન એક અખંડ... ચૈતન્ય દ્રવ્ય... છું... હું... આત્મા... છું.

ચિત્...

ચિત્ એટલે ચૈતન્ય... ચિત્ એટલે જ્ઞાન...હું જ્ઞાનસ્વરૂપી... જ્ઞાયક સ્વભાવી... સમસ્ત જગતને જાણનારો છું. પરંતુ મારો જ્ઞાન-સ્વભાવ... અનાદિ કાળથી... વિકારી થઈ, ઈન્દ્રિય..., મન... બુદ્ધિના માધ્યમથી સંપૂર્ણ બાહ્ય વિશ્વને... જાણવામાં વિખરાઈ રહ્યો છે..., વેડફાઈ રહ્યો છે... મારી વૃત્તિને જગતના પદાર્થોમાંથી પાછી... વાળી નિજને જાણવામાં સ્થિર કરું, મારા... જ્ઞાનગુણને... અવિકારી બનાવું તો જ હું... મને... જાણી શકું છું. મારે મને જાણવો છે..., માણવો છે... અનુભવવો છે.

સત્-ચિત્ આનંદ.

આનંદ....

આનંદ એ મારું સ્વરૂપ... આત્માના એક... એક પ્રદેશે... અનંત... સુખ વિદ્યમાન છે... મારે મારા સુખને અનુભવવું છે. સુખને માણવું એ મારો સ્વભાવ છે... મારામાં... દુઃખ નથી... હું દુઃખી થઈ શકું જ નહિ..., સંસારની... કોઈ પણ વ્યક્તિ..., કોઈ પણ શક્તિ કે કોઈ પણ પરિસ્થિતિ... મને દુઃખી કરી શકે જ નહીં. હું દુઃખી છું. એવી ભ્રમણાને..., એવા અજ્ઞાનને તોડીને મારે મારામાં સ્થિર થવું છે. એ દુઃખને ટાળવા માટે હું મારામાં સમાઈ જાઉં..., સ્થિર થઈ જાઉં... ઠરી જાઉં..., તો જ હું એ અજ્ઞાનને... તોડી..., મને જાણી શકું છું. મને માણી શકું છું... તે માટે થોડી ક્ષણો... વધુ... એકાગ્ર... થઈ..., વધુ ઊંડાણમાં ઊતરી... નિજનું ચિંતન

''હું... આત્મા... છું, હું... આત્મા... છું.

ૐ... શાંતિ... શાંતિ... શાંતિ.''

૮

# ....આત્માર્થી જન એહ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અને અનંતદર્શની પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના ત્યારે જ થઈ શકે, કે જ્યારે જીવ ધર્મમાર્ગે સેવાતા એકાંત આગ્રહોની જાળમાંથી બહાર નીકળે. જ્ઞાનીનાં વચનોને ગ્રહણ કરવાનો જિજ્ઞાસુ બને અને એ વચનો અનુસાર આચારને જીવનલક્ષ્ય બનાવે.

અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ક્રિયા અને જ્ઞાનની એકાંત માન્યતાઓ જીવને કાર્યકારી નથી, મુક્તિ માટે પરિણામદાયી નથી, એ ચાર ગાથાઓથી બતાવવામાં આવ્યું. હવે એ વિષયને સમેટી લઈ 'વિવેક'નો ઉત્તમ સિદ્ધાંત શ્રીમદ્જી બતાવે છે –

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તિહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ...૮**

ગાથાના પ્રથમ પદમાં એક મહાન સત્ય પડ્યું છે. આત્માર્થની ઝંખના સેવતા જીવની જવાબદારી કેટલી વધી જાય છે? એને સમગ્ર જગતનાં સર્વ તત્ત્વો અને સત્ત્વોની યોગ્યતા-અયોગ્યતાનો નિર્ણય કરવો પડે છે. પણ જેના અંતરમાં આત્મોત્થાનનો અડોલ નિર્ણય જાગી ગયો છે અને સર્વસ્વ સમર્પણ કરવાને જે વ્યાકુળ થઈ ઊઠ્યો છે, તેના જ અંતરમાં સ્વતઃ વિવેકનો ઉદય થાય છે. અને તેના પોતામાં યોગ્યતા પ્રગટી ચૂકી હોય, એટલે કે જિજ્ઞાસ અવસ્થા કહો કે મુમુક્ષુતા કહો, તે પ્રગટી ચૂકી હોય. આવું સુયોગ્ય પાત્ર જ આ વિષયનો વિચાર કરી શકે છે. અને પછી અંતરસૂઝ આવે છે. આ અંતરસૂઝ એનામાં સંશોધક વૃત્તિ જાગ્રત કરે છે.

આવો સાધક આત્મવિકાસની પૂર્ણતા સુધી પહોંચ્યો ન હોય પણ સતત અભ્યાસ દશામાં વર્તતો હોવાથી સત્ આલંબનો વડે આત્મિક ગુણોના વિકાસ અર્થે સાધક કારણોને ગ્રહણ કરી લે અને બાધક કારણોનો ત્યાગ કરી દે.

આ સાધક અને બાધક, બન્ને કારણોને મધ્યસ્થ ભાવે સમજવાં તે જ

વિવેક. વિવેકનું કામ શું છે? હિત અને અહિતને, જેવા છે તેવા ભિન્ન કરીને બતાવી દે છે. આચરણીય અને અનાચરણીય બાબતોને જુદી પાડી તેના સ્વરૂપને સ્પષ્ટ કરી નાખે છે.

'ક્ષીર નીર વિવેકની વાત બહુ વાર આપણે સાંભળી. દૂધ અને પાણી ભેગાં કરી હંસની સામે મૂકવામાં આવે તો બંનેને જુદાં પાડી નાખે અર્થાત્ દૂધને ગ્રહણ કરી લે અને પાણી પડ્યું રહે. હંસનું આ કાર્ય તેની ચાંચમાં રહેલા ખટાશના ગુણને કારણે થાય છે. તે બુદ્ધિપૂર્વક કરતો નથી. દૂધમાં પણ ખટાશનો ગુણ છે, તેથી હંસ તેને ખેંચી લે છે. આમ દૂધ અને પાણી બન્ને જુદાં થઈ જાય છે. આને સાહિત્યિક ભાષામાં 'ક્ષીર નીર વિવેક' કહેવાયો છે.

ભારતમાં થયેલા મહાપુરુષોમાંના કેટલાક મહાપુરુષોને આવું જ એક અર્થગંભીર વિશેષણ લાગ્યું છે. તે છે 'પરમહંસ'. તેમાંય ખાસ કરીને બંગાળમાં થયેલા રામકૃષ્ણ 'પરમહંસ' નામથી જ પ્રસિદ્ધ છે. પરમહંસ કહીએ એટલે આપણી દૃષ્ટિ સમક્ષ રામકૃષ્ણદેવની છબી જ ઉપસી આવે.

'પરમહંસ' એટલે શું? હંસનું કાર્ય દૂધ અને પાણીને અલગ કરવાનું છે. જેઓ પરમહંસ છે તેઓ પણ આવું જ કાંઈક વિશેષ રૂપે કરે છે. પેલો હંસ તો માત્ર વિવેકી જ હોય પણ આવા પરમહંસ તો પરમ વિવેકી હોય. જેઓ કર્મરૂપ અણજોઈતા પુદ્ગલો, જે આત્મામાં ભળીને, આખાયે સંસારની વિટંબણાઓ ઊભી કરે, તેને પાણીરૂપ નિસ્સાર સમજી તટસ્થ ભાવે તજી દે છે. અને દૂધરૂપ પરમ ઓજસ્વી આત્માને ગ્રહણ કરે છે, અર્થાત્ પામી જાય છે. અનાદિ કાળથી એક ક્ષેત્રાવગાહી રહેલા અને એકરૂપ ભાસતા આત્મા અને દેહને ક્ષીરનીરની જેમ ભિન્ન તારવી નાખે.

આ ભિન્નતાને જાણ્યા પછી, આત્માને અનુભવ્યો, અનુભવ્યા પછી આત્મામાં સ્થિરતા આવી, સ્થિરતા આવ્યા પછી તેમાં નિમગ્ન થઈ ગયા એ પરમહંસ! પછી તે ગમે તે ધર્મ, પંથ, સંપ્રદાયના અવલંબને વર્તતા હોય પણ દેહ આત્માનો ભિન્નતાનો અનુભવ કરીને તેમાં રમી ગયા હોય તે 'પરમહંસ'.

આવી પરમહંસ કક્ષાએ પહોંચવા માટે જ્યાંથી શરૂઆત કરવાની છે; તે છે જ્યાં જે યોગ્ય છે તેનો વિવેક કરી લેવો. આ વિવેકને બહુ જ સ્પષ્ટ શબ્દોમાં શ્રી દશવૈકાલિક સૂત્રમાં શ્રી શય્યંભવસૂરિએ શિષ્યનો પ્રશ્ન અને



ગુરુએ બતાવેલ સમાધાન રૂપે બતાવ્યું છે.

શિષ્યે પૂછ્યું :–

**कहं चरे, कहं चिट्ठे, कहं मासे कहं सए।**

**कहं भुजन्तो भासन्तो, पावकम्मं न बन्धइ॥**

હે ગુરુદેવ! જીવનની બધી જ ક્રિયાઓથી વિરાધના થાય છે તેમ કહો છો તો પછી કેમ ચાલવું, કેમ ઊભું રહેવું, કેમ બેસવું, કેમ સૂવું, કેમ ખાવું અને કેમ બોલવું જેથી પરિણામે પાપ ન બંધાય?

ગુરુદેવ ઉત્તર આપે છે —

**जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए।**

**जयं भुजन्तो, भासन्तो, पावकम्मं न बन्धइ॥**

બધા જ પ્રશ્નોનો ઉત્તર માત્ર એક જ શબ્દમાં! 'યત્ના' અર્થાત્ વિવેક. જ્યાં જીવન છે ત્યાં જીવન સંબંધી સર્વ ક્રિયાઓ પણ રહેવાની જ. પણ જો વિવેક સહિત થાય તો જીવ પાપ ન બાંધે. એટલે આખુંયે જીવન વિવેકથી જ જીવાય છે. વિવેકરહિતનું જીવન, જીવન નથી. ચાલવું, ઊભું રહેવું, બેસવું, સૂવું, ખાવું અને બોલવું – આ બધી જ ક્રિયા વગર કોઈનેય ચાલતું નથી. પણ એ બધી જ ક્રિયાઓ થવી જોઈએ એમ આપણે માનતા હોઈએ છીએ.

પણ બંધુઓ! આ તો વિવેકનું સ્થૂળ સ્વરૂપ જ માત્ર કહ્યું કે જે દ્રવ્યદયા સુધી સીમિત છે. પરિણામે, જીવ યથાપ્રવૃત્તિકરણ સુધી પહોંચે છે. પૂર્વે જે કરણ જીવે અનેકવાર કર્યું છે. પણ સ્વભાવપ્રાપ્તિ માટે આવશ્યક અનિવૃત્તિકરણ તો ભાવદયાથી જ પ્રગટે છે, જે વિવેકનું સૂક્ષ્મ તથા આંતરિક સ્વરૂપ છે. આ ભાવદયાને શી રીતે સમજવી? ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં, અર્થાત્ ચેતનની સ્ફુરણાથી થતી સર્વ દૈહિક ક્રિયાઓ કરતાં કરતાં 'હું આત્મા છું', દેહથી ભિન્ન છું એવી સતત લક્ષ્યધારા વર્ત્યા કરે, જેથી ભાવ-દયા પુષ્ટ થાય.

સ્થૂળ વિવેકથી દ્રવ્ય-દયા પુષ્ટ થાય, તો અંતરંગ વિવેકથી ભાવ-દયા. આવી રીતે સર્વથા વિવેક પ્રગટે. આ જ છે મુમુક્ષુની યોગ્યતા. તો જીવે પોતાની યોગ્યતા પહેલાં તપાસવી. પોતાની રૂચિ, રસ અને શક્તિનો વિચાર કરી આરાધના માર્ગે પોતે શું અને કેટલું કરી શકે તેમ છે તેનો નિર્ણય કરી,

આચરવું.

આંતરવૃત્તિઓને જીતવા માટે જો બાહ્ય ત્યાગની આવશ્યકતા હોય તો એ કરી લેવો. જો એવી યોગ્યતા પ્રગટી હોય કે બાહ્ય ત્યાગ વગર પણ આંતરવૃત્તિઓ સંયમિત થઈ શકે છે તો આંતરસંયમ કરી લેવો.

આત્માના ઉત્થાન માટે ત્રણ માર્ગો બતાવ્યા છે. જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ. એ ત્રણમાંથી, જે કરવાથી આત્મવિકાસ થતો હોય તે કરી લેવો. અર્થાત્ પોતાના અંતરવિકાસ ક્રમની દૃષ્ટિથી, જેટલો વિકાસ થયો હોય, ભાવનાઓ જેટલી કેળવાઈ હોય, એ રીતે જ માર્ગ પસંદ કરી લેવો ઘટે. કયા માર્ગે જવાથી કલ્યાણ થશે તે વિવેક કરી લેવો જોઈએ. સહુ જીવો માટે એક સરખું નથી હોતું. કોઈ ભક્તિમાર્ગે આગળ વધી શકે, કોઈ જ્ઞાનમાર્ગે આગળ વધી શકે, કોઈ કર્મમાર્ગે આગળ વધી શકે. એનો વિવેક પોતે જ કરવાનો છે.

જો કે આ ત્રણમાંથી એક માર્ગે આગળ વધતો જીવ જ્યારે ખૂબ વિકાસ કરે છે ત્યારે તેની સાધનામાં આ ત્રણે માર્ગ સહજરૂપે જ સંમિલિત થઈ જાય છે. અને અંતે ત્રણે માર્ગની એકતા જ મોક્ષરૂપ ફળને આપે છે.

હવે અહીં આ સિવાય પણ જીવે યોગ્ય-અયોગ્યનો વિચાર બીજી રીતે કરવો પણ જરૂરી છે તે બતાવતાં શ્રીમદ્જીએ પત્રાંક ૨૫માં બતાવ્યું છે. માનવીના મનને લક્ષમાં રાખીને એમણે કહ્યું કે શાસ્ત્રકાર ભગવંતોએ જુદી-જુદી જાતના ચાર અનુયોગોની પ્રરૂપણા કરી છે એ શા માટે? શરૂઆતથી લઈને સર્વોચ્ચ વિકાસ સુધીની સર્વ અવસ્થાઓનો ક્રમિક વિકાસ સ્યાદ્વાદના Base ઉપર હોવાના કારણે સહુ જીવો, પોતાની સાધનાદશા મુજબ, આ અનુયોગો દ્વારા શ્રુતના સહારે પ્રેરણા મેળવી શકે છે.

શરૂઆતમાં આપણે જ્યારે પ્રવચનમાં જિનેશ્વરની વાણીના મહિમાની વાતો કરતા હતા ત્યારે અહીંથી કહેવાયું હતું કે તીર્થંકરો દ્વારા પ્રરૂપિત વાણી, વિષયની દૃષ્ટિથી ચાર પ્રકારની હોય છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ધર્મકથાનુયોગ (૪) ગણિતાનુયોગ.

**(૧) દ્રવ્યાનુયોગ** – જેમાં જીવાદિ દ્રવ્યોનું વિવેચન છે. જીવદ્રવ્ય તેના ગુણ અને પર્યાય એ જ રીતે અજીવદ્રવ્ય, તેના ગુણો અને પર્યાય. તેમાં પણ સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયોનું પરિણમન આદિ વાતો આ અનુયોગમાં કરવામાં આવી છે.



**(૨) ચરણકરણાનુયોગ** – જેમાં સાધુ અને શ્રાવક બન્નેના જીવનને અનુરૂપ એવા નીતિ-નિયમોનું વિવેચન કરવામાં આવ્યું છે. સાધુનાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા શ્રાવકે બાર વ્રતોનું પાલન કેવી રીતે કરવું તે આ અનુયોગમાં કહ્યું છે.

**(૩) ધર્મકથાનુયોગ** – આમાં જે જીવો આરાધના કરી સિદ્ધિને પામી ગયા અને વિરાધનાના કારણે જે જીવો સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે તેઓના જીવનની કથાઓ છે.

**(૪) ગણિતાનુયોગ** – આમાં ત્રણે લોકનું વર્ણન, ભૂગોળ તેમજ ખગોળનાં અલગ-અલગ માપ, એની ગણતરી, એની સંખ્યા વગેરે કહેવામાં આવ્યું છે.

આવા ચાર પ્રકારના અનુયોગોની પ્રરૂપણા કરવાનું કારણ માનવનાં મન! પ્રત્યેક માનવની રસ, રૂચિ, વિચારો, અવસ્થાઓ હંમેશાં એક સરખી નથી રહેતી. મનની એ – એ – પ્રકારની સ્થિતિમાં એ – એ પ્રકારના અનુયોગો ઉપકારી નીવડે છે.

શ્રીમદ્જી કહે છે – મન જો શંકાશીલ થઈ ગયું હોય તો દ્રવ્યાનુયોગ વિચારવો યોગ્ય છે. શંકાઓ થવી એ માનવનો સહજ સ્વભાવ છે. તેમાંય પ્રત્યક્ષ કરતાં પણ પરોક્ષ તત્ત્વોની વાતોમાં બહુ જલદી મન શ્રદ્ધા ધરાવી શકતું નથી. તેના કારણે સર્વજ્ઞે બોધેલા ઉપદેશમાં પણ મન શંકિત થાય છે. સર્વજ્ઞની સર્વજ્ઞતા પર પણ વિશ્વાસ બેસતો નથી. તે જ રીતે 'હું આત્મા છું', જડ જગતથી પર છું. આવા નિશ્ચયનયના વચનોમાં તો અતિ શંકાશીલ બની જવાય છે. આવી પોતાના અસ્તિત્વ વિષયક તથા જગતના પરિણમન વિષયક શંકાઓ જ્યારે મનને સતાવતી હોય, અને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ ન હોય, શંકાનું સમાધાન થઈ શકે તેમ ન હોય ત્યારે દ્રવ્યાનુયોગનો સ્વાધ્યાય, કે જે આત્મા અને અજીવ દ્રવ્યોના સ્વતંત્ર અસ્તિત્વને સિદ્ધ કરી, સંયોગ સ્વભાવે રહેલ સબંધની – ક્ષણભંગુરતાને બતાવી, પોતાને પોતા વિષે દૃઢ કરે છે. 'હું આત્મા છું' અને અવિનાશી છું, ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છું. મારામાં પડેલું પરમાત્મ-તત્ત્વ જાગ્રત કરી શકું છું. એવી સચોટ શ્રદ્ધા આ સ્વાધ્યાયથી જાગે છે. મન શંકારહિત થઈ અખૂટ વિશ્વાસમાં રમવા માંડે છે.

મન જો પ્રમાદી થઈ ગયું હોય તો ચરણકરણાનુયોગ વિચારવો યોગ્ય છે.

અહીં પ્રમાદને બે દૃષ્ટિએ સમજવો છે. બંધુઓ! વ્યવહારમાં તો જેને કંઈ કરવું ગમે નહીં અને આળસુ થઈને પડ્યો રહે તેને પ્રમાદી કહીએ. આવા પ્રમાદીને સંસાર-વ્યવહારનાં કાર્યો તો ન જ ગમે પણ ધર્મ-ક્રિયા-વ્રત-અનુષ્ઠાનો કરવાં પણ ન ગમે. શારીરિક, માનસિક શક્તિ હોવા છતાં પણ ધર્મ-આચાર પ્રત્યેનો ઘોર ઉપેક્ષાભાવ એને કાંઈ કરવા ન દે.

અને બીજી દૃષ્ટિએ પ્રમાદ તે આત્મ-વિસ્મૃતિ, બહુ જ નાની છતાં માર્મિક વ્યાખ્યા છે. જેટલી ક્ષણો આપણે આપણા આત્માને ભૂલી જઈએ, એટલી ક્ષણોનો પ્રમાદ! કેટલી ક્ષણ ભૂલી જાવ છો આત્માને? અરે! યાદ જ નથી આવતો આત્મા! ભૂલવાની તો વાત જ ક્યાં? 'હું આત્મા છું' એની ખબર જ નથી. એટલે નિરંતર આત્માને ભૂલેલી દશામાં જ છીએ. આત્મ-વિસ્મૃતિની દશામાં જ જીવીએ છીએ તેથી ઘોર પ્રમાદી છીએ, શરીરથી કે મગજથી સખત મહેનત કરતા હો, પણ આત્મલક્ષ્યપૂર્વક ન જીવાતું હોય તો એ બધો પ્રમાદ જ છે.

આવા પ્રમાદને દૂર કરવા ચરણકરણાનુયોગનો સ્વાધ્યાય કરવા શ્રીમદ્જી ફરમાવે છે. એમાં બતાવેલ વ્રત, ક્રિયા, અનુષ્ઠાનો, બાહ્ય ચારિત્રના ભાવો તથા આંતરચારિત્ર્યને પ્રગટ કરવાની રીતોને સમજી વિચારી આચરણમાં લાવીશું તો અપ્રમાદ દશા પ્રગટ થશે.

આપણી પરંપરામાં બતાવેલ પર્વતિથિઓનું, એટલે કે બીજ, પાંચમ, આઠમ, અગિયારશ, અને પાખી; પણ એ માટે જ આચાર્યોએ નિર્માણ કર્યું છે. તે દિવસે પણ વ્રત-પ્રત્યાખ્યાન કરવાના ભાવો જીવને જાગે અને જો આચરે તો વિરતિભાવમાં આગળ વધતો જીવ સર્વાંશે અપ્રમત્તભાવને પ્રાપ્ત કરી શકે.

ગુણસ્થાનના ક્રમમાં પાંચમું-છઠ્ઠું ગુણસ્થાન વિરતિભાવનું છે. અને તે પછી સાતમું ગુણસ્થાન અપ્રમત્તભાવનું છે. જ્યાં સુધી સર્વથા વિરતિભાવ ન જાગે ત્યાં સુધી સર્વથા અપ્રમાદદશા આવતી નથી. તેથી જીવને વ્રત-પ્રત્યાખ્યાન અતિ આવશ્યક છે. જેઓ વ્રત-પ્રત્યાખ્યાનનો નિષેધ કરે છે તેણે સમજી લેવું ઘટે કે જ્યાં સુધી વૃત્તિને તોડવા રૂપ વિરતિભાવ નહીં જાગે-વિરતિભાવ નહીં સેવાય ત્યાં સુધી જીવ આત્મિકવિકાસની દિશામાં આગળ વધી શકશે નહીં. માટે ગૃહસ્થ સાધક હોય કે સંયમી સાધક હોય બન્ને માટે ચરણકરણાનુયોગના સ્વાધ્યાય દ્વારા પ્રમાદને દૂર કરવો અતિ આવશ્યક છે.



મન જો કષાયી થઈ ગયું હોય તો ધર્મકથાનુયોગ વિચારવો યોગ્ય છે. ક્રોધ, માન, માયા, લોભના ઉદયો જીવમાં વર્ત્યા જ કરે છે. ક્યારેક આ ભાવો તરત જ શાંત થઈ જાય છે, તો ક્યારેક લાંબા સમય સુધી રહે છે. સતત કષાયભાવમાં વર્તતો જીવ તીવ્ર કર્મબંધન કરે છે. આ બંધનમાં ન પડવું હોય, ભવબંધનની ભીતિ અંતરમાં જાગ્રત થઈ હોય તો બહુ જલદી કષાયભાવોથી મુક્ત થવું જોઈએ. પણ સામે જો બળવાન સાધન હાથમાં આવે તો જ એ ભાવોને હણી શકાય.

આ સાધન છે ધર્મકથા. કથા તો ખરી પણ મનને વિકૃત કરે તેવી નહીં પણ વિકારોને ઉપશાંત કરે તેવી, તેથી જ અહીં ધર્મકથા કહી. બંધુઓ! અન્ય કથાઓમાં તો જીવને ઘણો રસ છે અને તે રસની પૂર્તિનાં સાધનો પણ આજે તમારી પાસે એક નહીં અનેક છે. જેનાથી રાત-દિવસ એ રસને પોષ્યા કરો છો ને અંતર વિકારોથી મલિન કરતા રહો છો. પરિણામે કષાયોવાળું મન વધુ કલુષિત થાય છે ત્યારે અહીં તો કષાયોની કાલિમાને ધોવાનું સાધન બતાવ્યું ધર્મકથા.

જે કથાઓમાં પૂર્વે થઈ ગયેલા જીવોના જીવનની સત્ય ઘટનાઓના આધારે એ બતાવવામાં આવ્યું હોય કે કષાયરહિત સ્વભાવદશામાં વર્તતા જીવોનું જીવન કેટલું ઉત્તમ હતું અને પરિણામ પણ કેવું ઉત્તમ આવ્યું. સાથે સાથે કષાયસહિત વિભાવદશામાં પરિણમેલા જીવની અધમતાએ તેમને સંસારમાં કેવા રખડાવ્યા! અહીં કથાનુયોગમાં ગૌતમની કથા છે, તો ગોશાળાની પણ છે. અભયકુમારની છે તો કાળસુરિયા કસાઈની પણ છે.

આમ ધર્મકથાનુયોગ કષાયોથી વિરમવાની પ્રેરણા પૂરી પાડે છે, અને પરિણામે જીવ અકષાયી ભાવને વરે છે.

મન ક્યારેક એટલું બધું જડ થઈ જાય છે કે તેને ઉપરના ત્રણેય અનુયોગોથી ફાયદો થતો નથી. આવા જીવોને શ્રીમદ્જી કહે છે:

મન જડ થઈ ગયું હોય તો ગણિતાનુયોગ વિચારવો યોગ્ય છે. ગણિત એવી ચીજ છે કે ગમે તેવા જડ મનને ચંચળ બનાવી દે છે. કારણ ગણિતમાં બહુ જ એકાગ્ર થવું પડે છે. તમારો રોજનો અનુભવ છે ને? સાંજ પડે રોજમેળ મેળવો છો, કેટલા એકાગ્ર થઈ જાઓ છો! સાથે સાથે ગણિત તીક્ષ્ણ પ્રજ્ઞાને પણ માગે છે. જેની પ્રજ્ઞા તીક્ષ્ણ હોય તે જ ગણિતમાં ઊંડો ઊતરી શકે. માટે જ જડ મનને ચેતનવંતું કરવા અસંખ્ય દ્વીપ સમુદ્રની

ગણતરી, લોક-અલોકનાં માપ વગેરેને વિચારવું જરૂરી છે.

આમ મનની ભિન્ન ભિન્ન સ્થિતિમાં ક્યાં શું યોગ્ય છે તે બતાવ્યું. અને જીવે પોતે જ પોતાની મન:સ્થિતિને વિચારીને નક્કી કરવાનું છે, કે તેણે શું કરવું યોગ્ય છે.

એટલું જ નહીં આપણે એ પણ જાણવું જરૂરી છે કે આ વિશ્વમાં શું જ્ઞેય એટલે જાણવા યોગ્ય છે, શું હેય એટલે છોડવા યોગ્ય છે અને શું ઉપાદેય એટલે આચરવા યોગ્ય છે.

જૈન પરંપરામાં નવ તત્ત્વની માન્યતા છે. તેમાં જ્ઞેય, હેય અને ઉપાદેય કયા કયા છે તે વિચારીએ. પ્રથમ નવ તત્ત્વનાં નામ-જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

આમાં જીવ અને અજીવ આ બે જાણવા યોગ્ય છે. બન્નેના ભેદ, પ્રભેદ, બન્નેનાં સ્વરૂપ જાણવા યોગ્ય છે. પાપ, આશ્રવ અને બંધ આ ત્રણ છોડવા યોગ્ય છે. પાપ કરવા લાયક નથી એ તો આપણે સહુ જાણીએ છીએ. આશ્રવ એટલે કર્મનું આત્મામાં આવવું અને આવેલાં કર્મોનું આત્મા સાથે બંધાવું તે બંધ. એટલે આ ત્રણે છોડવા યોગ્ય છે. સંવર, નિર્જરા અને મોક્ષ આ ત્રણ આદરણીય છે. સંવરથી આવતાં કર્મ રોકાય છે. નિર્જરાથી સત્તામાં પડેલાં કર્મો ખરી જાય છે અને મોક્ષથી આત્માની સર્વથા મુક્તિ થાય છે અને આ ત્રણેય બાબત જ આત્માનું ધ્યેય હોવાથી, આચરણ કરવા યોગ્ય છે. હવે રહ્યું એક તત્ત્વ! ક્યું? પુણ્ય!

પુણ્યને શેમાં મૂકશો? હેય, જ્ઞેય કે ઉપાદેય? આ તત્ત્વ બહુ જ જબરું છે. એ ત્રણેય Categoryમાં બેસી જાય છે. પુણ્ય જાણવા યોગ્ય છે, જાણીને આચરવા યોગ્ય છે, અને તે પછી એ છોડવા યોગ્ય છે. જાણવું અને આચરવું આ બન્ને તો આપણે સહુ જાણીએ છીએ, પણ પુણ્યને છોડવા યોગ્ય કેમ કહેવું? એક જ તત્ત્વ ત્રણે રૂપ કેમ હોઈ શકે?

અહીં બહુ જ વ્યાપક વિચાર કર્યો છે. જ્યાં જીવ સંસારભાવમાં જ પડ્યો છે, તેની નિરંતરની માનસિક, વાચિક, કાયિક પ્રવૃત્તિઓ પાપમય છે. તેને પાપમાંથી બચવા માટે પુણ્ય કરવાનો આદેશ અપાયો છે. બીજી વાત એ કે આત્મ-સાધનાના માર્ગે આગળ વધતા જીવને, સાધના માટે જોઈતી સાનુકૂળ પરિસ્થિતિ પણ પુણ્ય વિના નથી સાંપડતી. માટે ત્યાં પણ જીવને



પુણ્ય કરવું આવશ્યક જ નહીં, અનિવાર્ય છે. તીર્થંકર પરમાત્માને અનેક જીવોને તારવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે તે તીર્થંકર નામકર્મના કારણે જ અને એ કર્મ જબરદસ્ત પુણ્ય પ્રકૃતિ જ છે. આમ જીવને આત્મિક વિકાસના માર્ગે, આધ્યાત્મિક પરિણામોની સાથે-સાથે પુણ્યબળ પણ સહાયક સાધન છે. તેથી પુણ્યને આદરણીય બતાવ્યું.

પણ મોક્ષ પામવા માટે તો સર્વ કર્મનો, સર્વથા ક્ષય અપેક્ષિત છે. ત્યાં પાપકર્મો સાથે પુણ્યકર્મોનો પણ નાશ થવો જ જોઈએ. તો જ આત્મા સર્વથા શુદ્ધ થાય. પરંતુ પુણ્યને છોડવા માટે પ્રયત્ન કરવો જરૂરી નથી. વળી સર્વ સામાન્ય જીવો માટે આ આદેશ પણ નથી. તેઓના માટે તો પુણ્ય આદરણીય છે જ. પણ જીવ જ્યારે આત્મ-વિકાસનાં સોપાન ચઢતો, ગુણસ્થાનના ક્રમે, આઠમા ગુણસ્થાને શ્રેણિ કરીને આગળ વધે છે, ત્યારે નિર્જરાનું પ્રમાણ ખૂબ જ વધી જાય છે. તેમાં પુણ્યની પણ નિર્જરા થવા માંડે છે. તેથી તે સહજ છૂટી જાય છે અને પુણ્યનો નવો બંધ પણ રોકાતો જાય છે. આ દૃષ્ટિથી પુણ્યને છોડવા યોગ્ય બતાવ્યું.

આમ જ્યાં જે યોગ્ય છે તે સમજી લઈને –

**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.**

તે તે રીતે આચરણ કરે તેને આત્માર્થ જાગ્રત થાય છે.

આની સાથે જ આત્માર્થીએ સદ્ગુરુની શોધ કરવી પણ યોગ્ય છે, તેથી તે સમજીને ગુરુની શોધ આદરી દે. તથા તેમના ચરણની સેવના કરવી પણ યોગ્ય છે, તે કરે. તે શાથી અને કેમ થાય તે હવે પછી બતાવવામાં આવશે.

૭

# સેવે સદ્ગુરુ ચરણને....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સર્વસમર્પિત ભાવને માંગી લે છે. જ્યાં સુધી જીવને દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણ તત્ત્વો પ્રત્યે સમર્પણતા જાગતી નથી, ત્યાં સુધી સમ્યગ્ આરાધના એ કરી શકતો નથી. સમર્પિતતા ત્યારે જ જાગે કે જ્યારે જીવનો અહમ્ તૂટે. જીવ જન્મો-જન્મથી જે જે યોનિઓમાં ગયો ત્યાં અને જે-જે મળ્યું, તેનો તે ગર્વ કરતો જ રહ્યો છે, માત્ર માનવ કે દેવ જ અહમ્ કરે છે એવું નથી. પશુ અને પક્ષીઓ પણ મળેલી શક્તિઓનું અભિમાન કરતાં જ હોય છે. જીવનો આ અનાદિનો અભ્યાસ છે અને એ જ કરતો આવ્યો છે. બહુ જ વિચાર માંગી લે છે આ ચીજ.

સ્થૂળ દૃષ્ટિથી વિચાર કરીએ તો અહમ્ કરતો જીવ શેનો અહમ્ કરે છે? ભૌતિક ક્ષેત્રે સત્તા, સંપત્તિ કે શક્તિ મળી હોય તેનું અભિમાન કરે. ધર્મક્ષેત્રે વળે તો, ધર્મનાં ક્રિયા-આચાર કરતાં શીખ્યો હોય તેનું અભિમાન કરે, શાસ્ત્રનું થોડું-ઘણું જ્ઞાન મેળવી લે તો તેનું અભિમાન કરે. આમ ભૌતિક ક્ષેત્રે, હું કંઈક છું અને મને કંઈક મળ્યું છે, વળી હું કંઈક મેળવી શક્યો છું એ મારા બુદ્ધિ-બળથી અને પુણ્યબળથી મેં મેળવ્યું છે, આવું અભિમાન જીવ કર્યા કરતો હોય છે.

પણ આ બધી ચીજો અનેકવાર મેળવ્યા પછી પણ જીવનો ઉદ્ધાર થયો નહીં. કેવળ ભૌતિક ક્ષેત્રે જ નહીં પણ ધર્મના ક્ષેત્રમાં પણ અનેકવાર, જે મેળવ્યું છે તે મેળવી ચૂક્યા છીએ. પણ તોય જીવનો એક ભવ ઓછો થયો નહીં અને પરિણામે જીવનું ભ્રમણ ચાલુ જ રહ્યું.

આધ્યાત્મિક ક્ષેત્રે જે મેળવ્યું છે તે આત્મા માટે ઉપકારી ત્યારે જ નીવડે કે જ્યારે દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે સંપૂર્ણ સમર્પણતા જાગ્રત થાય. નહીં તો એ સાધનો બહારની કીર્તિ, પ્રતિષ્ઠા મેળવી આપે, વાહ



વાહ કરાવી આપે, પાંચ માણસની વચ્ચે કીર્તિ કે સન્માન મળી જાય પણ સમર્પણ વિના આત્માને એક ટકો પણ લાભ ન થાય.

માટે જ હવે પછીની ગાથામાં, સદ્ગુરુના ચરણમાં સમર્પણ થતાં જીવ શું પામી શકે છે, તે બતાવે છે.

**સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ...૯....**

અહીં શું કરવું, કેવી રીતે કરવું, અને એ કર્યા પછીનું ફળ શું છે, એ ત્રણ બાબતો બતાવી છે.

પ્રથમ સદ્ગુરુના ચરણને સેવવા. એમનાં ચરણે સમર્પિત થઈ જવું કેવી રીતે?

### ત્યાગી દઈ નિજ પક્ષ

...પોતાની માન્યતા, મતાગ્રહ અને દુરાગ્રહને છોડીએ, તો શું ફળ મળે? તો કહે છે : પરમાર્થને પામે તો નિજ પદનું લક્ષ જાગ્રત થાય. અહીંયાં પદનો અર્થ છે સ્વરૂપ. અર્થાત્ સ્વ-સ્વરૂપનું લક્ષ જાગ્રત થાય.

તો પ્રથમ સદ્ગુરુના ચરણની સેવના. સેવના એટલે શું? એમના ચરણમાં બેસી રહેવું? એમના પગ પકડીને બેસી રહેવું? નહીં. શિષ્ય તો એનું નામ કે જે વિનીત હોય, અવિનીત હોય તે શિષ્ય નહીં. મહાપુરુષને, સત્પુરુષને ગુરુ તરીકે સ્વીકારી લીધા પછી વિનયભાવ જો પ્રગટ થતો નથી તો શિષ્યપણું પણ પ્રગટ થતું નથી. શિષ્યપણું અંદરથી પ્રગટાવવું પડે છે. કોઈએ કોઈને કહી દીધું કે તમે મારા ગુરુ અને હું તમારો શિષ્ય, તો તેથી શિષ્ય બની જવાતું નથી. પણ સંપૂર્ણ વિનયની સાથે, સંપૂર્ણ નમ્રતાની સાથે, સંપૂર્ણ સમર્પણની સાથે ગુરુચરણની સેવના થવી જોઈએ. એમની આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન થવું જોઈએ.

આચારાંગ સૂત્રમાં કહ્યું:

**'आणाए धम्मो, आणाए तवो'**

તથા ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું:

**'आणानिद्देस करे'**

અર્થાત્ આજ્ઞા એ જ ધર્મ, આજ્ઞા એ જ તપ. એથી જુદો

શિષ્યનો કોઈ ધર્મ હોઈ શકે જ નહીં. એક વિનયવાન શિષ્યને પૂછવામાં આવે કે તારો ધર્મ શું? તો એમ ન કહે કે મહાવ્રતનું પાલન, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન એ મારો ધર્મ. પણ એ કહેશે કે ગુરુકુલમાં વાસ કરવો એ મારો ધર્મ. ગુરુદેવની આજ્ઞાને મારા રોમે-રોમમાં ઉતારી દેવી એ મારો ધર્મ.

ગુરુદેવની આજ્ઞાને વિનયવાન શિષ્ય કઈ રીતે સમજે? તે આ જ ગાથામાં આગળ બહુ જ માર્મિક વાત કહી છે.

**'इंगियागार संपन्ने'**

વિનીત શિષ્ય એ છે કે જે ઈંગિત માત્રથી ગુરુદેવના ભાવોને જાણી જાય. ગુરુએ કહેવું ન પડે કે આ કર અને આ ન કર. આંખના ઈશારાથી શિષ્ય સમજી જાય. અરે! એથી પણ આગળ વધીને, યોગ્ય શિષ્યને ઈશારાની પણ જરૂર ન રહે. માત્ર ગુરુદેવની આંખોના ભાવને વાંચી લે, આંખો તો અંતરની આરસી છે. ગુરુની સાયકોલોજીનું જ્ઞાન શિષ્યને હોવું ઘટે. એ જ્ઞાન હોય તો જ શિષ્ય, શિષ્ય બની શકે, નહીં તો ના બની શકે. ગુરુ તો શિષ્યની સાયકોલોજી જાણતા જ હોય પણ શિષ્યમાં ગુરુની મનોદશા જાણવાની યોગ્યતા, એટલી પાત્રતા તૈયાર થાય પછી જ શિષ્યત્વ આવે, નહીં તો આવતું નથી. ગુરુચરણમાં દાસાનુદાસ થઈને જેને રહેતાં આવડે, માત્ર દાસ નહીં પણ દાસનો પણ દાસ થઈને રહે તે સદ્‌ગુરુનાં ચરણ સેવી શકે.

એટલું જ નહીં એથી પણ આગળ શાસ્ત્રમાં કહ્યું છે –

**'गुरूण-मुव वाय कारए'**

ગુરુની સમીપ વસનારો હોય, સમીપે એટલે હંમેશાં ગુરુની પાસે જ રહે એમ નહીં. ક્ષેત્રાંતર હોઈ શકે, હજારો માઈલ દૂર હોય, પણ સાચો શિષ્ય તો એ જ કે ગુરુના હૃદયમાં પોતાનું સ્થાન જમાવી શકે. શિષ્યના હૃદયમાં ગુરુનું સ્થાન હોય તે કોઈ નવી વાત નથી. શિષ્યે પોતાના હૃદય સિંહાસન પર ગુરુને બેસાડ્યા હોય, તો જ તેમના પ્રત્યે ગુરુભાવ જાગ્રત થયો હોય. પણ શિષ્ય એ રીતે જીવી જાય, એવો સરલ બની જાય. બાળક જેવી નિર્દોષતા અને નિખાલસતા એનામાં વર્તતી હોય કે ગુરુના હૃદયમાં એનું સ્થાન બની જાય.



પુરાણા કાળની વાત નહીં કરું. પણ આ કાળમાં જ થઈ ગયેલા રામકૃષ્ણ પરમહંસ. જેમણે આત્મા અને પરમાત્માનું તાદાત્મ્ય સાધી લીધું હતું. આવા પરમહંસ માટેની તિતીક્ષા, લગન અને તેમાંથી પ્રગટેલી અલૌકિક ભક્તિના મહાપુરુષ હતા સ્વામી વિવેકાનંદ! ત્યારે એ સ્વામી નહોતા બન્યા, કોલેજીયન હતા. પણ તેમણે પરમહંસનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું. ત્યારે તેમનું નામ હતું નરેન્દ્ર.

નરેન્દ્ર જ્યારે જ્યારે રામકૃષ્ણદેવ પાસે આવે ત્યારે રામકૃષ્ણદેવના અંતરમાં આનંદ પ્રગટે. તેમના એક-એક રૂંવાડામાં ઉલ્લાસ પ્રગટે, નરેન્દ્ર અદ્‌ભુત જિજ્ઞાસા લઈને એમની પાસે આવ્યો હતો. એણે કહ્યું હતું :

''તમે પ્રભુનો સાક્ષાત્કાર કર્યો છે? તો મને કરાવો. હું એને જ મારા ગુરુ તરીકે સ્વીકારવા તૈયાર છું જે મને મારા પ્રભુનો સાક્ષાત્કાર કરાવે.''

ક્યારે કહી શક્યો હશે એ? આ એનું અભિમાન ન હતું પણ એનામાં પડેલી યોગ્યતા બોલતી હતી. અને રામકૃષ્ણદેવ પણ ચેલેન્જ આપી, પડકાર ફેંકીને કહે છે.

''ચાલ્યો આવ મારી પાસે, હું તને સાક્ષાત્કાર કરાવીશ.''

પછી તો આઠ-પંદર દિવસે નરેન્દ્ર રામકૃષ્ણદેવ પાસે જાય, એને જોઈને રામકૃષ્ણદેવના અંતરમાં ઉલ્લાસ જાગે. એમના જીવનચરિત્રમાં આલેખાયું છે કે ક્યારેક તો નરેન્દ્રના આવવાથી રામકૃષ્ણને સમાધિ લાગી જાય. નરેન્દ્રના હૃદયના વિશુદ્ધ ભાવો રામકૃષ્ણનેય સ્પર્શી જતા હતા. જેના કારણે નરેન્દ્રે રામકૃષ્ણદેવના અંતઃકરણમાં અપૂર્વ અડોલ સ્થાન જમાવ્યું હતું એમની પાસે આવવામાં જો એ ક્યારેય બે-ચાર દિવસ મોડો પડે તો રામકૃષ્ણ બહુ જ વ્યાકુળ થઈ જાય. એમના મંદિરના બહારના કંપાઉન્ડમાં જઈ તેઓ બૂમો પાડે : 'નરેન્દ્ર આવ, નરેન્દ્ર આવ.'

આ મોહ નથી. આને મોહ સાથે મૂલવશો નહીં, ક્યારેક શિષ્યમાં પડેલી યોગ્યતા ગુરુના અંતઃકરણમાં એવું સ્થાન જમાવે છે કે ગુરુને પણ એમ લાગે કે આ શિષ્યના સહયોગે મારી સાધના આગળ વધી રહી છે. જેમ ગુરુના આશ્રયે, ગુરુની સહાયે શિષ્યનું ઉત્થાન થાય તેમ શિષ્યની સહાયથી ગુરુ પણ વિકાસ સાધી શકે. અને થયું પણ એમ જ. રામકૃષ્ણ

પરમહંસ નામ વિવેકાનંદથી વધ્યું, તો વિવેકાનંદનું નામ તેમના ગુરુ રામકૃષ્ણ સાથે વધ્યું.

એવું જ એક બીજું નામ લઉં. અમારા સ્વ. ગુરુદેવ સૌરાષ્ટ્ર કેશરી બા.બ્ર.પૂજ્ય પ્રાણલાલજી મહારાજ સાહેબ. એટલા બધા સુપાત્ર શિષ્ય હતા! એમના ગુરુદેવ પૂજ્ય જયચંદ્રજી મહારાજ સાહેબ. પ્રાણલાલજી મહારાજમાં રહેલ વિનય, નમ્રતા, સહિષ્ણુતા, સેવાની ભાવના અને એથી પણ આગળ વધી ગુરુ પ્રત્યેનો સમર્પણ ભાવ એવો હતો કે એમણે ગુરુદેવના હૃદયમાં સ્થાન જમાવ્યું હતું. બહુ ઓછું આવું બને. બહુ ઓછી જગ્યાએ આ જોવા મળે. બાકી ગુરુ-શિષ્ય પણ મોહના સંબંધે જોડાયેલા હોય. ગુરુને શિષ્યનો મોહ હોય, શિષ્યને ગુરુનો મોહ હોય, અને આમ જ ગાડી આગળ વધતી હોય.

પણ આવા યોગ્ય આત્માઓ જૂજ હોય છે કે એમની સરળતા, એમની નિખાલસતા, એમની સમર્પણતા ગુરુના હૃદયને રીઝવી નાખે, ગુરુના હૃદયને ભીંજવી નાંખે. એટલે 'ઈંગિયાગાર સંપન્ને' ગુરુના ભાવોને જાણનારો શિષ્ય ગુરુની સમીપમાં વસતો હોય, અર્થાત્ દેહથી સમીપ ભલે ન હોય, હજારો માઈલ દૂર હોય છતાં પણ ગુરુને એમ લાગે કે મારો શિષ્ય મારી પાસે જ છે અને એ શિષ્ય પણ એ ભાવ અનુભવે કે ગુરુના અંતરના આશીર્વાદની કૃપા મારા પર વરસી રહી છે. સાધનાના માર્ગે આગળ વધવા માટે આ વસ્તુ બહુ જરૂરી છે. આ ગુરુ-શિષ્યનો માત્ર સંબંધ નથી. જેવા સંબંધો સંસારીના હોય તેવા સંબંધોની આ વાત નથી. પણ આ તો સાધનાનાં સૂત્રો છે, સાધનાનાં સહાયક સાધનો છે. એટલે શ્રીમદ્જી પણ અહીં કહે છે —

**સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ.**

શરત મૂકી દીધી. શ્રીમદ્જી જ્યાં જ્યાં આવી વાતો કરે છે ત્યાં શરત પહેલી મૂકે છે, કે ભાઈ! બધું એમ ને એમ મળી જતું નથી. આ કંઈ હથેળીનો ગોળ નથી. કોણીનો ગોળ છે! હથેળીનો ગોળ તરત મુખ સુધી પહોંચી શકે, પણ કોણીનો ગોળ? જરા મોઢામાં લેવા પ્રયત્ન તો કરજો, ત્યારે જ ખબર પડશે કે કેટલું કઠિન છે. શ્રીમદ્જીએ શરત મૂકી છે કે સદ્ગુરુના ચરણની સેવના તો ખરી, પણ 'ત્યાગી દઈ નિજ પક્ષ' તારી માન્યતા, તારો હઠાગ્રહ, તારો કદાગ્રહ, તારો સ્વચ્છંદ, એ બધું



છોડી દેજે અને પછી ગુરુના ચરણમાં જજે. મારી ઈચ્છા, મારા વિચારો, મારી માન્યતા જેમ છે, તેમ જ હું રહું તો કલ્યાણ ના થાય. 'મહાજન મારું મા-બાપ, પણ મારી ખીલી ના ખસે,' તો કાંઈ જ ન મળે. ગુરુના ચરણમાં ત્રણ નહીં, છ નહીં પણ ૧૦૮ વાર વંદના કરે પણ પોતાનો કદાગ્રહ ન છોડે તો ક્યાંથી ચાલે?

તે માટે પોતાનો અસત્યાગ્રહ, કે મારી માનેલી માન્યતાથી જ મોક્ષ છે, હું જે ધર્મક્રિયા કરું છું એ જ મોક્ષ સાધક છે, તેને ત્યાગવો પડશે, ત્યારે જ આગળ વધાશે. અને એ માટે સદ્ગુરુની શોધ કરી લઈએ.

શોધ તો ઘણી થાય છે. પણ શાની? જડ જગતની. સાયન્સ ઘણું આગળ વધ્યું, ઘણીયે શોધ એણે કરી. જડ શક્તિઓને, એક-એકને તોડી-ફોડીને માપી લીધી. તેના ઊંડાણમાં રહેલી શક્તિઓને નાથી લીધી. એ શક્તિઓનો જીવનમાં ઉપયોગ પણ કરી લીધો. રોજ મેગેઝીનો વાંચો છો. સાયન્સ ખૂબ આગળ વધ્યું, તેમને નવાં નવાં સાધનો આપ્યાં તેથી ખુશ થાઓ છો. અહોહો! કેટલું આગળ વધ્યું? કેલ્ક્યુલેટર! કોમ્પ્યુટર! ચાંપ દાબો ને હિસાબ તૈયાર! યાદ રાખવાની માથાકૂટ નહીં. કોમ્પ્યુટરમાં ભરી દો, ચાંપ દાબો, ફરી યાદ! આ જોઈને ફુલાઓ છો! અહો! આપણા બાપ-દાદા પાસે આવું કંઈ ન હતું અને આપણી પાસે કેટલું બધું છે! પણ કદી વિચાર કર્યો છે? તમારા મગજને ડલ કરી નાખ્યાં આ સાધનોએ! મગજની શક્તિ તો જેમ કસો તેમ તીક્ષ્ણ રહે, નહીં તો જડ જેવી થઈ જાય. નથી લાગતું તમને કે આવાં સાધનો માનવની શક્તિને રહેંસી નાંખે છે?

આપણા વડીલો જે હિસાબો મોઢેથી કહેતા હતા તેવા હિસાબો કરવા આજના કોમર્સના વિદ્યાર્થીને કાગળ પેન લેવાં પડે છે. તેને પૂછો! પચીસને પચીસે ગુણતાં કેટલા થાય? તો એ નહીં કહી શકે! પણ જૂના લોકોને ગમે તેવો હિસાબ પૂછો, કોમ્પ્યુટર કરતાં પણ જલદી કહેશે. કારણ તેઓ શીખ્યા હતા કે જેટલે રૂપિયે મણ તેટલા આનાનું અઢી શેર! આજે આપણે નથી કહી શકતા તેનું કારણ આપણાં મગજ ડલ થઈ ગયાં. જેટલા વધુ આવિષ્કારો થયા, એણે માનવની શક્તિ તોડી નાખી, શક્તિનો ધ્વંસ કરી નાખ્યો! નહીં તો ઓછી શક્તિ છે આપણામાં? આપણને કશાનીયે જરૂર ના પડે. આપણી શક્તિ અને પ્રતિભાથી આખાયે વિશ્વને

જાણી લઈએ એવી તાકાત આપણામાં પડી છે.

હા, તો અહીં કહેવાનું એ હતું કે વૈજ્ઞાનિક સાધનો આપણને મળ્યાં એનો ગર્વ કરીએ છીએ. પણ પોતા માટે, આત્મા માટે આપણે શાની શોધ કરી? જડ જગતની શોધના વિષયમાં ઊંડો રસ ધરાવનાર, કદી કોઈ સંત પાસે જઈને પ્રશ્ન પૂછે છે કે ભગવંત! મારે મારા ચૈતન્યને પામવા શાની શોધ કરવી? પણ બંધુઓ! આ પ્રશ્ન ક્યારે થાય? આત્મા માટે પણ કંઈક શોધ જરૂરી છે તેની મહત્તા હૈયે વસી હોય તો જ. જેને આત્માર્થ સાધવો છે, જેને હવે આ ભવથી ભય જાગ્યો છે, સંસારનું પરિભ્રમણ જેને અકળાવનારું લાગે છે તે જ, આત્મા માટે કંઈક શોધવા જાય છે.

શું શોધવું જરૂરી છે? તે શ્રીમદ્જીના જ શબ્દોમાં જોઈએ –

**બીજું કશું મા શોધ, કેવળ શોધ તું સત્પુરુષને;**
**અર્પાઈ જા તેના ચરણમાં, સર્વથા શુદ્ધતર મને।**
**રાજી રહે તેની રજા, સર્વસ્વ સત્ય પ્રમાણીને;**
**પછી મોક્ષ જો તુજ ના મલે તો માંગજે મારી કને।।**

આ વિશ્વમાં શોધ કરવા લાયક જો કંઈ હોય તો તે સત્પુરુષ જ છે. બીજું કંઈ પણ શોધવા જેવું અહીં છે જ નહીં. કારણ એ સિવાયની બધી જ શોધો માત્ર જડમાં જ થઈ શકે. અને તેમાં શોધવા જેવું છે પણ શું? આખુંયે જગત માત્ર જડ પરમાણુઓનો સમૂહ. કોઈ પરમાણુઓ આમ ગોઠવાયા તો કોઈક તેમ. એ સિવાય કશું જ નહીં, તો તેમાં શોધવાનું શું? જો તારે તારા માટે, નિજ સ્વરૂપની પ્રાપ્તિ માટે કંઈ શોધ કરવી છે તો માત્ર સત્પુરુષની જ શોધ કરી લે, સત્પુરુષ એટલે, જેમણે પોતાના સત્‌ને પ્રાપ્ત કરી લીધું છે, સત્‌નો સાક્ષાત્કાર કર્યો છે અને અન્યને તે સાક્ષાત્કાર કરાવી શકે છે. એવા સત્પુરુષને શોધી લે.

સત્પુરુષને શોધ્યા પછી:

**''અર્પાઈ જા તેના ચરણમાં, સર્વથા શુદ્ધતર મને.''**

તારા મનને સર્વ પ્રકારે શુદ્ધ જ નહીં, પણ શુદ્ધતર કરીને સમર્પણ કરી લે. તારા ભાવો એવા શુદ્ધ હોય કે જેમાં માયા-કપટની મલિનતા



લેશ ન હોય, તેમનાથી પરદો ન રહે. પરદો હોય ત્યાં સાચી પ્રીત, સાચી સમર્પણતા ન સંભવે.

આનંદઘનજી મહારાજે પણ કહ્યું છે કે –

**''કપટ રહિત થઈ આતમ અરપણા રે''**

કપટરહિત થઈને તું પ્રભુના ચરણે, ગુરુદેવના ચરણે અર્પણ થઈ જા. તું જેવો છે તેવો જ ગુરુદેવની સામે ખુલ્લો થઈ જા. તારી વૃત્તિઓ, તારી ભાવપરિણતિ, તારી વિચારધારા જેવી છે તેવી ગુરુ સામે ખુલ્લી કરી દે.

અને પછી:–

**'રાજી રહે તેની રજા, સર્વસ્વ સત્ય પ્રમાણીને'**

ગુરુદેવની ઈચ્છા એ જ મારું જીવન. તેઓની પ્રસન્નતા એ જ મારી સફળતા. જ્યાં સંપૂર્ણ સમર્પણતા પ્રગટે ત્યાં પછી પોતામાં, પોતાપણું કશું રહે જ નહીં. પોતાના મન, વચન, કાયાના યોગોની સર્વ પ્રવૃત્તિઓ; જેને એ સમર્પિત થયો છે, તેમની ઈચ્છા પર જ ચાલતી હોય. કારણ તેને અતૂટ શ્રદ્ધા હોય કે મેં જેના ચરણમાં ઝુકાવ્યું છે, માત્ર એ જ મારા માટે સર્વસ્વ છે. તેમનું વચન મારા માટે પ્રમાણ છે. તેથી બીજો કોઈ વિકલ્પ ઊઠવાનો ત્યાં અવકાશ જ રહેતો નથી. પછી ત્યાં ગુરુદેવને પ્રસન્ન રાખવા માટેનો સભાન પ્રયત્ન કરવાનો રહેતો જ નથી. વિનીત શિષ્યનું જીવન જ સહજ રીતે એ પ્રમાણે વહેતું હોય કે તેના દરેક કાર્યમાં ગુરુદેવની પ્રસન્નતા વધતી જતી હોય. પછી તેના માટે મોક્ષ દૂર ન રહે. તેથી ગુરુદેવને સમર્પિત થયેલા શિષ્યને શ્રીમદ્જી કહે છે –

**'પછી મોક્ષ જો તુજ ના મલે તો, માંગજે મારી કને.'**

બહુ જ માર્મિક શબ્દો અહીં કહ્યા છે. શ્રીમદ્જી કહે છે સત્પુરુષને શોધી લીધા, સર્વથા સમર્પિત ભાવ જાગ્યો, પળ પળની પ્રવૃત્તિ ગુરુદેવને પ્રસન્ન કરી રહી છે. ગુરુદેવ પ્રતિ દૃઢ શ્રદ્ધા છે અને પછી જો મોક્ષ ન મળે તો મારી પાસે આવજે. હું તને આપીશ.

શું મોક્ષ આપવાની ચીજ છે? તો પછી આમ શા માટે કહ્યું? તેમનું કહેવાનું એ છે કે આટલું થયા પછી મોક્ષ મળે જ, તેમાં શંકાને સ્થાન નથી.

એ લક્ષે જ અહીં પણ કહ્યું છે –

**સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ.**

પોતાની માન્યતા, પોતાનો કદાગ્રહ છોડીને સદ્‌ગુરુના ચરણની સેવા થાય તો તેનું સુ-ફળ તરત જ પામે. શું પામે? 'પરમાર્થને' પરમ અર્થ સર્વથી શ્રેષ્ઠ એવો જે હેતુ, ધ્યેય, લક્ષ્ય, તેને પામે. આખાયે વિશ્વમાં સર્વોચ્ચ લક્ષ્ય કંઈ હોય તો તે મોક્ષ છે. મોક્ષ જ પરમાર્થ છે. જગતના જેટલા હેતુઓને આજ સુધી જીવે સેવ્યા તે સર્વ ભૌતિક સ્વાર્થથી ભરેલા હતા અને તેથી સંસાર જ વધ્યો. પણ જ્યારે આ સંસારી ભાવોથી પર થઈને આત્મિક – અર્થની સાધના માટેનાં કારણોનું સેવન થાય. ત્યારે જ તે ખરો પરમાર્થ. અને એ પરમાર્થ તરફ રુચિ-ભાવ-શ્રદ્ધા. આચરણ જાગતાં **નિજ પદનો લે લક્ષ.**

નિજપદ એટલે પોતાનું મૌલિક સ્વરૂપ! 'હું આત્મા છું' 'સચ્ચિદાનંદ સ્વરૂપી છું' 'ત્રિકાળ અબાધિત અખંડ દ્રવ્ય છું' આ સ્વ સ્વરૂપનો લક્ષ આવે છે જીવમાં!

બંધુઓ! સદ્‌ગુરુનાં ચરણ-શરણથી જીવ કેટલું પામે છે? જે ક્યાંય નથી પામી શક્યો, કદી નથી પામ્યો તે પામે છે! આ જ વાતને વળી વધુ સ્પષ્ટ કરી શ્રીમદ્‌જી પોતાના અન્ય કાવ્યમાં ફરમાવે છે:

**બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત;**
**સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત્‌,**
**બુઝી ચહત જો પ્યાસ કો, હૈ બુઝનકી રીત;**
**પાવે નહીં ગુરુગમ બિના, એહ અનાદિ સ્થિત.**

'બિના નયનની વાત' એ શું? જે અનુભવ ઈંદ્રિયોથી થઈ શકતો નથી, પણ ઈંદ્રિયાતીત છે એવો આત્માનુભવ તે જ બિના નયનની વાત. આપણાં આ ચર્મચક્ષુઓ જગતના સર્વ રૂપી પદાર્થોને જોઈ શકે છે, પણ અરૂપી એવો આત્મા આ નયનોમાં સમાતો નથી. તેને જાણવો હોય, જોવો હોય તો શું કરવું? અરૂપી આત્માને જોવા અરૂપી દગ જોઈશે. અર્થાત્‌ એ નયનો અંતરમાં ઉઘાડવાં પડશે. અંતરનો થયેલ ઉઘાડ, અંતરની અનુભવદશાની પ્રાપ્તિની તીવ્ર લગન જ આત્માનો સાક્ષાત્કાર કરાવે. પણ એ લગન લગાડે કોણ? જેમણે પોતે આત્માનુભવ કરી લીધો છે તેઓ. માટે આત્માનુભવી સત્પુરુષના ચરણે ચાલ્યો જાય,



તેમના ચરણાનું શરણ ગ્રહણ કરી લે તો પ્રત્યક્ષ પ્રાપ્તિ થાય આત્માની!

આત્મામાંથી ઝરતા પરમાનંદના રસને જેણે હજુ સુધી માણ્યો નથી અને તેથી જ એ રસની પ્યાસ જેની તીવ્ર થઈ છે, એ રસ વિના જે બેહદ આકુળતા અનુભવી રહ્યો છે, પરમાનંદના રસથી રસબોળ થયેલા સત્પુરુષના દર્શને, તેમના સાંનિધ્યે જેની તૃષા બેવડી વધી રહી છે એવી તરસથી તરફડતા સાધક આત્માને સત્પુરુષનું શરણ સહેજે મળી જાય છે અને તેની પ્યાસ બુઝાય છે.

ભૂતકાળમાં જેઓ આ પરમાનંદને પામી ગયા તેઓ પણ એ રીતે જ પામ્યા છે. ક્યારેય, કદી, કોઈ પોતાના મતે ચાલતાં, આત્માનંદને પામી શક્યા જ નથી. બસ માત્ર એક શરણ અને એ જ ચરણ! સત્પુરુષનું શરણ અને તેમનાં જ ચરણ. અનંત ભૂતકાળમાં જીવોને તારી ગયા, વર્તમાનમાં તારે છે અને ભવિષ્યમાં પણ એ જ તારશે.

શ્રીમદ્‌જીના સર્વ સાહિત્યને કે કબીરજીના સાહિત્યને વાંચીએ ત્યાં યત્ર-તત્ર સર્વત્ર સદ્‌ગુરુનો મહિમા જ ગાયો છે. સહુ સંતોએ એકી અવાજે સદ્‌ગુરુના શરણને સ્વીકાર્યું છે, સદ્‌ગુરુ વિના સાધનામાર્ગે વિકાસ થઈ શકતો નથી.

અરે! કોઈની ગમે તેટલી તીવ્ર પ્રજ્ઞા હોય, બુદ્ધિ હોય, સમજણ હોય, પણ બધી જ શક્તિઓ ગુરુગમ વિના નિર્માલ્ય છે. માટે જ ફરી-ફરીને એ જ વાત કહેવામાં આવે છે.

શ્રીમદ્‌જીએ કહ્યું કે સદ્‌ગુરુના શરણને સેવો, નિજ પક્ષ, મતાગ્રહનો ત્યાગ કરી દો તો જ પરમાર્થને સાધી શકશો અને સ્વલક્ષ જાગ્રત થશે.

સદ્‌ગુરુની શોધમાં નીકળેલો સાધક કયા ગુણોના આધારે તેમને ઓળખે, તે અવસરે કહેવાશે.

ડ

# ....સદ્‌ગુરુ લક્ષણ યોગ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના વિના આત્મશુદ્ધિ થતી નથી. આત્મશુદ્ધિના માર્ગે જવા માર્ગદર્શકની અત્યંત આવશ્યકતા છે. માર્ગદર્શક વિના માર્ગ મળતો નથી.

સંસારનો માર્ગ શોધવા જવો પડતો નથી અને મોક્ષમાર્ગ શોધ્યા વિના જડતો નથી. સંસારનો માર્ગ તો સુલભ છે. જાણ્યે-અજાણ્યે પાપકર્મો દ્વારા નારકી, તિર્યંચ જેવી હલકી ગતિઓનું પરિભ્રમણ અને પુણ્યકર્મો કરી દેવ કે મનુષ્યગતિઓના જન્મને પામવા; તે તો જીવે બહુ વાર કર્યું છે અને હજી પણ કરી રહ્યો છે અને કરશે.

પણ આત્મોત્થાનનો માર્ગ મળવો જ દુર્લભ છે. ચાર ગતિઓને છોડી, પંચમગતિમાં જવાના પુરુષાર્થને પ્રગટાવનાર દીપક મળવો જ મુશ્કેલ છે. અન્યથા માનવ અંધકારમાં આથડ્યા કરે છે. એ દીપક છે સદ્‌ગુરુ દેવ. સદ્‌ગુરુ જ માર્ગ દેખાડનાર દીપક છે. કબીરે પણ કહ્યું છે:

**પીછે લાગા જાય થા, લોક વેદ કે સાથ,**

**આગે સે સદ્‌ગુરુ મિલ્યા, દીપક દિયા હાથ.**

તેઓ કહે છે – લોક પરંપરા અનુસાર અને શાસ્ત્રોની રૂઢ માન્યતાનુસાર મારું જીવન વ્યતીત થઈ રહ્યું હતું, પણ મને સદ્‌ગુરુ મળ્યા અને મારો અજ્ઞાન – અંધકાર તેઓએ હરી લીધો. મને આત્માના પ્રકાશમાં લાવીને મૂકી દીધો.

કબીરજી ગુરુને કેમ પામ્યા? અને એમને પામવા માટે શું કરવું પડ્યું તે બહુ જ રસસભર વાત છે.



કબીરના જીવન વિષે એમ કહેવાય છે કે તેઓ એક વિધવા બ્રાહ્મણીના પુત્ર હતા. લોકલાજના ભયથી એક તળાવના કિનારે તેમને ત્યજી દેવામાં આવ્યા. થોડીવાર પછી એ રસ્તેથી નિરૂ અને નિમા નામના એક મુસલમાન દંપતી નીકળ્યાં અને આ માસૂમ બાળકને ત્યાં જોયું. તેઓને કોઈ સંતાન ન હતું. તેથી બાળકને ઉઠાવી ઘરે લઈ ગયાં અને ઉછેરવા માંડ્યાં. બાળક જ્યાં ઊછરે તે તેની જાતિ. નિરૂ – નિમા જાતે મુસલમાન અને વ્યવસાયે વણકર. એટલે કબીર પણ મુસલમાન કહેવાયા. વણકર હોવાથી હલકી જાતિમાં તેમની ગણતરી થવા માંડી.

નાત-જાત ગમે તે હોય પણ આત્માના સુષુપ્ત સંસ્કારો જાગ્રત થયા વિના રહેતા નથી. કબીરને આત્મલગની લાગી પણ માર્ગદર્શક વિના સત્ય રાહ સાંપડતો નથી. તેઓ ગુરુને ઈચ્છી રહ્યા છે, પણ હલકી જાતના બાળકના ગુરુ થવું એ તે સમયમાં કલંકરૂપ ગણાતું. તેથી તેમને કોઈ શિષ્ય તરીકે સ્વીકારવા તૈયાર નથી.

કબીરે એક યુક્તિ વિચારી. તેમના સમયમાં એક મહાન સમર્થ સંત હતા 'સ્વામી રામાનંદ!' તેઓ રોજ સવારે બ્રાહ્મમુહૂર્તે ગંગાજીના ઘાટે સ્નાન કરવા જતા. કબીર એ જાણતા હતા. તેઓ એક સવારે વહેલા એ જ ઘાટનાં પગથિયાં પર, જ્યાં અંધારું હતું ત્યાં જઈ સૂઈ ગયા. રામાનંદજી સ્નાન કરી પાછા ફર્યા. ઘાટનાં પગથિયાં ચડી રહ્યા છે અને અચાનક તેમનો પગ કબીર પર પડ્યો. મુખમાંથી 'રામ-રામ' શબ્દ નીકળી ગયા. બસ કબીરે ગ્રહણ કરી લીધું. જેમણે મને ચરણસ્પર્શ કરી, સ્પર્શદીક્ષા આપી તે મારા ગુરુ અને તે વખતે તેઓના મુખારવિન્દથી જે શબ્દ નીકળ્યો તે મારો મંત્ર.

કબીર જીવનભર સ્વામી રામાનંદજીને ગુરુ માનતા રહ્યા અને રામનામને પોતાની સાધનાનો મંત્ર બનાવ્યો. સર્વ સમર્પિત ભાવે તેઓએ એકલવ્યની જેમ સદ્‌ગુરુને ભજ્યા. અરે! એટલું જ નહીં તેમનો અનંત ઉપકાર તેમણે ઠેર-ઠેર ગાયો છે. તેઓ કહે છે :–

**સત્‌ગુરુ કી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર,**

**લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણહાર.**

જેમ કબીરને અનંતનો માર્ગ બતાવનાર સદ્ગુરુ મળ્યા અને તેમના ચરણમાં તેઓ સમર્પિત થઈ ગયા, તેમ આપણે પણ આત્મોત્થાનના માર્ગ માટે સદ્ગુરુની શોધ કરવી છે તો સદ્ગુરુ કેવા હોવા જોઈએ? આપણે કોને સદ્ગુરુ રૂપ માનીએ? શ્રીમદ્જી સદ્ગુરુનાં લક્ષણ બતાવતાં કહે છે:

**આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;**

**અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય...૧૦...**

(૧) આત્મજ્ઞાન, (૨) સમદર્શિતા, (૩) ઉદય પ્રયોગે વિચરણ (૪) અપૂર્વ વાણી, (૫) પરમશ્રુતતા, આ પાંચ લક્ષણ જેમનામાં હોય તે સદ્ગુરુ.

પ્રથમ લક્ષણ આત્મજ્ઞાન. જેણે પોતે પોતાને અનુભવ્યો છે, આત્મસાક્ષાત્કાર કરી લીધો છે. અને સાથે-સાથે આત્મા સિવાયના સર્વ પદાર્થો મારાથી સર્વથા ભિન્ન છે, એવી દૃઢ પ્રતીતિ એને વર્તે છે. દેહ પણ મારો નથી. હું દેહનો નથી. અશરીરી, આનંદઘન મારું સ્વરૂપ છે, આવું એને સ્પષ્ટ ભાન હોય. વળી વસ્તુ કે વ્યક્તિનો સંગ તે મારો સ્વભાવ નથી, હું સર્વથા અસંગ છું. આવો અભિપ્રાય જેને સતત રહેતો હોય તે જ આત્મજ્ઞાની છે.

અને ખરેખર જીવને કોઈનો પણ સંગ ખપતો જ નથી. આપણે સહુ જોઈએ છીએ અને અનેકવાર બોલીએ પણ છીએ કે જીવ એકલો આવ્યો અને એકલો જશે, છતાં એકલા રહેવાતું નથી. કોઈ કારણે માણસ એકલો પડી ગયો હોય તો તેને જીવવું અસહ્ય થઈ પડે છે. એ નિરંતર આર્તધ્યાનમાં રહેતો હોય છે. પણ જો ધીરજથી વિચારશું તો ખ્યાલ આવશે કે સંસારમાં કોઈ-કોઈનો સંગી-સાથી નથી.

કેવળ માનવની જ આ વાત નથી. પણ એકેન્દ્રિયમાં પૃથ્વી, પાણી, આદિ પાંચ સ્થાવરોમાં એક સમયે એક સાથે અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે, અને એટલા જ જીવો મરે છે. ત્યાં પ્રત્યેક જીવને પોતાનું જન્મવું અને મરવું પોતાને જ ખબર છે. સાથે રહેલા અન્ય જીવો તે જાણી શકતા નથી, અનુભવી શકતા નથી.

એ જ રીતે બેઈન્દ્રિયોમાં એક સાથે સંખ્યાત જીવો જન્મે અને મરે. અને પશુયોનિમાં કૂતરાં, બિલાડાં, ભૂંડને એકીસાથે ચાર-પાંચ બચ્ચાં જન્મે. પણ સહુનાં કર્મ અલગ, પાપ-પુણ્ય અલગ, જન્મ-મરણની સંવેદનાઓ પણ અલગ. એટલે એકના જન્મનું દુઃખ બીજા વેદતા નથી. એકના મરણનું દુઃખ પણ બીજાને અનુભવાતું નથી. એટલે એનો અર્થ એ થયો કે જીવ ગમે તે યોનિમાં, ગમે તેટલા જીવો સાથે જન્મે પણ એ સર્વથા અસંગ રહેવા જ સર્જાયેલો છે.



આત્મજ્ઞાની પોતે-પોતાને સર્વથી અસંગ જાણે, અનુભવે કહ્યું પણ છે –

**एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।**

**सेसा मे बहिरा भावा, सव्वे संजोग लक्खणा ॥**

જ્ઞાન-દર્શનથી યુક્ત, હું એકલો શાશ્વત આત્મા છું એ સિવાય જેટલા પદાર્થો છે, વ્યક્તિઓ છે તે બધા જ સંયોગ સંબંધે મળેલા છે. મારા પોતાનાં કોઈ નથી. સર્વ બાહ્ય ભાવો છે.

આવી આત્મ અનુભવદશા જેને વર્તે છે તે આત્મજ્ઞાની.

સદ્ગુરુનું બીજું લક્ષણ કહ્યું : 'સમદર્શિતા'. સર્વ પરિસ્થિતિમાં જે સમતોલ રહી શકે, સર્વ જીવોને દેહભાવે ન જોતાં આત્મભાવે જોઈ શકે અને તેથી પુણ્ય-પાપના ઉદયો કે રાગ-દ્વેષનાં નિમિત્તો જેને અકળાવી ન શકે તે જ સમદર્શી.

આવા સત્પુરુષની દૃષ્ટિ દરેક સંયોગોમાં સમાન જ રહે. એ સુખના નિમિત્તે ખીલે નહીં અને દુઃખના નિમિત્તે કરમાય નહીં. પરમશાંત ભાવે તેની જીવનચર્યા વહેતી હોય. કેવા હોય એ –

**શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,**
**માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો;**
**જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,**
**ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો...અપૂર્વ અવસર...**

શત્રુ હોય કે મિત્ર, બન્ને પ્રત્યે એક સરખો જ ભાવ. શત્રુની દ્વેષબુદ્ધિ ન તો એને દ્વેષ કરાવે અને મિત્રની રાગબુદ્ધિ ન એને રાગ કરાવે. જો કે પોતે તો કોઈને શત્રુ કે મિત્રરૂપ જુદા-જુદા જાણે જ નહીં. પણ સામો જીવ શત્રુભાવે વર્તે કે મિત્રભાવે વર્તે, બન્ને પરિસ્થિતિથી

પોતાના ભાવોમાં કંઈ અંતર ન આવે. વાસ્તવમાં એને મન તો સર્વ જીવો સમાન જ હોય. ન કોઈ મિત્ર, ન કોઈ શત્રુ. ન કોઈ પોતાનો, ન કોઈ પરાયો. આવી હોય એ મહાપુરુષની સમદર્શિતા.

એટલું જ નહીં કોઈ માન આપે, પ્રશંસા કરે કે કોઈ અપમાન કરે કે નિંદા કરે, એને મન એ બધું જડ શબ્દોની રચના કરતાં વિશેષ કંઈ નહીં. તેથી મીઠા શબ્દો એના મનને લોભાવે નહીં અને કડવા શબ્દો એને નિરાશ કરે નહીં.

એથી પણ જેની આત્મદશા આગળ વધી છે તેને જીવન કે મરણમાં પણ કશુંયે અંતર ન રહે. ન જીવવાની ખુશી, ન મરણનો ભય. કારણ – મૃત્યુ દેહનું થાય છે, આત્માનું નહીં, હું આત્મા છું – અજર, અમર, અજન્મા છું, એવી દૃઢ પ્રતીતિ છે તેને મૃત્યુનો શો ભય? વળી ક્ષણ ક્ષણના ભાવ-મરણથી જે પર થઈ ગયા તેને દ્રવ્ય-મરણ શું અકળાવી શકે?

સંસારભાવથી જે અનાસક્ત થઈ ગયા છે, તેને જીવનનો પણ શો મોહ? એ તો સદાકાળ આત્મામાં વર્તતા હોય. એમને જીવન અને મરણ સમાન હોય.

અને સર્વોત્કૃષ્ટ પ્રકારની સમત્વ દશા તો શ્રીમદ્જી અંતિમ પંક્તિમાં બતાવે છે, કે એને આ સંસારમાં દેહ ધારણ કરીને રહેવું પડતું હોય તોય ભલે, અને અશરીરી મોક્ષ થાય તો પણ ભલે! કેટલી બધી મહાન દશાનું વર્ણન છે અહીં! મોક્ષને પામવાની ઉત્કૃષ્ટ અભિલાષા જીવને આવો પ્રબળ પુરુષાર્થ કરાવે છે. અને છતાં મોક્ષદશા હોય કે શરીરદશા બન્નેનો ભેદ જેના અંતરથી ઊતરી ગયો છે તે શું સૂચવે છે? તે સૂચવે છે કે મોક્ષદશામાં જે સંપૂર્ણ આત્માનંદની અનુભૂતિ હોય છે તેનો એક અંશ અહીં જ તેમણે અનુભવી લીધો છે અને એ અનુભવમાં એ એટલા બધા નિમગ્ન હોય કે મોક્ષે જવું છે એવો વિકલ્પ પણ અંતરમાં ઊઠતો નથી. કેટલો ઊંડો સમભાવ ત્યાં વર્તે છે! અહીં એ સાબિત થાય છે કે મોક્ષે જવાની ઈચ્છાનો પણ ત્યાગ થશે ત્યારે જ જીવનો મોક્ષ થશે.

તો આવી ઉચ્ચ દશાનો સ્વભાવ તે બીજો ગુણ.



હવે ત્રીજો ગુણ **'વિચરે ઉદય પ્રયોગ'** આ ગુણ સમજવા જેવો છે. આના પર થોડા ઊંડાણથી વિચાર કરીએ.

પ્રત્યેક સંસારી જીવને સમયે–સમયે કર્મના ઉદયો તો વર્ત્યા જ કરતા હોય છે. એક પણ ક્ષણ કર્મના ઉદયરહિત હોતી નથી. આ ઉદય થતાં જ જીવ, ઉદયના ભાવોમાં ભળી જઈ, વળી તે-તે પ્રકારના ભાવો કરે છે. અર્થાત્ મોહાદિનો ઉદય થતાં, પોતે મોહરૂપ પરિણત થાય અને તે ભાવોમાં જ ભળી જઈ વળી તેવાં જ નવા કર્મો ઉપાર્જન કરે, અને ફરી તે કર્મો ઉદયમાં આવે. આમ કર્મનો બંધ, તેનો ઉદય, તેમાં ભળી જવાપણું અને ફરી તેવો બંધ. આ ઘટમાળ ચાલ્યા જ કરે. જ્યાં સુધી આ ચક્ર આમ જ ચાલતું રહે ત્યાં સુધી ઉદય પ્રયોગે વિચરણ સંભવી શકે નહીં.

અહીં સદ્ગુરુમાં આવો આગવો ગુણ બતાવ્યો કે તેઓને પણ કર્મના ઉદયો તો વર્તતા જ હોય. પણ તેને તટસ્થ ભાવે માત્ર નિહાળીને, તેનાથી અલિપ્ત રહેતા હોય. અર્થાત્ મોહાદિની પ્રકૃતિઓ ઉદયમાં આવે, પણ પોતાને સતત ભાન વર્તતું હોય કે હું મોહાદિ સ્વરૂપ નથી. મોહથી રહિત, સર્વથા નિર્વિકારી આત્મા છું. અને તેથી તેઓને કર્મના ઉદયો સ્પર્શી શકે નહીં.

એટલું જ નહીં તેમની દરેક પ્રવૃત્તિ ઈચ્છારહિતની હોય. પોતાની ઈચ્છાથી હાલવા-ચાલવા, કે ઊઠવા-બેસવાની પ્રવૃત્તિ પણ ન હોય. જે સમયે જે કર્મનો ઉદય હોય અને તેનાથી સહજ રૂપે જે પ્રવૃત્તિ થવી ઘટે તે થઈ જાય. પણ હું આમ કરું, એવી કર્તવ્યબુદ્ધિથી કોઈ ક્રિયા ન થાય. જેનું પ્રત્યેક ક્રિયામાંથી કર્તૃત્વપણું નીકળી ગયું છે અને જેને પાકો વિશ્વાસ છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ જ કરવા સમર્થ નથી, તે જ આવી ઈચ્છારહિતપણે વિચરી શકે. તો જે ઉદય પ્રયોગે વિચરે છે તે સદ્ગુરુ.

ચોથો ગુણ 'અપૂર્વવાણી'. વાણી તો સર્વ માનવોને મળી. અને તેનો ઉપયોગ પણ સર્વ માનવો કરતા જ હોય. પણ જેની વાણીમાં સહુ કરતાં કંઈક વિશેષતા છે, જે વાણી બીજે ક્યાંય મળે નહીં, એવી વાણી એટલે જ અપૂર્વવાણી. જે વાણી સ્વ-પરને ઉપકારી નીવડે, પણ કોઈનું આંતર-બાહ્ય અહિત થાય તેવી વાણી તેમના મુખેથી ન નીકળે.

તેઓની દશા અનુભૂતિમૂલક હોય, પરમાનંદનો રસ તેઓ સ્વયં પામ્યા છે. અને **''સવિ જીવ કરૂં શાસન રસી''**ની ભાવના સાથે, અન્ય જીવોને પણ એવી જ પરમાનંદ દશાનો સ્પર્શ કરાવવાનું સામર્થ્ય ધરાવે છે, એમ કહેવાય છે કે જ્ઞાનીના એક-એક વાક્યમાં અનંત અનંત આગમ ભર્યા છે. જે રહસ્યોને તેઓ અવિરોધ વાણી દ્વારા પ્રગટ કરી શકતા હોય છે અને તેમની વાણી અન્ય જીવોને આત્માનુભવની અપૂર્વ દશામાં પ્રવેશ કરાવવાના નિમિત્ત રૂપ બને છે તેથી જ તે અપૂર્વવાણી કહેવાય છે.

મહાપુરુષોની વાણીની મહત્તા એ છે કે તેઓ બોલ્યા તે આગમ બની ગયા, વેદ બની ગયા. અને સામાન્ય જનની વાણી હવામાં ઉડી જાય. તો આવી અપૂર્વતા જેની વાણીમાં છે તે સદ્‌ગુરુ.

છેલ્લો ગુણ કહ્યો 'પરમશ્રુત'. શ્રુત એટલે કે જ્ઞાન. જે જ્ઞાન પરમ અર્થાત્ શ્રેષ્ઠ છે, સર્વોચ્ચ છે તે પરમશ્રુત. અથવા જે સંપૂર્ણતાની નજીક છે તે પરમશ્રુત. આપણે ત્યાં જૈન પરંપરામાં સંપૂર્ણ જ્ઞાનને કેવળજ્ઞાન કહ્યું છે. પણ જેઓને કેવળજ્ઞાન નથી થયું પણ શ્રુતના આધારે કેવળજ્ઞાનની નજીક પહોંચી ગયા હોય તેઓને શ્રુતકેવળી કહેવાય છે.

આપણી આચાર્ય પરંપરામાં થઈ ગયેલા હેમચન્દ્રાચાર્યને 'કલિકાલ સર્વજ્ઞ' વિશેષણ લાગ્યું હતું. કારણ તેઓ મહાન શ્રુતધર હતા, શ્રુતકેવળી હતા.

આમ જેઓને વિશ્વના સર્વ દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન છે તેઓ પરમશ્રુત. શાસ્ત્રોમાં બતાવેલ શ્રુત, જ્યારે સ્વાનુભવમાં ઉતરે ત્યારે તે સત્યનો સ્પર્શ કરીને બહાર આવે છે. માટે જ એવા શ્રુતને પરમશ્રુત કહ્યું. આવું જ્ઞાન ધરાવનાર મહાપુરુષ વિશાળ બુદ્ધિ અને ઉદાર દીલવાળા હોય છે. સંસારનાં સર્વ દર્શનોનાં તત્ત્વોને સમ્યગ્ પ્રકારે સમજી શકવાનું સામર્થ્ય તેઓમાં હોય છે. અને તેથી જ તેમની વિચારધારામાં મધ્યસ્થતા વર્તતી હોય છે. કોઈ એક દર્શનનાં તત્ત્વો જ સાચાં અને બીજાં ખોટાં એવી ક્ષુલ્લક તર્કબુદ્ધિ તેમનામાં હોય નહીં. તેઓ 'સાગર વર ગંભીરા' હોય.



આવું પરમશ્રુત જેને છે તેઓ જ જિજ્ઞાસુ જીવને સમ્યગ્ માર્ગે લઈ જઈ શકે.

આમ આ ગાથામાં સદ્‌ગુરુનાં પાંચ લક્ષણો કહ્યાં. આ ભાવોને સરળ શબ્દોમાં કહીએ તો –

**સત્પુરુષ તે જ કે જેહનો આત્મોપયોગ જ અટલ છે.**
**અનુભવ પ્રધાન જ વચન જેનું શાસ્ત્ર શ્રુતિએ પટલ છે!**
**અંતરંગ ઈચ્છારહિત જેની ગુપ્ત આચરણા સદા.**
**નિન્દા-સ્તુતિ સાતા-અસાતાથી ન મન સુખ-દુઃખ કદા।।**

શ્રીમદ્‌જીએ કહેલા ઉપર્યુક્ત પાંચે ગુણો આ પદમાં પણ ઘટિત થાય છે. પ્રથમ પંક્તિથી આત્મજ્ઞાન, બીજી પંક્તિથી અપૂર્વ વાણી અને પરમશ્રુત, ત્રીજી પંક્તિથી વિચરે ઉદય પ્રયોગ અને ચોથી પંક્તિથી સમદર્શિતા.

આવા ગુણોથી યુક્ત સદ્‌ગુરુ જ સાચા માર્ગદર્શક બની સાધકને માર્ગે ચડાવે છે. જેમ થાકેલો અને તપ્ત થયેલો મુસાફર કડવા લીમડાની મીઠી છાયામાં શીતળતા અનુભવે છે તેમ સંસારથી શ્રમિત થયેલો સાધક આવા જ સત્પુરુષના ચરણમાં પહોંચી આત્મ-શાંતિ અનુભવે છે અને આત્મ આરાધનાનો માર્ગ પ્રશસ્ત કરે છે.

હવે સદ્‌ગુરુની મહત્તા કેવી અને કેટલી છે તે આગળની ગાથામાં કહેવામાં આવશે.

ડ

# ....ઊગે ન આત્મવિચાર!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના માટે સદ્ગુરુની શોધ કર્તવ્ય છે. આત્મઆરાધનાનું લક્ષ્ય જાગે ત્યારે જ સદ્ગુરુની ખોટ જીવને જણાય છે અને ત્યારે જ એ શોધમાં નીકળે છે.

સંસારલક્ષી જીવને સંસારમાર્ગના અનેક ભોમિયા મળી રહેતા હોય અને ત્યારથી જ એ સંસ્કાર, કેળવણી તેને મળતાં જ હોય છે. સંસારમાર્ગે પ્રારબ્ધ અને પુરુષાર્થ બન્ને અજમાવી, જીવ તેનાથી કંઈક મેળવી પણ લેતો હોય છે, પણ બધું જ મળ્યા પછી જ્યારે અંતઃકરણમાં કંઈક ઊણપ અનુભવે, કંઈક અભાવ ખટકે ત્યારે જ તેની આંખો ઉઘડે છે, અને તે ગુરુની શોધમાં નીકળે છે.

ગઈ કાલની ગાથામાં આપણે જોયું કે ગુરુ તો કરવા! પણ કેવા? તેમના અદ્ભુત ગુણોનું વર્ણન કર્યું. આવા ગુણિયલ ગુરુનું માહાત્મ્ય અંતરે વસવું જોઈએ. અને તેથી જ શ્રીમદ્જી હવે બતાવે છે.

**પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;**

**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મ વિચાર...૧...**

વર્તમાન કાળે જ્યારે આપણી વચ્ચે જિનેશ્વરદેવની સદેહે હાજરી નથી, ત્યારે આપણા માટે જો કોઈ સબળ અને સચોટ આલંબન હોય તો તે માત્ર એક જ છે અને તે છે 'સદ્ગુરુ'.

જિનેશ્વર દેવે શાસ્ત્ર પ્રરૂપ્યાં, આરાધનાના માર્ગે પોતે વિહર્યા. અને એ જ માર્ગ આપણા માટે શાસ્ત્રમાં પ્રશસ્ત કરતા ગયા. એ તો ચોક્કસ છે કે તીર્થંકર દેવોએ ધર્મ પ્રરૂપ્યો ન હોત, અને ગણધરોએ તથા તેમની શિષ્ય પરંપરામાં એ ઉપદેશ આગમરૂપે ગૂંથાયો ન હોત તો આજે



આપણે એ અમૂલ્ય વારસાવિહોણા હોત, એના વિના અકિંચન હોત. સર્વજ્ઞના પ્રરૂપેલા આગમો જ આપણા માટે પરમધન છે. તેથી જિનેશ્વર ભગવંતનો પરોક્ષ ઉપકાર તો છે જ. પણ પ્રભુએ ભાખેલા આ માર્ગને સમજાવનાર અને એ માર્ગે ચડાવનાર કોઈ હોય તો તે સદ્ગુરુ જ છે. એમના વિના કોણ સમજાવે?

વળી બીજી વાત એ છે કે પરોક્ષ થઈ ગયેલા તીર્થંકર, ગણધર, કેવળી, શ્રુતધર, લબ્ધિધર મહાપુરુષોનો આપણા પર અનંત ઉપકાર હોવા છતાં પણ, તેઓ હાલ પ્રત્યક્ષ રૂપે આપણને માર્ગદર્શન આપી શકતા નથી. વર્તમાનમાં જોઈતું માર્ગદર્શન તો જે પ્રત્યક્ષ છે તેવા સદ્ગુરુ જ આપી શકે, માર્ગ ચીંધી શકે અને માર્ગે ચાલતાં જો પગલાં આડાં-અવળાં મંડાય તો હાથ ઝાલીને માર્ગે પણ એ જ લાવી શકે. એટલે જ કહેવામાં આવ્યું છે કે —

**ગુરુ તો જીવતા જ જોઈએ, મરેલા ગુરુ ન કરાય.**

જે જીવતા છે તેઓ જ આપણા દોષોને જોઈ આપણને જાગ્રત કરે, જ્યાં ભૂલીએ ત્યાંથી ફરી ગણવાની પ્રેરણા આપે. ક્યારેક પ્રેમથી તો ક્યારેક રોષથી, પણ એ જ સમજાવે. અરે! પરમ કરૂણાનિધાન સદ્ગુરુ, માત્ર હિતબુદ્ધિએ શામ, દામ, દંડ, ભેદરૂપ નીતિને આચરીને પણ સાધકને ઠેકાણે લાવે.

પણ માત્ર તીર્થંકરની પ્રતિમાનું પૂજન કરી, તેઓને જ સર્વસ્વ માની, ગુરુની અવહેલના કરતા રહીએ તો માર્ગ મળે નહીં. પ્રતિમાના રોજ દર્શન કરો, પૂજો, વંદો, પણ મંદિરમાં પ્રભુની સમક્ષ જઈને ઊભા રહો તો તેઓ એક પણ દોષ બતાવે નહીં. હા, તેઓની વીતરાગ મુદ્રા જોઈ, આપણને તેઓ પ્રત્યે બહુમાન, આદર, ભક્તિભાવ જાગે. ક્યારેક તેઓના જેવી વીતરાગતાની પ્રાપ્તિના ભાવો પણ જાગે. એ બધું જ થવા પછી પણ આપણા કોઈ દોષને તેઓ બતાવી શકે નહીં. માટે જ સદ્ગુરુની આવશ્યકતા પળ-પ્રતિપળ રહેવાની જ.

શ્રીમદ્જી પણ આ જ ભાવો પત્રાંક ૪૬૬માં બતાવે છે.

''પૂર્વે થઈ ગયેલા અનંતજ્ઞાનીઓ જો કે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં. એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં, પરંતુ હાલ જે પ્રત્યક્ષ

જ્ઞાની બિરાજમાન હોય, તે જ દોષને જણાવીને કઢાવી શકે. જેમ દૂરના ક્ષીર-સમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશ અત્રે હોય, તો તેથી તૃષા છીપે.''

વીતરાગે પ્રરૂપેલાં શાસ્ત્રોને સમજવા માટે સદ્‌ગુરુ જ જોઈશે. શાસ્ત્રોમાં માર્ગ બતાવ્યો છે. પણ મર્મ બતાવ્યો નથી. મર્મ તો સદ્‌ગુરુના અંતરમાં પડ્યો છે. શાસ્ત્રોમાં કહેલ તત્ત્વો રહસ્યપૂર્ણ હોય. તે રહસ્યો નિજ બુદ્ધિથી સમજી શકાય નહીં. આગમમાં ભરેલાં અનંત રહસ્યો ગુરુગમ વિના સમજાય નહીં. ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.

વળી એક મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે જિનેશ્વર પ્રભુ સંપૂર્ણતાને પામી ગયા હોવા પછી પણ, પરોક્ષ હોવાના કારણે આપણું મન તેમના ચિંતન-ધ્યાનમાં સ્થિર રહી શકતું નથી. એકાગ્ર રહી શકતું નથી. જ્યારે પ્રત્યક્ષ સદ્‌ગુરુના આત્મવીર્યના ઉલ્લાસને જોઈ, તેમની અલૌકિક શક્તિનાં દર્શને આપણાને સહજ ઉલ્લાસ પ્રગટે અને તેમના ધ્યાન-ચિંતનમાં એકાકાર થઈ શકીએ છીએ. તેમજ જેમનું આત્મવીર્ય જાગ્રત થઈ સાધનામાર્ગે સક્રિય છે, તેમને નિહાળીને આપણું સુષુપ્ત આત્મવીર્ય પણ જાગ્રત થઈ, ઉલ્લસિત બની સાધનામાર્ગે સક્રિય બને છે.

અહીં આપણે આપણા સનાતન મંત્ર નવકારમંત્ર વિષે વિચારીએ. તેનાં પાંચ પદોના ક્રમમાં પહેલું પદ 'નમો અરિહંતાણં' અને બીજું પદ 'નમો સિધ્ધાણં'. આ બન્નેમાં આત્મશુદ્ધિની દૃષ્ટિએ સિદ્ધ ભગવંત પહેલા છે. કારણ તેઓ આઠેય કર્મોનો ક્ષય કરી સર્વથા શુદ્ધ, બુદ્ધ, નિરંજન બની ગયા છે, જ્યારે અરિહંત પ્રભુ તો ચાર અઘાતી કર્મો સહિત છે. જ્યાં કર્મો ત્યાં અશુદ્ધિ. તેથી તેઓનો આત્મા સંપૂર્ણ શુદ્ધ થયો નથી. ગુણપૂજક જૈન પરંપરામાં વિશુદ્ધિની દૃષ્ટિએ સિદ્ધ ભગવંતનું સ્થાન ઊંચું છે. તો તેમને પ્રથમ નમસ્કાર થવા જોઈએ. એટલું જ નહીં, અરિહંત પ્રભુ પણ સિદ્ધોને નમસ્કાર કરે છે. આમ સિદ્ધ ભગવાન જ સર્વથી ઉચ્ચ કક્ષાએ બિરાજમાન છે. તો પ્રશ્ન એ થાય છે કે નમસ્કાર મહામંત્રમાં પહેલાં નમસ્કાર અરિહંત પ્રભુને અને પછી સિદ્ધ પ્રભુને એમ શા માટે?

આ પ્રશ્નનો જવાબ પણ આત્મસિદ્ધિ શાસ્ત્રની આ ગાથામાં



સમાયેલો છે, જેઓ સિદ્ધ થઈ ગયા તેઓ આપણી વચ્ચે નથી, વળી તેઓનું સ્વરૂપ શું છે? અને તેવા સ્વરૂપની પ્રાપ્તિનો પુરુષાર્થ શું છે? તે સમજાવનાર કોઈ હોય તો તે અરિહંત ભગવાન જ છે. જો અરિહંત પ્રભુએ, સિદ્ધનું સ્વરૂપ ન બતાવ્યું હોત તો આપણે જાણી શક્યા ન હોત અને એવી સિદ્ધદશાની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવા કોઈ જીવ પ્રેરાયો પણ ન હોત.

અરિહંત પ્રભુએ એ પણ બતાવ્યું કે જેવું સિદ્ધનું સ્વરૂપ છે તેવું જ સર્વ જીવોનું સ્વરૂપ છે અને તે પુરુષાર્થથી પામી શકાય છે. આ આપણા માટે કેટલું મોટું આશ્વાસન છે!

એક વાર 'બનાર્ડ શો'ને કોઈ ભારતીય સજ્જને પૂછ્યું:

'શો! તમે ભારતનાં બધાં જ દર્શનોનો – ધર્મોનો અભ્યાસ કર્યો છે, માનો કે હવે પછીનો જન્મ ભારતમાં લેવાનો હોય તો તમે કયા કુળમાં જન્મ લેવાનું પસંદ કરો?'

'શોએ સસ્મિત જવાબ આપ્યો :

'જૈન કુળમાં.'

'કેમ? ભારતમાં મેજોરિટી તો હિન્દુ ધર્મીઓની છે. જૈન કોમ તો માયનોરિટીમાં છે. પર્સન્ટેઈજ મૂકો તો અર્ધો ટકો પણ ન આવે. આવી માઈનોરિટી કોમમાં જન્મ લેવાનું કેમ પસંદ કર્યું?'

'જૈનધર્મમાં એ વિશેષતા છે કે જીવ પુરુષાર્થ કરે તો શિવ થઈ શકે છે. ત્યાં એક જ પરમાત્મા નથી, પણ સહુ પરમાત્મા થઈ શકે છે. મારે પરમાત્મા થવું છે, તેથી જૈનકુળમાં જન્મ લેવો છે.'

આમ પ્રત્યેક જીવ પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે છે. એ બતાવનાર અરિહંત પ્રભુ છે. માટે જ સિદ્ધ ભગવંત કરતાં પણ અરિહંતનું સ્થાન પ્રથમ આપ્યું છે.

કબીરજીએ પણ ગુરુ-ગોવિંદ બન્નેમાં પ્રથમ સ્થાન ગુરુને આપ્યું. કારણ ગોવિંદને ઓળખાવનાર ગુરુ જ છે.

ગમે તેટલી બુદ્ધિ હોય, શાસ્ત્રોનો અભ્યાસ હોય, તત્ત્વોની જાણકારી હોય પણ ગુરુદેવનો પ્રત્યક્ષ ઉપકાર અંતરે વસે નહીં ત્યાં સુધી આત્મલક્ષ્ય જાગ્રત થાય નહીં.

અહીં આ શાસ્ત્રમાં આત્મલક્ષ્યને કેન્દ્રમાં રાખીને જ સર્વ વાતો કરી છે. તેથી તે જાગ્રત થવા માટે જોઈતી યોગ્યતા કઈ રીતે આવે તે પણ બતાવાયું છે.

શ્રીમદ્‌જી કહે છે —

**એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર.**

પ્રત્યક્ષ સદ્‌ગુરુનો મહિમા અંતરમાં ન વસે તથા તેઓએ કરેલા અનંત ઉપકારનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર ન કરી શકાય ત્યાં સુધી અંતરમનમાં આત્માનો વિચાર પણ ઊગતો નથી.

અહીં આ પદમાં 'ઉગે' શબ્દ મૂક્યો. તે બહુ જ અર્થસૂચક છે. ખરેખર! શ્રીમદ્‌જી એક-એક શબ્દ તોલી-તોલીને ગાથામાં મૂકે છે. આપણે આ શબ્દનું મૂલ્યાંકન કરીએ. આ પદમાં 'ઉગે' શબ્દ મૂક્યો તેના બદલે બીજો શબ્દ પણ મૂકી શકાતો હતો. પણ અંતરમાં આત્મવિચારને ઊગવા દેવો છે તેથી જ 'ઉગે' શબ્દ મૂક્યો.

'ઉગે' શું? ધરતીમાં ધરબાયેલું બીજ. માટીમાં દટાયેલું બીજ જ ઉગે છે. એ ક્યારે ઉગે? કોણ ઉગાડે? જ્યારે ધરતીમાં સમાઈ જાય અને પછી પોતાની જાતને ભેદી નાખે ત્યારે જ એ પોતામાં અંકુરિત થાય છે. પોતાની જાતને સુરક્ષિત રાખીને, ભેદ્યા સિવાય તેમાંથી અંકુર નીકળે નહીં. એટલે પહેલાં તો પોતાને માટીમાં મિલાવી દઈ, અંતરને ભેદી નાંખે. એટલું જ નહીં ધરતીની અંદર જ ભેદાઈને પડ્યું રહે તો તેનો વિકાસ ન થાય. તેને નષ્ટ થઈ જવું પડે. પણ બીજમાંથી નીકળેલ સુકોમળ અતિસૂક્ષ્મ અંકુર, કઠોર ધરતીના પડને પોતાની ચેતનાશક્તિથી ભેદીને બહાર નીકળે, બહારના વિશ્વને દૃષ્ટિગોચર થાય ત્યારે તે ઉગ્યું કહેવાય.

બીજી વાત કોણ ઉગાડે? ધરતીમાં નાખવાનું કામ કોઈ મનુષ્ય કે પશુ-પંખી કરે. બસ! એથી વિશેષ બીજું કંઈ ન કરે. બહુ તો માનવ-પ્રેરણા કામ કરતી હોય તો ખાતર-પાણી આપે. પણ ઉગવાની જે પ્રક્રિયા છે તે પોતે પોતામાં કરવી પડે. બીજમાં રહેલી ચેતના તેની આસપાસમાંથી ખોરાક-પાણી-હવા-પ્રકાશ લઈને પોતાને ભેદી નાંખે, એટલું જ નહીં ધરતીમાંથી અંકુરને બહાર નીકળવામાં પણ કોઈ તેને



મદદરૂપ ન થાય. પોતે જ પ્રયાસ વડે ઉગવું પડે.

એથી પણ આગળ વધીને નાનો એવો અંકુર માત્ર અંકુરરૂપે પડ્યો રહે તો તેનું અંકુરરૂપ ઉગવું નિરર્થક થઈ જાય છે. પણ ઉગ્યા પછી નિરંતર વૃદ્ધિગત થયા કરે. વૃદ્ધિ પામતાં પામતાં ૫૦-૬૦ કે એથી પણ વધારે ફીટની ઊંચાઈએ પહોંચી જાય અને તેનામાં રહેલી શક્તિ તેને ૧૮૦-૨૦૦ વર્ષનું લાંબુ આયુષ્ય પણ અર્પે. આજે પણ, વર્ષો જૂનાં વૃક્ષો આપણે જોઈ શકીએ છીએ જે પોતાની શરૂઆતમાં માત્ર અંકુર રૂપે ઊગ્યાં હતાં. સમયના પરિપાકની સાથે તેનામાં થયેલો વિકાસ આ જ પ્રત્યક્ષ છે.

હવે આપણાં અંતરમાં આત્મવિચારને ઉગાડવો છે તો શું કરવું પડે? તો પહેલાં તો માટીમાં ધરબાયેલા બીજની જેમ ગુરુદેવના ઉપકારનો એકે-એક રોમથી સ્વીકાર કરીએ. તેમના ઉપકાર નીચે દબાઈ જઈએ, આપણી જાતને ભૂલી જઈએ, 'હું' પણાનો ત્યાગ કરી દઈએ અને ગુરુદેવના ઉપદેશરૂપ, વાણીરૂપ, હવા, પાણી, ખોરાકને પોતાને આત્મસાત્ થવા દઈએ. એ ધીરે ધીરે થાય, એક સાથે ન થાય. વળી જો તેમાં નિરંતરતા રહે તો જ થાય.

ગુરુદેવની વાણીનો સ્વીકાર કરી, તેને અંતરમાં વાગોળ્યા કરીએ તો જ અંતરમાં સ્થિર થાય. ક્ષણિક તરંગરૂપ આત્મવિચાર જાગીને અસ્ત થઈ જાય તો તેમાંથી કંઈ ફળ મળે નહીં. તળાવના પાણીમાં ઊઠતા તરંગો, ઊઠે ને શમી જાય તેની કોઈ ગણતરી નહીં, કોઈ ઉપયોગિતા નહીં. તેમ આપણા મનમાં સત્સમાગમે ક્યારેક આત્મ વિષયક વિચાર જાગી જાય અને પાછી સંસારની જાળમાં અટવાયા કે વિચાર શમી જાય તો તેનું કાંઈ જ મૂલ્ય નહીં. પણ જાગેલો વિચાર અંતરના ઊંડાણ સુધી પહોંચી જઈ તેમાં જ રમ્યા કરે તો તે અંતર્ભેદ કરવા સમર્થ બને છે.

સ્વભાવ અને વિભાવ એકરૂપ થઈ ગયા હોય એવી રીતે જાણે આત્મામાં પડ્યા છે. તેને ભેદી નાખે, સ્વભાવ-વિભાવને જુદા પાડી દે, અંતર્ભેદ કરી નાખે, તો જ બોધિબીજમાં અંકુર ફૂટે. અને પછી, સંસારભાવની કઠોર ધરતીને ભેદીને બહાર નીકળે. અર્થાત્ જેને અંતર્ભેદ થયો, ભેદ-વિજ્ઞાન પ્રગટ્યું તેનો બાહ્ય વ્યવહાર પણ બદલાઈ જાય. જે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા રૂપે દૃષ્ટિગોચર થાય.

જેમ બીજને પોતાને-પોતાની શક્તિ વડે પ્રસ્ફુરિત થવું પડે છે તેમ જીવ પણ માર્ગદર્શનરૂપ માવજત કે ગુરુની વાણીરૂપ ખાતર-પાણી ભલે મેળવી લે, પણ પોતામાં ભેદ-વિજ્ઞાન તો પોતાની મેળે જ પ્રગટાવવું પડે. અને આ ભાવો જો આત્મામાં સ્થિર રહે તો તે વૃદ્ધિ પામતા પામતા ગુણસ્થાનની શ્રેણીરૂપ વિકાસ સાધી અંતે મોક્ષરૂપ ફળને પામે, જે અનંત અવ્યાબાધ સ્થિતિને લઈને જ પ્રગટ થયું હોય.

આમ ગાથામાં મૂકેલો 'ઉગે' શબ્દ તેની સંપૂર્ણ સાર્થકતા સાથે સફળ થાય છે.

સામાન્ય રીતે જીવને આત્મવિચાર કેમ ઊગતો નથી? જ્યાં બીજ જ યોગ્ય ન હોય ત્યાં તે ઉગે ક્યાંથી?

બંધુઓ! પેલી 'તરત ચીભડીનાં બી'ની વાત સાંભળી હશે. એક ગ્રામ્યજન પાસે ચીભડાનાં એવાં બી હતાં કે વાવે એટલે તરત જ ઊગે અને અંકુરિત થવાની સાથે જ પાંચ-સાત મિનિટમાં જ પલ્લવિત, પુષ્પિત થઈને ફલિત પણ થઈ જાય. વાવ્યા પછી દશ મિનિટમાં જ મીઠાં-મીઠાં મધ જેવાં મધુર ચીભડાં ખાવા મળે.

આ બી લઈ તે ગામેગામ ફરતો. અને તેના પર તેની આજીવિકા ચાલતી. એકવાર એક મોજીલા રાજાના નગરમાં એ પહોંચ્યો. પોતાની કળાની વાત કરી અને રાજા તો સાંભળવા માત્રથી ખુશ થઈ ગયો. બીજે દિવસે સવારે માનવ-મેદનીની વચ્ચે જો એ કરી બતાવે તો અર્ધું રાજ્ય આપવાનો કોલ કર્યો, વાત નક્કી થઈ. પણ વફાદાર મંત્રીને આ ન રુચ્યું. તેને વિચાર થયો કે જો આમ જ હશે ને આવેલ માણસ પોતાની વાતમાં સફળ થશે તો અર્ધું રાજ્ય દેવું પડશે, જે ઠીક નથી થતું, અને તેણે ચાલાકી વાપરી.

પેલા માણસને સન્માનપૂર્વક પોતાને ઘરે લઈ ગયો અને તેનો વિશ્વાસ જીતી લઈ, જોવા માટે બી માંગ્યાં. પેલાને ખબર ન પડે તેમ બી શેકી નાખ્યાં. બીજે દિવસે સવારે જ્યારે એ માણસ રાજા સમક્ષ હાજર થયો અને બહુ જ ઉત્સાહપૂર્વક અદ્‌ભુત ચમત્કાર બતાવવા માટે બીને જમીનમાં વાવ્યાં અને રાહ જુએ છે કે હમણાં જ અંકુર ફૂટશે. પણ પાંચ, સાત, દશ મિનિટ વીતી ગઈ. પેલો અકળાયો. છતાં ધીરજ ધરી રાહ જુએ છે. પણ કલાક-બે કલાક થયા છતાં કંઈ પરિણામ ન



આવ્યું, ત્યારે અપમાનિત અને નિરાશ થઈને ત્યાંથી ચાલ્યો ગયો.

બંધુઓ! વિચારો! કેમ તે સફળ ન થયો? માત્ર એક જ કારણ કે બીજ એ જ હોવા છતાં પણ શેકાઈ ગયાં હતાં જેથી તે અંકુરિત ન થયાં. તેની પાછળ કરેલી મહેનત બધી જ વ્યર્થ ગઈ. તે જ રીતે આપણામાં જો આત્મવિચાર ઉગતો ન હોય તો સમજી લેવું ઘટે કે આપણાં બીજ પણ કોઈકે શેકી નાંખ્યાં છે. કોણે શેક્યા?

આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી આપણા આત્મામાં પડેલી શક્તિ શેકાઈ ગઈ છે. આપણે આપણાં બીજને સંભાળી શક્યા નથી! આત્માના એક-એક પ્રદેશ પર આત્મદર્શન પ્રગટ થઈ શકે એટલી વીર્યશક્તિ પડેલી છે, છતાં એ પ્રગટ થઈ શકતી નથી!

આપણા પક્ષે એક મોટું આશ્વાસન છે, કે પેલાં શેકાયેલાં બીજ ફરી કદી અંકુરિત થવાની શક્તિ પાછી મેળવી શકતાં નથી પણ આપણા અંતરમાં પડેલી યોગ્યતા તો પુરુષાર્થ દ્વારા જાગી ઊઠી શકે છે, અને અંકુરિત થઈ ફલિત બની શકે છે.

તો આ આપણી શક્તિને જાગ્રત કરવા પ્રત્યક્ષ સદ્‌ગુરુનો ઉપકાર અને પરોક્ષ જિનેશ્વરદેવનો ઉપકાર – આ બન્નેનું મહત્ત્વ સમજી લઈએ અને તેઓ પ્રત્યે અંતરમાં શ્રદ્ધા, માન, ભક્તિ, આદર જગાડીએ તો જ આત્મવિશ્વાસ પ્રસ્ફુરિત કરી શકીશું.

# સદ્‌ગુરુના ઉપદેશ વણ....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મામાં પડેલા અનંત આનંદના ગુણને જાગ્રત કરે છે. 'આનંદ એ મારો સ્વભાવ છે' એવું જાણતો થાય પછી જ એ સહજતાથી આનંદને માણી શકે.

પાંચે ઈન્દ્રિયોના વિષયો તો જીવે અનેકવાર જાણ્યા અને માણ્યા છે. જે યોનિમાં જેટલી ઈન્દ્રિયો મળી, તે બધી જ ઈન્દ્રિયો વડે ભોગ-ઉપભોગ કરવાનું એ ચૂક્યો નથી. અરે! પૃથ્વી આદિમાં તો તેને માત્ર સ્પર્શેન્દ્રિય જ મળી હતી, પણ ત્યાંએ ઈન્દ્રિયોનો ભોગ કરી જ લીધો. એ કદી ત્યાગવામાં સમજ્યો જ નથી અને આજે માનવ થયા પછી પણ એને ત્યાગના ભાવ જાગતા નથી એ જ એની ભવોભવની ભોગવૃત્તિનો પુરાવો છે.

પણ જીવે એ સમજી લેવું ઘટે કે જે આનંદ ત્યાગમાં છે તે ભોગમાં નથી. આ સમજણ અને સમજ્યા પછીનું આચરણ માત્ર માનવ જ કરી શકે છે. બીજી કોઈ પણ ગતિના જીવોમાં આ સમજણનો અવકાશ જ નથી. જો આ સમજણ આવે તો જ, મારો સ્વભાવ ભોગ નથી પણ અનંત સુખની અનુભવદશા છે એ સમજીને તેને માણવાનો પ્રયાસ થાય.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં સ્વ-સ્વરૂપને જાણવા માટેના પુરુષાર્થનો આદેશ છે, અને તેના માટે સદ્‌ગુરુનું શરણ, અને એ શરણામાં સમર્પિતતા. એમના ચરણમાં શ્રદ્ધા. આ શ્રદ્ધા જ જીવને તારી દે છે. આપણે બીજું કશું ન કરી શકીએ તો માત્ર આપણા આત્માના એક-એક પ્રદેશે રહેલી શ્રદ્ધાની સર્વ શક્તિ ગુરુચરણમાં ઢાળી દઈએ તો આત્માનું ઉત્થાન પોતાની મેળે જ થશે, પછી કંઈ કરવાપણું નહીં રહે.

આપણી શ્રદ્ધા જે ચારે કોર વિખરાયેલી પડી છે. આમાંય શ્રદ્ધા, તેમાંય શ્રદ્ધા અને પેલામાંય શ્રદ્ધા. 'પથ્થર એટલા પૂજે દેવ' જેવી ભ્રામક પરિસ્થિતિ છે. એ વિખરાયેલી શ્રદ્ધા ફળીભૂત ફળી નથી. શ્રદ્ધા જો એકમાં જ સમર્પિત થઈ જાય તો એ શ્રદ્ધાની Quantity વધે, એ શ્રદ્ધાનું બળ વધે, એ આપણા આત્મા માટે ઉત્થાનનું કારણ બની શકે.

કોઈ કહેશે આ કાળમાં સદ્‌ગુરુ મળવા જોઈએ ને? આવા દુષમ કાળમાં આત્મસાધક ગુરુ ક્યાં મળે? પણ તારું ઉપાદાન જો તૈયાર હશે, તારું શિષ્યત્વ પાકી ગયું હશે તો ગુરુ મળ્યા વગર રહેશે નહીં. ઉપાદન તો તારું જોઈશે. ગમે તેવા ગુરુ મળે. અરે! આ કાળમાં છદ્મસ્થ ગુરુ મળે અને તીર્થંકરોના કાળમાં કેવળી ગુરુ મળે, પણ તેઓ નિમિત્ત માત્ર છે. તારું ઉપાદાન તૈયાર હશે તો સામેથી ગુરુ મળશે. માટે તારી યોગ્યતા કેળવી લે, ગુરુનો દોષ જોઈશ મા કે મને યોગ્ય ગુરુ ન મળ્યા! તારામાં જે દિવસે પાત્રતા પ્રગટશે તે દિવસે આકાશમાંથી ગુરુ ઊતરશે. પહેલાં યોગ્યતા પામવી પડશે. વિચાર તો ખરો જીવ! કે તારી યોગ્યતા કેટલી? સદ્‌ગુરુ જેવા મહાન રત્નને પામીને જીરવી શકે તેવી યોગ્યતા છે ખરી? આ તો સિંહણના દૂધ જેવી વાત છે. સુવર્ણના પાત્રમાં જ રહે. બીજામાં નાખો તો પાત્રને ફોડીને બહાર નીકળે, ને માટીમાં ભળી જાય. સદ્‌ગુરુ જેવું અમૂલ્ય રત્ન પામવું હોય તો પહેલાં પાત્રતા જોઈશે.

જો એવા મહાન સદ્‌ગુરુ મળ્યા પછી તેમને જીરવી નહીં શકાય, તો આપણામાં રહેલો સ્વચ્છંદ, અહમ્, આપણને તેઓનું મૂલ્ય નહીં સમજવા દે, તેમના આશ્રયે ઉત્થાન કરવું છે, તેના બદલે આપણી કુપાત્રતા આપણને પતનના રાહે લઈ જશે. માટે પહેલાં પાત્રતા પછી સદ્‌ગુરુની શોધ!

શા માટે સદ્‌ગુરુનો મહિમા આટલો ગાયો? તો શ્રીમદ્‌જી ફરમાવે છે –

**સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિન રૂપ,**
**સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ...૧૨...**

જીવને સમજવા જેવું જે છે તે જિનનું સ્વરૂપ છે. કારણ જિન

સ્વરૂપ સમજવાથી જ નિજ સ્વરૂપ સમજાશે. પણ એ સદ્‌ગુરુના ઉપદેશને ગ્રહણ કરે તો જ સમજાય. ઉપદેશ સાંભળે તો ખરો! પણ સાંભળીને તેમાં શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થાય, પછી તેનું આચરણ થાય તો જ વાસ્તવિક જિન સ્વરૂપને સમજી શકાય.

પ્રતિક્રમણના પાંચમા શ્રમણસૂત્રમાં કહ્યું છે —

**तं धम्मं**

**सद्दहामि**

**पत्तिआमि**

**रोएमि**

**फासेमि**

**पालेमि**

**अणुपालेमि**

ગુરુદેવનો ઉપદેશ સાંભળી, સહુ પ્રથમ તેના પર શ્રદ્ધા, 'સદ્દહામિ' હું શ્રદ્ધા કરું છું. જ્યારે પણ પ્રવચન સાંભળો, ત્યારે મનમાં એક એવો ભાવ લઈને સાંભળવા બેસો કે અહીંથી જે કંઈ કહેવામાં આવે છે તે એક માત્ર હિત માટે જ છે. મારાથી બને તેટલું ગ્રહણ કરવું છે, આચરવું છે, શ્રદ્ધા લઈને આવશો તો જ સાંભળેલા ઉપદેશમાં શ્રદ્ધા જાગશે. પણ મહાસતીજી તો કીધા કરે, તેઓ કહે તે બધું આપણે કરવાનું ન હોય. આવી ભાવના લઈને આવો તો શ્રદ્ધા જાગે જ ક્યાંથી? માટે સહુ પહેલાં સાંભળેલા ઉપદેશ પર શ્રદ્ધા જગાવો.

તે પછી પ્રતીતિ અને રુચિ. આ બન્નેમાં થોડું અંતર છે. જે ધર્મમાં, જે તત્ત્વમાં શ્રદ્ધા જાગી છે તેના પ્રત્યે પ્રેમભર્યું આકર્ષણ થાય, તે બહુ ગમવા માંડે અને એ તત્ત્વમાં તેની વિચારણા જાગે. એકલી શ્રદ્ધાથી કામ ન ચાલે, માટે જ સાધક કહે 'હું પ્રતીતિ કરું છું.' પણ આકર્ષણ ક્યારેક તૂટી પણ જાય. સંયોગો પ્રતિકૂળ હોય તો તત્ત્વમાંથી આકર્ષણ ઓછું થઈ જાય. પણ **रोएमि** એટલે મને તત્ત્વ પ્રત્યે સદા રુચિ છે. અંતઃકરણમાં એક વાર જો રુચિ જાગ્રત થઈ ગઈ, તો કદાચ સંયોગવશ આચરણ ન કરી શકતો હોય તોય તેની રુચિ ચાલી ન જાય. અને આ જ રુચિ તેનામાં આચરણની શક્તિ પેદા કરે.



તત્ત્વની રુચિ જીવમાં જો એકવાર જાગ્રત થઈ જાય, તો જીવ તેને પામવાનો પુરુષાર્થ કરશે. આપણા સહુના હૃદયમાં કોઈ ને કોઈ પ્રકારની રુચિ તો પડી જ છે. પણ તે રુચિ સંસારની હોય છે, સંસારના પદાર્થોની હોય છે. જેની રુચિ છે તેને મેળવવાનો પુરુષાર્થ પણ એટલો જ કરતા હોઈએ છીએ. જેવી સંસારના ભોગની રુચિ છે, એથી પણ તીવ્ર રુચિ વીતરાગવાણીને અંતરમાં ઉતારવાની કેળવીએ તો જ તત્ત્વ સમજાય. નિશદિન મન ઝંખતું હોય કે ક્યારે મને યોગ મળે અને ક્યારે સંતોના શબ્દો મારા કાને પડે! ક્યારે સત્સંગ મળે ને પામી લઉં એવી તીવ્ર પિપાસા જાગ્રત થાય તેનું નામ **'रोएमि'**!

ત્યાર બાદ 'ફાસેમિ' હું એ તત્ત્વનો સ્પર્શ કરું છું. ધર્મનો સ્પર્શ એ શું છે? કોને થાય એ સ્પર્શ? બહુ જ વિચારવા જેવી વાત છે.

આપણી પાંચે ઈન્દ્રિયોમાં સહુથી વધુ સંવેદનશીલ હોય તો તે આપણી સ્પર્શેન્દ્રિય છે, જે ત્વચાના રૂપે આખા શરીર પર મઢાયેલી છે. અન્ય ઈન્દ્રિયો પોતાના વિષયોને ગ્રહણ કરીને એટલુ સંવેદન નથી કરી શકતી જેટલું સંવેદન ત્વચા કરે છે. સ્પર્શ વડે ભાવોને, સારા-નરસા વિચારને જીવ ગ્રહણ કરે છે. અરે! ભારતીય સાધના પરંપરામાં જેમ મંત્રદીક્ષા, દૃષ્ટિદીક્ષા અપાય છે તેમ સ્પર્શદીક્ષા પણ અપાય છે. અર્થાત્ સમર્થ આધ્યાત્મિક ગુરુ સ્પર્શ માત્રથી સાધકને સમાધિમાં લઈ જઈ શકે છે. સદ્‌ગુરુના હાથનો સ્પર્શ થાય અને સાધક ભાવ-સમાધિનો અનુભવ કરી લે! તો સ્પર્શ સારા-નરસા ભાવોનો વાહક છે. આ તો શારીરિક સ્પર્શની વાત થઈ.

અહીં જે સ્પર્શની વાત છે તે આત્માથી સ્પર્શવાની વાત છે. ગુરુનો ઉપદેશ – તત્ત્વ આત્માને સ્પર્શી જાય અને આત્મા એક પ્રકારનું ઊંડું સંવેદન અનુભવે. આખરે સંવેદનાની શક્તિ તો આત્માની જ છે ને? એટલે 'ફાસેમિ'થી જે તત્ત્વ સાંભળ્યું છે તે આત્મસાત્ થઈ જાય છે.

જે આત્મસાત્ થયું તેને આચરણમાં ઉતરતાં વાર ન લાગે, તે સહજ રૂપે આચરણમાં ઊતરી જાય. માટે જ કહ્યું : 'પાલેમિ'. હું પ્રત્યેક સ્થિતિમાં ધર્મનું પાલન કરું છું. અર્થાત્ જે તત્ત્વો મારે આચરવા યોગ્ય છે તેનું આચરણ કરું છું.

જ્યાં સ્પર્શ અને આચરણ તાણા-વાણાની માફક વણાઈ જાય છે, ત્યાં જ અનુભવનું પોત તૈયાર થાય છે. તાણા-વાણા જ્યાં સુધી જુદા છે ત્યાં સુધી એ માત્ર સૂતર છે, કાર્યકારી નથી. પણ વસ્ત્ર બને છે ત્યારે એ અંગ-ઢાંકણ બની જાય છે. તેમ શ્રદ્ધા, પ્રીતિ, રુચિ, સ્પર્શ અને પછી આચરણ.

આચરણની મહત્તા કેટલી છે તે બતાવતાં છેલ્લો શબ્દ મૂક્યો 'અણુપાલેમિ'. હું ધર્મનું પાલન તો કરું છું પણ તે માત્ર એક જ વાર કરીને છોડી દઉં તેમ નહીં, પણ વારંવાર સતત આત્મદશામાં આચરણનું તત્ત્વ ઉતરી જાય તેમ.

વળી 'અણુપાલેમિ'નો બીજો અર્થ, આચાર્ય જિનદાસ એ પણ કરે છે કે:

**''પૂર્વ કાળે થયેલા સત્પુરુષો દ્વારા પાલિત ધર્મનું હું પણ એ રીતે જ પાલન કરું છું.''**

આમ સદ્‌ગુરુના ઉપદેશને સાંભળ્યા પછી આટલા તબક્કામાંથી પસાર થવું પડશે તો જ તેમનો કહેલો ઉપદેશ અંતરમાં ઉતરશે અને તેમના દ્વારા જિન-સ્વરૂપને સમજવું છે તે સમજી શકીશું.

બંધુઓ! જિન-સ્વરૂપ એટલે વાસ્તવિકતાએ આપણું પોતાનું સ્વરૂપ. એને પામવું કોઈ સરળ કામ નથી, કેટલી બધી તૈયારી હોય ત્યારે જ તે પામી શકાય! તો હવે ગુરુદેવે ફરમાવેલ એ જિનનું સ્વરૂપ કેવું છે તે જોઈએ.

જિન કોને કહેવાય? બહુ જ સ્થૂલ શબ્દોમાં વ્યાખ્યા કરીએ તો જેઓ જીતી ગયા છે તે જિન, અર્થાત્ જેમણે રાગ-દ્વેષને જીત્યા તે જિન. અને એવા જિનનો ઉપાસક તે જૈન. બંધુઓ! જાણો છો? આપણે જૈન કહેવાઈએ છીએ પણ આ જૈન શબ્દ તો બહુ પાછળથી આવેલો છે. તીર્થંકરોના સમયમાં, તે ત્યાં સુધી કે મહાવીરના સમયમાં પણ કોઈ જૈન નહોતા કહેવાતા, પણ 'આર્હત્' કહેવાતા. કારણ, આપણા પ્રભુ અરિહંત હતા અને અરિહંતનો ઉપાસક તે આર્હત્.

અરિહંત પરમાત્મા એટલે કે તીર્થંકર દેવ, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર તીર્થની સ્થાપના કરે, સાધુધર્મ અને શ્રાવકધર્મની



પ્રરૂપણા કરે અને એ ધર્મનો પાળનાર આર્હત્ કહેવાય. પછી તે સાધુધર્મ પાળનાર હોય કે શ્રાવકધર્મ પાળનાર હોય, બન્ને આર્હત્. એટલે મૂળમાં આપણે સહુ આર્હત્ કહેવાતા હતા.

પરંતુ પછી આચાર્ય પરંપરામાં, આ શબ્દમાં પરિવર્તન આવ્યું. જેમ ભારતની બીજી ધર્મ-પરંપરાઓમાં, શિવનો ઉપાસક શૈવ કહેવાયો, વિષ્ણુનો ઉપાસક વૈષ્ણવ કહેવાયો, બુદ્ધનો ઉપાસક બૌદ્ધ કહેવાય, તેમ અરિહંતને બીજા શબ્દોમાં જિન કહેવાય એટલે જિનનો ઉપાસક જૈન કહેવાય. માટે આપણે સહુ જૈન કહેવાઈએ છીએ.

દરેક જૈનનું એ કર્તવ્ય છે, કે એ જેમનો ઉપાસક છે એવા જિનનું સ્વરૂપ સમજે. જિન એટલે કોણ અને કેવા હોય? હા, સાદીસીધી વ્યાખ્યા તો આપણને સહુને ખબર છે કે જેમણે રાગ-દ્વેષને જીતી વીતરાગતા પ્રાપ્ત કરી તે જિનેશ્વર. પણ આટલા માત્રથી તેમનું સંપૂર્ણ સ્વરૂપ સમજી શકાતું નથી. અરિહંત પરમાત્માનું સ્વરૂપ તો મહિમામય છે, જેઓ અનંત ગુણોના ધારક છે, જે સ્વરૂપને સર્વથા સમજી શકવા તો આપણે સમર્થ નથી. પણ આપણા મહાપુરુષોએ, આપણા અંતરના જિનેશ્વર પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને આદર જાગે એટલા માટે અરિહંતે પરમાત્માનું સ્વરૂપ સમજાવવા કોશિશ કરી છે. અરિહંતના સ્વરૂપને બતાવતાં એક આચાર્ય કહે છે–

**સહજ નિજ આલોકસે ભાસિત સ્વયં સંબુદ્ધ હૈ**
**ધર્મ તીર્થંકર શુભંકર વીતરાગ વિશુદ્ધ હૈ**
**ગતિ પ્રતિષ્ઠા ત્રાણ દાતા આવરણસે મુક્ત હૈ**
**દેવ અર્હન્ દિવ્ય યોગ જ અતિશયોંસે યુક્ત હૈ....**

સહજ નિજ આલોકસે ભાસિત જિનેશ્વર પ્રભુ, અરિહંત પરમાત્માનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક હોય છે. જે પોતે પોતાને જાણે છે અને સમસ્ત લોકને પણ પોતાના જ્ઞાનથી જાણે છે. એટલું જ નહીં સ્વયં સંબુદ્ધ છે. બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો તીર્થંકર થવા સર્જાયેલો આત્મા પૂર્વભવોની સાધનાના કારણે પોતામાં એવી યોગ્યતા લઈને જન્મ્યો હોય કે તેમને, આ ભવમાં ગુરુના ઉપદેશની આવશ્યકતા ન રહે. તેમને દીક્ષા લેવાનો ભાવ સ્વયંસ્ફુરિત હોય. તેઓ કોઈ દ્વારા બોધ પામે અને પછી

ચારિત્ર ગ્રહણ કરે એવું તેમને ન હોય. વળી મતિ, શ્રુત અને અવધિ આ ત્રણ જ્ઞાન તથા ચોથું સમ્યગ્દર્શન, આટલી વિશેષતાઓ લઈને જ જન્મે. ગર્ભકાળમાં પણ આ શક્તિઓ સાથે જ હોય. એટલે જન્મ્યા પહેલાં જ તેઓ જાણે છે કે તેઓ ભાવિ તીર્થંકર છે. આમ તેઓના આત્મ-પ્રકાશ માટે બીજાના-કોઈના પ્રકાશની જરૂર નથી. તેઓ સ્વયં પ્રકાશિત જ હોય છે.

**ધર્મ તીર્થંકર** – ધર્મ-તીર્થની સ્થાપના કરે તે તીર્થંકર કહેવાય છે. બંધુઓ! તીર્થની સ્થાપના કરવી એ કોઈ મામૂલી વાત નથી. જાણો છો ને? કે અહીં આ કાળમાં તમારી ભૌતિક દુનિયામાં એક નાની એવી સંસ્થાની સ્થાપના કરવી હોય તો તે માટે સહુમાં શક્તિ નથી હોતી. જેની પાસે શરીરબળ, મનબળ, ધનબળ, બુદ્ધિબળ વગેરે-વગેરે બળ હોય તે જ કરી શકે છે. અન્યનું એ ગજું નથી. એમ જેઓએ પૂર્વે જબરદસ્ત પુણ્યાઈ કરી છે. પુણ્યાનુબંધી પુણ્યનું બળ સાથે લઈને આવ્યા છે તેવા અરિહંત જ તીર્થની સ્થાપના કરે છે. કેવળી તો કરોડો થાય પણ તીર્થની સ્થાપના કરનાર તીર્થંકર માત્ર ૨૪ જ થાય.

**શુભંકર** – અરિહંત પરમાત્મા પોતાના પુણ્યબળથી તથા આત્મામાં પ્રગટી ચૂકેલા અનંતજ્ઞાન, અનંતવીર્યના અસાધારણ ગુણોને કારણે, તીર્થની સ્થાપના કરે છે. વળી 'શુભંકર' તેમના આત્મામાં જાગેલી સંપૂર્ણ ભાવદયા, વ્યવહારમાં દ્રવ્યદયા રૂપ વાણીનો વ્યવહાર કરાવે છે તેથી અરિહંતના આશ્રયે સહુનું શુભ-કલ્યાણ જ થાય છે. તીર્થંકરના ચરણમાં ગયેલા જીવનો ઉદ્ધાર થાય, થાય ને થાય જ. આમ સહુ જીવોનું મંગલ કરે છે.

**વીતરાગ વિશુધ્ધ હૈ** – રાગ-દ્વેષને જીતી વીતરાગ થયા છે. તેમનો આત્મા સર્વ દોષોથી રહિત હોવાના કારણે વિશુદ્ધ છે. બંધુઓ! જાણો છો? અરિહંત પરમાત્માએ ચાર ઘાતી કર્મોનો ક્ષય કર્યો છે. અહીં જરા વિચારીએ

આઠ કર્મો (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય. આ આઠ કર્મોમાં ચાર ઘાતી કર્મ – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. એ ચાર એકાંત પાપરૂપ છે. આ કર્મોની ૪૭ પ્રકૃતિમાં એક પણ પુણ્યપ્રકૃતિ નથી અને બાકીનાં ચાર કર્મો જે અઘાતી કહેવાય છે તેમાં પુણ્ય-પાપ બન્ને પ્રકારની પ્રકૃતિઓ છે. વેદનીયમાં સાતા વેદનીય પુણ્યરૂપ અને અસાતા વેદનીય પાપરૂપ. આયુષ્યમાં દેવ-મનુષ્યનું આયુષ્ય પુણ્યરૂપ. તિર્યંચનું આયુષ્ય બન્નેમાં, પુણ્ય – પાપરૂપ અને નારકીનું આયુષ્ય પાપરૂપ. નામકર્મમાં શુભ પ્રકૃતિઓ પુણ્યરૂપ અને અશુભ પ્રકૃતિઓ પાપરૂપ અને ગોત્રકર્મમાં ઉચ્ચ ગોત્ર પુણ્યરૂપ અને નીચ ગોત્ર પાપરૂપ. આમ આ ચાર અઘાતીકર્મો પુણ્ય-પાપ બન્ને રૂપે છે.



હવે અરિહંત પ્રભુને એકાંત પાપરૂપ એવાં ચાર ઘાતી કર્મો તો હોતાં નથી અને અઘાતી કર્મોમાં પણ મોટા ભાગે પુણ્ય પ્રકૃતિઓ હોય છે. તેથી પાપભાવ અને પાપકર્મો બન્નેનો નાશ થઈ જતાં તેઓનો આત્મા વિશુદ્ધ છે. વળી રાગ-દ્વેષ જેવા ભયંકર દોષોને તો તેઓએ સર્વથા હણી નાખ્યા છે તેથી તેઓ સર્વથા વિશુદ્ધ છે.

**ગતિ પ્રતિષ્ઠા ત્રાણ દાતા આવરણસે મુક્ત હૈં** – અરિહંત પરમાત્માની ઉપાસના, જીવને ત્રણ ચીજો આપે છે. એક તો ગતિ. જેઓ અરિહંતને શુદ્ધ હૃદયથી ભજે તેની દુર્ગતિ કદી થાય નહીં. હલકી ગતિઓમાં તો ન જ જાય, પણ અરિહંતની ઉપાસના અરિહંત બનાવે, એટલે કે પંચમ ગતિરૂપ મોક્ષ અપાવે.

બીજું પ્રતિષ્ઠા આપે. પ્રતિષ્ઠા કોને કહેવાય? સમાજ જેને કંઈક માનથી, આદરથી જોતો હોય તે પ્રતિષ્ઠિત વ્યક્તિ કહેવાય. પણ બંધુઓ! આ પ્રતિષ્ઠા તો સમાજે બનાવેલી, સમાજે માન્ય કરેલી પ્રતિષ્ઠા છે; જે આવે ને જાય. ટકી જ રહે એવું નહીં. એક વ્યક્તિ આજે પ્રતિષ્ઠિત કહેવાતો હોય પણ આર્થિક ક્ષેત્રે માર ખાઈ બેસે તો પ્રતિષ્ઠા ગુમાવી દે અને વળી કાલે ભાગ્ય પરનું પાંદડું ખસી જાય અને ધન મેળવી લે, પાછો પાંચમા પૂછાવા માંડે. પણ આવી પ્રતિષ્ઠાની અહીં વાત નથી. અહીં તો ખરેખર પાંચમાં પૂછાવાની જ નહીં, પૂજાવાની જ નહિ પણ પાંચમાં સ્થાન લઈ લેવાની વાત છે. તે શેમાં? પંચ પરમેષ્ઠિના પાંચ પદોમાં. કહો તો ખરા! આ પાંચ પદમાં તમારું સ્થાન ક્યાં? એકમાં તો સ્થાન મેળવી લો. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આ પાંચમાંથી કઈ Categoryમાં બેસવું છે? સહુને

Top most Category જ જોઈએ. કેમ? અરિહંત પદનું આવું વર્ણન સાંભળીને એમ થાય ને, કે અરિહંત પદમાં જ સ્થાન મળી જાય તો સારું. સર્વ પ્રથમ પદમાં જ બેસીએ ને! પણ બંધુઓ! એમ આ ખુરશી સહેલી નથી. નહીં મળે. અહીં તો ક્રમશઃ આગળ વધવું પડે છે. પહેલાં પાંચમાં પદમાં પ્રવેશ મેળવી લો પછી જ ચાર-ત્રણમાં થઈ એકમાં જવાશે, અને પછી સિદ્ધની કોટિમાં. તો આમ અંતરમાં પડેલું પરમાત્મ તત્ત્વ જાગ્રત કરી લેવાનું છે અને તે અરિહંતની ઉપાસનાથી મળે છે. તો જિનદેવ આવી પ્રતિષ્ઠા આપે છે.

અને ત્રીજું ત્રાણદાતા. શરણ આપે છે. અરિહંત પ્રભુ **શરણદયાણં** છે. શરણ કોણ આપી શકે? જે સર્વશક્તિમાન છે, જેમનામાં શરણાગત વત્સલતા છે, શરણે આવેલાનું સંપૂર્ણ રક્ષણ કરી શકે છે તે જ. અરિહંત પરમાત્મા તેમના અનંત ગુણોથી સમૃદ્ધ છે. વળી તેમનું અનંત જ્ઞાન શરણે આવેલા જીવના ભૂત-ભવિષ્યની આરપાર જઈ તેના સર્વ ભાવોને જાણી લે છે. તેથી તે જીવના દર્દની પણ તેમને ખબર છે અને દવાની પણ જાણ છે. માટે જ આપણે રોજ ભાવના ભાવીએ છીએ **અરિહંતે શરણં પવજ્જામિ...**

જગતના કોઈ પણ સમર્થમાં સમર્થ વ્યક્તિમાં પણ અરિહંત જેવી શક્તિ નથી કે જે, સંસારના તાપથી તપેલા જીવને શરણે રાખીને ઉગારી શકે. સંસારના સહુ શરણાં નિર્માલ્ય છે. બસ! માત્ર અરિહંત પરમાત્મા જ આવું સામર્થ્ય ધરાવે છે.

અનાદિથી ભટકતા જીવની શક્તિ પર કર્મોનાં ગાઢ આવરણો પડ્યાં છે, જેના કારણે જીવ પોતાની શક્તિનો અનુભવ કરી શકતો નથી. પણ અરિહંત પરમાત્મા તો **આવરણસે મુક્ત હૈં** બધાં જ આવરણો હટાવી દીધાં છે. જ્ઞાન પરનાં આવરણનો નાશ કરી કેવળજ્ઞાની થયા, દર્શન પરનું આવરણ દૂર કરી અનંતદર્શની બન્યા. મોહને બાળી ક્ષાયિક સમકિત અને ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર્ય પ્રાપ્ત કર્યું અને સર્વ અંતરાયોનો ક્ષય કરી અનંત વીર્યશક્તિને પ્રાપ્ત કરી. આમ આત્માનાં મૌલિક ગુણો પરનાં આવરણો દૂર કરી મુક્ત બની ગયા.

**દેવ અર્હન્ દિવ્ય યોગ જ અતિશયોં સે યુક્ત હૈ**

દેવ, દાનવ અને માનવ સર્વના પૂજનીય એવા ત્રિલોકીનાથ



તીર્થંકર પરમાત્મા સયોગી છે. અર્થાત્ મન-વચન-કાયાના યોગો સહિત છે. આપણા યોગોની પ્રવૃત્તિ ક્યારેક જ માનવીય હોય છે અન્યથા પૂર્વભવોના સંસ્કારો સાથે લઈને આવ્યા હોવાના કારણે, પ્રવૃત્તિમાં પાશવતા અને દાનવતા ઝળકતી હોય છે. જ્યારે અરિહંત પ્રભુ પણ, એ જ યોગ હોવા છતાં તેમની સર્વ પ્રવૃત્તિઓમાં દિવ્યતા દેખાતી હોય. તેઓનો યૌગિક વ્યાપાર સાત્ત્વિક જ હોય, ત્યાં રાજસ કે તામસભાવ હોય જ નહીં.

વળી ઊંડાણમાં જઈને વિચારીએ તો કેવળી પરમાત્માની, યોગની પ્રવૃત્તિ પ્રયત્નપૂર્વકની હોતી નથી. તેમની વાણીનો વ્યવહાર સ્વયં જ થયા કરે છે. આ બોલું કે પેલું એવા વિચારથી તેઓની વાણી ન નીકળે, પણ ભવિતવ્યતાના યોગે જેટલો વચનવ્યવહાર થવાનો હોય તે થયા કરે. તે જ રીતે કાયાની પ્રવૃત્તિ પણ પ્રયત્નપૂર્વકની ન હોય, પણ તે સમયે દેહનું પરિણમન જે ગતિ કે જે સ્થિતિમાં થવાનું હોય તે થયા કરે અને એથી પણ આગળ વિચારીએ તો પ્રભુને મન યોગની પ્રવૃત્તિ તો હોતી જ નથી.

મનનું કામ છે વિચાર કરવાનું. વિચારો હંમેશાં ભૂત અને ભવિષ્યના જ હોય. ભૂતકાળની સ્મૃતિરૂપ અને ભવિષ્યની કલ્પનારૂપ વિચારો હોય. વર્તમાન માત્ર એક ક્ષણનો જ છે. તેનો વિચાર હોય નહીં. અરિહંત પ્રભુ તો ભૂત-ભવિષ્યને સંપૂર્ણપણે જાણે છે, માટે તેઓને વિચાર કરવાનો હોતો નથી. તેમના મનનો ઉપયોગ ત્યારે જ થાય, જ્યારે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો મનથી પ્રભુને પ્રશ્ન કરે અને પ્રભુ તેઓને મનથી જવાબ આપે.

આમ પ્રભુના ત્રણે યોગની પ્રવૃત્તિ વિકલ્પરહિત હોવાથી દિવ્ય હોય છે. અને તેથી જ તેમના યોગ તેમને કર્મબંધના કારણરૂપ નથી બનતા. યોગથી કર્મ બંધાય પણ માત્ર બે જ સમય પૂરતાં, ત્રીજે સમયે તો ખરી જાય.

આ સાથે પ્રભુ **અતિશયોં સે યુક્ત હૈં.** જે સર્વ સાધારણને ન હોય, એવી અસાધારણ વિશેષતાને અતિશય કહેવાય છે. પ્રભુને કેટલાક અતિશયો જન્મથી હોય, કેટલાક દેવકૃત હોય તો કેટલાક કેવળજ્ઞાન થયા પછી ઉત્પન્ન થયેલા હોય.

સમવસરણની રચના, અશોકવૃક્ષ, સુવર્ણસિંહાસન, ત્રણ છત્ર, ચોવીશ જોડ ચામર, ભામંડલ, દેવદુંદુભિ, દેવો દ્વારા અચેત ફૂલની વૃષ્ટિ વગેરે વગેરે દેવનિર્મિત અતિશયો છે. દેવેન્દ્રો, પ્રભુના અસીમ પુણ્યોદય અને અલૌકિક પ્રતિભાથી આકર્ષાઈ આ બધી રચના કરે છે. આ રચના માત્ર તીર્થંકર પરમાત્મા માટે જ થાય છે, સર્વ કેવળીઓ માટે નથી હોતી, કારણ તીર્થંકરની પુણ્યાઈ જેટલી પુણ્યાઈ અન્યને નથી હોતી.

આ સિવાય પ્રભુના મુખ્ય ચાર અતિશયો છે જે બહુ જ સમજવા લાયક છે, જે આપણે પછી વિચારીશું.

બંધુઓ! અરિહંત પ્રભુના અલૌકિક મહિમાનું વર્ણન કરવું એ આપણી શક્તિ બહારની વાત છે. અનન્ય અને અસીમ ગુણોનું વર્ણન સીમિત એવા આપણે શું કરી શકીએ? વેદોમાં જ્યાં બ્રહ્મ-સ્વરૂપનું વિવેચન કર્યું છે, ત્યાં પણ ગુણ ગાતાં ગાતાં વેદો થાકી ગયા છે. અને અંતે નેતિ-નેતિ કરીને છોડી દીધું છે. બ્રહ્મ-સ્વરૂપ એટલે જ વિશુદ્ધ આત્મસ્વરૂપ. તેને કથવું શક્ય નથી. શ્રીમદ્જીએ પણ કહ્યું છે —

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો...અપૂર્વ...**

સર્વજ્ઞ-સર્વદર્શી પરમાત્મા, જ્ઞાન દ્વારા આત્માના સંપૂર્ણ સ્વરૂપને અનંત-અનંત નયોથી જાણે છે, દેખે છે. પરંતુ જેવું જોયું, જેટલું જોયું તે બધું જ તેઓ કહી શકતા નથી. પ્રશ્ન થાય કે જેઓ સર્વશક્તિમાન છે, તેઓ કેમ બતાવી ન શકે? ઉત્તર એ જ છે કે સર્વશક્તિમાન પરમાત્મા જ્યારે આત્મસ્વરૂપનું કથન કરે ત્યારે આપણને સમજાવવા માટે વાણીનું માધ્યમ જ લેવું પડે. આપણી પાસે એવી શક્તિ નથી કે તેઓ ભાવ વડે આપણને સમજાવે અને આપણે સમજી જઈએ. ભાવોમાં ઘણી તાકાત છે. દુન્યવી માનવમાં પ્રેમ અને દ્વેષના ભાવો પણ વાણી કરતાં, મનના ભાવથી જ વધુ સમજાય છે. તો આત્મિક ભાવો પણ ભાવ દ્વારા વધુ સમજાય. પણ આપણે છદ્મસ્થ જીવો વાણી વિના સમજી શકતા નથી.



તેથી સર્વજ્ઞ પણ જ્યારે સમજાવે, ત્યારે વાણી દ્વારા જ સમજાવે. અને વાણી તો સીમિત છે, તેનાથી કેટલું સમજાવી શકાય? માટે જ સર્વજ્ઞ પરમાત્મા પણ ન સમજાવી શક્યા. તો બંધુઓ! મારા જેવી પામર વ્યક્તિ પરમાત્માના ગુણોને કઈ રીતે કથી શકે?

માટે જ કહ્યું **અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો....**

આત્મ-સ્વરૂપ કહો કે અરિહંત સ્વરૂપ કહો, તે માત્ર અનુભવવાની જ ચીજ છે. જે પોતામાં એવા સ્વરૂપને અનુભવે તે જ જાણે તે સ્વરૂપને! કબીરે કહ્યું છે – **ગુંગે કા ગુડ!** મૂંગાને ગોળ ખવરાવીને તેનો સ્વાદ પૂછવા જઈએ તો જવાબ ન મળે. અરે! તમે રોજ ઘી ખાવ છો, હું તમને પૂછું-ઘીનો સ્વાદ કેવો? શું કહેશો! ન કહી શકાય, ખાય તે જ જાણે! બસ, આત્માનો અનુભવ કરનાર જ જિન-સ્વરૂપને જાણી શકે. લખવાથી, કહેવાથી એ કથી શકાય નહીં.

કબીરે પ્રભુના અનંત મહિમાને અવક્તવ્ય બતાવતાં કહ્યું છે –

**સબ ધરતી કાગજ કરૂં, લેખની કરૂં વનરાય,**
**સાત સમુદ્ર મસિ કરૂં, પ્રભુ ગુણ લખ્યા ન જાય.**

આમ વાણી દ્વારા અકથનીય જિન-સ્વરૂપને સમજવા અહીં આપણે પ્રયાસ કર્યો. આવા ઉત્તમ સ્વરૂપને સદ્ગુરુ વિના કોણ સમજાવે? માટે જ સદ્ગુરુનો મહિમા અનંત કહ્યો છે. અને જ્યાં સુધી જિન સ્વરૂપ જાણીએ નહીં ત્યાં સુધી તેને પામવાનો પુરુષાર્થ પણ કેમ ઊપડે?

હવે અરિહંતના મુખ્ય ચાર અતિશયોનું વર્ણન સમયના અભાવે આજે થઈ શક્યું નથી જે જાણવા જેવું છે, તે અવસરે કહેવાશે.

# ....સમજ્યે જિન સ્વરૂપ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, નિજ પદને ઓળખાવી જિનસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. નિજને ઓળખી શક્યો નથી, એટલે જ જીવ, જન્મ-મરણના ચકરાવામાં ભટક્યા કરે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના સંતાપમાં બળી રહ્યો છે. આવાં કારમા દુ:ખોથી છૂટવા માટે નિજ-રૂપને જાણવું આવશ્યક જ નહીં, અનિવાર્ય છે.

આજ સુધી નિજ-રૂપને ઓળખી નથી શક્યા તેનું કારણ છે આપણું સંસારલક્ષ. જ્યાં સુધી સંસારલક્ષે જ પ્રવૃત્તિ થતી રહે, આત્માની સમય સમયની પરિણતિ સંસારવૃદ્ધિના કારણરૂપ જ બનતી રહે, ત્યાં સુધી મોક્ષની વાતો ભલે કરીએ, પણ અંતરમાં આત્મભાવ જાગતો નથી અને એ ભાવ જાગ્યા વિના મોક્ષ મળે પણ નહીં.

મોક્ષ શું છે? કોઈ ઘટતી ઘટના નથી, કોઈ મળી જતો પદાર્થ નથી, કોઈ પદવી નથી, કોઈ રિદ્ધિ, સિદ્ધિ કે સંપત્તિ નથી પણ આત્માની એક દશા છે. સર્વથા સ્વભાવ-પરિણતિમાં પરિણમી જવું તે છે. આ પરિણતિના પરિણમનનો પ્રારંભ નિજપદની પ્રાપ્તિથી થાય છે અને એ પ્રાપ્તિનો માર્ગ બતાવનાર છે સદ્ગુરુ. જેઓ નિજપદને ઓળખાવી જિન સ્વરૂપ સુધી પહોંચાડે છે.

માટે જ શ્રીમદ્જીએ કહ્યું :

**સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**

**સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ...૧૨...**

સદ્ગુરુના ઉપદેશ વિના, જિનદેવનું રૂપ સમજાય નહીં. તેમના સ્વરૂપ વિષે ગઈ કાલે આપણે થોડું વિચાર્યું. તેઓની આત્મિક દશા કેવી હોય તે જાણ્યું.



હવે અરિહંત પરમાત્મામાં અન્ય કેવળીઓ કરતાં જે વિશેષતા છે તે જોઈએ. તે વિશેષતાઓને આપણા પારિભાષિક શબ્દોમાં 'અતિશય' કહીએ છીએ. તીર્થંકર પ્રભુને ૩૪ અતિશયો હોય છે, તેમાંના મૂળ ચાર અતિશયો, જેમાં બે ક્ષાયિક ભાવને કારણે હોય અને બે પ્રબળ પુણ્યોદયના કારણે હોય તેનું વિવેચન અહીં કરવું છે.

વાદી દેવસૂરિએ 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર' નામના ગ્રંથનું મંગલાચરણ કરતાં, આ ચાર અતિશયોનો ઉલ્લેખ કર્યો છે.

**रागद्वेषविजेतारं, ज्ञातारं विश्ववस्तुनः ।**

**शक्र पूज्यं गिरामीशं, तीर्थेशं स्मृतिमानये ॥**

જેઓ રાગ-દ્વેષના વિજેતા છે, અખિલ વિશ્વના સર્વ દ્રવ્યોને જાણનાર છે, ઈન્દ્રો દ્વારા પૂજનીય છે અને વાણીના ઈશ છે તેવા તીર્થેશને સ્મૃતિમાં લાવું છું.

આ જ ભાવોને 'કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે' તેમની સ્યાદ્વાદ મંજરી નામના ગ્રંથનું મંગલાચરણ કરતાં કહ્યા છે.

**अनन्तविज्ञानमतीतदोसम् अबाध्यसिद्धान्त-ममर्त्य पूज्यम्।**

પ્રભુ વીર અનંત વિજ્ઞાની છે. સર્વ દોષોનો નાશ કરનાર છે. તેમના મુખેથી નીકળતી વાણી અવિરોધી છે અને તેઓ દેવો દ્વારા પૂજનીય છે.

આ અતિશયોને શાસ્ત્રીય ભાષામાં (૧) જ્ઞાનાતિશય (૨) અપાયાપગમાતિશય (૩) વચનાતિશય અને (૪) પૂજાતિશય કહ્યા છે.

**(૧) જ્ઞાનાતિશય** – અરિહંત પ્રભુનું જ્ઞાન, એટલે અનંત વિજ્ઞાન. જે જ્ઞાનમાં અનંત-અનંત દ્રવ્યો, તેના અનંત ગુણો અને ભૂત-ભવિષ્યના અનંત પર્યાયો સાથે ઝળકે છે, તે અનંત જ્ઞાન. વળી પોતાના અનંત ગુણોનું સર્વથા પ્રાગટ્ય થઈ જવાથી, અનંત ગુણોનો તેઓ અનુભવ કરી શકે છે. આત્માના અસંખ્ય પ્રદેશે રહેલી અનંતજ્ઞાન શક્તિ, અનાવરિત થઈને નિજાનુભૂતિમાં નિરંતર રમણ કરાવી રહી છે. આ જ્ઞાનનો કદી અંત થતો નથી, કારણ જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષય પછી જ આવિર્ભૂત થયેલું છે. હવે એક પણ આવરણ જ્ઞાન આડે રહ્યું નથી. તેથી આખોય લોક અને અલોક પ્રભુને હસ્તામલકવત્ સ્પષ્ટ થઈ ગયો છે. આવું જ્ઞાન કેવળજ્ઞાની સિવાય કોઈનેય સંભવી શકતું નથી. કારણ મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવજ્ઞાન ક્ષાયોપશમિક

સ્વભાવવાળાં છે, જ્યારે કેવળજ્ઞાન ક્ષાયિક ભાવી છે. આ જ છે સર્વ જ્ઞાનીઓ કરતાં અરિહંત પ્રભુની વિશેષતા. તેથી જ આ જ્ઞાનાતિશય કહેવાયો.

**(૨) અપાયાપગમાતિશય** – જેના અપાય એટલે દોષો; અગમ એટલે નાશ પામી ગયા છે, તે અપાયાપગમ. અરિહંત પ્રભુ સર્વ દોષોથી રહિત છે. સર્વ સામાન્ય જીવોમાં જે કારણથી દોષોનું હોવાપણું છે તે કારણનો જ તેઓએ નાશ કર્યો છે. જીવના મોટામાં મોટા બે દોષ છે. રાગ અને દ્વેષ. આ બંનેની પાછળ જ અન્ય દોષો ઊભા થાય છે. આઠ કર્મ કહો કે અઢાર પાપ કહો, એ બધાં, જ્યાં રાગ-દ્વેષ છે ત્યાં જ છે. અને રાગ-દ્વેષ પણ ત્યાં જ છે જ્યાં મોહ છે. મોહનીય કર્મના ઉદયે કરીને જ જીવમાં સર્વ પાપો અને દોષો દેખાય છે. પણ અરિહંત દેવે મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરી વીતરાગતા પ્રાપ્ત કરી છે. વીતરાગતા આવ્યા સિવાય, સર્વથા દોષરહિત થવાતું નથી. જ્યાં સુધી મોહનીય કર્મનો થોડો અંશ પણ બાકી છે, ત્યાં સુધી સર્વ વિશુદ્ધિ હોતી નથી. જેટલે અંશે મોહનીય, એટલે અંશે રાગ-દ્વેષ અને એટલે અંશે દોષ. ગુણસ્થાનના ક્રમમાં સાધક જેમ જેમ આગળ વધતો જાય, તેમ તેમ તેની દોષ-વિશુદ્ધિ થતી જાય. પણ સર્વથા શુદ્ધ તો અરિહંત અવસ્થાએ પહોંચે ત્યારે જ થાય. માટે જ પ્રભુની સર્વ દોષરહિતની અવસ્થાને અપાયાપગમ અતિશય કહ્યો.

**(૩) વચનાતિશય** – તેઓ વાણીના ઈશ હોય છે. સામાન્ય માનવ કરતાં તેઓની વાણી અલગ પડે છે. કારણ એ છે કે તેઓએ સંપૂર્ણ સત્‌નો સાક્ષાત્કાર કર્યો છે અને પ્રત્યેક પળે તેમાં તેઓ રમમાણ છે. એટલે તેઓના મુખકમલથી નીકળતી વાણી સતને સ્પર્શીને નીકળે છે. બુદ્ધિથી ઉપજાવી કાઢેલી વાણી તેમને ન હોય. હર્ષ, શોક, રતિ-અરતિથી પર, આવેશરહિત, સ્વ-ઉપયોગી સહજ સ્ફુરિત તેમની વાણી હોય.

પ્રભુની વાણી અબાધ્ય સિદ્ધાંત એટલે કે પરસ્પર અવિરોધી હોય છે. તેમની વાણીમાં પ્રગટ થતા સિદ્ધાંતો સ્યાદ્વાદ દૃષ્ટિથી યુક્ત હોવાના કારણે એ સિદ્ધાંતોનો કોઈ બાધ ન કરી શકે. અને તે જ પ્રમાણે તેઓ પણ ખંડન-મંડનાત્મક ભાવોથી રહિત હોય છે અને સર્વ અપેક્ષાઓ સહિત હોય છે.

વળી પ્રભુની વાણીની વિશેષતા એ હોય કે જ્યારે તેઓ દેશના આપે, ત્યારે સહુ સહુની ભાષામાં સહુ સમજી જાય. કેવળ મનુષ્યો જ નહિ, પણ દેવ અને પશુ-પંખીઓ પણ પોતાની ભાષામાં એ દેશનાને સમજે. આ છે પ્રભુની



જબરદસ્ત પુણ્યાઈ.

પ્રભુના મુખેથી નીકળતા માત્ર બે જ શબ્દો, જીવના માટે પરમ ઉપકારી થઈ જાય. ચંડકૌશિક જેવા ભયંકર પ્રાણીને પ્રભુએ માત્ર બે જ વચનો કહ્યાં:

**संबुज्झह, किं न बुज्झह!.**

અને તે સર્પે તેનું આંતર-બાહ્ય ઝેર વમી નાખ્યું ને તરી ગયો. આ છે પ્રભુની વાણીની તાકાત.

આ વાણીનું માહાત્મ્ય એક ભક્તે ભજનમાં આ પ્રમાણે ગાયું છે–

**મધુર રાગ માલકૌસમાં વહેતી તીર્થંકરની વાણી,**<br>**માનવને નવજીવન દેતી તીર્થંકરની વાણી,**<br>**ધીર ગંભીર સૂરોમાં સોહે, સુરનર મુનિવર સૌએ મોહે,**<br>**શબ્દે-શબ્દે પ્રગટ થતી જ્યાં સ્નેહ તણી સરવાણી....**<br>**વાદિ ષડ્‌જ મધ્યમ સંવાદી, વાત નથી કંઈ વિષમ વિવાદી,**<br>**સાદી ભાષા શબ્દ સરલતા, સહુને ઝટ સમજાણી....**

એક વિશેષ વાત. પ્રભુ મહાવીરની વાણી આજ ૨૫૦૦ વર્ષ પછી પણ ભારતના ચારેય ખૂણે એવી જ ગુંજી રહી છે અને આ પાંચમા આરાના અંત સુધી એટલે કે હજુ ૧૮૫૦૦ વર્ષ સુધી ગુંજતી રહેશે. આ સર્વ અસાધારણ વિશેષતા માત્ર અરિહંતની વાણીમાં જ સંભવી શકે. માટે તે વચનાતિશય છે.

**(૪) પૂજાતિશય** – દેવોના પણ દેવ, ઈન્દ્રો તેઓને પૂજે છે. આ છે વિશેષતા. સામાન્ય રીતે સર્વ મનુષ્યો દેવોને પૂજતા હોય પણ એવા દેવના પણ દેવ ઈન્દ્ર એટલે કે દેવોના રાજા, પ્રભુની પૂજા કરે છે. 'અરિહંત' શબ્દ જ એ સૂચવે છે કે તેઓ ત્રણેય લોકમાં પૂજનીય છે.

'અરિહંત' શબ્દ મૂલ '**अर्ह**' ધાતુથી બનેલો છે. અર્હ એટલે જે પૂજવા લાયક છે તે. આપણે ત્યાં મૂલ શબ્દ અર્હત્ જ છે. પણ સમયના પરિવર્તન સાથે, એ શબ્દ અરિહંત બન્યો. જેનો અર્થ આપણે કરીએ છીએ અરિ એટલે શત્રુ અને હંત એટલે હણનાર. જેઓએ રાગ-દ્વેષ રૂપ શત્રુને હણી નાખ્યા છે તે અરિહંત. પણ મૂળમાં તો 'અર્હ' શબ્દ જ હતો તેથી તેઓ પૂજવા યોગ્ય છે.

ખામણામાં બોલીએ છીએ કે અરિહંત પ્રભુ ચોસઠ ઈન્દ્રના પૂજનીય,

વંદનીય, અર્ચનીય, સ્મરણીય છે. અરિહંત પ્રભુના સર્વ કલ્યાણકોના મહોત્સવો મનાવવા દેવો સહિત ઈન્દ્રો આવે છે અને પ્રભુને પૂજવા માટે સ્પર્ધા કરતા હોય છે.

આ છે અરિહંત ભગવાનની પુણ્યની શક્તિ, આગળના ત્રીજા ભવમાં જ્યાં તેઓએ તીર્થંકર નામ-કર્મ બાંધવાનાં વીસ કારણોનું સેવન કર્યું હોય ત્યારે તેઓને થોકબંધ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થયો હોય. જેના પરિણામે તેઓ ૩૫ પ્રકારની સત્ય-વચન-વાણીના ગુણે કરી સહિત હોય.

આવી પુણ્યાઈ અન્ય જીવોમાં હોતી નથી. તેથી જ આવી અસાધારણ વાણીની શક્તિ માત્ર અરિહંતને જ હોય છે.

આ ચાર અતિશયોમાં પ્રથમના બે અતિશયો તો જ્ઞાનાવરણીય કર્મ તથા મોહનીય કર્મના ક્ષયના કારણે હોવાથી તે તેઓની આત્મિકદશાને પ્રગટ કરે છે. જ્યાં આપણે જિનસ્વરૂપ સમજવું છે ત્યાં આ બન્ને અતિશયોને સમજવા પણ જરૂરી છે. તો આમ અરિહંત જિનેશ્વરનું વિસ્તૃત વર્ણન આપણે કરી ગયા. જેને અંતરથી સમજવાનો પ્રયાસ કરીએ. કારણ,

**સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિન સ્વરૂપ.**

જિનેશ્વર પ્રભુનું સ્વરૂપ સમજીએ નહીં, તેમનામાં રહેલી અલૌકિકતા પ્રત્યે આદર ન પ્રગટે, તેમના ગુણોની અપૂર્વતા જો લક્ષમાં ન આવે, તો પ્રભુ પ્રત્યે ભક્તિભાવ જાગે ક્યાંથી? અને તે વિના કલ્યાણ પણ કેમ થાય? માટે જો અરિહંત પ્રભુના વાસ્તવિક સ્વરૂપને, સદ્‌ગુરુના ચરણ શરણના આશ્રય વડે સમજીશું તો જ આપણે આપણો ઉદ્ધાર કરી શકીશું. અન્યથા ગમે તેટલાં વર્ષો ગુરુદેવના સાંનિધ્યમાં રહીએ પણ તેઓના ઉપદેશને આત્મસાત્ ન કરીએ તો ગુરુદેવે કરેલા ઉપકારનું ફળ શું, કશુંયે પામી શકીશું નહીં.

માટે જ સદ્‌ગુરુના શરણને અનન્યભાવે ભજી આત્મામાં જિનરૂપની સમજણ વડે, નિજરૂપને પામવાની તીવ્ર લગન લગાડીએ.

# આત્માદિ અસ્તિત્વ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, નિજ-પદને ઓળખાવી જિન-સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. જીવનો ચરમ અને પરમ ધ્યેય પણ એ જ છે. નિજ સ્વરૂપની પ્રાપ્તિ પછી પુરુષાર્થ દ્વારા જિનપદને પામવું. આપણા સહુના આત્મામાં જિન-પદ પડ્યું છે. જેટલા ભવ્ય આત્માઓ છે તે સહુ જિન થવા સર્જાયા છે. ભવ્યત્વ મોક્ષ પામ્યા પછી જ વિરમે છે. જીવનો પુરુષાર્થ મોક્ષપ્રાપ્તિ સુધી ચાલુ જ હોય છે.

એ પદની પ્રાપ્તિ અર્થે અહીં સદ્‌ગુરુનો મહિમા ગાયો છે. જેઓ જીવને સન્માર્ગે પ્રેરે છે. સત્સંગમાં એ શક્તિ છે કે તેને યથાર્થ રીતે આરાધવામાં આવે તો, જીવને જિનની કક્ષામાં મૂકી દે છે. રાજા શ્રેણિકના જીવનનું પરિવર્તન, સત્સંગનું જ્વલંત ઉદાહરણ છે.

રાજા શ્રેણિકે ભગવાન મહાવીરના ચરણની ઉપાસના કરી. તે એવી કરી, કે તેમનામાં તીર્થંકર થવાની યોગ્યતા પ્રગટ થઈ. દુર્જન કે પાપી વ્યક્તિ, સંતના સમાગમે સજ્જન બની શકે, પાપોને છોડી દઈ શકે, પણ સંતના સમાગમે સંત બનવું કે તીર્થંકરની ઉપાસનાથી તીર્થંકરપદ પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવી લેવી, એ અત્યંત દુષ્કર વાત છે. રાજા શ્રેણિકે એ જ કર્યું.

શ્રેણિક પહેલાં તો જૈનધર્મના વિરોધી હતા, પણ જ્યારે એ માર્ગે વળ્યા ત્યારે ભગવાન મહાવીરના ચરણમાં એવી અનન્ય ભક્તિ જાગી, એવી અડોલ શ્રદ્ધા જાગી કે સર્વ શક્તિથી તેમણે ઉપાસના કરી. ઉપાસના કરવી એટલે માત્ર શ્રદ્ધા કે આદર નહીં પણ જીવની જેટલી શક્તિઓ હોય, તે સર્વશક્તિઓથી આરાધના થાય ત્યારે એનું પરિણામ કંઈક જુદું જ આવે. શ્રેણિક પાસે શારીરિક, માનસિક શક્તિ હતી, તેની સાથે સાથે આર્થિક શક્તિ પણ હતી. તેઓ રાજા હોવાના કારણે સંપન્ન

હતા.

પ્રભુના ચરણોની ઉપાસના કરતાં કરતાં, એણે ધર્મદલાલી કેટલી કરી? માત્ર પ્રભુના ચરણોમાં બેઠા, ચરણવંદના કરી કે દેશના સાંભળી અને રાજગૃહીમાં ૧૪ ચોમાસાં કરાવ્યાં એટલું જ નહીં, પણ પોતે ચારિત્ર ગ્રહણ નહોતા કરી શકતા તેનો તેમને સતત ખેદ વર્ત્યા કરતો, દુ:ખ રહેતું. તેઓ જ્યારે જોતા કે પ્રભુની દેશના સાંભળી અનેક ભાગ્યવાન જીવો ચારિત્ર અંગીકાર કરે છે, પોતાની ાણીઓ અને રાજકુમારો દીક્ષા લે છે, અને પોતે ચારિત્ર-ગ્રહણમાં અસમર્થતા અનુભવે છે, ત્યારે તેમના અંતરનો ખેદ પરાકાષ્ઠાએ પહોંચ્યો અને એ ખેદે તેમને ખળભળાવી મૂક્યા.

તેમણે ધર્મ દલાલી શરૂ કરી. પોતાની આર્થિક શક્તિ વડે સહુના સહયોગી બની અનેક જીવોને ચારિત્ર ગ્રહણ કરવા માટેની અનુકૂળતા ઊભી કરી દીધી. અને તેમના અંતરમાં રહેલા ઉત્કૃષ્ટ શુભ ભાવોએ તેમને તીર્થંકર બનવા માટેના માર્ગે મૂકી દીધા, અર્થાત્ તેમણે કરેલી નિષ્કામ આરાધના વડે તીર્થંકરનામ ગોત્ર ઉપાર્જન કર્યું, અને તે પણ જેવા ભગવાન મહાવીર થયા તેવા જ તીર્થંકર તેઓ થશે. આ જ ભરતક્ષેત્રમાં, આવતા ઉત્સર્પિણી કાળના ચોવીસ તીર્થંકરો માંહેલા પ્રથમ તીર્થંકર થશે. આમ તીર્થંકરના સમાગમે તેઓ તીર્થંકર થશે.

❖

સત્સંગની શક્તિએ બીજું કામ કર્યું, તે એ કે શ્રેણિકને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. તેમણે આત્મ-સાક્ષાત્કાર કરી લીધો. નરકનું આયુષ્ય તો પહેલાં જ બંધાઈ ચૂક્યું હતું. તેથી નરકમાં જવું તો અનિવાર્ય જ હતું, અને શાસ્ત્રો કહે છે કે તેઓ નરકમાં ગયા પણ નરકની અસહ્ય વેદના તેઓ શાંતિથી સહેતા હોય, તેમના આત્મામાં રહેલું સમ્યગ્દર્શન તેમને દુ:ખોની અનુભૂતિ ન થવા દે. કેમ ન થવા દે? દુ:ખ અંતે તો દુ:ખ જ છે. મિથ્યાત્વીને શારીરિક, માનસિક દુ:ખો આવે તેવાં જ સમ્યક્ત્વીને આવે. પણ —

**જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ-દુ:ખ રહિત ન કોય,**
**જ્ઞાની ભોગવે જ્ઞાનશું, મૂરખ ભોગવે રોય!**

એ ન્યાયે સમ્યગ્દર્શનની દૃષ્ટિ બદલાઈ ગઈ હોય. એ દુ:ખને દુ:ખરૂપ ન જુએ. એ હમેશાં અનુભવે કે, મારાં કરેલાં કર્મોનાં ફળ



ભોગવું છું. કોઈએ મને દુ:ખ નથી આપ્યું. આ કર્મો તો મારાં આમંત્રિત મહેમાનો છે.

જીવ રાગ-દ્વેષથી કર્મો બાંધે છે, એટલે કે આત્મામાં રાગ-દ્વેષના ભાવો જાગે ત્યારે એક પ્રકારનું સ્પંદન પેદા થાય છે. તે સ્પંદનના કારણે આપણી આસપાસ પડેલા કર્મ-પરમાણુઓ પણ આંદોલિત થાય છે અને ખેંચાઈને આત્મા પર આવે છે. તેને આપણે કર્મબંધ કહીએ છીએ. હવે આ કર્મો જેવા જીવને વળગે કે તરત જ તેનામાં જુદી જુદી જાતની યોગ્યતા ઊભી થાય છે. કર્મ પરમાણુઓ તો જડ છે. તેને ખબર નથી કે ક્યારે ઉદયમાં આવી જીવને ફળ આપવું. પણ જે સમયે કર્મ બાંધ્યાં એ સમયે જ તેમાં સ્થિતિ નિર્માણ થાય છે.

આ સ્થિતિ બે પ્રકારે નિશ્ચિત થાય છે. એક તો કર્મ બંધાયા પછી જ્યાં સુધી ઉદયમાં ન આવે તેને અબાધાકાળ કહે છે અને બીજી સ્થિતિ તે ઉદયમાં આવ્યા પછી કેટલા સમય સુધી એ કર્મ ભોગવવાનું છે. આમ કર્મનું ગણિત એકદમ નિશ્ચિત છે, જેમાં કશોય ફરક પડતો નથી. કર્મોમાં આવી સ્થિતિ નિર્માણ થવાનું કારણ છે આપણા ભાવ. એટલે એનો અર્થ એ થયો કે આપણે જ કર્મોને કહી દીધું કે અમુક સમયે આવજો. અને આપણું આમંત્રણ સ્વીકારી એ ચોક્કસ સમયે આવીને ઊભાં જ રહે. એટલે ઉદયમાં આવેલાં શુભાશુભ કર્મો તો આપણે ત્યાં આવેલાં આમંત્રિત મહેમાનો છે.

બંધુઓ! કહો તો! તમે જેને આમંત્રણ આપીને બોલાવ્યા હોય તેઓ આવે ત્યારે કેટલો આનંદ થાય? તેને કેવા સાચવો? કેટલા પ્રેમથી! કેટલા આદરથી! કેટલા માનથી તેઓને સન્માનો, સત્કારો! એ આવે તો મોઢું ન બગાડો, કંટાળો ન લાવો. એ જ રીતે સમ્યગ્દર્શની જીવ ઉદયમાં આવેલાં કર્મોને, પોતે કરેલાં છે ને આવ્યાં છે એમ સમજીને હસતાં હસતાં તેનું સ્વાગત કરે, પણ દુ:ખ ન ધરે. અને તેથી નરકની તીવ્ર વેદના ભોગવતાં પણ સમતાને કારણે નવા કર્મનો બંધ બહુ ઓછો થાય.

વિચારો તો ખરા! મોટા ભાગના માણસોને જ્યારે ચારે બાજુથી દુ:ખો ઘેરી વળે શારીરિક, માનસિક, આર્થિક, પારિવારિક, સામાજિક – આવાં બધાં જ દુ:ખો એકસાથે આવે ત્યારે તેઓ કહેતા હોય છે કે

મારા જેવો દુ:ખી કોઈ નહીં હોય. મને જેવાં દુ:ખો પડ્યાં છે તેવાં જગતમાં કોઈનેય નહીં પડ્યાં હોય. પણ ત્યારે એમ કેમ નથી કહેતા કે મેં પૂર્વે જેવાં કર્મો કર્યાં છે, અન્યને દુ:ખો આપ્યાં છે, પાપો સેવ્યાં છે, તેવાં કોઈએ નહીં કર્યાં હોય! જો આમ સમજતો થાય, તેની દૃષ્ટિ બદલાઈ જાય તો તેને દુ:ખ દુ:ખરૂપ ન લાગે અને અન્યનો દોષ, પણ ન દેખાય અને એ એમ વિચારે કે – સારું, જેટલાં કર્મો ઉદયમાં આવે તે ખરવા માટે જ છે, માટે ભલે આવે. એટલાંનો ક્ષય થઈ જશે તો મારે ભવિષ્યમાં નહીં ભોગવવાં પડે.

બંધુઓ! આમ દૃષ્ટિ બદલવાની જરૂર છે. જીવનની પળ પળની પ્રવૃત્તિઓને, સંયોગોને, અનુકૂળતા અને પ્રતિકૂળતાને જે રીતે મૂલવવા ટેવાયેલા છીએ, તે બદલી નાખીએ. આખર દૃષ્ટિનું બદલાવું તે જ છે સમ્યગ્દર્શન, જેના કારણે અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પરિસ્થિતિઓને પચાવવાની ક્ષમતા જીવમાં જાગે છે.

મહારાજા શ્રેણિક નરકમાં છે છતાં સમ્યગ્દર્શન સાથે લઈને ગયા છે એટલે પૂર્વે કરેલાં પાપનો હિસાબ ત્યાં ચૂકતે કરી દેશે અને હવે નવા ચોપડા પાપના નહીં લખાય, અને પછી તેઓ આયુષ્ય પૂરું કરી આ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર રૂપે જન્મ લેશે.

અહીં એ જ કહેવાનું છે કે, સત્સંગ આત્માના ઉત્થાન માટે કેટલું પ્રબળ સાધન છે! યથાર્થ રીતે સેવાયેલા ગુરુચરણ ક્યાં પહોંચાડી દે? જેના ચરણે જઈએ તેના જેવા થઈએ. આપણામાં જો પાત્રતા પડી હોય તો જરૂર એના જેવા બની શકીએ છીએ. માટે જ ગુરુચરણની ઉપાસનાનો મહિમા ઠેર ઠેર ગવાયો છે.

પરંતુ આ દુષમકાળમાં નિત્ય સત્સંગ રહેતો નથી. દુષમકાળનો એક એવો પણ અર્થ કરવામાં આવ્યો છે કે અહીં આરાધનાનો સુયોગ સદા સાંપડતો નથી, નિત્ય સત્સંગ મળે નહીં તો એવા સમયે જીવે શું કરવું? તેનો ઉકેલ શ્રીમદ્જી બતાવે છે.

**આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,**
**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર...૧૩...**

પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ નથી, સત્સંગ થતો નથી, સત્પ્રેરણા મળતી નથી અને આત્મજાગૃતિને વિસરવી નથી. તો એવા સુપાત્ર જીવે શું



કરવું? ઉત્તર છે સદ્-વાંચન! જે શાસ્ત્રોમાં આત્મા તથા આત્મા સિવાયના અન્ય દ્રવ્યોના હોવાપણાનું પ્રમાણ સહિત વિવેચન છે, તેવાં શાસ્ત્રોનો આધાર લેવો. સાથે સાથે જે સત્ સાહિત્યમાં આત્મ-આરાધનાનું પ્રાયોગિક અને માર્મિક માર્ગદર્શન બતાવ્યું છે તે વાંચવા, સમજવા, વિચારવા અને તેમાંથી નીકળતા રહસ્યને પામવા પ્રયત્ન કરવો.

'આત્માદિ' શબ્દથી આત્મા અને અનાત્મા એટલે જડ દ્રવ્યો, બન્નેને જાણવાં જરૂરી છે. દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું –

**जो जीवेऽवि वियाणइ, अजीवेऽवि वियाणइ ।**
**जीवाजीवे वियाणन्तो, सो हु नाहीसंजमं ॥**

જે જીવોને જાણે છે અને અજીવોને પણ જાણે છે તે, જીવ-અજીવને જાણનાર જ સંયમને જાણી શકે છે.

સર્વ પ્રથમ જીવને જાણો. હું જીવ છું, હું આત્મા છું અને મારું સદૈવ અસ્તિત્વ છે. આત્માના અસ્તિત્વની સાથે સાથે જડ દ્રવ્યોનું પણ અસ્તિત્વ છે.

જૈન પરંપરામાં છ દ્રવ્યોના અસ્તિત્વને સ્વીકારાયું છે. તેમાં જીવ દ્રવ્ય એક ચેતન, બાકીના પાંચ જડ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલ. આ પાંચેય અજીવ છે. આમાં પ્રથમના બે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય શક્તિરૂપ છે, જે નજરે દેખાતાં નથી પણ જીવ-અજીવ બન્ને માટે ઉપયોગી છે.

ધર્માસ્તિકાય ગતિ કરવામાં સહાયક છે. આપણે ચાલીએ આપણા પગની શક્તિથી. તેમ છતાં ચાલવામાં જમીનનો સહારો જરૂરી છે. પગ ગમે તેવા મજબૂત હોય, પણ જમીન વિના માત્ર હવામાં ચાલી શકતા નથી. તેમ જમીન તથા પગની શક્તિ હોવા પછી પણ ધર્માસ્તિકાયની અદૃશ્ય શક્તિનો આધાર ન હોય, તો ચાલી શકીએ નહીં. કોઈ પણ જીવ કે અજીવ એક સ્થાનથી બીજે સ્થાને ગતિ કરે છે. તેમાં આ શક્તિનો સાથ હોય જ છે. વિજ્ઞાને પણ આ શક્તિને સ્વીકારી છે.

એ જ રીતે અધર્માસ્તિકાય એ પણ એક શક્તિ છે અને તે જીવ અજીવને સ્થિર રહેવામાં આધારભૂત છે. આપણે બેસીએ, સ્થિર ઊભા રહીએ, સૂઈએ આદિ જે સ્થિરતા છે, તેમાં આપણું શરીર અને સ્થાન આ બન્ને સહકારી હોવાની સાથે, અધર્માસ્તિકાય પણ સહાયક છે. જીવ-અજીવ

બન્ને દ્રવ્યને સ્થિરતામાં અધર્માસ્તિકાયનો આધાર છે. આ શક્તિ વિશ્વમાં ન હોત તો જીવ-અજીવ કોઈ કદી સ્થિર રહી શકત નહીં.

આ બન્ને શક્તિઓને આપણે જોઈ શકતા નથી, તેમજ અન્ય રીતે પણ તેનો અનુભવ કરી શકતા નથી. પણ શ્રદ્ધાથી તેનો સ્વીકાર કરવાનો છે. સર્વજ્ઞ, સર્વદર્શી પરમાત્માના ભાખેલાં આ તત્ત્વો છે, તેથી તેમાં અશ્રદ્ધા આણવાનું કોઈ કારણ નથી.

ત્રીજું દ્રવ્ય આકાશાસ્તિકાય. આકાશ – અવકાશ – space – ખાલી જગ્યા. આકાશ શબ્દ સાંભળતાં આપણી દૃષ્ટિ ઉપર જાય છે. ઉપર આંગળી ચીંધી આકાશ બતાવીએ છીએ. પણ એ શું છે? ખાલી જગ્યા. અનંત આકાશ છે. લોકમાં પણ આકાશ છે અને અલોકમાં તો માત્ર આકાશ જ છે, તે સિવાય બીજું કશું જ નહીં. આકાશનું કામ છે જીવ-અજીવને જગ્યા આપવાનું.

એ પછી ચોથું દ્રવ્ય કાળ. કાળ એ શું છે? કોઈ પણ શક્તિથી પકડમાં ન આવતું માત્ર પરિણમનશીલ દ્રવ્ય તે કાળ. સમયની ગતિ સાથે તે વ્યતીત થતું રહે. સમય ચાલ્યો જાય છે એમ કહીએ છીએ. પણ ક્યાં જોયો છે? હા, આપણે સૂર્ય-ચંદ્રની ગતિ પરથી કાળને પકડવાના, માપવાના પ્રયત્નો કર્યા, અને આપણા માનસિક સમાધાન માટે કલાક, મિનિટ, સેકન્ડ, પળ, વિપળ, વગેરેનાં ગણિત મૂક્યાં. જેનાથી દિવસો, મહિના, યુગો, આરાઓ, અવસર્પિણી, ઉત્સર્પિણી અને કાલચક્રના હિસાબો માંડ્યા, છતાંય એક પણ ક્ષણને પકડી રાખી શકતા નથી, અનુભવી શકતા નથી. કાળના સતત પરિણમનથી થતા, જીવ-અજીવના પર્યાયોના પરિવર્તનને લક્ષ્યમાં રાખી કાળને સમજવાની કોશિશ કરી, પણ કોઈ છદ્મસ્થ જીવ તેમાં આજ સુધી સર્વથા સફળ થઈ શક્યો નહીં. માત્ર સંપૂર્ણ જ્ઞાની પુરુષો જ આ અરૂપી દ્રવ્યને જાણી-જોઈ શકે.

આ ચાર દ્રવ્યો તો તત્ત્વતઃ જાણી લઈએ. પણ એ આત્માને ક્યાંય વિઘ્નકર નથી કે વિઘ્નહર નથી. પણ હવે જે સમજવાનું છે તે છે પુદ્ગલ દ્રવ્ય, કે જેના વિષેની અણસમજ જ સંસારનું મૂળ છે.

જગતનો દેખાતો પસારો, તે પુદ્ગલ દ્રવ્યનો જ. તેમાંય રૂપી પુદ્ગલ અને અરૂપી પુદ્ગલ. જે ઈન્દ્રિયો દ્વારા જોઈ શકાય છે, જાણી શકાય છે, માણી શકાય છે, જીવન-વ્યવહારના ઉપયોગમાં લઈ શકાય



છે, પ્રયત્નપૂર્વક જેને ગ્રહણ કરી શકાય છે અને છોડી શકાય છે, તે સર્વ તો રૂપી પુદ્ગલો છે જ, પણ કેટલાંક રૂપી પુદ્ગલો એવાં છે જે રૂપી હોવા છતાં ઈન્દ્રિયગોચર નથી. તેમાં મુખ્ય છે કર્મ.

કર્મોનો આત્મા સાથે અનાદિનો સંબંધ છે. તેનો અંત કરવો છે, આત્મા અને કર્મને જુદાં પાડવાં છે. માટે જ બન્નેના સ્વાભાવિક અને વૈભાવિક બન્ને પરિણમનને જાણવાં જરૂરી છે.

પ્રત્યેક દ્રવ્ય પરિણમનશીલ છે. જીવ અને અજીવ, દ્રવ્ય હોવાથી બન્નેનું પ્રત્યેક સમયે પરિણમન થયા જ કરે છે. જીવનું સ્વાભાવિક પરિણમન તેના પોતાના જ્ઞાનાદિ ગુણરૂપ પરિણમવું તે છે અને અજીવનું મૌલિક સ્વરૂપ છે પરમાણુ. તે પરમાણુ પોતે પોતામાં, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપ પર્યાયમાં પરિણમ્યા કરે તે તેનું સ્વાભાવિક પરિણમન છે. પણ નિમિત્તનૈમિત્તિક સંબંધે જીવ અને અજીવ બન્ને વૈભાવિક પરિણતિએ પરિણત થાય છે.

જીવને જ્યારે રાગ-દ્વેષનું નિમિત્ત મળે ત્યારે તે તે રૂપે પરિણમે છે અને રાગ-દ્વેષના આશ્રયે ગતિ, ઈંદ્રિય, કષાય, લેશ્યા, યોગ, વેદાદિ રૂપે પરિણમે છે. અર્થાત્ રાગ-દ્વેષના નિમિત્તે તે તે પ્રકારનાં કર્મો બાંધે અને તે કર્મના ઉદયે કરીને ગતિ આદિને પામે. આ જીવનું વૈભાવિક પરિણમન.

બીજી રીતે આપણી માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિઓ થાય છે; તે મોટા ભાગે કાં તો રાગાત્મક હોય, કાં તો દ્વેષાત્મક હોય. આપણે આપણી સર્વ પ્રવૃત્તિઓનું Analysis કરીએ તો ખ્યાલ આવશે કે એકની પણ પ્રવૃત્તિ રાગ-દ્વેષ રહિતની નથી. બેમાંથી એક ભાવ તો જોડાયેલો જ રહે છે. અર્થાત્ તે તે પ્રકારના રાગ-દ્વેષના ઉદયોમાં ભળી જઈએ છીએ. આ ભળવાપણું છે તે જ વિભાવ છે અને તેથી કર્મબંધન કરી વિભાવ પરંપરા વધારીએ છીએ. આમ કર્મોના સંયોગે જીવ વૈભાવિક પરિણમનથી પરિણમ્યા કરે છે. જો કર્મરહિત થઈ જાય, તો વૈભાવિક પરિણમન મટીને, સ્વાભાવિક પર્યાયોમાં પરિણમે.

હવે અહીં આપણે એ વિચારીએ કે હંમેશાં આપણે એમ કહેતા હોઈએ છીએ કે 'મને જે રાગ-દ્વેષ થાય છે, ક્રોધાદિ કષાયો આવે છે, એ બધું જ કર્મોના કારણે થાય છે. વળી જ્યારે દુઃખ આવે છે ત્યારે પણ, કર્મના ઉદયે પાપના ઉદયે કરીને દુઃખ આવ્યું છે. જો કર્મો ન હોત તો

હું દુ:ખી ન હોત.' આમ આપણા નસીબને, કર્મોને દોષ દઈએ છીએ. પણ કર્મ એ શું છે? એ કોનું અને કેવું પરિણમન છે?

કર્મ જડ છે, પુદ્‌ગલ છે. એ પોતાના મૂળ સ્વરૂપમાં પરમાણુ સિવાય કંઈ જ નથી, પણ જ્યારે અન્ય પરમાણુ સાથે મળી દ્વયણુંક, ત્ર્યણુંકથી લઈ સંખ્યાત, અસંખ્યાત, કે અનંત પરમાણુઓનો સ્કંધ બને છે, ત્યારે તે તેનું વૈભાવિક પરિણમન છે. વળી આખાયે લોકના વાતાવરણમાં પડેલા અનંતાનંત પરમાણુ મુક્ત ભાવે પોતાના સ્વાભાવિક પરિણમનમાં પરિણત થયા કરતા હોય છે. પણ જ્યારે સ્કંધરૂપ બને છે ત્યારે જીવે કરેલા રાગ-દ્વેષના ભાવોને કારણે તે પુદ્‌ગલ સ્કંધ જીવ તરફ આકર્ષાય છે, અથવા કહો કે જીવ રાગ-દ્વેષથી એ પુદ્‌ગલોને ખેંચે છે. જીવ સાથે જોડાયેલા આ પુદ્‌ગલ સ્કંધો જુદા-જુદા રૂપે પરિણત થાય છે. તે આ પ્રમાણે છે.

(૧) ઔદારિકશરીર, (૨) વૈક્રિયશરીર, (૩) આહારકશરીર, (૪) તૈજસશરીર, (૫) કાર્મણશરીર, (૬) મન, (૭) ભાષા અને (૮) શ્વાસોચ્છ્‌વાસ.

સંસારી જીવ પ્રતિસમય એ એ પુદ્‌ગલ સ્કંધોને ખેંચે છે, અને એ એ રૂપે પરિણમાવે છે. એટલે પરમાણુઓનું આ વૈભાવિક પરિણમન જીવના નિમિત્તે થયું.

આપણે કર્મોને દોષ દઈએ છીએ કે એણે આપણામાં વિકૃતિ પેદા કરી, પણ પુદ્‌ગલનું કર્મરૂપ વિભાવ પરિણમન પણ જીવના વૈભાવિક પરિણમનનું નિમિત્ત પામીને થયું. આપણે રાગ-દ્વેષ કરીને બહારના પુદ્‌ગલોને ખેંચી કર્મરૂપે પરિણમાવ્યાં, તે જડ પુદ્‌ગલોનું કર્મરૂપ વૈભાવિક પરિણમન થયું. તેના મૂળ સ્વભાવમાં, કોઈ પણ જીવને કંઈ પણ ફળ આપવાપણું નથી પણ આપણે જ તેનામાં એ શક્તિ ઊભી કરી. એટલે આપણને કર્મ વિકૃત કરે તે પહેલાં જ આપણે તેને વિકૃત કર્યાં, જો તેનામાં એવી શક્તિ આપણે ઉત્પન્ન ન કરી હોત તો, તેણે આપણને દુ:ખ-પીડા આપ્યાં ન હોત.

આમ જીવ ને અજીવ બન્ને, પોતાના વૈભાવિક પરિણામે પરિણમે છે ત્યારે જ સંસાર ઊભો થાય છે, પણ જેમ તેઓનો સંયોગ છે તેમ વિયોગ પણ છે, અને તેથી જ જીવનો મોક્ષ પણ છે.

આત્માદિ અસ્તિત્વના કહી, જેમ ષડ્‌દ્રવ્યોનો વિચાર કર્યો, તેમ નવ



તત્ત્વોનો પણ વિચાર કરીએ.

એક જીવ અને બીજું અજીવ. આ બન્નેને તો ષડ્‌દ્રવ્યોમાં આપણે વિચાર્યા. હવે એ સિવાયનાં સાત તત્ત્વો – (૧) પુણ્ય, (૨) પાપ, (૩) આશ્રવ, (૪) સંવર, (૫) નિર્જરા, (૬) બંધ અને (૭) મોક્ષ. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પુણ્ય અને પાપનો સમાવેશ આશ્રવમાં કર્યો છે. માટે પહેલાં તેને સમજીએ.

આશ્રવ એટલે જીવના શુભ-અશુભ ભાવો વડે કર્મોનું આત્મામાં આવવું. શુભ ભાવે આવે તે પુણ્ય અને અશુભ ભાવે આવે તે પાપ. મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિ સાથે કષાય ભળે ત્યારે આશ્રવ થાય છે.

શાસ્ત્રકાર ભગવંતોએ આશ્રવને સરળ દૃષ્ટાંત દ્વારા સમજાવ્યો છે. જેમ એક તળાવ, જેનું પાણી ઉપયોગમાં લેવાતું હોવા છતાં તે હમેશાં ભરેલું જ દેખાય છે. કારણ એ છે કે તળાવના તળિયે એકાદ બે સરવાણી છે, જેમાંથી નિરંતર પાણી આવ્યા જ કરે છે. તે જ રીતે આત્મારૂપ તળાવને વિષે, ઈન્દ્રિય-મનરૂપ સરવાણી દ્વારા કર્મો આવ્યાં જ કરે છે. તેથી આ આત્મા અનાદિથી કર્મોનાં ફળ ભોગવતો આવ્યો છતાં હજુ કર્મરહિત થયો નથી.

જીવે અનંત ભૂતકાળમાં જેટલાં કર્મો ભોગવ્યાં તે બધાં ઉદયમાં આવી ફળ આપીને ખરી ગયાં, આત્માથી અલગ થઈ ગયાં, જે કર્મોનો કોઈ હિસાબ નથી. છતાં આજ સુધી આ જીવ હળુકર્મી થયો નહીં, કારણ જેમ કર્મ ભોગવવાનો ક્રમ સમયે-સમયે ચાલુ છે તેમ કર્મ બાંધવાનો ક્રમ પણ ચાલુ જ છે.

તળાવમાં તો એક કે બે ધારા આવતી હશે પણ અહીં તો પાંચ-પાંચ ધારાઓ પ્રતિ સમય એક-એક બુંદ લઈને વહી રહી છે. પર્વતમાંથી એક-એક બુંદ રૂપ ટપકતું પાણી ઝરણા રૂપે નીચે આવે અને આગળ જતાં મોટી નદીનું રૂપ ધારણ કરી લે – જેમાં લાખો ટન પાણી વહેતું હોય.

બંધુઓ! પૂછી જુઓ આ આત્માને? સમય-પ્રતિસમય કેટકેટલા શુભ-અશુભ ભાવો એ વ્યક્ત કરે છે? અને ભાવો આ પાંચ ધારામાં વહેંચાઈને કેટલાં કર્મો બાંધે છે? શું કરવું? બસ, કંઈ નહીં, ધારાને રોકી દો! કેમ રોકવી? આ તો કોઈ દ્રવ્ય નથી કે તેને સિમેન્ટની દીવાલથી

રોકી લઈએ.

તળાવને ખાલી કરવું હોય તો, નીચેની સરવાણી આવતી અટકાવી દો, અને પછી કાં તો તળાવ ઉલેચી નાખો અને ન ઉલેચો તો સૂર્યના તાપથી સુકાવા દો. અરે! પાણીનો ઉપયોગ કરી નાખો તો તળાવ સૂકાઈ જશે. બસ, એ જ રીતે પુણ્ય-પાપરૂપ જે આશ્રવ આત્મા પર આવી રહ્યો છે, તે ભાવો વડે આવે છે. તેથી તેને રોકવા માટે પણ એવા જ ભાવ જોઈશે. અરે! એથી વધુ પ્રબળ ભાવો જોઈશે, એ ભાવોનું નામ છે સંવર.

પાંચ ધારાએ આવતા આશ્રવનું નામ છે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. મિથ્યાત્વ ધારાને રોકનાર છે સમ્યગ્દર્શન, જે ભાવ ચોથે ગુણસ્થાને પ્રગટે છે અથવા કહો એ ભાવ પ્રગટતાં જીવ ચોથે ગુણસ્થાને આવે છે, જ્યાં આવ્યા પછી મિથ્યાત્વથી બંધાતાં કર્મો રોકાઈ જાય છે.

અવ્રતને રોકવા માટે વિરતિભાવ, દેશવિરતિ એટલે શ્રાવકનાં વ્રતો અને સર્વવિરતિ એટલે સાધુનાં વ્રતો. આ વ્રત-ભાવો પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનનાં પરિણામો જગાડે, જેથી અવિરતિભાવથી બંધાતાં કર્મ અટકી જાય છે.

પાંચ પ્રમાદમાં પડેલો જીવ વિરતિભાવ આવ્યા પછી પણ કર્મો બાંધતો હોય તે ધારાને, અપ્રમત્તદશા એટલે કે આત્મસ્વરૂપની રમણતાની દશામાં સ્થિરતા આવે એટલે અટકાવી શકાય છે. સાતમું ગુણસ્થાન અપ્રમત્તભાવોનું છે. ત્યાં પહોંચ્યા પછી પ્રમાદજન્ય કર્મો બંધાતાં નથી.

ક્રોધાદિ કષાયના ભાવે બંધાતાં કર્મોને રોકવા સર્વથા અકષાયી થવું આવશ્યક છે. કષાયો ગયા કે જીવ બારમા ગુણસ્થાનની સ્થિતિમાં વર્તતો હોય, અને પછી તો કર્મબંધ નામ માત્રનો જ રહે.

છેલ્લો આશ્રવ યોગનો. બારમા ગુણસ્થાને કેવળજ્ઞાન પામ્યા પછી પણ મન, વચન, કાયાના યોગોને કારણે સૂક્ષ્મ આશ્રવ છે, જેની માત્ર બે સમયની જ સ્થિતિ છે.

**पढमसमए बद्धं, बिइयसमए वेइयं, तइयसमए निज्जिण्णं, तं बद्धं।**
**फुट्ठं उदीरियं वेइयं निज्जिण्णं सेयाले य अकम्मं यावि भवइ॥**

પહેલા સમયમાં બાંધે છે, બીજા સમયમાં વેદે છે અને ત્રીજા સમયમાં ક્ષય થઈ જાય છે. આવી રીતે બદ્ધ, સ્પર્શ, ઉદય અને વેદિત



થઈને ક્ષય થયા પછી નિષ્કર્મી થઈ જાય છે અને જ્યારે યોગનું નિરૂંધન થઈ અયોગી અવસ્થા પ્રાપ્ત થાય છે, ત્યારે તરત જ જીવનો મોક્ષ થઈ જાય છે.

આમ પાંચ પ્રકારના આશ્રવો રોકવા માટે, પાંચ પ્રકારના સંવર ભાવમાં જીવને આવવું જરૂરી છે. આ ભાવો આવ્યા કે જીવની વિશુદ્ધિ વધતી જશે અને અંતે સિદ્ધિ.

શુભાશુભ ભાવોથી આવેલાં કર્મોનું આત્મા સાથે બંધાવું તે બંધ. વાસ્તવિકતાએ તો જીવ ચેતન અને કર્મ જડ. એટલે બન્નેનું બંધાવું થતું નથી. પણ કર્મસહિત જીવ જ કર્મ ખેંચે છે એટલે કર્મ સાથે કર્મ બંધાય અને જીવની શક્તિ પર પડદાની માફક આવરણ કરી દે. જીવમાં એ શક્તિ છે કે તે આવરણને તોડીને બહાર આવે. જીવ જો રાગાદિ ભાવો ન કરે અને નિજ સ્વરૂપમાં રહે, પોતાના જ્ઞાનાદિ સ્વભાવમાં જ પરિણમે તો કર્મોની તાકાત નથી કે આત્મા પર આવીને લાગે પણ વિભાવમાં પરિણમતો જીવ જ કર્મને ખેંચે છે અને જાણે પોતે કર્મરૂપ થઈ ગયો હોય તેમ વર્ત્યો જાય છે.

આવી વર્તનાને કારણે જ જીવ અને કર્મનો બંધ માનવામાં આવ્યો છે અને તેને ક્ષીર-નીર, લોહપિંડ અગ્નિની ઉપમા આપી સમજાવે છે. દૂધ અને પાણી એક થઈ જાય તેમ આત્મા અને કર્મ એક થઈ ગયાં છે. પણ પ્રયોગથી તે અલગ થઈ શકે છે. લોઢાના ગોળામાં પ્રવેશેલ અગ્નિ પણ પાણીમાં નાખવાથી અલગ થઈ જાય છે અને જીવ કર્મથી મુક્ત થઈ જાય છે. આ છે જીવનું જમા પાસું.

નિર્જરાતત્ત્વ એ જૈન પરંપરાની આગવી વિશેષતા છે. ભારતના આસ્તિકવાદી દર્શનો આત્મા અને પરમાત્માનો સ્વીકાર કર્યા પછી પણ ક્યાંક નિર્જરા તત્ત્વને સમજાવી શક્યા નથી. અર્થાત્ નિર્જરા તેઓની માન્યતામાં જ નથી.

નિર્જરા એટલે ઝરવું. ઝરવા છતાં શેષ રહે છે તે આંશિક નિર્જરા અને ઝરીને અશેષ થઈ જાય તે સર્વાંશે નિર્જરા. આત્મા પર કર્મો છે. ઉદયમાં આવે તેમ ભોગવાઈને ઝરી જાય. પરાધીનપણે દુ:ખો સહેતાં ઝરી જાય. સમજણ વગર કરેલ તપ-ત્યાગ આદિથી ઝરી જાય એ બધી જ અકામનિર્જરા કે જેમાં સંવર નથી થતો અને 'હું આત્મા છું' 'શુદ્ધ,

નિરંજન એક પણ પરમાણુની વર્ગણા રહિત આત્મા છું' આવી દૃઢ પ્રતીતિ થતાં, આત્મ-સ્વરૂપની અનુભૂતિ ને અનુભૂતિ પછી તે ભાવમાં જ સ્થિરતા. આમ સબળ સંવર થતાં થોકના થોક કર્મો ધોધબંધ ઝરવા જ નહીં પણ વહેવા માંડે, આત્મા સાથે રહી શકે નહીં. રહેવું તેને અસહ્ય થઈ પડે, તે સકામનિર્જરા, જ્યાં આશ્રવ રોકાઈને સંવર થાય છે.

આ સંવર અને નિર્જરા એ બે જ મોક્ષના ઉપાય છે. પ્રથમ સંવર, પછી નિર્જરા અને પરિણામે મોક્ષ.

છેલ્લું તત્ત્વ તે મોક્ષ. મોક્ષ વિષે શું સમજાવવું? જ્યાં બંધ છે ત્યાં મોક્ષ છે. જીવ બંધાયો છે માટે તેને મોક્ષ છે. સર્વ પ્રકારે, સર્વથા, સર્વ કર્મોથી છૂટી જવું તે મોક્ષ.

શ્રીમદ્જીના શબ્દોમાં –

**એક પરમાણુ માત્રની ના મળે સ્પર્શતા,**
**પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;**
**શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,**
**અગુરુ લઘુ, અમૂર્ત સહજપદ રૂપ જો...અપૂર્વ...**

બસ, આવાં સ્વરૂપની પ્રાપ્તિ એ જ મોક્ષ.

આમ ષડ્દ્રવ્ય, નવ તત્ત્વોને યથાર્થ રૂપે જાણી, વિચારી, સમજીને હેય, જ્ઞેય, ઉપાદેયનો વિવેક કરવો જરૂરી છે. પ્રત્યક્ષ સત્સંગ ન હોય, સદ્ગુરુનો યોગ ન હોય ત્યારે આવા વૈરાગ્ય-પ્રધાન તથા આત્માનુભૂતિ પ્રેરક શાસ્ત્રોના આધારે સુપાત્ર જીવ સાધના કરી શકે છે.

આવાં શાસ્ત્રોની સ્વાધ્યાય કરવાની પદ્ધતિ શું છે તે આગળ કહેવાશે.

ડ

# ....કરી મતાંતર ત્યાજ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જ આત્માના શુદ્ધ સ્વરૂપને પામવાની ચાવી છે. શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ અને અનુભૂતિનો આનંદ પામવો એ જ જીવનું કર્તવ્ય છે. એ માટે આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે તેમ 'હું આત્મા છું' મારું ત્રિકાલ અસ્તિત્વ છે તેની શ્રદ્ધા જાગવી જોઈએ, કારણ આત્માનું અસ્તિત્વ છે તો જ તેના માટે સાધના છે. જો અસ્તિત્વ જ ન હોય તો સાધના કોના માટે? ભારતનાં જે દર્શને આત્માનો સ્વીકાર નથી કર્યો ત્યાં સાધના પણ નથી.

આત્મા છે તો કર્મ પણ છે. કર્મ છે તો પુણ્ય-પાપ છે અને પુણ્ય-પાપ છે તો તેના ફળને ભોગવવાના સ્થાનરૂપ સ્વર્ગ કે નરક છે. આ બધાંનું અસ્તિત્વ સિદ્ધ થયા પછી સ્વર્ગ કે નરક બન્ને જીવ માટે ઈચ્છવા યોગ્ય નથી. નરકને ન ઈચ્છો તો સ્વર્ગને પણ ન ઈચ્છશો, કારણ સ્વર્ગ પણ સંસાર છે. જીવનું લક્ષ્ય સંસાર નથી તેથી સ્વર્ગ પણ ત્યાજ્ય છે.

આમ સુપાત્ર જીવ આત્માદિ-અસ્તિત્વને સિદ્ધ કરતાં શાસ્ત્રોના અવલંબને સદ્ગુરુના પ્રત્યક્ષ યોગના અભાવમાં પોતાને આત્મભાવમાં સ્થિર રાખી શકે છે.

અહીં ગાથામાં શ્રીમદ્જીએ 'સુપાત્ર' શબ્દ મૂક્યો. શા માટે? 'શ્રી નન્દીજી-સૂત્ર'માં કહ્યું છે – ઉત્તમ આગમો, કુપાત્ર, મિથ્યાત્વી જીવના હાથમાં આવે તો તેને અનર્થકારી નીવડે. પણ જો એ જ આગમોનો સુપાત્ર જીવ સ્વાધ્યાય કરે તો તેને મહાન ઉપકારી નીવડે. માટે સુપાત્ર જીવ જ આગમનાં રહસ્યોને પામી શકે છે. સુપાત્ર શબ્દથી, આ શાસ્ત્ર પણ સુપાત્ર જીવ માટે જ છે, એમ સંકેત કર્યો છે. શ્રીમદ્જીએ એક જગ્યાએ કહ્યું છે –

**પાત્ર વિના વસ્તુ ના રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન**

આપણામાં Digestive Power બરાબર ન હોય અને બધું જ ખાધા

કરીએ તો શું થાય? પચે નહીં, બીમાર પડીએ અને ક્યારેક તો મૃત્યુ સુધી પહોંચી જવાય. માટે પહેલાં Digestive Power બરાબર કરીને પછી જ ભારે પદાર્થ ખાવો જોઈએ. બંધુઓ! અધ્યાત્મ શાસ્ત્રમાં તત્ત્વો પચાવવાં સહેલાં નથી, એ માટે પણ પાત્રતા જોઈએ. તો જ પચે.

વર્તમાને આપણામાં પાત્રતા ન દેખાતી હોય તો તે કેળવવાનો પ્રયાસ કરવો પડે. કોઈ રૂડો આત્મા જ પૂર્વભવે કરેલ પુરુષાર્થના પરિણામે પાત્રતા લઈને જન્મે. એવંતા જેવા બાલમુનિ આવી પાત્રતા લઈને જન્મ્યા હતા, કે કિશોરવયમાં જ ગૌતમની આંગળી પકડી ચાલી નીકળ્યા, ને મહાવીર જેવા મહાસમર્થ ગુરુના ચરણે સર્વસ્વ સોંપી દીધું. એટલું જ નહીં, મુનિ થયા પછી બાળસહજ ચેષ્ટાના કારણે સચેત પાણીમાં પાત્રાની નાવ ચલાવવાની ભૂલ કરી. પણ તેમનામાં રહેલી પાત્રતાના કારણે એ ભૂલ, શૂળ ન બનતાં ફૂલ બની ગઈ. પ્રભુએ માત્ર બે શબ્દો જ કહ્યા:

''એવંતા! આપણે આમ કરાય?''

અને પારાવાર પશ્ચાત્તાપે, પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર થયા.

''શું કરું પ્રભુ?''

''વત્સ! ઈરિયાવહી પડિક્કમિ લે!''

અને બંધુઓ! અંત:કરણના ભાવથી, **પાયચ્છિત્ત કરણેણં વિસોહી કરણેણં, વિસલ્લી કરણેણં.** પ્રાયશ્ચિત્ત કરવા, વિશુદ્ધિ કરવા, આત્માને શલ્યરહિત કરવા, એવંતાએ ઈરિયાવહીનો કાયોત્સર્ગ કર્યો અને મોહનીય તથા જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થતાં, ૧૧ અંગનું જ્ઞાન થઈ ગયું. અંતર્ચક્ષુ ઊઘડી ગયાં. આ હતી તેઓની ઉત્તમ પાત્રતા.

આપણે તો ભારેકર્મી છીએ. આપણામાં જરા પણ પાત્રતા દેખાતી નથી. પૂર્વે કદાચ સુયોગ મળ્યો પણ હશે. પરંતુ આપણે હારી ગયા એ તકને!.... હવે ક્યાં સુધી હારતા રહીશું? કેટલા ભવ આમ જ કાઢીશું? જો આપણામાં થોડી પણ બુદ્ધિ હોય, સમજણ હોય તો પાત્રતા પ્રગટ કરવાનો પુરુષાર્થ કરી લઈએ.

બીજું કાંઈ થાય કે ન થાય, પણ હું વીતરાગની આજ્ઞાને આરાધી શકું એવી પાત્રતા મારામાં પ્રગટે; એટલી ભાવના તો કેળવો. અંત:કરણમાં એવી રૂચિ અને રસ જગાવો કે આ ભવે અવધિ કે મન:પર્યવ જેવાં જ્ઞાન ન થાય, કોઈ લબ્ધિઓ ન પ્રગટે, અરે! ઉગ્ર તપશ્ચર્યાઓ ન કરી શકું, પણ એટલું તો જરૂર કરું કે મારા આત્માને પાત્ર બનાવી લઉં. પાત્ર બનવા માટે બહુ સહન



કરવું પડે હં!

ખાણમાં પડેલી માટી, માટીરૂપે હોય ત્યારે તેને પાત્ર ન કહેવાય. માટી ઉપર કેટલું વીતે ત્યારે એ પાત્ર બને! માટીના ક્યાંય ઢગલા નથી પડ્યા હોતા. ખાણમાંથી ખોદવી પડે, એટલે સર્વ પ્રથમ તો ખાણમાંથી બહાર નીકળવામાં જ કેટલા પ્રહાર સહન કરવા પડે. આપણે ક્યાં પડ્યા છીએ? અનંત અનંત જીવો વિશ્વરૂપ ખાણમાં પડ્યા છે. સાથે સાથે ઈન્દ્રિયોના ભોગની આસક્તિમાં લપેટાયેલા છીએ. આપણા ઉપકારી સંતો, વચનોના પ્રહાર વડે, ઉપદેશના પ્રહાર વડે તેમાંથી આપણને બહાર કાઢવા માંગે છે. તેઓનાં વચનોને લક્ષ્યમાં લઈ ભોગોની ખાણમાંથી બહાર નીકળીએ.

ખાણમાંથી નીકળેલી માટીને ઘરે લઈ જઈ, કુંભાર તેમાં પાણી નાખી પિંડ બનાવે અને પછી હંમેશાં એને ખૂંદે એટલે સુંવાળી બને, ચીકણી બને. કાંકરી વગેરે નીકળી જાય અને ચાકડે ચડવા જેવી થાય. કેટલી સહિષ્ણુતા! પ્રથમ કોદાળીના પ્રહાર અને પછી પગના પ્રહાર! આટલું સહે પછી જ પાત્ર બનવાની યોગ્યતા આવે. બંધુઓ! પ્રભુએ સાધુના ૨૨ પરિષહ કહ્યા, શા માટે? વળી એને દુ:ખ ન કહ્યાં, એમ કેમ? 'પરિ' એટલે વારંવાર અને 'ષહ' એટલે સહેવું. વારંવાર સહેતો સહેતો પોતાની સહિષ્ણુતાને કેળવતો જાય.

આ જીવ સહન કરતાં શીખ્યો જ નથી. જ્યારે જ્યારે પ્રતિકૂળ નિમિત્તો આવે ત્યારે વ્યાકુળ થઈ જ જતો હોય. ભૂખ લાગી અને ખાવાનું હાજર નથી, તરસ લાગી ને પાણી હાજર નથી. ગરમીના દિવસો છે, બહુ ગરમી લાગે છે. ઠંડીનો સમય છે, ઠંડી લાગે છે. સમતા રહે છે ત્યારે? તરત જ ઊંચા-નીચા થવા માંડીએ, ઉપાયો શોધીએ. પણ ક્યારેય એમ વિચાર્યું છે કે ઘણા લોકો તપ કરે છે. ઘણા ગરીબોને ખાવા મળતું નથી તે સહન કરે છે, તો હું થોડી વાર તો જોઉં કે ન ખાઉં તો શરીરને, મનને શું થાય છે? પણ શરીરની પહેલાં તો મન ઉદ્વિગ્ન થઈ ઊઠે છે. એને જ વધુ તકલીફ થાય છે.

પણ એ સમયે મનને કહીએ, તું શાંતિ રાખ! તારે શું છે? પેટને જોઈએ છે, એમાં તું શું કામ ડહાપણ કરે છે? મારે મારી કસોટી કરવી છે. કસોટી કર્યા સિવાય પાસ નથી થવાતું-પૂછો બાળકોને! તેઓને પરીક્ષા આપવી પડે છે કે નહીં? તેમ આપણે પણ સહનશીલતા કેળવવી છે, તો પરીક્ષા આપવી પડશે. અમારે જેમ પરિષહો સહનશક્તિનું માપ છે તેમ તમારે સંસારમાં આવતાં અનેક પ્રકારનાં દુ:ખો જે કદાચ બાવીસ કરતાં પણ વધારે હશે તેને સમતા ભાવે સહો તો સહિષ્ણુતા કેળવાતી જશે.

અમને કેટલાક પ્રશ્ન પૂછે કે: તમે શા માટે હાથથી કેશલુંચન કરી શરીરને આટલો ત્રાસ આપો છો? પણ એનો ઉત્તર એ અમારા માટે માપકયંત્ર છે. શરીર પરનું મમત્વ કેટલું ઓછું થયું એ જોવા માટે જ દર છ મહિને લોચ કરવાની પ્રભુની આજ્ઞા છે. એક વાળ ખેંચાય તો પણ કેટલી પીડા થાય તે સહુનો અનુભવ છે. તો લોચ કરાવતાં પીડા ન થાય તેમ નહીં પણ તેમાં કેટલી સમતા રહે છે તે જોવાનું છે, ભાવ પરિણતિ એ સમયે કેવી રહે છે તેના પરથી જીવના મોહ-મમત્વનું માપ નીકળે છે, તો જીવ જેટલું સહન કરે તેમ તેની પાત્રતા કેળવાતી જાય છે.

સુંવાળી થયેલી માટી ચાકડે ચડે, ચાકડો ઘૂમે, કેટલી વાર સુધી તેને દંડ વડે ઘુમાવવામાં આવે. કુંભારના હાથની કળા વડે તેને આકાર અપાતો જાય. ચાકડા સાથે ઘૂમવું એ ઓછું દુ:ખદાયી નથી. માનસમાં જન્મતા, વિવિધ પ્રકારનાં માનસિક દુ:ખો પણ આપણને પીડાના બહાને ચાકડે ચડાવે છે અને ચોરાશીના ચક્કરમાં પણ ચાકડે ચડી ઘૂમ્યા જ કરીએ છીએ. જો એ ચાકડા પરથી માટી આકાર પામ્યા પહેલાં ઊતરી જાય તો તે પાત્ર ન બને, તેમ ચોરાશીમાં ફરતો આ જીવ નાની મોટી યોનિમાં દુ:ખો સહી અકામનિર્જરા કરતો રહે અને જ્યાં તપ ત્યાગ યોગ સાથે સત્ય સમજણ મળે ત્યાં સંયમાદિથી સકામનિર્જરા કરતો રહે તો જલદી ઊંચો આવે અને ચોરાશીના ચાકડેથી ઊતરી શકે.

જાણો છો? ચાકડેથી શું એમ ને એમ પાત્ર ઊતરી જાય? ના, એને દોરીથી છેદાવું પડે, ત્યારે જ ઉતરે. તેમ આ જીવે પણ છેદન-ભેદનના દુ:ખો સહેવાં પડે. નીચે ઉતરી તડકે તપવું પડે અને તે પછી કુંભાર તેને સરખો આકાર આપવા ટપલો લઈને ટીપે છે. અંદર હાથ રાખે અને ઉપરથી ટીપે. બંધુઓ! આપણને પણ આપણા ઉપકારી સંતો ઉપદેશના ટપલાથી ટીપે પણ આપણને તે ટક-ટક લાગે તો આપણે પામવો જોઈએ એવો આકાર ન પામીએ. આપણામાં વિષય-કષાયના અને ભોગવૃત્તિના જે આડા-અવળા આકારો પડ્યા હોય તેને કાઢવા જ સંતોનો ટપલો આપણને ટીપે. પણ ગમે છે એ? કે કોઈ મીઠું મીઠું બોલીને માત્ર પ્રશંસા કરે તે ગમે છે?

અને હવે છેલ્લું જે સહન કરવાનું છે તે સહુથી વિશેષ આ છે. નિંભાડાના અગ્નિમાં શેકાવાનું અને તેમાંથી સાંગોપાંગ બહાર આવવાનું. ક્યાંય તડ નહીં. નાનું એવું છિદ્ર પણ નહીં. અને જો હોય તો આટલું સહન કર્યું તે બધું જ વ્યર્થ. કોડીની પણ કિંમત નહીં. આપણું પણ એમ જ છે. તપ-



ત્યાગ-વ્રત-નિયમ-પ્રત્યાખ્યાન બધું જ કર્યા પછી પણ જો પરભાવ ન છૂટે, સ્વભાવમાં સ્થિર ન થવાય, પરમાં પોતાના સુખની કલ્પના ન છૂટે, તો પછી બધું જ 'છાર પર લીંપણું', એ ન્યાયે વ્યર્થ, પણ સ્વભાવદશા પ્રગટે અને નિજપદને ઓળખતાં શીખીએ એટલે આપણે પાસ.

બંધુઓ! સાંગોપાંગ બહાર નીકળેલા ઘડાને ખરીદવા જાવ, અને ટકોરો મારો તો કેવો રણકાદાર અવાજ આવે! અને એવા ઘડાને જ પ્રેમથી કોઈ ખરીદી જાય અને તેમાં પાણી ભરી તે ઠંડું થાય એટલે પીને પેટ ઠારે. બસ, બંધુઓ! સહનશીલતા-ક્ષમા-સમતા-વિશાળતા-ઉદારતા આદિ ગુણો આટલી Procedureમાંથી પાસ થયા પછી આપણામાં આવી જાય તો પછી આપણો રણકો પણ કોઈ ઓર જ નીકળે અને આપણે પરલક્ષી મટી જઈ સ્વલક્ષી થતાં જે ગુરુદેવના ચરણોમાં સમર્પણ કરવું છે, તેમના અંતરને ઠારી શકીએ, એમને પ્રસન્નતા અર્પી શકીએ. બસ, પછી ગમે તે શાસ્ત્રો વાંચીએ બધાં જ સમ્યગ્‌રૂપે પરિણમે.

સદ્‌ગુરુનો પ્રત્યક્ષ યોગ ન હોય ત્યારે, પાત્ર જીવે આત્માદિ અસ્તિત્વને સિદ્ધ કરતાં શાસ્ત્રો વાંચવાં. તેવો એક આદેશ આપ્યા પછી આગળ શું કરવું તે બતાવતાં કહે છે –

**અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ,**
**તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ...૧૪...**

સદ્‌ગુરુની સમીપે રહ્યો હોય, પ્રત્યક્ષ તેમનો ઉપદેશ અનેકવાર ઝીલ્યો હોય, અને પછી એ યોગ કાયમ ન રહે ત્યારે તારો સ્વાધ્યાય તો સદા ચાલુ રહેવો જોઈએ. નહીં તો સંસારનાં પ્રલોભનો તો એવાં જોરદાર હોય કે, એ પોતા તરફ જીવને ખેંચી જ જાય. માટે ગુરુદેવે જે શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવાનું કહ્યું હોય, તે તેમના આદેશ મુજબ જ વિચારવાં. જે શાસ્ત્રોમાં મર્મ ભર્યો છે અને જીવને સ્વમાં સ્થિર કરવાની ચાવીઓ આપી છે, તેવા જ ગ્રંથો વાંચવા પણ પોતાની જાતે મનને લોભાવે કે ઈન્દ્રિયોના વિષયોને ઉત્તેજિત કરે તેવા ગ્રંથો તો સદા ત્યાજ્ય જ કહ્યા છે.

વળી અહીં અવગાહન શબ્દ મૂક્યો. અર્થાત્ જે વાંચે તેમાં ઊંડા ઊતરી ચિંતન કરવાનું. એક દિવસમાં માત્ર પાંચ જ પંક્તિઓ વાંચો પણ તેના ઊંડાણમાં જઈ તેના રહસ્યને પામવાનો પ્રયાસ થવો જોઈએ. વળી વારંવાર એ વંચાવા જોઈએ. એકવાર વાંચીને છોડી દઈએ અને કહીએ કે અમે ઘણું વાંચી

લીધું તો તેનું કોઈ મૂલ્ય નથી.

એકવાર સર્વ પ્રકારે વ્યસની ભાઈ એક મહારાજ પાસે આવ્યા અને કહે :

''મહારાજ! મેં આખી એક લાયબ્રેરી વાંચી, જેમાં ૩૫૦૦ પુસ્તકો છે! કહો, કોઈ આટલું વાંચી શકે?''

''ભાઈ! તારા જીવનમાં પરિવર્તન કેટલું થયું? વ્યસનો કેટલાં છૂટ્યાં?''

''પણ મહારાજ! વાંચન અને વ્યસનને શો સંબંધ?''

''બસ, તો ભાઈ! તું માણસ નહીં પણ હાલતીચાલતી લાયબ્રેરી! તારામાં અને પુસ્તકો રાખવાના કબાટમાં કોઈ ફરક નહીં!''

બંધુઓ! આને અવગાહન ન કહેવાય. વાંચ્યા પછી વિચારે. વિચાર્યા પછી વાગોળે અને વાગોળે તો તેમાંથી જીવનરસ બને, તે અવગાહન. માટે જ શાસ્ત્રમાં સ્વાધ્યાય માટે બે શબ્દ મૂક્યા **'વાંચના અને પરિયટ્ટણા'** વારંવાર રિપીટ થતું રહેવું જોઈએ. અર્થાત્ તેમાં નિયમિતતા અને નિરંતરતા આ બે તો જોઈએ જ. તો વાંચેલ તત્ત્વો આત્મામાં પરિણમે.

તે પછી અંતિમ પંક્તિમાં કહ્યું – **કરી મતાંતર ત્યાજ** આ ખાસ સમજવા જેવું છે, વિચારવા જેવું છે.

સામાન્ય રીતે માનવ, પોતે જે કુળમાં જન્મ્યો છે તે કુળની ચાલી આવતી ધર્મ-પરંપરાને શ્રેષ્ઠ માનતો હોય છે. સમજણપૂર્વક ધર્મને સ્વીકાર્યો નથી. ધર્મની શ્રેષ્ઠતા દીલમાં વસી, પછી એ ધર્મને ઉત્તમ માનતો હોય એવું ખાસ કરીને બનતું નથી. વિશ્વમાં જેટલા ધર્મો, મત, પંથ, કે સંપ્રદાયો છે તેને માનનારાઓ સહુ પોતપોતાના મતને શ્રેષ્ઠ કહે છે. આપણે રોજ કહીએ કે અમારા ધર્મ જેવો બીજો કોઈ ધર્મ નહીં. અરે! તમે જ કહો છો એમ નહીં, મુસલમાનને પૂછો, તે કહેશે, ઈસ્લામને માને તે પાક, બીજા નાપાક, બીજા કાફર!

એટલું જ નહિ માનવ બીજાના મત-પંથ પ્રત્યે ઘૃણા સેવતો હોય છે. પણ કોઈ તટસ્થ વ્યક્તિને નિર્ણય કરવા કહો કે કયો ધર્મ શ્રેષ્ઠ? શું કહેશે એ? ધર્મની શ્રેષ્ઠતાનું સર્ટિફિકેટ આપતાં પહેલાં તેને પાળનાર ધર્મીના જીવનને જોવું પડશે. જે ધર્મ માનવના જીવનમાં સાત્ત્વિક પરિવર્તન લાવે તે ધર્મ જ શ્રેષ્ઠ! આપણે આપણા જીવનને કોઈની સામે કસોટીમાં મૂકી શકીએ છીએ? જો ના, તો પછી આપણને કયો અધિકાર છે કે બીજા ધર્મોને ખોટા કહી આપણા ધર્મને સાચો કહીએ? આજે આપણે જે કુળમાં જન્મ્યા છીએ તે કુળને



માન્ય ધર્મને શ્રેષ્ઠ માનીએ છીએ. પણ બીજા કુળમાં જન્મ્યા હોત તો કદાચ આ ધર્મ શ્રેષ્ઠ ન લાગત. તો તે ધર્મને શ્રેષ્ઠ કહેત? ધર્મનો મર્મ સમજ્યા વગર જ વાતો કરતા હોઈએ છીએ.

બીજી રીતે વિચાર કરીએ. ધર્મ કોઈ પણ હોય તે સદા શ્રેષ્ઠ જ હોય. જે કનિષ્ઠ હોય તે ધર્મ નહીં. પણ આપણે જે ઊંચા-નીચાની કે શ્રેષ્ઠ-કનિષ્ઠની વાત કરીએ છીએ તે સંપ્રદાય હોઈ શકે. પણ આપણે ધર્મ અને સંપ્રદાયના ભેદને ઓળખી નથી શક્યા! સંપ્રદાયને જ ધર્મ માની લીધો છે પણ સંપ્રદાય એ ધર્મ નથી, એ માત્ર વ્યવસ્થા છે, અને તેમાં સારાંબૂરાં તત્ત્વો, આચાર-વિચાર હોઈ શકે. પરસ્પર ભિન્નતા હોઈ શકે, માન્યતાભેદ હોઈ શકે.

ભારતમાં ધર્મોના અનેક સંપ્રદાયો છે. બધાની વાતો તો અહીં નથી કરવી, પણ જૈનધર્મના સંપ્રદાયો વિષે વિચારીએ. પ્રથમ દિગંબર અને શ્વેતાંબર બે થયા. પછી દિગંબરમાં વીસપંથી, તેરાપંથી, તારણપંથી વગેરે સંપ્રદાયભેદ થયા. શ્વેતામ્બરમાં મૂર્તિપૂજક દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથી, સોનગઢ પંથ, શ્રીમદ્‌રાજચંદ્રનો પંથ આવા ઘણા ઘણા સંપ્રદાયો ઊભા થયા. આ બધા જ ભેદો સંપ્રદાયના છે, ધર્મના નહીં. ધર્મ કદી ભેદાતો નથી. તેના ભાગલા પડી શકે નહીં. ધર્મના કોઈ પણ ટુકડા કરી શકે નહીં.

માફ કરજો બંધુઓ! પણ અહીં બેઠેલાઓમાં આપણે કોઈ સ્થાનકવાસી છીએ, કોઈ દેરાવાસી છીએ, સોનગઢની માન્યતાવાળા છીએ અને શ્રીમદ્‌જીમાં વિશ્વાસ ધરાવનારા પણ છીએ. પણ સહુ એમ માનીએ છીએ કે મારો ધર્મ સાચો. સ્થાનકવાસી એમ કહેશે મારા ધર્મની પરંપરા સાચી, દેરાવાસી કહેશે અમે સાચા. અને અન્ય? અન્ય પણ કહેશે અમે સાચા. પણ હું તો કહું છું કે બધા જ ખોટા. દેરાવાસી કોઈ ધર્મ નથી. સ્થાનકવાસી કોઈ ધર્મ નથી, સોનગઢ કે શ્રીમદ્‌જીનો પંથ એ પણ કોઈ ધર્મ નથી. બધા જ સંપ્રદાયો છે. અને સંપ્રદાયોની માન્યતા, તેના આચાર-વિચાર, તેનાં વિધિ-વિધાનો ભિન્ન ભિન્ન રહેવાનાં જ.

આનું કારણ શું છે તે વિચારીએ. જ્યારે જ્યારે કોઈ નવો સંપ્રદાય ઊભો થાય છે ત્યારે તે કોઈ ને કોઈ વિરોધ લઈને જ ઉદ્‌ભવે છે. જે સંપ્રદાયની માન્યતામાં આપણો વિશ્વાસ હોય તેના આચાર-વિચાર કે વિધિ-વિધાનના કારણે મતભેદ ઊભો થાય, એ મતભેદમાંથી મનભેદ ઊભો થાય અને તે કલહનું રૂપ ધારણ કરે, ત્યારે જ નવો સંપ્રદાય જન્મે છે. તે જેમાંથી નીકળ્યો છે તેનાથી કંઈક જુદાપણું તો પોતામાં હોવું જ જોઈએ. તમારી જે

રીત, જે પરંપરા છે તે મને માન્ય નથી ત્યારે તો મેં નવો સંપ્રદાય ઊભો કર્યો તો પછી તમારાથી જુદા પડે એવા કોઈ નીતિ-નિયમો મારે ઘડવા જ રહ્યા. ભલે Fundamental Principalમાં ક્યાંય ભેદ ન હોય, અને હોઈ પણ ન શકે. હા, જૈન પરંપરાની એ વિશેષતા રહી છે કે તેના ગમે તેટલા સંપ્રદાયભેદ થયા તો પણ મૂળભૂત સિદ્ધાંતોમાં, માન્યતાભેદ નથી. બધા જ સંપ્રદાયો, આત્માની સર્વતંત્ર સ્વતંત્રતા તથા આત્મા પરમાત્મા થઈ શકે છે, એ માન્યતામાં ઊંડો વિશ્વાસ ધરાવે છે. એટલું જ નહીં, પણ ષડ્દ્રવ્યો, નવ તત્ત્વો, આઠ કર્મો, ચૌદ ગુણસ્થાન આદિ જે તત્ત્વતઃ માન્યતાઓ છે તેમાં કોઈ પણ સંપ્રદાય ક્યાંય ભેદ ધરાવતો નથી. ફરક છે તે માત્ર ઉપરના આચાર-વિચારનો!

તો બંધુઓ! મારે અહીં કહેવું એ છે કે આપણે આપણી સાંપ્રદાયિક માન્યતાને ધર્મ ન સમજતાં, ધર્મ અને સંપ્રદાયનો વિવેક કરી લઈએ તો હું સાચો ને તું ખોટો એવું કહેવાનો પ્રસંગ જ ઊભો નહીં થાય. ''જેનું આત્મલક્ષ જાગ્રત થઈ ચૂક્યું છે તે સાચો અને સંસારલક્ષે પ્રવૃત્ત છે તે ખોટો'' બસ આટલો જ છે સાદો સીધો હિસાબ.

વળી આ ગાથાના અંતિમ પદને યથાર્થ નહીં સમજનારો તેનો ઊંધો અર્થ કરી ભ્રમ સેવતો હોય છે. શ્રીમદ્જીએ કહ્યું **'કરી મતાંતર ત્યાજ'** એથી તેઓ એમ નથી કહેતા, કે તારો સંપ્રદાય બદલાવી નાંખ. તું સ્થાનકવાસી સંપ્રદાયમાં જન્મ્યો તો તે ખોટો, અને દેરાવાસી સંપ્રદાયમાં જન્મ્યો તો તે ખોટો, એમ નથી. સંપ્રદાય બદલવાની વાત નથી. પણ તું જે સંપ્રદાયને સ્વીકારીને ચાલે છે, તેને માન્ય તત્ત્વો-સિદ્ધાંતો, આચાર-વિચાર, રહસ્યોને તું યથાર્થ રીતે ન સમજ્યો હોય અને તારી સ્વચ્છંદી માન્યતાઓએ ચાલ્યો આવતો હોય તો તેનો ત્યાગ કરી દે. તારી જુદી માન્યતાઓનો ત્યાગ કરી દે. સંપ્રદાય બદલવાની વાત નથી, પણ કેટલાક અજ્ઞાની જીવો એવું સમજી બેઠા છે કે આપણે જે સંપ્રદાયમાં જન્મ્યા તે બરાબર નથી, માટે સંપ્રદાય બદલી નાખો અને એ બદલી નાખે, પછી મૂર્ખાઓ કહે અમારો ધર્મ જુદો અને તમારો ધર્મ જુદો! અરે! મૂર્ખાઓ! ધર્મ જુદો હોય? અમે આત્મા અને તમે જડ છો? બન્ને આત્મા જ છે, તો આત્માનો ધર્મ જુદો કેમ હોઈ શકે? પણ ક્યાં સમજવું હોય છે સત્યને?

બંધુઓ! મને માફ કરજો પણ કઠોર શબ્દોમાં મારે કહેવું પડે છે કે તત્ત્વને નહીં સમજનાર, આત્માના ધર્મને નહીં ઓળખનાર, વગર સમજ્યે સંપ્રદાયને



બદલે છે. જાણે સંપ્રદાય બદલવાની પણ ફેશન થઈ પડી છે અને એવા અજ્ઞાનીને શું કહેવું? સંપ્રદાય બદલવાની આ ક્રિયા, મૃત માણસની નનામીને એક ખભેથી બીજે ખભે બદલાવ્યાથી વિશેષ કંઈ નથી. એક ખભાને થાક લાગ્યો અને નનામી બીજે ખભે લીધી તેથી મૃત માનવ સજીવન થતો નથી. તે શબનું શબ જ રહે છે. તેમ માત્ર સંપ્રદાય બદલનાર આત્મલક્ષ્ય ન પામી શકતો હોય, સૂતેલી શક્તિને ન જગાડી શકતો હોય તો એનો અર્થ શું છે?

ભાઈ! જિનેશ્વર પ્રભુએ તો તત્ત્વને સમજીને આચરવાનું કહ્યું છે. તારી જિજ્ઞાસા વૃત્તિ જો પ્રબળ હશે તો તું જ્યાં, જે સંપ્રદાયમાં છે ત્યાં રહીને પણ જાણી, સમજી, વિચારી, આચરી શકે છે. બસ, તારામાં પાત્રતા તૈયાર હશે તો બીજે ફાંફાં મારવા જવાની જરૂર નથી.

તારી બુદ્ધિ-કલ્પનાએ માનેલ તત્ત્વને ચકાસી લઈ, શાસ્ત્રોએ તથા સદ્ગુરુએ જે તત્ત્વો કહ્યાં છે, તેને નિત્ય વિચારવાં. હંમેશાં પર્યટણ કરવું. આપણે ત્યાં શાસ્ત્રની ગાથાઓની સ્વાધ્યાય કરવાની પરંપરા છે. માત્ર જૈન પરંપરામાં જ નહીં, ભારતની અન્ય પરંપરામાં પણ બાળક નાનો હોય ત્યારથી જ તેને શાસ્ત્રની ગાથાઓ કંઠસ્થ કરાવે, ભલે તે સમજતો ન હોય, સમજણ તો વયના વધવા સાથે વધશે, પણ ગાથા યાદ હોય અને તેનો નિત્ય સ્વાધ્યાય થાય તો પછી જ્યારે તેનું તત્ત્વ સમજવા માંડે, ત્યારે તેના પર ચિંતન થાય. એ ચિંતન આત્મા પર સંસ્કાર પાડે, જીવ પર જેમ બીજા અનેક સંસ્કારો પડ્યા છે તેમ આ સંસ્કારો પાડવા પણ જરૂરી છે.

તેના માટે પહેલાં અભ્યાસ અને પછી અધ્યાસ કરનારા રોજ હજાર, બે હજાર, પાંચ હજાર ગાથાનો સ્વાધ્યાય કરે, તેના પર ચિંતન કરે અને એ રીતે અધ્યાસ ઊભો થાય. જેમ દેહના અનાદિ સંબંધને કારણે તેનો અધ્યાસ પડી ગયો છે તેમ જો ધર્મશાસ્ત્રોનો સંબંધ રાખીએ તો તે અધ્યાસ પણ પડે. ઊંઘમાં પણ યાદ રહેતા દેહનો અધ્યાસ તો ત્યાજ્ય છે પણ તત્ત્વનો અધ્યાસ આદરણીય છે.

પોતાની ભ્રામક માન્યતાઓનો ત્યાગ કરી, સદ્ગુરુના બતાવેલ શાસ્ત્રોનું અવગાહન, જો નિરંતર કરતા રહીએ તો આત્મલક્ષ જાગૃત રહ્યા કરશે. આ પછી જીવને આગળ શું કર્તવ્ય છે તે અવસરે કહેવાશે.

ડ

# આત્મ-ચિંતન....

''હું........ આત્મા છું''' ........''હું........ આત્મા છું''

વેદકતા........ એ મારો સ્વભાવ........

વેદન કરવું........ સંવેદન કરવું........ અંદરનો અનુભવ કરવો........ એ મારો સ્વભાવ........ જેમ સુખ-દુ:ખનું........ વેદન કરું છું........ શરીરમાં થતી પીડાઓનું........ વેદન કરૂં છું. તેમ નિજ આત્માનું પણ........ વેદન થઈ શકે છે......... શરીરમાં ક્યાંય પણ પીડા થાય........ તેનું વેદન કરનારો........ આત્મા છે........ માનસિક સુખ-દુ:ખનું વેદન કરનાર પણ........ આત્મા છે........

આત્મા ચૈતન્ય છે........ ચૈતન્યમાં જ........ વેદકતાનો સ્વભાવ હોય........ શરીર જડ છે........ મન જડ છે........ જડમાં સંવેદનશક્તિ........ હોઈ શકે નહીં........ સંવેદન........ એ આત્માનો ગુણ........ જડનો ગુણ નથી........ પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોથી સુખનો અનુભવ...... એ પણ આત્મા કરે છે........ પ્રતિકૂળ વિષયોથી દુ:ખનો અનુભવ........ એ પણ આત્મા કરે છે........ ઈન્દ્રિયો જડ છે........ વિષયોને ગ્રહણ કરવા માટેનું માધ્યમ છે........ એ સુખ-દુ:ખનો અનુભવ........ કરી શકે નહીં........

અનુભવદશા........ વેદક સ્વભાવ........ એ મારો છે........ શરીરમાંથી આત્મા નીકળી જાય........ એટલે કે મૃત્યુ થઈ જાય........ પછી શરીર........ મન કે ઈન્દ્રિયો........ કાંઈ અનુભવી શકતાં નથી........ તે જડ છે. તેને અનુભવ હોય નહીં........ મારા વેદક સ્વભાવને........ શરીર........ ઈન્દ્રિયો........ અને મન પરથી હટાવી લઈ........ મારામાં જ સ્થિર કરું........ તો મારા ગુણોનું વેદન........ કરી શકું છું........

મારામાં રહેલ અનંત ગુણોનું........ પ્રગટીકરણ થાય........ તો એનો અનુભવ થઈ શકે........ એનું સંવેદન થઈ શકે........ જગતના



વિષયોનાં સંવેદનો........ ક્ષણિક સુખ આપી શકે........ પણ નિજ સ્વભાવનું સંવેદન........ ચિરકાળનું સુખ આપે છે........ શાશ્વત સુખને અર્પે છે........ મારે મારી વેદકતા........ નિજ ગુણોની સાથે જોડી........ એ ગુણોનું સંવેદન કરવું છે........

જગતથી પર થઈ જાઉં........ નિજ સ્વરૂપમાં લીન થઈ જાઉં........ આત્મામાં ઠરી જાઉં........ મારા ગુણો પ્રગટ થાય........ એને વેદું........ અનુભવ કરું........ નિજાનંદની પ્રાપ્તિ કરું........ એ પ્રાપ્તિ માટે સ્વમાં ઠરી જાઉં........ સ્વમાં સમાઈ જાઉં........ સ્વમાં........ સ્થિર થઈ જાઉં........ આત્મામાં રહેલા........ કેવળજ્ઞાનને વેદવું છે........ અનંત અવ્યાબાધ સુખને........ વેદવું છે........ અનંત વીર્યશક્તિને........ વેદવી છે........ તેના માટે નિજનું ચિંતન........ વધુ એકાગ્ર થઈ........ કેટલીક ક્ષણો માટે........ માત્ર આત્માનું ચિંતન કરીએ........

'હું આત્મા છું........'' ........ ''હું........ આત્મા........ છું''

ૐ........ ''શાંતિ'' ''શાંતિ'' ''શાંતિ''!

ડ

# રોકે જીવ સ્વચ્છંદ તો...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરવા ઈચ્છતા જીવમાં કઈ કઈ જાતની યોગ્યતા જોઈએ તે આત્મસિદ્ધિ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે. ગઈ કાલ સુધી આપણે જે વિવેચન કર્યું તેમાં એ જ કહ્યું કે પ્રથમ સદ્ગુરુના માહાત્મ્યને સમજી, એમના ચરણમાં સંપૂર્ણ સમર્પિત થઈ જા. તેમના પ્રત્યક્ષ યોગમાં સત્સંગ કરી સત્ત્વને ગ્રહણ કરી લે. સદ્ગુરુનો પ્રત્યક્ષ યોગ ન હોય ત્યારે આત્માદિ તત્ત્વો પર વધુ વિશ્વાસ જગાવે તેવા, આત્મચિંતનપ્રધાન તથા વૈરાગ્યપ્રેરક ઉપદેશપ્રધાન ગ્રન્થોનું અવગાહન કરી તેને વારંવાર વિચારી, પરિયટ્ટણા કરી, બુદ્ધિના ક્ષેત્રથી આગળ વધી આત્માના ઊંડાણ સુધી લઈ જાય કે જે સહજ આચરણમાં ઉતરે.

હવે મોક્ષ પામવાની નિશ્ચિતતા માટે જે કરવું જરૂરી છે તેની શરત મૂકે છે. આટલું થાય તો જ મોક્ષ મળે, અન્યથા નહીં. એ બતાવતાં કહે છે :

**રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ...૧૫...**

મોક્ષ જોઈતો હોય તો સ્વચ્છંદનો ત્યાગ કરવો પડશે. જીવને અનાદિકાળથી આ જ અભ્યાસ છે. એ પોતાને મતે જ, પોતાની બુદ્ધિએ જ ચાલવા ટેવાયેલો છે. અને પોતે કરે છે તે જ યોગ્ય છે એવું પણ માનતો આવ્યો છે, તેથી તેનો સ્વચ્છંદ ટળ્યો નથી.

સ્વચ્છંદ એટલે શું? સ્વ એટલે પોતે અને છંદ એટલે લત – વ્યસન. પોતાની લત-વ્યસન, પોતાનો મત, પોતાની ટેવ, અર્થાત્ અંતરમાં રહેલું નિરર્થક માન, અહમ્. ટૂંકમાં દરેક ક્ષેત્રમાં પોતાની



માન્યતા મુજબ ચાલવું તે સ્વચ્છંદ.

અહીં કોઈ એમ કહે કે દરેક વ્યક્તિ પોતાની બુદ્ધિ પ્રમાણે જ જીવી શકે ને? જેની બુદ્ધિનો વિકાસ જેટલો થયો હોય તે પ્રમાણે જ એ વિચારી શકે. ભણેલો હોય કે અભણ, પણ સહુનું બુદ્ધિનું ક્ષેત્ર પોતા સુધી જ સીમિત હોય. હા, એ તો ઠીક છે, પણ માણસ જ્યાં એમ કહેતો હોય કે મારી બુદ્ધિમાં ઊતરે એટલી જ વાત હું સ્વીકારૂં. પછી એ વાત કોઈની પણ કહેલી કેમ ન હોય? એક સાધારણ માણસની વાત હોય પણ મારી બુદ્ધિને સમજાય તો માનું, કે કોઈ જ્ઞાની પુરુષની કહેલી વાત હોય. પણ એ તત્ત્વ મને ગળે ઉતરે તો જ હું સ્વીકારું!

પણ તેને પૂછીએ કે તારી બુદ્ધિની કેપેસીટી કેટલી? તેનું માપ તેં કાઢ્યું છે? મોટા ભાગના માણસો એમ કહેતા હોય છે કે હું જે કંઈ કરૂં તે બહુ જ સમજી – વિચારીને કરું, પછી તે પોતાના પરિવારની વાત હોય કે સમાજની, પણ પ્રત્યેક વ્યક્તિ આમ કહેતી હોય છે. જો બધા જ સમજુ છે, વિચારક છે, તો આટલી અંધાધૂંધી કેમ પ્રવર્તી રહી છે? ક્યાંક તો કોઈની ભૂલ હશે ને? પણ અહમ્ ક્યાં એ ભૂલ કબૂલ કરવા દે તેમ છે?

જેમ વ્યાવહારિક ક્ષેત્રમાં આમ ચાલતું હોય છે, એમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ સ્વચ્છંદી જીવ આવું માનતો હોય છે. જિનેશ્વરે કહ્યું કે જડ અને ચેતન બન્ને દ્રવ્યો સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહીં. છતાં જીવ એમ માને કે હું તો ઘણાં માટે ઘણું કરું છું, કરી શકું છું એટલું જ નહીં, હું બધું જ જાણું છું. મને શું ન આવડે? હું તો all rounder! આવું મિથ્યાભિમાન જ આધ્યાત્મિક માર્ગે જીવનો સ્વચ્છંદ છે. તેનો સ્વચ્છંદ તેને સત્ય તત્ત્વને ઓળખવા દે નહીં. જ્યાં હું, હું ને હું જ હોય ત્યાં જ્ઞાનીના કથન પર પણ વિશ્વાસ ક્યાંથી આવે?

ખરેખર જો તત્ત્વને સમજવું હોય તો એક વૈજ્ઞાનિક દૃષ્ટિ જીવે કેળવવી જોઈશે. વર્ષોથી વિજ્ઞાનની પ્રયોગશાળામાં શોધો ચાલી રહી છે. નવા નવા આવિષ્કારો થતા રહે છે. જ્યારે કોઈ પણ નવો વૈજ્ઞાનિક તેના fieldમાં કામ કરવા પ્રવેશે, ત્યારે પ્રથમ તો એ એની પહેલાં થઈ

ગયેલા વૈજ્ઞાનિકોની શોધના સર્વ સિદ્ધાંતોને બરાબર સમજી લે. તેમાં ઊંડો ઉતરીને અભ્યાસ કરી લે, એ સિદ્ધાંતો સાચા છે એવી શ્રદ્ધા સાથે એ આગળ વધે અને પછી પોતાની શક્તિથી નવી શોધ કરે તેમ પણ બની શકે, પણ એ કદી એમ ન વિચારે કે શું મારી બુદ્ધિ ઓછી છે? મારે શું કામ કોઈના સિદ્ધાંતોનો આધાર લેવો? એની પહેલાં? એની પહેલાં થઈ ગયેલાઓના અનુભવોને ગ્રહણ કરી એ પોતાના ક્ષેત્રમાં કામ કરે છે.

એ જ રીતે આત્મવિજ્ઞાન પામવા માટે આપણે ત્યાં માત્ર જ્ઞાન નહીં, વિજ્ઞાન શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એ પ્રયોગ એટલા માટે છે કે તું તારા પોતામાં ઊંડામાં ઊંડો ઉતરીને સંશોધન કરજે. તું કોણ છે? કેવો છે? એમાંથી જ તને સત્ય તત્ત્વ લાધશે. પણ આ કાર્ય કરવા પહેલાં, આપણા અનુભવી મહાપુરુષો પોતાના અનુભવોનો સાર જે આપણી સમક્ષ મૂકી ગયા છે, તેને શ્રદ્ધા સહિત સ્વીકારવા પડશે. સર્વજ્ઞની વાણીમાં આપણી શ્રદ્ધા બેસતી નથી, તેઓનાં કહેલાં બધાં જ તત્ત્વો ગળે ઊતરતાં નથી, કારણ આપણે માત્ર બુદ્ધિથી માપવા ટેવાયેલા છીએ. પણ એમ નહીં, વ્યાવહારિક ક્ષેત્રે કેટલીક વાતો જેમ શ્રદ્ધાથી સ્વીકારી લીધી છે તેમ અહીં પણ મૂળભૂત તત્ત્વોનો શ્રદ્ધાથી સ્વીકાર કરવો જ પડશે.

ઝેર ખાઈએ તો મરી જવાય. આ વાતને કોઈએ ઝેર ખાઈને પછી સ્વીકારી નથી. પણ બીજાના અનુભવ પરથી માની લીધું છે. ત્યાં તો કહીએ છીએ કે ''ઝેરના પારખાં ન હોય!'' તો જો વીતરાગનાં વચનોમાં આપણી શ્રદ્ધા જાગે તો જ દર્શનમોહ તૂટે, મિથ્યાભિમાન ભાગે. એ શ્રદ્ધા તો આત્માની બહુ મોટી મૂડી છે. પણ આજનો યુગ કેટલો ભયંકર છે? જે માણસને ધર્મ પ્રત્યે, સર્વજ્ઞ પ્રત્યે શ્રદ્ધા નથી હોતી તે જોરશોરથી કહેતો હોય કે હું ધર્મમાં નથી માનતો. એમાં એ પોતાનું ગૌરવ માનતો હોય છે. જુઓ તો ખરા! આજના યુગની Mentality! મોટામાં મોટી વિડંબના તો એ છે કે જ્યાં શરમ હોવી જોઈએ ત્યાં ગૌરવ સમજે છે. આખો પ્રવાહ જ ઊંધો ચાલ્યો છે. આ જ જીવનો મોટામાં મોટો સ્વચ્છંદ છે. અને જ્યાં **સ્વચ્છંદ છે ત્યાં અહંકાર તો છે જ**. સમજી લેજો એ વાતને કે સ્વચ્છંદી હંમેશાં અહંકારી જ હોય.



અભિમાની વ્યક્તિ કોઈની કહેલી વાતને સ્વીકારી શકે નહીં. આધ્યાત્મિક તત્ત્વો સિવાયની પણ વાત કરીએ તો આખું વિશ્વ અનેક જાતની વિવિધતાથી ભરેલું છે. તે બધાને આપણે પૂર્ણપણે માપી શક્યા નથી. આ પદાર્થો તો ઈન્દ્રિયગમ્ય હોય છે, છતાં બધાને જાણી શકો છો? ગમે તેટલાં મેગેઝીનો વાંચો, વિશ્વને જાણવા ગમે તેટલાં સાધનો તમારી પાસે હોય, રેડિયો હોય, કે ટી.વી. દ્વારા ઘણુંયે સાંભળતા અને જોતા હો, છતાં બધાં તત્ત્વોને જાણી શકતા નથી; કારણ કે આપણી બુદ્ધિ ગમે તેટલી તીવ્ર હોવા પછી પણ જેટલી એની શક્તિ છે તેના દસ ટકાનો જ ઉપયોગ આ મગજ કરી શકે છે. બાકીની ૯૦ ટકા તો અકબંધ (સુષુપ્ત) પડી છે. તો એટલી થોડી શક્તિથી આ વિશાળ વિશ્વને કેમ પામી શકીએ?

એ જ રીતે અધ્યાત્મક્ષેત્રમાં તત્ત્વો તો આ વિશ્વથી પણ વિશાળ છે. તો આરાધના-માર્ગને બુદ્ધિથી કેમ માપી શકાય? માટે જ્ઞાનીઓના વચનમાં શ્રદ્ધા રાખી નિરંતર સમજવાનો પ્રયાસ કર, સંશોધન કર. પણ તું નથી સમજતો એ માટે, આ તત્ત્વો ખોટાં છે એવી અશ્રદ્ધા ન રાખ. જીવે પોતાના દિમાગને હંમેશાં ખુલ્લું જ રાખવું પડશે. આપણી ઉદારતા અને વિશાળતા વધતી જવી જોઈએ. શ્રદ્ધાનાં દ્વાર બંધ કરી દીધાં અને ઉપર જો કદાગ્રહનું તાળું લગાવી દીધું તો તત્ત્વો જાણી શકાશે નહીં, સ્વચ્છંદ ટળશે નહીં, મિથ્યાગ્રહ દૂર થશે નહીં.

જીવનો સ્વચ્છંદ નથી ટળતો તેનાં ત્રણ કારણો અહીં બતાવ્યાં. એક તો 'હું ઘણું જાણું છું, સમજું છું' એવું માન, આવો માનભાવ જેનામાં પડ્યો છે તેને કોઈ પણ કંઈ સમજાવવાનો પ્રયાસ કરે તો તે કહેશે 'મને તમે શું સમજાવશો? મને તો બધી ખબર છે, મને બધું જ આવડે છે.' અને આવું માનનાર જેવો મોટો અજ્ઞાની બીજો કોઈ નહીં.

બીજું, સંસારના ભૌતિક પદાર્થમાં ધન – આદિમાં જેટલો રાગ છે એટલો રાગ સત્પુરુષ પ્રત્યે નથી. તપાસી લો અંતરને! ક્યાં કેટલો રાગ જોડાયેલો છે? સ્ત્રી-પુત્ર-પરિવાર તથા ધન-માલ પ્રત્યે જેટલો રાગ છે એના કેટલામે ભાગે ગુરુ પ્રત્યે, સંતો પ્રત્યે પ્રીતિ છે. બંધુઓ! જ્યાં સુધી ખરેખર સંતો પ્રત્યે અંતરનો પ્રેમ ન જન્મે ત્યાં સુધી સંસાર ન ટળે.

અહીં આપણે ભરત ચક્રવર્તીને યાદ કરીએ. એમના જીવનમાં ઘટિત થયેલી અનેક ઘટનાઓ, એમની અંતર્દશાને પ્રગટ કરે છે. ચક્રવર્તીત્વ જેવી રિદ્ધિ-સિદ્ધિના સ્વામી હોવા છતાં પણ તેનાથી કેટલા અલિપ્ત હતા. તે તેમના જીવનમાં પ્રસંગે પ્રસંગે ઝળકે છે. સંસારરાગ નહિવત્ જ હતો. સંસારમાં રહેવા છતાં તેમાં લેપાયેલા નો'તા.

ભગવાન ઋષભદેવ એટલે કે ચક્રવર્તીના પિતા, શ્રમણ થઈ વન નગરમાં ઘૂમી રહ્યા છે. કૈવલ્ય-લક્ષ્મીને પામવાનો પરમ પુરુષાર્થ સેવી રહ્યા છે. વર્ષ પૂર્ણ થયું અને એકદા ભરત ચક્રવર્તી રાજમહેલમાં બિરાજી રહ્યા છે. ત્યાં મહામાત્ય પધાર્યા અને શુભ સંદેશ આપ્યો : 'રાજન્! આયુધશાળામાં ચક્રરત્નની ઉત્પત્તિ થઈ છે.' સાંભળી રાજાના દિલમાં ખુશી છવાઈ જાય છે. પોતે ભવિષ્યના ચક્રવર્તી છે, દેવનિર્મિત શસ્ત્રો તેને વિજયમાળ આરોપે છે. કહેવાય છે કે દેવો ચક્રવર્તીને અનેક પ્રકારે સહાય કરે તેમાં, ચક્રરત્ન નામનું અતિ બલશાલી શસ્ત્ર દેવો આપે. એ જેની પાસે હોય તે કદી પરાજિત થાય નહીં.

ભરતને સમાચાર મળ્યા. નિયમ છે કે દેવો એ શસ્ત્ર આપે એટલે તરત તેની મહાપૂજા થવી જોઈએ.

ભરત એ વિષે હજુ વિચારે તે પહેલાં જ અંત:પુરમાંથી આવેલ પ્રતિહારીએ ખુશી વ્યક્ત કરી : 'રાજન્! આપને ત્યાં પુત્રજન્મ થયો છે.' અને કુલદીપકના આગમને ભરત આનંદિત થયા, રાજાને ત્યાં પુત્ર-જન્મ એટલે મહોત્સવનો પ્રસંગ. સંસારભાવમાં પુત્ર-જન્મ જેવી ખુશાલી બીજી કોઈ નહીં. સામાન્ય ગૃહસ્થીને ત્યાં પણ પુત્રનો જન્મ આનંદ ઉત્સવ બની જાય તો રાજાએ તો વિધિવત્ મહોત્સવ મનાવવો જોઈએ. આ માટે પ્રતિહારીને કંઈ કહે ત્યાં તો –

નગરજને આવી કહ્યું : 'રાજન્! મંગલ વધામણાં! પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવને કેવળજ્ઞાન પ્રગટ થયું!'' અને ભરત બેઠા હતા ત્યાંથી હર્ષાવેશમાં ઊભા થઈ ગયા, પ્રસન્નતાથી ઝૂમી ઊઠ્યા, અહો! ભરતક્ષેત્રમાં તીર્થંકર દેવની કેવળપ્રભા પ્રકાશિત થઈ ઊઠી! અને જવા પગ ઉપાડ્યો, ત્યાં તો મહામાત્ય કહે છે : 'રાજન્! પહેલાં ચક્રરત્નની પૂજા કરો. એ સહુથી મહત્ત્વપૂર્ણ કાર્ય છે. પૂજા વિના એ ચક્ર રહી શકે નહીં. બધાં જ કાર્યો પહેલાં પછી પૂજા.''



ભરત વિચારે છે ક્યાં જાઉં? શું કરું? પહેલાં પૂજા, પુત્ર-જન્મ મહોત્સવ કે પ્રભુનો કેવળ-મહોત્સવ? ભરતે થોડી ક્ષણો વિચાર્યું કે મારે શું કરવું? મહામાત્ય કહી રહ્યા છે : 'રાજન્! તમારે સૌથી પહેલાં ચક્રરત્નની પૂજા કરવી જોઈએ. અને પછી પુત્રજન્મ થયો છે તેના મહોત્સવની ઘોષણા રાજ્યમાં કરી, તેની તૈયારી થવી જોઈએ, પરંતુ ભરતે વિચાર્યું કે આ બધાં ભૌતિક કાર્યો છે અને એ જીવે અનેક વાર કરી લીધાં, અને હજીએ થશે પણ પ્રભુના કેવળજ્ઞાન-મહોત્સવનો આ મોકો ક્યારે મળે? મારા પ્રભુ સર્વથા આત્મવિશુદ્ધિ કરીને કેવળજ્ઞાનથી આલોકિત થઈ ગયા છે, એમના ચરણની પૂજા પહેલાં થવી જોઈએ, અને બધું જ છોડીને કોઈના રોક્યા ન રોકાયા, એઓ ત્યાં પહોંચી ગયા. ભગવાન ઋષભદેવના ચરણોમાં મસ્તક નમાવ્યું, કેવળ મહોત્સવમાં ભાગ લીધો. બંધુઓ! કહો, ક્યાં જવું જોઈએ? અહીં ધર્મસભામાં બેઠા છો એટલે કહેશો કે પ્રભુના કેવળ-મહોત્સવમાં જવું જોઈએ પણ તમારું મન શું કહેશે? પહેલાં તો ચક્રરત્નની પૂજા થવી જોઈએ કે જે ચક્રવર્તી જેવું પદ અપાવશે. અરે પ્રભુને કેવળજ્ઞાન થયું તે હવે થોડું ચાલ્યું જવાનું છે? અને સાથે કેવળ મહોત્સવ મનાવવા તો આખું નગર જશે. અરે! દેવો અને ઈન્દ્રો પણ આવશે. એક ભરત ન જાય તો શું બગડી જવાનું હતું.?

તમારા જીવનમાં જ્યારે આવો કોઈ પ્રસંગ આવે ત્યારે પણ એમ જ વિચારો છો ને! તેમાંય ખાસ ધર્મ-ક્ષેત્રમાં જો કોઈ પ્રસંગ હોય તો તો એમ જ કહો. શું હું જ કરું બધું? બીજા નથી કોઈ? એક હું નહીં કરું તો શું બગડી જવાનું છે?

બંધુઓ! પેલી અકબર-બિરબલવાળી વાત જાણો છો ને તમે? હોજ દૂધથી ભરવાનો હતો એના બદલે પાણીથી ભરી દીધો. સહુએ એ જ વિચાર કર્યો ને કે નગરનાં સર્વ પ્રજાજનો તો દૂધનો લોટો નાખશે તેમાં મારો એક પાણીનો લોટો હશે તો શું વાંધો આવશે? અને તેમાંય રાત્રિના અંધારાનો લાભ મળી ગયો અને હોજમાં એક ટીપું પણ દૂધ ન નંખાયું!

વિચારો! આ પ્રસંગને તો સેંકડો વર્ષ વીતી ગયાં. પણ માનવની મનોવૃત્તિ તો આ જ રહી છે. બદલાયા છો તમે? હા, તમે કહો છો

અમે તો Modern જ નહીં Ultra Modern થઈ ગયા. બહારનાં રહન-સહન, વેશ-ભૂષા બદલ્યાં, પણ આંતરવૃત્તિઓ તો એની એ જ રહી. અરે! વધુ સંકુચિત થઈ ગયા.

ક્યાં સુધી વાત કરવી? તમારે ધર્મકાર્યો કરવાં નથી. કોઈને કરવા દેવાં નથી. કોઈ વ્યક્તિને ધર્મની શ્રદ્ધા થઈ હોય, ભાવ-ભક્તિ જાગ્યાં હોય, સાધુ-સંત ગામમાં પધાર્યા હોય અને તેમના સત્સંગમાં વધુ રહે તો તરત તમારી આંખમાં આવી જાય. બોલવા માંડો, ઓહો! બહુ ધર્મ કરવા માંડ્યા છો? શું કરો છો સંતો પાસે જઈને? તમે તો આખો દિવસ ઉપાશ્રયમાં જ રહો છો. કેવી છે આ વૃત્તિ? કેવી આ દૃષ્ટિ? ક્યાં લઈ જશે એ? આ બધી સાંસારિક વૃત્તિઓ જ છે, જે સ્વચ્છંદને છૂટવા નથી દેતી.

બંધુઓ! ભરતને ભૌતિકતા પર પ્રેમ ન હતો પણ પ્રભુ પ્રત્યે પ્રેમ હતો. તો જેને સંસાર પર વધુ રાગ છે તેનો સ્વચ્છંદ નથી ટળતો. આપણી દશા એ જ છે ને?

હું તમને પૂછું છું કે ભરતને સંસાર પ્રત્યેની કોઈ જવાબદારી હતી કે નહીં? છતાં પ્રભુપ્રીતિને પહેલું સ્થાન મળ્યું. તમને જ્યારે કંઈ પણ કહીએ છીએ ત્યારે કહો છો – મહાસતીજી! તમને શું ખબર હોય? અમારી જવાબદારી કેટલી છે? એ પણ અમારે નિભાવવી પડે ને? અમારી જવાબદારીઓ કેવી હોય તેની તમને ખબર ન પડે.

કેમ? અમને ખબર કેમ ન પડે? શું અમે ઉપરથી ઊતરીને આવ્યાં છીએ? તમારી વચ્ચેથી જ અહીં આવ્યાં છીએ. બધું જ જોઈને આવ્યાં છીએ, અમને ખબર છે કે સંસારની જવાબદારી શું હોય? તમારાં Limitations કેટલાં છે? બધી જ ખબર છે પણ જ્યારે તમારે ન કરવું હોય ત્યારે કહો છો કે અમારી જવાબદારી કેટલી છે? અમારે એક-એક મિનિટની ગણતરી હોય છે.

ઊભા રહો! હું નથી માનતી કે તમારે એક-એક મિનિટની ગણતરી હોય! તમે એક-એક મિનિટ સમજી-વિચારીને ખર્ચો છો એ નથી માનતી. હલકા મનોરંજન માટે ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક, અરે! આખી ને આખી રાતો ચાલી જાય છે! ચાર-છ જણા ભેગા મળીને ગપ્પાં મારો છો ને કેટલો સમય વીતી જાય છે? પાનાં લઈને રમવા



બેસો છો ને કેટલા કલાક ચાલ્યા જાય છે? ક્યાં છે ગણતરી? ખોટા છો તમે! હા, અહીં ઉપાશ્રયમાં કે ધર્મના કાર્યમાં સમય કાઢવો પડે ત્યાં જ તમને ગણતરી છે. બંધુઓ! ખરાબ ન લગાડશો. પણ તમારા અંતરમાં ઊંડા ઊતરીને તપાસો કે ક્યાં છે તમારો રાગ? ભૌતિક ક્ષેત્રે કે સત્પુરુષ પ્રતિ? જેવો ને જેટલો રસ સંસારમાં છે એવો જો સદ્‌ગુરુમાં હોય, તેમના ચીંધેલા માર્ગે હોય તો જરૂર સ્વચ્છંદ ટળે.

અને ત્રીજું કારણ છે જૂઠી લોકલાજ! જૂઠી અપકીર્તિનો ભય! વધારે ધર્મ કરીશ, વધુ સંતસમાગમ કરીશ અને કોઈ કંઈ કહેશે તો? એનો ભય છે તમને! શું કહું? ધન્યવાદ આપું? ધન્ય છે તમને! ધર્મ કરવા સમયે આમ વિચારો છો પણ ક્યારેય એ વિચાર્યું છે કે દારૂના બારમાં જાઉં છું ને કોઈ કંઈ કહેશે તો? ત્યારે લોકલાજનો ભય છે? અરે! એથી પણ આગળ વધીને કહું તો? બંધુઓ! મારી વાતો થોડી કઠોર છે, પણ સત્ય છે! ખરાબ ન લગાડશો.

પણ જ્યારથી મેં સાંભળ્યું છે, મારા મગજમાંથી એ વાત ખસતી નથી. મહાવીરના અનુયાયી, અહિંસાના નારા લગાવનાર, તમારી જાતને શુદ્ધ શાકાહારીમાં ગણાવતા, કેવા છો તમે? શુદ્ધ શાકાહારી છો? પછી જે હોટલમાં માંસાહાર–NONVEG બને છે, ત્યાં ખાવા માટે જાવ છો? અને ઉપરથી બડાઈ કરો છો કે ત્યાં તો Veg અને Non-Veg અલગ અલગ રંધાય છે! જોઈ આવ્યા છો તેનાં રસોડાં? તેનાં વાસણો? તમારી જીભની રસવૃત્તિ તમને ક્યાં લઈ જાય છે? અરે! હું જાણું છું કે માત્ર રસવૃત્તિને કારણે જ નથી જતા પણ એવી હોટલમાં જવું તે પ્રતિષ્ઠાનું સાધન માનો છો. તમારી પ્રતિષ્ઠા વધે છે. કેટલી હીન ભાવના કામ કરી રહી છે! વિચારો તો ખરા! નૈતિકતાનું ધોરણ કેટલું નીચું ઉતરી ગયું છે! આજે હું આ કરું છું, કાલે મારાં સંતાનો શું કરશે? આજે મોટાં શહેરોમાં તો શ્રીમંત ઘરના નબીરાઓ Non-Veg ખાતા અને તેમાં ગૌરવ અનુભવતા થઈ ગયા છે. ક્યાં જઈને અટકશે આ બધું?

બંધુઓ! માત્ર ધર્મની દૃષ્ટિથી જ આ વાત નથી, પણ તમારી વ્યવહારિકતાની દૃષ્ટિથી પણ વિચારો કે આજે તમે ક્યાં છો? તમે જ્યાં છો ત્યાંથી તમારા સંતાન વધુ નીચે ઊતરવાનાં, એ સમજી લેજો. પછી

રોવું જ પડશે. રોવા સિવાય બીજું કાંઈ નહિ રહે, અને ત્યારે પેટ ભરીને પસ્તાશો પણ બહુ મોડું થઈ ગયું હશે, પાછા નહીં વળી શકો કે નહીં તમારા સંતાનોને વાળી શકશો. પણ સમાજે આવા ખોટા માર્ગોને પ્રતિષ્ઠાનું સાધન બનાવી દીધું અને તમે અપનાવી લીધું, પછી ધર્મ ક્યાં ઊગશે? ધર્મ અંતરને કેવી રીતે સ્પર્શશે? અને અહીં સ્પર્શે તો એ જ ચોર્યાશીનું ચક્કર ઊભું જ છે!

આવી જ કંગાળ વૃત્તિ અને ધર્મની મહત્તા વિષેનું અજ્ઞાન, માણસને ધર્મ તરફ વળવા દે નહીં, અને વિચારે કે ધર્મ કરતાં મારી અપકીર્તિ થશે તો? લોકો શું કહેશે મને?

અને ખરેખર જેને ધર્મ કરવો નથી તે, કરતા તો નથી પણ ધર્મ કરનારની નિંદા કરે છે. પરિણામે નિંદાથી ડરીને ધર્મ કરનારા ધર્મથી અને સંતોથી દૂર ભાગે છે. આમ આ ત્રણ કારણે જીવ સ્વચ્છંદ છોડી શકતો નથી, પણ સ્વચ્છંદ છોડ્યા સિવાય જીવનો ઉદ્ધાર નથી.

શ્રીમદ્જી કહે છે –

**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.**

રાગ-દ્વેષ ત્યજી વીતરાગ થયા છે એવા શ્રી જિનેશ્વર ભગવાન કહી ગયા છે કે ભૂતકાળમાં જે-જે જીવો એટલે કે અનંત જીવો મોક્ષને પામી ગયા, તે સહુએ સ્વચ્છંદ છોડ્યો અને સત્પુરુષ પ્રતિ પ્રેમ જાગ્રત કર્યો સત્પુરુષે બતાવેલ રાહે ચાલ્યા, લોક-લાજનો ભય છોડી, અપકીર્તિની પરવાહ ન કરતાં, અહંકાર અને મમકારનો ત્યાગ કરી, સન્માર્ગે પ્રવૃત્ત થયા ત્યારે જ મોક્ષ પામ્યા, અને ભવિષ્યમાં પણ આ રીતે જ જીવો મોક્ષ પામશે.

બંધુઓ! અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રની વાતો ચાલે છે. શ્રીમદ્જી શરત મૂકે છે કે મોક્ષ પામવા માટે સ્વચ્છંદ છોડવો જ પડશે. જો આટલું માન્ય હોય તો જ મોક્ષ મેળવવાની વાત કરજે, નહીં તો નહીં.

તો હવે અનાદિના સ્વચ્છંદને રોકવા માટે જીવે કેવો પુરુષાર્થ કરવો જરૂરી છે તે વાત શ્રીમદ્જી આગળની ગાથામાં બતાવશે.

ડ

# પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરવા માટે જીવે સદ્ગુરુનું શરણ લેવું આવશ્યક છે. સદ્ગુરુના શરણ વગર માર્ગ મળતો નથી. અત્યાર સુધી સદ્ગુરુનું શરણ મળ્યું નથી તેથી જ સ્વચ્છંદે વર્તતા આવ્યા છીએ, અને આપણી મતિ-કલ્પનાએ જ તત્ત્વોનો નિર્ણય કર્યો છે. ધર્મ, ધર્મનાં સાધનો, ધર્મની આરાધના અને ધર્મનું ફળ, આ બધી જ બાબતોને આપણી બુદ્ધિએ જેવી રીતે સ્વીકારી છે તેમ જ આપણે માનતા આવ્યા છીએ.

એટલે જ જેમણે સતનો સાક્ષાત્કાર કર્યો છે એવા સત્પુરુષના શરણે જવાનું છે. શ્રીમદ્જી કહે છે :–

**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;**
**અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય...૧૬...**

સ્વચ્છંદ ટાળવાની ઈચ્છા ક્યારે થાય? ...જ્યારે પોતે સમજે કે હું મારી બુદ્ધિથી વર્તી રહ્યો છું તે અયોગ્ય છે. આજ સુધી મારું દુ:ખ દૂર નથી થયું તેનું કારણ પણ મારો સ્વચ્છંદ જ છે. 'હવે મારે દુ:ખથી મુક્ત થવું છે.' એવો નિશ્ચય જેના અંતરમાં થયો છે, તેને જ સ્વચ્છંદ કાંટાની જેમ ખૂંચે છે અને તેના મુખેથી ઉદ્ગાર સરી પડે છે.

**આજ સુધી હું રહ્યો ગર્વમાં ને, માગી મદદ ન લગાર,**
**આપ બળે માર્ગ જોઈને ચાલવા, હામ ભરી મૂઢ બાળ,**
**હવે માંગું તુજ આધાર...પ્રેમળ જ્યોતિ....**

પણ આવું લક્ષ્ય જાગે તો ને? બહુધા જીવ પોતે જે કરે છે તે જ ઠીક છે એમ જ માનતો હોય, એટલે સદ્ગુરુના યોગે સત્સંગ કરતો હોય તો પણ પોતાનો કદાગ્રહ ન છોડે. ઉપદેશ સાંભળે તો પણ પોતાને રુચે એવું કહે તે

ગ્રહણ કરી લે અને સત્ય હોવા છતાં પણ અરુચિકર હોય તો ગ્રહણ ન કરે. અર્થાત્ પોતાની માન્યતા સાથે લઈને જ સાંભળવા બેઠો હોય તેથી ગુરુદેવના યોગે પણ કાંઈ પામી શકે નહિ.

મોઢામાં મીઠાનો કણ લઈને મીઠાઈના રસ માણવા જતી કીડી જેવી આ વાત છે. મીઠાઈનો રસ લેવો હોય તો મીઠું મોઢામાંથી કાઢી નાંખવું પડે. બંધુઓ! વ્યવહારમાં આ વાત આપણને ખબર છે, શીખવવી પડતી નથી. માનો કે એક કાચની બોટલમાં કોઈ એવો પદાર્થ ભર્યો છે જે ખાવા લાયક નથી, અને તેમાં ખાવા યોગ્ય પદાર્થ ભરવો છે તો શું કરશો? પહેલાં તો ખાલી કરશો અને પછી એવી રીતે બરાબર સાફ કરશો કે પેલા પદાર્થની ગંધ પણ તેમાં ન રહે. ત્યાર પછી જ તેમાં બીજું ભરો. એક સીધી-સાદી વાત કરું. શિયાળાના દિવસો છે. સવારે નાસ્તો કરવા બેઠા. પહેલાં ખાધો અડદિયો અને પછી ચા પીવી છે. તો તરત ચા નહીં પીઓ. પણ વચમાં કંઈક ખારી ચીજ ખાઈ લેશો. કેમ? જો સીધી ચા પીઓ તો તેનો Taste ન આવે. ચા મોળી લાગે. પણ Taste લેવો છે તો પહેલાં Taste ને Change કરો છો. તો જ ચા પીવાની મજા આવે.

બંધુઓ! આ વાતો શીખવવી પડતી નથી. પણ સત્સંગ કરવા આવો ત્યારે સંસારના, કદાગ્રહના, મિથ્યા માન્યતાના Taste મનમાંથી કાઢીને આવશો તો જ સંતના ઉપદેશનો રસ લાગશે અને તે ગ્રહણ કરવા જેવો છે તેમ લાગશે. જીવનો અંદરમાં પડેલો અહમ્ જ સદ્ગુરુના ઉપદેશને આત્મસાત્ થવા ન દે. માટે અહમ્ છોડીને સદ્ગુરુનું શરણ સ્વીકારવું પડશે.

બંધુઓ! સદ્ગુરુનો યોગ તો સફળ ત્યારે જ કહેવાય કે એમના સંગે, સંસારની રુચિ ઓછી થાય અને આત્મલક્ષ વધે. ઉપદેશ સાંભળો ત્યારે એમ થાય કે મારે માત્ર સાંભળવા ખાતર જ નથી સાંભળવું પણ તેમાંથી કંઈક પામી જવું છે, કંઈક મેળવી લેવું છે. એવી તીવ્ર પિપાસા જાગે. અરે! ગૃહસ્થાશ્રમને ચલાવવા ધંધો કરતા હો, વ્યવહારો સાચવતા હો, પણ અંતરથી એવી ભાવના રહે કે પ્રભુ! ક્યારે યોગ મળે ને ક્યારે આ બધું છોડું? સંસાર-વ્યવહાર જાળરૂપ ભાસે, તો જ સત્સંગ સાર્થક થાય.

પણ સાચું કહો, ભાઈઓ! વ્યાપાર છોડવાનું મન થાય છે? ઓછો કરવાનું મન થાય છે કે તેને વિકસાવવાનું મન થાય છે? શેનો શોખ છે? ચાન્સ મળે તો ચૂકો નહીં ને? ખૂબ વધારો – ખૂબ વધારો અને પછી કહો



'પહોંચી શકાતું નથી. પણ ભલા ભાઈ! તું ક્યાંથી પહોંચે? તું એકલો અને વધાર્યું છે પાંચ જણા કામ કરી શકે એટલું! પણ આ તૃષ્ણા છે, અતૃપ્ત લાલસા છે.

મને યાદ છે મુંબઈવાળા એક ભાઈ. અમે મહારાષ્ટ્રના એક ગામમાં હતાં અને દર્શને આવ્યા. તેઓ પતિ-પત્ની બે જ પ્રાણી પણ ધંધો ખૂબ વધાર્યો હતો. જુદા જુદા શહેરોમાં તેમની ઓફિસો. પળનો પણ સમય ન હોય. તેમને મેં પૂછ્યું :

''શા માટે તમે આટલું બધું કામ વધાર્યું છે? તમે બે જણાં સુખેથી રહી શકો એટલું તમારી પાસે નથી?''

રમૂજ સાથે તેમણે કહ્યું :

''મહાસતીજી! એક નહીં ત્રણ ભવ ચાલે એટલું છે.''

''તો શા માટે વધારો છો?''

''બસ, મને શોખ છે.''

''જુઓ! જીવને કેવા શોખ હોય છે? શોખને Divert કરી નાંખો. જે શોખ પાપો કરાવે, તૃષ્ણા વધારે, અનર્થદંડનું સેવન કરાવે, તેને છોડી તમારી શોખવૃત્તિને આત્મા તરફ વાળી દો. સત્સંગનો શોખ, વાંચનનો શોખ, વ્રત-પ્રત્યાખ્યાન-નિયમોનો શોખ કેળવી લો. બંધુઓ! પેલા ભાઈનો તો શુભોદય હતો કે તેમણે શોખનું ક્ષેત્ર બદલી નાખ્યું. અત્યારે ધંધો બહુ જ ઓછો કરે છે, અને વધુ સમય આત્મલક્ષે આપે છે.

સંસારના વ્યવહારોમાં રાચે નહીં, પણ એ કરતાં ખેદ વર્તે કે કરવું પડે છે એટલે કરું છું, પણ મારે આ કરવું નથી. સદ્ગુરુના શરણે જઈ તેમની આજ્ઞા એ જ મારું જીવન, એ જ મારો ધર્મ. આવી ભાવના નિશદિન જેને વર્તે તેને સદ્ગુરુનો યોગ થયો કહેવાય. તો જ સ્વચ્છંદ ટળે જ્યારે એ સદ્ગુરુને સર્વસ્વ માની શકે. જ્ઞાનીએ કહ્યું છે :

**ભવ એક જો રાજી કરે, સત્પુરુષને સહવાસથી,**
**એની બધી ઈચ્છા પ્રશંસે, રોમ-રોમ ઉલ્લાસથી;**
**પંદર ભવો માંહે જ તો, તું પામશે મુક્તિ સહી,**
**ગુરુરાજ અનુભવ ગંગ, સહજાનંદ રસથી લહલહી...**

જ્ઞાનીઓ આપણને કહે છે, તેં તારા સંસારને પોષવા માટે, ભોગવૃત્તિના રસમાં એક નહીં, આજ સુધીના અનંત ભવો ખોઈ નાખ્યા. જીવ જ્યાં જ્યાં જે જે યોનિમાં ગયો ત્યાં ત્યાં તેણે ઈન્દ્રિયોના વિષયને ભોગવવા સિવાય બીજું કશું જ કર્યું નથી. પોતે એ કર્યું છે ને બીજાને પ્રેરણા પણ એ જ આપી છે. ભૂતકાળમાં ઘણા ભવો ગયા, ત્યાં શું શું કર્યું તે તો આપણને યાદ નથી. પણ વર્તમાન ભવને જ વિચારો! જેટલાં વર્ષો આ જીવનમાં ગયાં તેમાં શું કર્યું? શરીર તથા મન જે માગે તે આપવામાં, અને શરીરની સગાઈએ જે પરિવાર છે તેને પોષવામાં જ આખુંયે જીવન વેડફી નાંખ્યું. નથી લાગતું કે ગયાં તે વર્ષો ગુમાવી જ દીધાં છે?

રાત-દિવસ દોડાદાડી કરો છો. તમે કહેશો, 'અમે અમારા એકલા માટે નથી કરતા. પરિવારની પળોજણ પડી છે તેને માટે પણ કરવું પડે છે.' પણ હું તમને પૂછું તમે પરિવારની સુખ-સુવિધાની ચિંતા કરો છો તે વાત સાચી, પણ કઈ દૃષ્ટિએ? એક તો સારી રીતે, બધી સગવડતા આપી સંતાનોને ઉછેરવાં, સારું ભણતર આપવું, દીકરી હોય તો સારું ઘર! તમારી વ્યાખ્યા પ્રમાણે ધનવાન ઘર ગોતીને પરણાવી દેવી. દીકરો હોય તો ભણાવી, ધંધે લગાડી, પરણાવી દેવો. બસ ને, થઈ ગઈને જવાબદારી પૂરી? કહેતા હો છો ને? હાશ! બધો જ ભાર ઊતરી ગયો!

વહાલા બંધુઓ! તમે બધું તો કર્યું પણ ખરેખર મા-બાપ તરીકે તમારી જે ફરજ હતી તે બજાવી ખરી? તમે હા કહેશો! હું ના કહીશ!

તમે તમારાં સંતાનોને ધર્મના સંસ્કાર આપ્યા? એ જ્યારે પોતાના જીવનની જવાબદારીઓ પૂરી કરે ત્યારે આત્મા તરફ વળે એવી જાગૃતિનો કોઈ મંત્ર આપ્યો ખરો? જો ના, તો તમારી જવાબદારી અધૂરી છે! ક્યારે આપશો આ સંસ્કાર? તમે બિલકુલ રિટાયર્ડ થશો ત્યારે? પણ પછી નહીં આપી શકો અને એ જુવાન સંતાનો સંસ્કાર લેશે પણ નહીં. આપવા હોય તો તેના બાલ્યકાળમાં જ આપવા જોઈએ, તો જ એ ઝીલે. હવે ન માને! પણ એના બાળપણમાં તમારી યુવાની હોય, એટલે તમને જ ધર્મ સૂઝ્યો ન હોય, આતમલગની લાગી ન હોય, અધ્યાત્મ-ચિંતા જાગી ન હોય. પછી તમે ક્યાંથી આપો બાળકોને સંસ્કારો? બસ, આમ જ ચાલ્યું છે આપણું જીવન. તમે તમારા શરીર-મનની સુખ-સગવડતા મેળવવામાં અને ભોગવવામાં જીવન પૂર્ણ કર્યું, સંતાનોને પણ એ જ સંસ્કારો આપ્યા.



આવા એક નહીં અનંત ભવો વિતાવી દીધા. અહીં આવ્યા પછી, વીતરાગની વાણી મળ્યા પછી પણ શું કરી રહ્યા છીએ? અહીં બેઠા હો ત્યાં સુધી ચાલણીના પાણીની જેમ વૈરાગ્યરસથી ભરપૂર અને પછી કોરાધાકોર! હતા ત્યાં ને ત્યાં!

નહીં બંધુઓ! હવે આમ ન ચાલે. બસ, જાગ્યા ત્યાંથી સવાર. આ એક ભવ સત્પુરુષને શોધી તેમને સંપૂર્ણ સમર્પિત થઈ, તેમના ચરણમાં રહી, તેમને પ્રસન્ન કરી લઈએ. બસ, માત્ર એક જ ભવ! પણ એ સત્પુરુષને પ્રસન્ન કરવા કઈ રીતે? તેઓની આજ્ઞા રોમરોમમાં વસી જાય. તેમની આજ્ઞાને ઝીલવા સદૈવ તત્પર રહીએ. ખાસ વાત તો એ છે કે ગુરુદેવ આજ્ઞા કરે કોને? એમના અંતઃકરણમાં જેમના પ્રત્યે વાત્સલ્યભાવ છે, હિત-બુદ્ધિ છે, જેમને તારવા ચાહે છે તેમને જ તેઓ આજ્ઞા કરે, અને જે જીવ એટલો ભાગ્યશાળી છે, હળુકર્મી છે તેને જ આવું સૌભાગ્ય મળે છે. માટે ગુરુદેવની આજ્ઞાને ઝીલતાં અંતરમાં હર્ષોલ્લાસ જાગવો જોઈએ.

ગુરુદેવ ક્યારેક મીઠા શબ્દોમાં પણ કહે, ક્યારેક કડવા શબ્દો કહે, પણ તેઓની હિતભાવના જ હોય. અનાદિથી ઊલટા જીવને સુલટો બનાવવા, તેઓને આ પ્રયોગ કરવો જ પડે. આપણે ત્યાં કહેવત છે – 'કડવાં ઓસડ મા પાય.' મા સંતાનનું ભલું ઈચ્છે એવું બીજું કોણ ઈચ્છે? માટે જ ગુરુદેવની ગમે તેવી આજ્ઞા હોય, માથા પર ચડાવીએ.

જ્યારે ગુરુદેવની આજ્ઞા પાળવાનો સમય આવે ત્યારે રોમરોમમાં પ્રસન્નતા પ્રગટે, ઉલ્લાસ ભાવે આજ્ઞાને આરાધે, જે કંઈ આજ્ઞા છે તે મારા એકાંત હિત માટે છે તેવી દૃઢ શ્રદ્ધા અંતરમાં હોય. એ માને કે હું કેવો ભાગ્યશાળી છું કે મારામાં આરાધનાનું પ્રથમ ચરણ ઉપાડવાનું સામર્થ્ય આવ્યું. પહેલાં ગુરુ-આજ્ઞાની આરાધના, પછી જ રત્ન-ત્રયની આરાધના.

એક ઐતિહાસિક પ્રસંગ યાદ આવે છે. વિશ્વના ઈતિહાસમાં નેપોલિયન બોનાપાર્ટ નામનું એક વિશેષ પાત્ર થઈ ગયું. તે સેનાપતિ હતો. તેનો Commanding Power અદ્‌ભુત હતો. એ Disciplineનો એટલો બધો હિમાયતી હતો કે એનો એક પણ સૈનિક તેના Order ને ઉત્થાપી શકતો નહીં. નાની એવી ભૂલ કરનારને પણ મૃત્યુદંડ થતો.

એક વખતની વાત છે. એ એના સૈન્યને કૂચ કરાવી રહ્યો હતો. Order આપતો હતો અને સેના ચાલી જતી હતી. કંઈ કેટલા કિલોમીટર લાંબી કૂચ

હતી. સેંકડો સૈનિકો ચાલ્યા જાય છે. નેપોલિયન પાછળ છે. તેમાં વચમાં ખાઈ આવી, આગળ રસ્તો નથી. સૈનિકોને માત્ર હુકમ અનુસાર ચાલ્યા જવાનું છે. વચમાં અટકવાનું નથી. અને બંધુઓ! આશ્ચર્ય! એક પછી એક સૈનિકો ખાઈમાં ઊતરવા માંડ્યા પણ કોઈ કહેતું નથી કે 'સર! આગળ ખાઈ છે, રસ્તો નથી.' આમ કેટલાય સૈનિકો ખાઈમાં હોમાઈ ગયા. એકાએક નેપોલિયનનું ધ્યાન પાછળથી આગળ ગયું. એ જુએ છે મારો Order ચાલુ છે અને સૈન્ય આગળ વધતું કેમ દેખાતું નથી? તેણે સહુને રોકી દીધા, દોડીને આગળ ગયો. જોયું, ખાઈમાં સૈનિકો ચાલ્યા ગયા છે. ખાઈ ઊંડી હતી. તેમાં જનાર મરણને શરણ જ થાય. નેપોલિયનની આંખમાં પાણી આવ્યાં. તેણે સૈનિકોને કહ્યું:

''અહીં ખાઈ છે તેનો મને ખ્યાલ ન રહ્યો, હું તો આદેશ આપતો જ રહ્યો પણ તમારે તો કહેવું હતું કે રસ્તો નથી, આગળ કેમ ચાલીએ?''

''No Sir! અમારો ધર્મ માત્ર આપનો Order માથા પર ચઢાવવાનો. બસ. ચાલતું રહેવું! પછી ચાહે મરણ આવે, ખાઈ હોય, જંગલ હોય, ગમે તે હોય! Order સિવાય અમે બીજું કશું જાણતા નથી!''

બંધુઓ! આ એક સૈન્યની Displine હતી, તેની સભ્યતા હતી. મરણને શરણ થયા. પણ સેનાપતિની આજ્ઞા સામે અવાજ ન ઉઠાવ્યો! વિચારો! આપણે તો આધ્યાત્મિક ક્ષેત્રે, આપણા પોતાના આત્મ-ઉદ્ધાર માટે આજ્ઞાપાલન કરવાનું છે, તો કેટલી અર્પણતા? કેટલી સભ્યતા? કેટલી ન્યોચ્છાવરી? સર્વસ્વનું સમર્પણ કર્યા વિના આજ્ઞાપાલકપણું આવતું નથી.

આપણે ત્યાં શ્રાવક તેમજ સાધુનાં વ્રતોમાં જ્યાં પ્રતિજ્ઞાબદ્ધ થવાનું છે ત્યાં એક શબ્દ આવે છે. જાવજ્જીવાએ અર્થાત્ જે વ્રતોને ગ્રહણ કરું છું એનું પાલન એવી દૃઢતાથી કરીશ, એટલી અર્પણતા સહિત કરીશ, એવી અનન્ય ભાવનાથી કરીશ કદાચ જીવ જાય તો પણ ભલે, મૃત્યુને મંજૂર કરવું પડે તો પણ ભલે, પણ પ્રતિજ્ઞાથી ચલિત નહીં થાઉં!

બંધુઓ! આ વ્રતો શું છે? આપણા જિનેશ્વરોની, આપણા પૂર્વાચાર્યોની આજ્ઞા જ છે. માટે તેને રોમે-રોમે ઉતારી દઈ પ્રસન્નતાપૂર્વક આચરવાની તૈયારી જોઈએ. તો તેનું ફળ શું? 'પંદર ભવમાં મુક્તિ' આજ્ઞાના આરાધક જીવને વધારે પરિભ્રમણ રહેતું નથી. તેનો સંસાર પરિમિત થઈ જાય છે. તેથી



જ અહીં આત્મ-અનુભવી પુરુષ કહે છે કે અમારા અનુભવમાંથી નીકળેલા ગંગાના પવિત્ર જલ વડે અમે સહજાનંદને પામ્યા છીએ, અને તેથી જ ચોકસાઈપૂર્વક કહી શકીએ છીએ કે આટલું થશે તો મોક્ષ Definite, એમાં મીનમેખ નથી.

અહીં સદ્‌ગુરુના યોગે સ્વચ્છંદ રોકવાની પ્રેરણા આપી છે. ઉપર કહ્યાં પ્રમાણે ગુરુદેવને અર્પણ થઈ જાય તો જ સ્વચ્છંદ રોકાય. પણ જો એ ન થાય તો **'અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.'** પોતાના જ પ્રયત્નોથી સ્વચ્છંદને રોકવાનો પ્રયાસ થાય તો તે દૂર તો ન થાય પણ વધે.

કેટલાક માણસો સાધુ-સંતોનાં ચરણમાં જઈ, તેઓની સેવા-શુશ્રૂષા કે સાતા ઉપજાવવામાં પોતાની નાનમ માને છે. તેમનો અહમ્ ત્યાં ઘવાય છે. એવા માણસો ધર્મ અને ધર્મના તત્ત્વો પર શ્રદ્ધા રાખતા હોય, સદ્-વાંચન કરતા હોય, વિચારતા હોય, તત્ત્વો સમજતા હોય પણ કોઈ સત્પુરુષના ચરણ-શરણનું સાંનિધ્ય પામવા જેટલી નમ્રતા તેનામાં ન હોય. એટલે તે એવું માને છે કે આપણે ઘરમાં બેઠા પણ ધર્મ કરી શકીએ છીએ અને આપણા દોષોને જાણીને દૂર કરી શકીએ છીએ. આપણે કોઈ સંતોના શરણની આવશ્યકતા નથી.

કેટલો ભયંકર અહમ્! બધું જ કરતો હોવા છતા પણ તેનો અહમ્ તો એવો ને એવો જ પડ્યો છે. એ તો એક રતિભાર પણ ઓગળ્યો નથી તો માર્ગે ક્યાંથી ચડે? આમાં સ્વચ્છંદ જાય નહીં પણ અહમનું પોષણ થતું જાય એટલે અહમ્ વધે. જેનું પોષણ કરો તે વધે પણ ઘટે નહીં. શરીરમાં રોગ થાય અને આપણી શારીરિક પ્રતિકારશક્તિ ન હોય તો એવી જાતની દવા લો છો કે કાં તો પ્રતિકારશક્તિ વધે અને કાં એ જર્મ્સનો નાશ થાય. શરીરના રોગ માટે આટલા જાગ્રત છીએ.

પણ આ તો મહારોગ છે. જે અનાદિથી આત્માને વળગ્યો છે અને તેનું પોષણ જ કરીએ છીએ. અરે! આપણે તો અહમ્‌નું પોષણ કરીએ જ, પણ જ્યાં અહમ્‌નું પોષણ થતું હોય એવા સ્થાને જવાનું જ પસંદ કરીએ! કેવી છે આપણી મનોવૃત્તિ! અહમ્‌ના કારણે જ મોટા મોટા મહાનુભાવો ભવમાં ભટક્યા કરે છે. સંસારમાં દુ:ખી થયા છે, એ અહમ્ ગાળવા જેવો છે કે પોષવા જેવો? એ સમજી લઈને તેને દૂર કરવા પ્રયાસ કરીએ.

એટલે જ શ્રીમદ્‌જીએ કહ્યું: સદ્‌ગુરુના શરણ સિવાય તારો ઉદ્ધાર નથી. એમના શરણ વિના સ્વચ્છંદ ટળશે નહીં. માટે એમને શરણે ચાલ્યો જા ને

આજ્ઞા આરાધી લે. આજ્ઞા ન આરાધનારનો સ્વચ્છંદ બમણો થાય.

પેલી એક વાત જાણતા હશો. એક અપરાધી પકડાયો અને તેને કેદ થઈ. ગુનો સાબિત થયો. શિક્ષા તરીકે ફટકા મારવાના હતા. પણ પહેલાં જ કહી દેવામાં આવ્યું હતું કે બોલવાનું નહીં, બોલીશ તો બે ખાઈશ.

તેને ફટકા મારવા ઊભો રાખવામાં આવ્યો અને કહ્યું, તેને દશ ફટકા મારવાના છે.

''હેં! આટલા બધા?''

''વીશ!''

''પણ કેમ?''

''ચાલીશ!''

''બાપ રે! મરી ગયો!''

''એંશી!''

અને એ બોલતો ગયો ને ફટકા વધતા ગયા. ડબલ થતા ગયા. બંધુઓ! ગુરુદેવની આજ્ઞા જેટલી વાર ઉત્થાપીએ એટલી વાર સ્વચ્છંદ બમણો થતો જાય. પૂછો અંતરને! કેટલી વાર આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ? એકવાર આજ્ઞા ન માની, સ્વચ્છંદ બમણો થયો. બીજી વાર ન માની, એથી બમણો થયો. પળ-પળ એ જ કરીએ છીએ. પ્રભુએ શ્રાવકધર્મ અને સાધુધર્મ બન્ને પ્રરૂપ્યા છે. જો એ ધર્મનું પાલન ન કરીએ તો પણ આપણે સ્વચ્છંદી.

પણ ના, હવે આપણે સ્વચ્છંદી રહેવું નથી. તેથી ગુરુદેવનો-સત્પુરુષનો યોગ મળે એટલે એમના ચરણમાં સમર્પિત થઈ જઈએ અને અહમ્‌ને ગાળી નાખીએ.

હવે આગળ સ્વચ્છંદને તોડનાર અને ગુરુચરણમાં સમર્પિત થનારને આત્મિક લાભ કેવો મળે છે તે અવસરે કહેવાશે.

ડ

# સમકિત તેને ભાખિયું...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સ્વ અને પરના ભેદનું ભાન કરાવે છે, એ ભેદ પામવા માટે જે પુરુષાર્થ આવશ્યક છે, એ પુરુષાર્થની રીતો આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ઠેરઠેર બતાવવામાં આવી છે.

પોતાની મતિ-કલ્પનાથી મનાતી આવતી માન્યતાઓનો ત્યાગ કરી સત્પુરુષના લક્ષ્યે વર્તે, તેમનામાં તથા તેમની વાણીમાં અતૂટ શ્રદ્ધા જાગે ત્યારે તેમનું યથાર્થ અનુસરણ કરી શકે છે.

આપણે ત્યાં આવા મહાન પુરુષોને 'આપ્તપુરુષ' કહ્યા છે. 'આપ્ત' શબ્દનો પ્રયોગ ભારતની સર્વ દર્શન-પરંપરામાં થયો છે અને તે પર ગ્રંથો રચાયા છે. 'આપ્તમીમાંસા' નામનો એક ગ્રંથ છે. જેમાં આધ્યાત્મિક દૃષ્ટિએ આપ્ત કોણ હોઈ શકે તેનું વિસ્તૃત વિવેચન છે. આપ્ત કોણ? જેમનું વચન, તેમના અનુભવમાંથી નીકળતું હોવાના કારણે સર્વથા આદરણીય છે, અનુકરણીય છે, આચરણીય છે, તેઓને આપ્તપુરુષ કહેવાય.

વ્યવહારિક ક્ષેત્રે આપણાં માતા-પિતા, વડીલો, વૃદ્ધો, આપણા માટે આપ્ત છે. તેઓ જીવનના ઘણાયે સારા-માઠા અનુભવોમાંથી પસાર થયાં છે. તેમણે જીવનને જાણ્યું છે, માણ્યું છે અને મૂલવ્યું છે. તેઓ પોતાના અનુભવથી આપણને હિતશિક્ષા આપી સંસાર-વ્યવહારનો આદર્શ માર્ગ બતાવે છે. તેમની સલાહ અનુસાર જીવનમાં ચાલીએ તો અવશ્ય સુખી થઈએ.

આધ્યાત્મિક માર્ગે જે પુરુષોએ આત્માની અનુભૂતિ કરી છે, સાધનાના માર્ગે આવતાં વિઘ્નોને પાર કરી સફળતાને પામ્યા, એવા અનુભવી મહાપુરુષોનાં વચનો આપણા માટે આદરણીય છે, અને તેઓ

આપણા માટે આપ્તપુરુષ છે.

સંસારનો માર્ગ હોય કે અધ્યાત્મમાર્ગ હોય; કોઈપણ માર્ગે ચાલતાં વિઘ્નો તો આવવાનાં જ. સંસારનો માર્ગ સુંવાળો નથી, ડગલે ને પગલે સંસારવ્યવહારમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થતી જ હોય છે. કેટલાક માણસોને તો નાની ઉંમરમાં જ અનેક આપત્તિઓ આવી ગઈ હોય. તેઓ કહેતા હોય છે કે મેં તો નાની ઉંમરમાં ઘણુંયે અનુભવી લીધું, ઘણા તડકા-છાંયા જોઈ લીધા. આવા સમયે વડીલો, માતા-પિતા વગેરે સહાયક થાય છે, તેઓ પણ આવી આપત્તિથી કેમ બહાર આવ્યા તે બતાવી તેને હિંમત અને ધૈર્ય બંધાવે છે. સાથે મુશ્કેલીમાંથી પાર થવાનો રસ્તો બતાવે છે.

અધ્યાત્મ માર્ગે જતાં પણ વિઘ્નો ઓછાં નથી નડતાં! ત્યાં પણ ડગલે ને પગલે વિઘ્નો ઊભાં જ છે. એક તો આપણા પૂર્વકાળે સેવેલા વિરાધક ભાવોના સંસ્કાર જાગ્રત થાય છે અને બીજું, પુન્યાઈની હીનતા, આ બન્ને કારણો સાધનામાં બાધા પહોંચાડે છે.

ત્રીજા ગુણસ્થાનના ભાવો શ્રી પ્રભુએ વર્ણવ્યા છે, તે ગુણસ્થાનનું નામ છે મિશ્ર ગુણસ્થાન. જ્યાં જિનવચનોની રુચિ પણ નથી અને અરુચિ પણ નથી. આવા મિશ્રભાવો જે જીવને વર્તતા હોય તેનું ગુણસ્થાન ત્રીજું કહ્યું. હવે કોઈ એક ધર્મી આત્મા, સંત પ્રત્યેની શ્રદ્ધાના કારણે તેમનાં દર્શને જઈ રહ્યો છે, ત્યાં સામે તેનો એક મિત્ર મળ્યો. તેણે પૂછ્યું: ''આમ કઈ બાજુ?'' પેલો કહે: ''નગરમાં સાધુ પધાર્યા છે. વંદનીય વિભૂતિ છે. ચાલ, તું પણ મારી સાથે.'' અને પેલો તૈયાર થઈ ગયો. બન્ને ચાલ્યા જાય છે, ત્યાં સામેથી ત્રીજો આવ્યો. તેણે પણ એ જ પ્રશ્ન કર્યો: ''ક્યાં ચાલ્યા બન્ને?'' પહેલા મિત્રે કહ્યું : ''સંતોના દર્શને!''' ત્રીજો મિત્ર મહા-મિથ્યાત્વી છે. સંતો પ્રત્યે અરુચિ ધરાવે છે. તેણે બીજાને કહ્યું: ''અરે! આ તો મૂરખ છે. તું પણ મૂરખ? ચાલ પાછો! ત્યાં જવાથી કશું નહીં વળે, ચાલ!'' અને બીજો મિત્ર પાછો ફરી ગયો.

પાછો વળ્યો તે મિશ્રભાવવાળો હતો. તેને પેલો મિત્ર સંતનાં દર્શને લઈ જાય છે તો પણ તૈયાર, અને મહા-મિથ્યાત્વી ત્યાંથી પાછો



વાળે છે તો પણ તૈયાર. ન પામ્યો સંતનાં દર્શન! જુઓ આ અંતરાય! આ વિઘ્ન! ધર્મમાર્ગે આવાં વિઘ્નો આવ્યા કરે. આવાં વિઘ્નોથી બચાવનાર અને સત્રાહે ચલાવનાર મહાપુરુષો જ આપ્તપુરુષ કહેવાયા. એમની જો પ્રેરણા મળે તો અંતરમાં તીવ્ર રુચિ, તીવ્ર લગન લાગે, અને અંતરમાં નિર્ણયાત્મક બળ પેદા થાય. 'કરેંગે યા મરેંગે'ની ભાવના પ્રબળ બને. તે વિચારે, ગમે તેવી મુશ્કેલી આવશે, પ્રલોભનો આવશે, પણ મારે પાછું ફરવું નથી. માર્ગેથી ડગવું નથી, આવી દૃઢ શ્રદ્ધા જ જીવને આગળ વધારી શકે છે.

અધ્યાત્મ માર્ગે મોટામાં મોટું વિઘ્ન છે સ્વચ્છંદ. આપણે બે દિવસથી સ્વચ્છંદનું વર્ણન કરીએ છીએ. સ્વચ્છંદ ત્યારે જ છૂટે કે જ્યારે જિનેશ્વરની વાણી પર, સત્પુરુષની વાણી પર અનન્ય અને અતૂટ શ્રદ્ધા જાગે.

ગણધર ગૌતમસ્વામી પ્રભુ વીરને હજારો પ્રશ્ન પૂછે, પ્રભુ જવાબ આપે, અને ગૌતમના મનનું સમાધાન થાય કે તરત તેમના મુખમાંથી શબ્દો સરી પડે – **તમેવ સચ્ચં, તમેવ સચ્ચં,** ગૌતમે જ્યારે જ્યારે પ્રભુને પ્રશ્ન પૂછ્યા છે ત્યારે વિનય સહિત પ્રભુના ચરણમાં મસ્તક નમાવી, વંદના કરીને પૂછ્યા છે. શાસ્ત્રમાં પાઠ છે કે જેટલી વાર ગૌતમે પ્રશ્ન પૂછ્યા એટલી વાર તિક્ખુત્તોના પાઠથી વંદના કરીને પૂછ્યા છે. કેટલી વંદના કરી હશે પ્રભુને? એટલા વિનયથી ગૌતમ પ્રશ્ન પૂછે. પ્રભુ જવાબ આપે. ન સમજાય તો ફરી પૂછે, અને પ્રભુ એટલા જ ભાવથી ફરી જવાબ આપે. અને ગૌતમને સંતોષ થાય એટલે બોલી ઊઠે, અંતરના ઊંડાણમાંથી શ્રદ્ધા સહિત શબ્દો નીકળે – **તમેવ સચ્ચં, તમેવ સચ્ચં.**

પ્રભુ! આપ જ સત્ય છો. આપ જ સત્ય છો. ગૌતમના આ શબ્દો સૂચવે છે કે એમના રોમે-રોમે પ્રભુ વસી ગયા છે. બસ, જ્યારે આવો ભાવ, આવી શ્રદ્ધા, આવો અતૂટ વિશ્વાસ જાગે ત્યારે જ પ્રભુમય થઈ જવાય. પછી સ્વચ્છંદ ઊભો ક્યાં રહે?

અહીં એક વાત યાદ આવે છે. સત્યભામા હંમેશાં શ્રીકૃષ્ણને કહે: ''પ્રભો! જ્યારે હોય ત્યારે આપના મોઢામાં અર્જુનનું જ નામ હોય છે!

અર્જુનમાં એવું શું છે? આપને કેમ એ આટલો બધો વહાલો છે?''

આપણી આ મનોવૃત્તિ છે કે આપણે જેના પ્રત્યે પ્રેમ ધરાવતા હોઈએ, તેને પણ આપણે એટલા જ વહાલા હોવા જોઈએ. એટલું જ નહીં પણ આપણે એમ ઈચ્છતા હોઈએ કે આપણા કરતાં એને વધુ વહાલું બીજું કોઈ જ ન હોય. કેમ હોઈ શકે? પણ ભાઈ! પ્રેમ કંઈ દાવા કે અધિકારથી મળતો નથી, એ તો સહજ વૃત્તિ છે. અંતરમાંથી થતો સહજ સ્ફુરિત ભાવ છે.

સત્યભામાને પણ મનમાં એમ જ હતું કે શ્રી કૃષ્ણને મારાથી વધારે વહાલુ કોઈ ન હોવું જોઈએ. તેથી તેઓ કૃષ્ણને કહે છે : ''ભલે અર્જુન મોટો બાણાવળી હોય પણ તેથી તમે વારંવાર એનું નામ રટ્યા કરો, એવું તે કંઈ હોય?'' સાંભળી કૃષ્ણ માત્ર હસ્યા, જવાબ ન આપ્યો. મનમાં વિચાર્યું કે સમય આવશે ત્યારે જવાબ મળી રહેશે.

અને થોડા સમય પછી એવું બન્યું કે અર્જુન ખાટલા પર સૂઈ ગયો હતો, થોડે દૂર સત્યભામા અને કૃષ્ણ વાતો કરતાં બેઠાં હતાં. એકાએક કૃષ્ણની નજર અર્જુન તરફ ગઈ. અર્જુનના લાંબા વાળ ખાટલા ઉપરથી સરી જઈ નીચે જમીન પર પડતા હતા, તે જોઈ કૃષ્ણે સત્યભામાને કહ્યું: ''જાવ તો સત્યભામાજી! અર્જુનના વાળ ખાટલાથી નીચે પડે છે, તે જરા ઉપાડીને ખાટલા પર સરખા મૂકી દો ને! જોજો અર્જુન જાગી ન જાય હોં!''

બંધુઓ! કેટલું વાત્સલ્ય હશે કૃષ્ણને અર્જુન પ્રત્યે?

સત્યભામાજી ગયાં. હળવેથી વાળ ઉપાડ્યા, અને ખાટલા પર મૂકે છે કે ત્યાં થંભી ગયાં. બે-ચાર મિનિટ સુધી ખસી ન શક્યાં. કૃષ્ણ જોઈ રહ્યા. સમજી ગયા. સત્યભામાજી આવ્યાં. મનમાં હસતા કૃષ્ણ પૂછે છે: ''સત્યભામાજી! કેમ આટલો સમય લાગ્યો? કામ તો અર્ધી મિનિટનું હતું! શું થયું તમને?'' સત્યભામાજી કહે: ''પ્રભુ! એક આશ્ચર્ય!'' કૃષ્ણ કહે: ''શું?''

''પ્રભો! મેં એના વાળ ઉપાડ્યા, અને ખાટલા પર ગોઠવવા ગઈ ત્યાં તો વાળમાંથી શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ અવાજ નીકળતો હતો. હું તો થંભી ગઈ.''



''એમ સત્યભામાજી! એવું તમને સંભળાયું?''

''હા પ્રભુ! મને માફ કરજો! મારા મનમાં એમ થયા કરતું હતું કે મારા પ્રભુને મારા કરતાં બીજું કોઈ કેમ વધારે વહાલું હોય! એવું હું ન સાંખી શકું. પણ આજે મને સમજાયું કે અર્જુનના રોમ-રોમમાં આપ વસી ગયા છો. ભરઊંઘમાં પણ તેના વાળમાંથી કૃષ્ણ શબ્દનો ધ્વનિ નીકળી રહેલ છે. કેટલી ભક્તિ છે આપના પ્રતિ!''

બંધુઓ! અર્જુનના અંતરમાં કૃષ્ણ વસી ગયા હતા. બસ, એવી જ રીતે આપણાં રોમે-રોમમાં જિનેશ્વર વસી જાય અને તેમના માર્ગે ચાલતા સત્પુરુષ પ્રતિ અતૂટ શ્રદ્ધા જાગે. તેમના ચીંધેલા માર્ગે ચાલવાની તીવ્ર તત્પરતા જાગે. ત્યારે જ આત્મ-સાક્ષાત્કાર થઈ શકે જેને બીજા શબ્દોમાં સમ્યગ્દર્શન કહીએ,

**સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ...૧૭...**

શ્રીમદ્જી સ્વચ્છંદ, મત, આગ્રહ ત્યજવાનું કહે છે. બંધુઓ! આ સાંભળતાં એમ થશે કે કેટલી વાર એકની એક વાત કહેવાની? કેટલા દિવસથી સ્વચ્છંદ-ત્યાગ વિષે જ સાંભળી રહ્યા છીએ! આનું કારણ એ જ છે કે આજ સુધી આ જીવે કેટલો કાળ વિતાવ્યો? તે સ્વચ્છંદે જ વિતાવ્યો છે. ઘણા ભવોની આ ભૂલને સુધારવા માત્ર એક વખત કહી દે, તો આપણે ક્યાં સુધરીએ એવા હતા? તેથી જ વારંવાર કહેવું પડે.

તમારા ઉપયોગમાં આવતી ઘડિયાળને સેકન્ડે-સેકન્ડે આગળ વધવું છે. એટલે તે ટક-ટક કરી રહી છે. એ મિનિટમાં ૬૦ વાર ટક-ટક કરે છે. તો કલાકમાં ૩૬૦૦ વાર અને દિવસમાં ૮૬૪૦૦ વાર ટક-ટક કરે છે. જો ટક-ટક બંધ થઈ જાય તો આપણા માટે, આપણી ગણતરી માટે સમય અટકી જાય. આગળ વધવા માટે પ્રત્યેક સેકન્ડની ટક-ટક જરૂરી છે એમ સત્પુરુષો આપણને વારંવાર ટોકે છે.

તેઓ કહે છે કે તું તારા માટે જાગ્રત થઈ જા. પહેલાં સ્વીકાર કે તું સ્વચ્છંદી છે. પછી તને ભાન થશે કે સ્વચ્છંદ સર્વથા ત્યાજ્ય છે, તેના ઉપાય રૂપ સદ્ગુરુનું શરણાગ્રહણ અત્યંત અનિવાર્ય છે. પછી સદ્ગુરુના ચીંધેલા રાહે ચાલ્યો જા. બસ, આટલું કરીશ તો તારામાં

રહેલ મહાન દોષરૂપ અહમ્ તૂટી જશે. જ્યાં શરણાગ્રહણની ભાવના જાગે, ત્યાં જ અહમ્ ઓગળવા માંડે છે. કારણ નમ્રાતિનમ્ર બન્યા સિવાય કોઈનું શરણાગ્રહણ થાય નહીં.

જીવમાં પડેલ અહમ્ ગમે ત્યારે, ગમે ત્યાં બહાર નીકળતો જ હોય છે. પોતે કંઈક છે, આ વૃત્તિ ભૂંસાતી જ નથી.

એક વખતની વાત છે. એક ગામડામાં એક બહેન જઈ રહ્યા છે. સામે બીજાં બહેન મળ્યાં. પૂછ્યું: ''કઈ બાજુ ગયાં હતાં?'' કહે: ''તમારે ઘરે છાશ લેવા ગઈ હતી, પણ તમારી વહુએ કહ્યું, છાશ નથી.'' ''એમ! મારી વહુએ એમ કીધું? ચાલો, મારી સાથે'' અને એ બહેનને, એ પાછાં લઈ ગયા. ઘરમાં જઈ ઘરનાં માલિક બહેન, પેલા બહેનને કહે છે; ''છાશ નથી,'' પેલા બહેન તો સ્તબ્ધ જ થઈ ગયાં. ''આ શું? અરે! આ તો મને તારી વહુએ પણ કીધું જ હતું. મને એમ કે ઘરમાં છાશ હશે પણ વહુને ખબર નહીં હોય.'' માલિક બહેન કહે છે: ''ના એમ નહીં. છાશ તો નો'તી જ. પણ આ ઘરની માલિક વહુ ક્યારથી થઈ ગઈ? એ કેમ કહી શકે કે છાશ નથી! હું નથી બેઠી હજી? મારાં બેઠાં એ કેમ ના પાડી શકે? મારે એને પાઠ ભણાવવો હતો. એટલે હું તમને પાછાં લઈ આવી!''

આનું નામ છે અહમ્! કેવો ખોટો અહમ્ છે? નાની એવી વાત પરથી માનવીના મનનું માપ નીકળે છે. બંધુઓ! આપણા સહુમાં આવા અનેક પ્રકારના અહમ્ પડ્યા છે. વાસ્તવમાં તો અહમ્ એક જ છે પણ તેને દિશા બદલવાની ટેવ છે. તેને તોડવા માટે શ્રીમદ્જી આપણને સદ્ગુરુના લક્ષે વર્તવાની આજ્ઞા કરે છે.

જે વ્યક્તિ સદ્ગુરુના લક્ષ્યે તથા તેમની આજ્ઞાએ વર્ત્યો જાય છે તે લક્ષ્યને અહીં સમકિત કહ્યું છે. અહીં આપણે સમકિત વિષે થોડો વિચાર કરીશું.

સમકિતના બે પ્રકાર – વ્યવહાર અને નિશ્ચય. દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ અને કેવલી પ્રરૂપિત દયામય ધર્મ. આ ત્રણ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા તે વ્યવહાર સમકિત. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે :

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्।**



અને નિશ્ચય સમ્યક્ત્વ એટલે નિજાત્મા તે દેવ, આત્મજ્ઞાન તે ગુરુ અને ઉપયોગ તે ધર્મ. આ ત્રણ તત્ત્વોની શ્રદ્ધા અર્થાત્ નિજાનુભૂતિ, સ્વસંવેદન. આ જ ભાવોને જરા જુદા શબ્દોમાં શ્રી સહજાનંદસ્વામી કાવ્યરૂપે કહે છે:

**સમ્યગ્દર્શન દેવ મેરે, ગુરુ હૈ સમ્યક્જ્ઞાન,**
**આત્મસ્થિરતા ધર્મ મેરા, સાધન સ્વરૂપ ધ્યાન....**

જીવને જે પ્રાપ્ત કરવાનું છે અથવા કહો કે પ્રગટ કરવાનું છે તે નિશ્ચય સમ્યક્ત્વ છે કે જે આત્મરૂપ છે. આત્માનુભૂતિ રૂપ છે, સંવેદન રૂપ છે. આ બધો જ આત્માનો અનુભવ છે. પણ એ પ્રાપ્તિ માટેનો આભ્યંતર પુરુષાર્થ થાય તેની પહેલાં અને તેની સાથે વ્યવહારિક પુરુષાર્થ પણ છે જ. એ પુરુષાર્થને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય.

તેમાં પ્રથમ આજ્ઞાની રુચિ. આપ્તપુરુષની આજ્ઞાની રુચિ અંતરમાં જાગ્યા સિવાય માર્ગ પમાતો નથી. વ્યાખ્યાનના પ્રારંભમાં કહ્યું તેમ અનુભવી મહાપુરુષો આપણા આપ્તપુરુષ છે. પ્રભુ મહાવીરની સ્તુતિ કરતાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે કહ્યું છે –

**'श्री वर्धमानं जिनमाप्तमुख्यम्'**

સર્વ આપ્તપુરુષોમાં મુખ્ય છે શ્રી વર્ધમાન સ્વામી. અર્થાત્ તીર્થંકર મહાપ્રભુ. કેવળજ્ઞાનમાં સ્પષ્ટ ઝળકતા સર્વ ભાવોનો અનુભવ તેઓએ આત્માથી કર્યો છે. તેથી તેમની વાણી પરમ સત્ય તત્ત્વને પ્રગટ કરનારી છે. તેથી તેઓ જ આપ્ત છે, અને તીર્થંકર પ્રભુનો યોગ ન હોય ત્યારે પ્રભુના માર્ગે નિજને પામેલા; ગણધર, કેવળી, પૂર્વધર, લબ્ધિધર, નિર્ગ્રંથ મુનિ, વગેરે આપ્તપુરુષ છે. તેઓની આજ્ઞા પ્રમાણે ચલાય તો સમ્યગ્દર્શન દૂર ન હોય.

સિદ્ધાંતની દૃષ્ટિએ પણ આપ્તપુરુષની આવશ્યકતા સમ્યક્ત્વપ્રાપ્તિમાં છે. તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિજીએ કહ્યું:

**तन्निसर्गादधिगमाद्वा।**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેટલાક જીવોને નિસર્ગથી એટલે કે કોઈપણ પ્રકારના નિમિત્ત વગર થાય છે અને કેટલાક જીવોને અધિગમ અર્થાત્ નિમિત્ત પામીને થાય છે.

જે જીવ અનાદિનો મિથ્યાત્વી છે કે જેણે કદી સમ્યક્ત્વનો સ્પર્શ કર્યો નથી, અજ્ઞાન ટળ્યું નથી, આત્માનો સાક્ષાત્કાર કર્યો નથી, એવા જીવને જ્યારે સર્વ પ્રથમ સમ્યક્ત્વ થાય ત્યારે યા તો તીર્થંકર પ્રભુનું નિમિત્ત હોય અથવા કોઈ સત્પુરુષનું નિમિત્ત હોય, પણ તેઓના આશ્રયે, તેમની આજ્ઞાની આરાધનાથી જ થાય છે. અર્થાત્ આપ્તપુરુષ કહો કે સદ્ગુરુ કહો, એમના લક્ષે વર્તવાથી જ સમ્યક્ત્વ થાય.

બીજું, જે જીવે એકવાર સમકિતનો સ્પર્શ કરી લીધો છે, આત્માનુભૂતિ માણી લીધી છે, તેવા જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી વળી જો મિથ્યાત્વ મોહનીયના ઉદયે, સમકિતનું વમન થઈ જાય, એટલે કે મિથ્યાત્વી થઈ જાય તો તેવા જીવને ફરી સમ્યક્ત્વ પ્રાપ્તિના પુરુષાર્થમાં કોઈ નિમિત્તની આવશ્યકતા રહેતી નથી. નિમિત્ત હોય તો આવો જીવ તીવ્ર ગતિએ પુરુષાર્થ કરી શકે પણ નિમિત્ત ન હોય તો પણ તેને સમકિત પામતાં વાર લાગતી નથી.

તો અહીં ગાથામાં, સદ્ગુરુના લક્ષે વર્તતા જીવના ભાવોને સમકિત કહ્યું. તે એટલા માટે જ કે ગુરુની આજ્ઞાની રુચિ તે સમકિત પામવાનું પ્રત્યક્ષ કારણ છે. માટે કારણમાં કાર્યનો આરોપ કરી તેને સમ્યક્ત્વ કહ્યું.

હવે જીવને આગળ કયો પુરુષાર્થ કર્તવ્ય છે તે અવસરે કહેવાશે.

## વિનય કરે ભગવાન....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાથી સ્વચ્છંદ છૂટે છે, અને આંતરશત્રુઓ પર વિજય પમાય છે.

બાહ્ય શત્રુઓ જે નુકસાન નથી કરતા, એ નુકસાન આંતરશત્રુઓ કરે છે. બહારની દુનિયામાં રહેલા શત્રુઓ ભૌતિક નુકસાન પહોંચાડી શકે. ઈજ્જત કે પ્રતિષ્ઠા પર ઘા કરી શકે, એથી આગળ વધે તો કદાચ જીવતરને હણી શકે. એ બધી ઈહલૌકિક ચીજો છે. એથી આત્માને વધુ નુકસાન થતું નથી. કહ્યું પણ છે.

**ગળાનો કાપનારો યે, શત્રુ બૂરૂં કરે ન જે;**
**દુર્બુદ્ધિ તે દુરાત્માની, પોતામાં રહીને કરે....**

આંતરશત્રુ જ બહારના શત્રુઓ ઊભા કરે છે. મોહનીય કર્મ જેમ રાગરૂપ છે, તેમ દ્વેષરૂપ પણ છે. બંનેને સમજીએ. મોહનો અર્થ મમત્વ, રાગ, પ્રેમ એવો આપણે કરતા હોઈએ છીએ. પણ દ્વેષ, ક્રોધ, લોભ આદિ પણ મોહનું જ સ્વરૂપ છે. કોઈ પર પ્રેમ હોય તો ત્યાં કહીએ છીએ કે મને અમુક વ્યક્તિ પર મોહ છે. પણ જેની સાથે શત્રુતા છે, ક્રોધ છે, એના માટે નથી કહેતા કે મોહ છે. કારણ આપણે મોહને તેના સીમિત રૂપે જ જોયો છે. પણ તે બહુ જ વ્યાપક છે. દ્વેષ પણ તેનું જ રૂપ છે, અને રાગ તથા દ્વેષ બન્ને આંતરશત્રુઓ જ છે.

જો અંદર શત્રુઓ ન હોય તો બહાર કોઈ સાથે શત્રુતા થાય નહીં. વળી આંતરશત્રુઓ આત્મગુણોનો પણ ઘાત કરે છે. એટલે અંદર કે બહાર ક્યાંય શાંતિ રહેવા દેતા નથી.

આ શત્રુઓને દૂર કરવા પ્રબળ પુરુષાર્થ જોઈશે. (જેવા શક્તિશાળી શત્રુ તેવાં જ શક્તિશાળી શસ્ત્રો જોઈએ) રૂનો નાશ કરવા અગ્નિનો એક તણખો બસ થઈ પડે, પણ તણખાથી લોઢાનો નાશ તો થાય નહીં. તેને

ગાળવું હોય તો મોટી ભઠ્ઠી જ જોઈએ. તેમાં અગ્નિની માત્રા પણ એટલી જ જોઈએ. તો બંધુઓ! સમ્યક્ પુરુષાર્થ વડે જ રાગ-દ્વેષનો નાશ થાય છે.

શ્રીમદ્જી સ્વચ્છંદને છોડવાનું સમજાવે છે. જો આત્મલક્ષ જાગ્રત કરી, આત્માને પામવો હોય તો જે છોડવા યોગ્ય છે, તેને છોડવું જ પડશે. તેના ઉપાયો પણ છે. હવે સ્વચ્છંદને છોડવાનો રામબાણ ઉપાય કહે છે.

**માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય,**
**જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય...૧૮...**

માન, પ્રતિષ્ઠા કીર્તિની ભૂખ, લોભ આદિ શત્રુઓ, શત્રુરૂપ પ્રતિભાસ્યા હોય, અને તેને કાઢવાના પ્રયત્નમાં પણ તે હોય. મનથી નિશ્ચય કરી લીધો હોય કે મારે આ દોષો દૂર કરવા જ છે, એ નહીં જાય ત્યાં સુધી હું જંપીશ નહીં. પણ એ 'નિજ છંદે ન મરાય.' તારી રીતે, તારી બુદ્ધિએ પુરુષાર્થ કર્યા કરે તેથી ન જાય.

વિચાર કરો બંધુઓ! કોઈ વ્યક્તિ ખૂબ બળવાન છે, હિંમતવાન અને ધીરજવાન છે, શૂરવીર છે. સૈન્યના એક સૈનિકમાં જોઈએ તેવી શારીરિક, માનસિક શક્તિ પણ છે અને તેને સૈન્યમાં જોડાવું છે. પણ તે શસ્ત્રકળા ન જાણતો હોય, તેનો અભ્યાસ ન કર્યો હોય, ને પૈસાના જોરે Armyમાં જોડાવા માગે તો સફળ થાય ખરો? ન જ થાય. ત્યાં પૈસાની કોઈ કિંમત નહીં. ત્યાં તો શસ્ત્રકળા, યુદ્ધની કળા જરૂરી છે. શત્રુ પર કેમ ઘા કરવો અને પોતા પર આવતા ઘાથી કેમ બચવું? બન્ને તરફનું સંપૂર્ણ જ્ઞાન જોઈએ. તો જ એ યુદ્ધમાં સફળતા મેળવી શકે.

એમ, આત્મિક શત્રુ સાથે લડવા માટે પણ કળા જોઈએ. એ કોણ શીખવાડે? સદ્ગુરુ. સદ્ગુરુના ચરણમાં થયેલો સંપૂર્ણ સમર્પણ ભાવ જ આંતરશત્રુ સાથે લડવાની હિંમત અને સામર્થ્ય આપે. આરાધના એટલે આંતરયુદ્ધ, બીજા સાથે લડવાની જરૂર નથી. પોતાના મનના વિકારો સાથે જ લડવાનું છે. માટે કહ્યું પણ છે :

**લડો સૌ આત્મસંગ્રામે, બીજા સંગ્રામ શા**
**ક ર ા ે ?**
**શુદ્ધાત્માથી દુરાત્માને, જીતીને સુખ મેળવો....**

પણ આ લડવાનું સામર્થ્ય અને કળા ગુરુકૃપા વિના મળતાં નથી. એમનાં કૃપા આશીર્વાદ આપણા પર ઉતરે તો જ આંતર-જગત સામે



લડી શકાય. અંતરમાં કેટકેટલું ભર્યું છે? વિષય, વાસના, વિકારો, ક્રોધાદિ કષાયો અને રાગ-દ્વેષના ઊંડા ભાવો – આ બધા સામે લડવા કેટલી બધી શક્તિની જરૂર છે? એ ક્યાંથી મળે? સદ્ગુરુના શરણમાં જ મળે. આપણી પાસે ગમે તેટલી શક્તિઓ હોય પણ તે કામયાબ નીવડતી નથી. તેથી જ કહ્યું: **'જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.'** ગુરુના ચરણમાં સર્વસ્વ ન્યોછાવર કર્યા પછી પ્રયાસ જ કરવો પડતો નથી. અન્યથા ગમે તેટલી મહેનત કરે, કશુંય ના વળે. પણ સદ્ગુરુનું શરણ તો તારણહાર છે. શિષ્ય પોતાની સંપૂર્ણ શ્રદ્ધા એમના ચરણમાં ઢાળી નિશ્ચિંત થઈ જાય. ચાહે તારો, ચાહે ડુબાડો, આપના શરણમાં છું. જેમ કે, હાથથી તરનારો સમુદ્રનો પાર તો પામી શકતો જ નથી, પણ પરિણામે સમયે-સમયે મૃત્યુનો સામનો કરતાં કષ્ટ અને વેદના જ તેના ભાગ્યે રહે છે. પરંતુ કાષ્ઠની નાવમાં બેઠેલાને, ન ડૂબવાનો ભય, ન પાર પહોંચવાની ચિંતા.

અને આવી ભાવના જ્યાં જાગે ત્યાં સાધકના જીવનમાં ચમત્કાર સર્જાય, અને તે પણ કેવો? ગુરુથી પણ ક્યાંય આગળ નીકળી જાય. શ્રીમદ્જી કહે છે:

જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન:
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન...૧૯...

ગુરુદેવના ઉપદેશને આત્મસાત્ કર્યો હોય, તેના બળથી આંતરશત્રુને હણવાની કળા યથાર્થ શીખી લીધી હોય અને તેને પ્રાયોગિક રૂપ આપ્યું હોય તો રાગ-દ્વેષનો સદંતર નાશ થઈ જાય. અને એ થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય. ગુરુ છદ્મસ્થ હોય અને શિષ્ય કેવળી બની જાય.

એવો નિયમ નથી કે ગુરુને પહેલાં કેવળજ્ઞાન થાય અને શિષ્યને પછી જ થાય. એટલું જ નહીં પણ ગુરુ કરતાં શિષ્યનો મોક્ષ પણ પહેલાં થાય. ગૌતમ ગણધરના નિમિત્તે બોધ પામેલા તેમના અનેક શિષ્યોને, તેમના પહેલાં કેવળજ્ઞાન થયું હતું. એ જ રીતે પ્રભુ મહાવીરના અગિયાર ગણધરમાંથી નવ ગણધરો પહેલાં જ મોક્ષ પધારી ગયા. પ્રભુનું આયુષ્ય હજુ શેષ છે અને શિષ્યો મોક્ષે પહોંચી સિદ્ધની કોટિમાં બેસી ગયા. અરે! પ્રભુ મહાવીર અરિહંતપણે વિચરી રહ્યા છે અને જ્યારે તેઓ નમો સિદ્ધાણં કહી અનંત સિદ્ધોને નમસ્કાર કરતા

હશે, ત્યારે તેમના જ શિષ્યો જે સિદ્ધ થઈ ગયા તેમને પણ નમસ્કાર થતા હશે. બંધુઓ! આ છે ચમત્કાર!

પણ આટલા ચમત્કારને પામ્યા પછી, ગુરુ છદ્મસ્થ હોય અને શિષ્ય કેવળજ્ઞાની થઈ ગયા પછી પણ, શિષ્યનું કર્તવ્ય શું છે? તેનો ધર્મ શું છે? તે આ ગાથામાં શ્રીમદ્‌જી બતાવવા માંગે છે. તેઓએ કહ્યું.

**વિનય કરે ભગવાન!**

અનુભવી મહાપુરુષોએ ધર્મનું મૂળ 'વિનય' બતાવ્યું. કહ્યું પણ છે:

**'विनय मूलो धम्मो'**

ધર્મનું મૂળ વિનય અને ધર્મનું ફળ મોક્ષ. મોક્ષને પામવા માટે, વિનય અનિવાર્ય આવશ્યકતા છે. જો સુ-ફળ જોઈતાં હોય તો મૂળ મજબૂત જોઈએ. જે વૃક્ષનું મૂળ ઊખડી ગયું હોય અથવા સડી ગયું હોય તે વૃક્ષને નષ્ટ થવું જ પડે. વૃક્ષને હર્યુંભર્યું રાખી ફળો જોઈતાં હોય તો ખરેખરી માવજત તો મૂળની જ થવી જોઈએ. એ જ રીતે મોક્ષરૂપ ફળ માટે વિનયરૂપ મૂળને સંભાળવું જ રહ્યું.

માટે જ અહીં કહ્યું કે કેવળજ્ઞાની શિષ્યે પણ છદ્મસ્થ ગુરુનો વિનય કરવો જોઈએ કારણ, ગુરુદેવ! મહા ઉપકારી છે. ગુરુદેવે માર્ગ ન આપ્યો હોત તો સાધક કેવળજ્ઞાન સુધી પહોંચી શક્યો ન હોત. તેથી ગુરુદેવને વિસરવાના નથી. વળી કેવળજ્ઞાન પામ્યો ત્યાં સુધી એટલે કે બારમા ગુણસ્થાનના અંત સુધી એ ગુરુદેવના અવલંબને જ આગળ વધ્યો છે અને યથા-સમયે આત્મિક ઉત્થાન પણ પામતો ગયો છે. કોઈ પણ સાધક કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી તેને અવલંબનની જરૂર છે જ. કેવળજ્ઞાન થયા પછી કોઈની જરૂર નથી કારણ કેવળજ્ઞાન એ સર્વોચ્ચ સિદ્ધિ છે. જે આવ્યા પછી જતી નથી, જે અપુનરાગમન સિદ્ધિ છે અને એ આવ્યા પછી મોક્ષ નિશ્ચિત જ. તેથી જ આવી અનુપમ સિદ્ધિના દાતાર એવા ગુરુદેવનો વિનય કરવા અહીં આદેશ છે.

અહીં એક પ્રશ્ન ઊઠે છે કે, કેવળજ્ઞાની શિષ્ય ગુરુને વંદન કરે? વૈયાવચ્ચ કરે? સેવા-ભક્તિ કરે? અને કરે તો ગુરુ એને ગ્રહણ કરે? આ પ્રશ્નનો વિચાર આપણે એક ઐતિહાસિક પ્રસંગને લઈને કરીએ.

ભગવાન મહાવીરના સમોસરણમાં દેશના સાંભળવા ગયેલ ચંદનબાળા, મૃગાવતી આદિ સાધ્વીજીઓ પ્રભુની વાણી સાંભળી રહ્યાં છે. સમય થયો. સૂર્યાસ્ત પહેલાં ચંદનબાળાજી અને અન્ય સાધ્વીજીઓ સ્વ-



સ્થાને આવી ગયાં. મૃગાવતીજી પ્રભુની વાણીમાં લીન છે, અંતર્મુખ થઈ ગયાં. છે. બાહ્ય ભાન વિસરાઈ ગયું છે. બીજાં સાધ્વીજીઓ ગયાં તેની ખબર નથી. અને બીજાં સાધ્વીજીઓ પણ પ્રભુની દેશનામાં વિક્ષેપ નાખવા નથી માગતાં. સહુ ચાલ્યાં ગયાં. સૂર્યદેવની ઉપસ્થિતિથી પ્રકાશી રહેલું સમોસરણ અને પ્રભુની વાણીએ પ્રગટાવેલ આંતર અનુભૂતિમાં મૃગાવતીજી તરબોળ છે.

દેશના પૂર્ણ થઈ. દેવોએ પણ વિદાય લીધી. અંધકાર છવાઈ ગયો. મૃગાવતીજીની ચેતના બાહ્ય ભાવમાં આવી, ચક્ષુ ખૂલ્યાં તો અંધકાર! અને વિચાર્યું અહો! સમયનો ખ્યાલ વિસરાઈ ગયો. સ્વસ્થાને જાઉં. ચાલ્યાં, પહોંચ્યાં પણ દ્વાર બંધ, સહુ સાધ્વીજીઓ નિદ્રામાં છે. અવાજ કર્યો અને તેમનાં ગુરુણીજી ચંદનબાળાજી જાગ્યાં. દ્વાર ખૂલ્યાં પણ મૃગાવતીજી અંદર પ્રવેશ્યાં અને દરવાજાની સાંકળમાં ભરાવવાનો ખીલો ગુમ. ચંદનબાળાજીએ શિક્ષાના રૂપમાં હાથની આંગળી ભરાવી ઊભાં રહેવા કહ્યું. પોતાનો જ દોષ જાણી મૃગાવતીજી ઊભાં રહ્યા અને ચિંતનમાં સરકી ગયાં. વિચારે છે —

કેવી ભૂલ કરી! સાધુ-આચારની મર્યાદા ચૂકી ગઈ. ગુરુણીના અંતઃકરણના ઉદ્વેગનું નિમિત્ત બની! અને આ ચિંતને પારાવાર પશ્ચાતાપ જગાડી દીધો. ભૂલના ખેદે આગનું રૂપ ધારણ કર્યું અને ઘાતી કર્મોને બાળી નાંખ્યાં. દરવાજો બંધ છે, સાંકળમાં આંગળી છે અને આંખમાં આંસુ છે. આત્મદ્વાર ઊઘડી ગયાં. અંતરચક્ષુ નિર્મળ બની ગયાં અને કેવળ જ્યોત પ્રકાશી ઊઠી. સર્વ સાધ્વીજીઓ બ્રાહ્મ મુહૂર્તમાં નિદ્રાત્યાગ કરી રહ્યાં છે. ચંદનબાળાજી જાગ્રત થઈ રહ્યાં છે, અને મૃગાવતીજીનો મધુર ઘંટડી જેવો રવ સંભળાયો. ''પૂજ્યા ભગવતી! આપ જરા જયણાથી ઊઠજો. આપની બાજુમાં એક ભયંકર મોટો નાગ સૂતેલો છે.''

ચંદનબાળાજીએ એ સાંભળ્યું અને આશ્ચર્ય થયું. આવા ગાઢ અંધકારમાં કયા આધારે આને ખબર પડી? ભગવાન મહાવીરના હાથથી દીક્ષિત થયેલ એકથી એક ઉત્તમ પાત્રો છે. તેથી તેમને સમજતાં વાર ન લાગી. જરૂર કંઈક છે, અને તેઓએ પૂછ્યું:

''મૃગાવતીજી! આપને જ્ઞાન થયું છે?''

''ગુરુણીજી! આપની કૃપા!''

"અપૂર્ણ કે સંપૂર્ણ?"

"આપની કૃપા!"

અને બંધુઓ! ચંદનબાળાજી સમજી ગયાં કે કેવળજ્ઞાન થયું છે. અપૂર્ણ હોય તો અવધિ હોય, પણ આ તો સંપૂર્ણ છે માટે કેવળ જ. અને ચંદનબાળા ઊઠ્યાં દોડ્યાં અને મૃગાવતીજીનાં ચરણ પકડવા જાય છે.

"માફ કરો મને! મેં આપ જેવા નિકટ કેવળીની અશાતના કરી!" પણ મૃગાવતીજી કહે છે: "આ બધો આપનો જ ઉપકાર છે. આપે મને શિક્ષા ન આપી હોત તો આવો પશ્ચાતાપ ન જાગત અને કર્મોનો ક્ષય ન થાત."

બંધુઓ! અશાતના કરવાના કારણે ચંદનબાળાજીને પણ પશ્ચાતાપ થયો અને એ જ ક્ષણે કેવળજ્ઞાન પ્રગટ થયું.

જુઓ! કેવા હળુકર્મી આત્માઓ હતા! મૃગાવતીજીએ કેવળજ્ઞાન થયા પછી ચંદનબાળાના પૂછાયેલા પ્રશ્નોના જવાબ કેટલી વિનમ્રતાથી આપ્યા! નહીં તો જે સમયે આ પ્રશ્ન પૂછાયા છે ત્યારે ચંદનબાળાજી છદ્મસ્થ હતાં અને મૃગાવતીજી કેવળી, તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહી શકતાં હતાં કે મેં પશ્ચાતાપ કર્યો, અને કેવળજ્ઞાન થયું. પણ ના, માત્ર એક જ જવાબ હતો અને તે 'આપની કૃપા'. આ છે પરાકાષ્ઠાનો વિનય.

વળી બીજી વાત એ કે કેવળી પરમાત્મા જ્યારે ઉપદેશ આપે ત્યારે વિનયની વાતો કરતાં એ જરૂર કહે કે અમારી છદ્મસ્થ અવસ્થામાં ગુરુદેવનો આવો વિનય કર્યો છે અને એ વિનયના કારણે જ અમે કેવળજ્ઞાન પામ્યા છીએ. માટે સર્વ સાધક જીવોએ, પછી કોઈ પણ કક્ષાનો સાધક હોય પણ એણે, સંપૂર્ણ ન થાય ત્યાં સુધી વિનય કરવાની આવશ્યકતા છે.

બંધુઓ! વિચારો! સાધકકક્ષાથી લઈ કેવળજ્ઞાન પામવાની યોગ્યતાવાળા જીવોએ વિનય કરવાની જરૂર હોય, તો આપણે તો ક્યાં પડ્યા છીએ? કોઈ પણ પ્રકારની પાત્રતા હજુ પ્રગટી નથી. તો આપણા માટે કેટલા વિનયની જરૂર છે? વિનયભાવ અંતરમાં નહીં પ્રગટે ત્યાં સુધી ગુરુકૃપા મળશે નહીં અને આત્મ-લક્ષ્ય પણ જાગ્રત થશે નહીં. માટે પ્રથમ તો વિનયધર્મને સમજીએ અને સમજીને આચરણમાં મૂકવા પ્રયાસ કરીએ. એ ધર્મ સમજવો દુષ્કર છે તે બતાવતાં શ્રીમદ્જી કહે છે –



**એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ,**
**મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય...૨૦...**

આગળની ગાથામાં જ બતાવ્યું કે કેવળજ્ઞાન થયા પછી પણ છદ્મસ્થ ગુરુનો વિનય એ કેવળી શિષ્ય કરે. આ સાંભળીને કોઈને એમ પણ થાય કે આમ કેમ? ગુરુ અને શિષ્યનો સંબંધ એ તો વ્યાવહારિક સંબંધ છે, જ્યારે કૈવલ્યદશા એ તો આત્માનાં વિશુદ્ધ પરિણામ છે. તો એ દશા જ સર્વશ્રેષ્ઠ છે. એ પામ્યા પછી ગુરુનો વિનય કરવા રૂપ વ્યવહાર કેવી રીતે ટકી શકે? આ પ્રશ્ન સ્વાભાવિક છે. અસ્થાને નથી, પણ જે કંઈ બતાવ્યું છે તેનો હેતુ સમજીએ. વળી પહેલી વાત તો એ કે આપણને અસીમ શ્રદ્ધા હોવી જોઈએ કે આ માર્ગ વીતરાગ પરમાત્માનો બતાવેલ છે. કોઈ છદ્મસ્થ જીવે પોતાની મતિ-કલ્પનાએ કે સ્વાર્થની સંકુચિત ભાવનાથી નથી કહ્યો.

વિનયની મહત્તા, સાધનામાર્ગમાં કેટલી છે! અને એ સાધનાના અંતિમ સોપાન સુધી આવશ્યક છે, એ બતાવવું છે. વળી કેવળજ્ઞાન થવા માટે જેઓ મહાન નિમિત્તરૂપ બન્યા એવા ઉપકારી ગુરુદેવને કેમ ભૂલાય? અર્થાત્ ગમે તેવી ઊંચી દશાએ પહોંચ્યા પછી ઉપકારીના ઉપકારને વિસરાય નહીં. અરે! વાસ્તવિકતાએ વિચાર કરીએ તો કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે તેવા વીતરાગ પ્રભુ કેટલા વિનમ્ર બન્યા હશે ત્યારે તેઓને સંપૂર્ણ જ્ઞાન થયું હશે! તો શું કેવળજ્ઞાન થયા પછી એ વિનમ્રતા વિરમી જાય? ના, એવું બને જ નહીં! તેથી તેમની વિનમ્રતા જ સહજ રૂપે ગુરુનો વિનય કરાવે. આ દશા જિનદર્શનમાં આંતર-બાહ્ય સર્વાંગીણ વિકાસનું પરમ પ્રતીક છે. આવી રીતે સર્વ વિશુદ્ધ આત્માના મૌલિક ગુણો વ્યવહારિક પર્યાયમાં ક્ષમા આદિ દશ ધર્મરૂપે પ્રગટ થાય છે.

બંધુઓ! આપણી સમજણને કામે લગાડીએ, વિવેક-ચક્ષુને ખોલીએ અને આ વિનયમાર્ગને સમજવાનો પ્રયાસ કરીએ. આપણું સંપૂર્ણ શુદ્ધિનું લક્ષ્ય બંધાયું હશે તો જ સમજી શકીશું. અહમ્ છેદાણો હશે તો જ વિનય અનિવાર્ય છે તે ભાવના જાગશે. તો અહંને છેદવા પુરુષાર્થ કરીએ.

અહીં સુધી કેવળજ્ઞાની શિષ્યનું કર્તવ્ય બતાવ્યું. છદ્મસ્થ ગુરુનું કર્તવ્ય શું અને કેવું હોઈ શકે તે પછીની ગાથામાં બતાવશે.

# બૂડે ભવજળ માંહી...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જેઓ કરી ગયા, તેઓ તરી ગયા. કેવળલક્ષ્મીને વરી ગયા.

વિનય એ ધર્મનું મૂળ છે. વિનયથી જ આધ્યાત્મિકતા પ્રગટે છે, અને તે પછી જ આત્મિક વિકાસ થાય છે. આ રહસ્યને બતાવતાં શ્રીમદ્જી કહી ગયા કે કેવલજ્ઞાની શિષ્ય છદ્મસ્થ ગુરુનો વિનય કરે, ઉપકાર ન ભૂલે, કૃતજ્ઞતા વ્યક્ત કરે. આની સાથે-સાથે હવે એ પણ બતાવે છે કે આવો શિષ્ય જ્યારે છદ્મસ્થ ગુરુનો વિનય કરવા પ્રેરાય ત્યારે ગુરુ એ વિનયને ન સ્વીકારે.

એટલું જ નહીં, ગુરુના અંતરના એક ખૂણામાં પણ શિષ્યના વિનયની અપેક્ષા ન હોય. ગુરુદેવ એમ ન વિચારે કે 'મેં તને માર્ગ બતાવ્યો, પ્રેરણા આપી, તારા માટે કેટલી મહેનત કરી. મારા કારણે તું આગળ વધ્યો. હું તારો ઉપકારી છું માટે મારે વિનય કરવો જ જોઈએ, તેઓ આવી અપેક્ષા ન રાખે અને જો રાખે તો તેઓને શ્રીમદ્જીએ અસદ્ગુરુ કહ્યા.

આ બંને વાતોને બરાબર સમજવાની જરૂર છે. શિષ્યના જીવનમાં પળે-પળે, ક્ષણે-ક્ષણે ગુરુ પ્રત્યેના વિનયની આવશ્યકતા છે. એ ત્રિવિધ યોગે, નિત્ય વિનયાનવત્ જ રહે. ગુરુ ગૌતમનો ભગવાન મહાવીર પ્રત્યે વિનયભાવ કેટલી ઉચ્ચ કોટીનો હતો! તેઓ હંમેશાં પ્રભુની સમક્ષ જ ઉપસ્થિત હોય. નમ્રતાસૂચક આસન, જમણો પગ ઊંધો, ડાબો પગ ઊભો, કરબદ્ધ અંજલિ અને નતમસ્તક! આ જ એમની વિનયમુદ્રા! જેવી રીતે રામચંદ્રજીની સામે ભક્ત હનુમાન બિરાજતા હોય છે.



ગૌતમ પોતે કેટલી ઊંચી કક્ષાએ પહોંચેલા હતા? કેટલી શક્તિના ધારક હતા? દીક્ષા લીધા પહેલાં આખાયે બ્રાહ્મણ સમાજના સર્વશ્રેષ્ઠ પંડિત, ચાર વેદના ધારક, પ્રકાણ્ડ વિદ્વાન હતા, અને પ્રભુના ચરણોમાં દીક્ષિત થયા કે તરત જ અગિયાર અંગનું જ્ઞાન થયું. તે પછી અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન થયું. અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટી. આ બધી એકથી એક ચડિયાતી શક્તિના સ્વામી હોવા છતાં પણ, એક ક્ષણમાત્ર વિનય ચૂક્યા નથી. આ છે શિષ્યનો ચરમ કોટિનો વિનય.

બીજી બાજુ ગુરુ એમ ન ઈચ્છે કે મારો વિનય કરે તો જ શિષ્યનો ઉદ્ધાર થાય, પણ શિષ્યને માર્ગદર્શન આપે કે વિનય એ જ તારો ધર્મ છે. તારી નમ્રતા, તારી લઘુતા, તારી સમર્પણતા જ તને ઊંચો લાવશે. વિનય અને વૈયાવચ્ચ એ સાધકજીવન માટેની શરતો છે. આમ શિષ્યના એકાંત હિતને હૃદયમાં રાખી ગુરુદેવ, શિષ્યનો વિનયમાર્ગ ભણાવે. પણ પોતામાં યોગ્યતા ન હોય, સામર્થ્ય ન હોય, છતાં અભિમાનના પોષણ માટે પોતે ગુરુ છે માટે શિષ્યનો ધર્મ છે કે એ મારો વિનય કરે એમ માને, એવા ગુરુને અસદ્ગુરુ કહ્યા.

અસદ્ગુરુ એટલે જેમણે સત્નો સાક્ષાત્કાર કર્યો નથી. પોતે આત્માને અનુભવ્યો નથી અને અન્યને એ રાહ બતાવી શકતા નથી, છતાં એમ કહેતા ફરે કે અમારી પાસે આવે તેનો ઉદ્ધાર થઈ જાય. હોય છે ને આ કાળમાં એવા અનેક સંપ્રદાય, અનેક પંથ? તે તે સંપ્રદાયવાદીઓની માન્યતા હોય છે કે અમારા સંપ્રદાયમાં ભળે તેને સમકિત થઈ જાય, તે પામી જાય. અરે! ભલા ભાઈ! સમકિત સંપ્રદાયમાં પડ્યું છે? સમકિત કોઈને માનવામાં પડ્યું છે? કે એ સંપ્રદાયને માનવા માત્રથી સમકિત થઈ જાય? હા, કોઈ પામેલા પુરુષ હોય, સતનો અનુભવ કર્યો હોય, તેઓ અન્યને માર્ગ બતાવી શકે. પણ એમને માનવા માત્રથી સમકિત થઈ જ જાય એ માન્યતા કેટલી ભૂલભરેલી છે?

અરે! અમારી પાસે આવી-આવીને લોકો કહે છે કે અમારામાં આવો તો પામી જશો! થોડા વખત પહેલાં એક ભાઈ આવ્યા હતા, એ અમને કહે :

''મહાસતીજી! અમે જ્યાં જઈએ છીએ અને જેને માની છીએ ત્યાં ગયા પછી સમ્યગ્દર્શન ન થાય એ બને જ નહીં. એકવાર આપ પણ ત્યાં પધારો!''

અમે કહ્યું:

''ભાઈ! માફ કરજો! ક્યાંય જવાથી કે કોઈને માનવાથી સમ્યગ્દર્શન થાય, એમ માનનારાઓના પક્ષમાં અમે નથી. પણ જીવનો પુરુષાર્થ ઊપડશે, અને પુરુષાર્થ વડે દર્શનમોહનીયનો ક્ષયોપશમ કે ઉપશમ થશે તો સમ્યગ્દર્શન થશે. હા, તેમાં પ્રત્યક્ષ નિમિત્ત કોઈ પણ હોઈ શકે! પણ એવું જરૂરી નથી કે તમે જ્યાં જાવ છો, ત્યાં જઈએ તો જ સમ્યગ્દર્શન થાય! ઉપાદાન તૈયાર હશે તો કોઈ પણ નિમિત્ત મળશે!''

બંધુઓ! આવી માન્યતાવાળા લોકો પોતાની પાછળ બીજાઓને દોરવતા હોય તો એ અસદ્ગુરુ છે, તેમ શ્રીમદ્જી કહે છે. અરે! ભોળા લોકોને ભોળવી, હજારો ભક્તો બનાવી દે, કારણ આ સમય તો એવો છે કે જેવું તૂત ચલાવવા માગો તેવું ચાલે, તમારામાં હિંમત અને બુદ્ધિ જોઈએ. ''ઝૂકનેવાલે તો હૈં, ઝુકાનેવાલે ચાહિયે.'' ખોટા માર્ગે જશો તો તો લાખો અનુયાયીઓ મળી જશે. કદાચ સારે માર્ગે, થોડા પણ ન મળે. પણ એનું પરિણામ ભયંકર છે. આ લોક પૂરતાં યશ, કીર્તિ ને પ્રતિષ્ઠા મળી જશે. પણ ભવ-ભવનું ભ્રમણ વધી જશે. માટે જ શ્રીમદ્જી કહે છે –

**અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,**

**મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી...૨૧...**

શ્રીમદ્જી કહે છે : વિનયધર્મ મહા ઉત્તમ છે. વિનય વિના સાધકને સાધનાની સિદ્ધિ સંભવિત નથી. છતાં અસદ્ગુરુઓ જો સાધક પાસેથી વિનય ગ્રહણ કરે, વૈયાવચ્ચ કરાવે, પોતાના અનુયાયીઓ બનાવી જગતમાં જૂઠાં યશ-કીર્તિ મેળવવાની ભાવના રાખે, તો તેમને મહામોહનીય કર્મ બંધાય અને પરિણામે અનંત સંસાર વધી જાય.

મહામોહનીય શું છે? આઠ કર્મમાં મોહનીય સૌથી વધારે ભયંકર કર્મ છે. બધાં જ કર્મો કરતાં તેની સ્થિતિ પણ વધારે છે. મોહનીય કર્મની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની કહી. ૭૦ કરોડને ૭૦ કરોડથી ગુણો અને જે આંક આવે એટલા સાગરોપમ. વર્ષ નહીં. ગણતરીમાં સહુથી મોટું માપ સાગરોપમનું છે.

હવે દરેક વખતે જીવ આટલી લાંબી સ્થિતિનું મોહનીયકર્મ બાંધતો નથી. પણ જ્યારે અમુક કારણો સેવાય ત્યારે આટલી લાંબી સ્થિતિનું કર્મ



બંધાય તો થાય શું? સંસાર વધે. કેવી રીતે?

વિચાર કરો! એકવાર ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિનું મોહનીયકર્મ બંધાય તો એ ભોગવવા માટે જીવને કેટલા ભવ કરવા પડે? પહેલાં જરા આટલા લાંબા કાળને જોઈએ. દશ ક્રોડાક્રોડ સાગરોપમના છ આરા, અવસર્પિણી કાળના છ આરા અને ઉત્સર્પિણી કાળના છ આરા. બે મળી એક કાળચક્ર થાય. આવાં સાડાત્રણ કાળચક્ર ચાલ્યા જાય. ત્યારે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ, ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની પૂરી થાય. આટલા સમયમાં કેટલાં જન્મ-મરણ? એક પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષનો, માની લ્યો કે ૧૦૦ વર્ષનો મનુષ્યનો એક ભવ, તો પણ ૨૧૦ ભવ થાય અને તે પણ બધા જ ભવ મનુષ્યના થાય તો! અન્યથા તિર્યંચના તો ઘણા થઈ જાય. આમ એક આરામાં સેંકડો હજારો ભવ થાય. તો ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમના સમયમાં કેટલા ભવ? આ સ્થિતિ ક્યારે પૂરી થાય? મનુષ્ય કે પશુના ભવો માત્રથી તો ન જ થાય અને દેવગતિમાં પણ વારંવાર જીવ જતો નથી, તેથી આ સ્થિતિને પૂર્ણ કરવા અનેક ભવ નરકના કરવા પડે, અને તે પણ ઉત્કૃષ્ટ સ્થિતિના. વળી ફરી જો એટલી જ ઉત્કૃષ્ટ સ્થિતિનું મોહનીયકર્મ બંધાય તો આ કડી જોડાતી જ જાય. આમ ભવોની પરંપરા ચાલતી જ રહે.

હવે મહામોહનીય કર્મ બંધાય કેવી રીતે તે જોઈએ. પ્રતિક્રમણ સૂત્રના ચોથા શ્રમણસૂત્રમાં કહ્યું છે – **તીસાએ મહા મોહણીય ઠાણેહિં** ત્રીસ પ્રકારનાં મહામોહનીયનાં સ્થાન છે. તેમાંનાં કેટલાંક આપણે જોઈએ.

પોતે જ્ઞાની ન હોવા છતાં પણ જ્ઞાની હોવાનો દંભ કરે અને સામર્થ્ય ન હોવા છતાં પણ પોતે સર્વ વાતે સમર્થ છે એમ માને અને મનાવે તો મહામોહનીય કર્મ બાંધે.

ગાથામાં પણ આ જ કહ્યું. આવી વૃત્તિ જેની હોય તેને જ અસદ્ગુરુ કહ્યા. તેઓ વિનયની અપેક્ષા રાખે તો મહામોહનીય કર્મ બાંધે. પોતે હોય તેવા દેખાય ત્યાં સુધી તો વાંધો નહીં પણ હોય નહીં ચાર આની અને દેખાવું સવા રૂપિયો! આ કેટલો દંભ! કેટલાક દંભી ગુરુઓ પોતાની લબ્ધિના પ્રલોભન દેખાડી ભોળા જીવોને ભોળવી ખોટે રાહે ચડાવી દે. પથ્થરની નાવ પોતેય ડૂબે અને બીજાને પણ ડુબાડે. સંસાર-વ્યવહારમાં

દંભ કરતો માણસ કદાચ ઓછાં કર્મ બાંધતો હશે, પણ ધર્મમાર્ગે દાંભિક, મહામોહનીય જ બાંધે, તેમજ બંધાવે, માટે તેવાથી તો ચેતતા રહેવું જરૂરી. પણ ભાઈ! દંભ ઓળખાય તો એને દંભ જ ન કહેવાય!

બીજું જે સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુના પ્રરૂપેલ ધર્મની નિંદા કરે તે પણ મહામોહનીય કર્મ બાંધે. બંધુઓ! એટલે જ આપણા અનુભવી પુરુષો વારંવાર આપણને કહેતા હોય છે કે તીર્થંકરની વાણી તને ન સમજાતી હોય, તારી શ્રદ્ધા ન બેસતી હોય, તું આચરી ન શકતો હોય, તો પણ એ વાણીની નિંદા ન કરીશ. તેને ખોટી ન કહીશ. તને ન સમજાય, તે તારો ગુનો નથી. તારો ક્ષયોપશમ ઓછો હોય, તો તને ન સમજાય, પણ નિંદા કરીશ નહીં, નહીં તો મહામોહનીય ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિનું બંધાઈ જશે તો નરક-નિગોદનાં દુ:ખો ભોગવતાં ભોગવતાં પણ તારો પાર નહીં આવે. ક્યાં આત્માની અનંત જ્ઞાનશક્તિ સહિતની ઉત્કૃષ્ટ દશા! અને ક્યાં અક્ષરના અનંતમા ભાગ જેટલું શ્રુત માત્ર ખુલ્લું રહે તેવી નિકૃષ્ટ નિગોદ દશા! એ પણ અનંત કાળ માટે!

એક કારણ એ પણ કહ્યું કે ચતુર્વિધ સંઘની અંદર ફાટફૂટ પડાવે તો પણ મહામોહનીય કર્મ બાંધે. શ્રાવક સમાજમાં, સંઘમાં જે સંગઠન અને ઐક્ય હોય તેમાં ફૂટ પડાવવામાં કેટલાક લોકોને આનંદ થતો હોય. આમ કરીને તે પોતાનું અહમ્ પોષતો હોય. તે એમ માને કે જોયું! મારામાં કેવી ચાલાકી છે! કર્યાને એક ઘા ને બે કટકા! સમાજમાં કુસંપ કરાવવામાં, ઝઘડા કરાવવામાં એવા માણસો પાવરધા હોય. પણ આનાથી તેની કિંમત વધે નહીં, ઘટે.

બંધુઓ! વિચાર કરજો. પુરાણા કાળમાં, બહુ જૂના સમયની વાત નહીં કરું. હજુ ૫૦-૧૦૦ વર્ષ પહેલાંની જ વાત. આપણા સંઘના સંગઠનને મહાજન સંસ્થા કહેવાતી. તેનો એક-એક સદસ્ય મહાજન કહેવાતો. તેની એટલી બધી Credit હતી કે રાજાની કંઈક ભૂલ થતી હોય અને મહાજન જઈને ઊભો રહે અને કહે : મહારાજ! આ ઠીક નથી થતું. આમ નહીં થવા દઉં! તો રાજાને માનવું પડતું. માનતા, એટલું મહાજનનું સન્માન હતું. આદર હતો. પણ આજે મહાજન સંસ્થાઓ ભાંગી પડી છે. પહેલી વાત તો એ છે કે જેવો સદાચાર જોઈએ તેવો નથી રહ્યો. નીતિ-ન્યાય અને પ્રમાણિકતા નથી રહ્યાં અને બીજું જૈન



તરીકેની જે ખુમારી જોઈએ તે નથી રહી. પરંતુ કુસંપ વધી પડ્યા છે.

માફ કરજો બંધુઓ! પણ આજે તો ધર્મ-સંસ્થાઓમાં જે દ્વેષભાવ વધ્યા છે તે બીજે નથી. કોર્ટ સુધી પહોંચ્યો છો. કેવું ગંદુ Politics ખેલાઈ રહ્યું હોય છે. તેના કારણે કેટલાં વૈમનસ્ય ઊભાં થાય છે? આ બધાંની પાછળ કામ કરી રહ્યું હોય છે અંદર પડેલું અહમ્! જે કંઈ થાય તે અહમ્‌ના પોષણ માટે જ થતું હોય. સહુને પોતાના અહમ્‌નું પોષણ કરવું હોય તે ન પોસાય એટલે સામ-સામા અહમ્ ટકરાય. તેમાંથી તણખા ઝરે, પરિણામે આગ લાગે.

બંધુઓ! વિચાર કરજો. અહમ્‌ને પોષવાના નાના એવા સ્વાર્થના કારણે કેટલાના દિલમાં આગ લગાડીએ? કેટલાં સાથેના સંબંધો બગાડીએ? કેટલા જીવોને ધર્મથી વિમુખ થવામાં નિમિત્ત બનીએ? કેટલાં વેર-ઝેર ઊભાં કરીએ? પછી આ બધાંથી મહામોહનીય કર્મ ન બંધાય તો બીજું શું થાય? માટે પ્યારા બંધુઓ! સમાજની-સંઘની સેવા થાય તો કરજો, અને ન થાય તો દૂર ખસી જજો પણ સંઘર્ષ ઊભો થાય એના નિમિત્ત તો ન જ બનશો. મહામોહનીય કર્મ બાંધી ચોરાશીના ચક્કરમાં ભટકવા જવું હોય, દુ:ખ ભોગવવાં હોય તો જ રાજ-રમતમાં રહેજો. નહીં તો દૂર રહેજો.

મહામોહનીય કર્મ બાંધવાનાં તો ત્રીસ કારણો છે. આપણે બધાની ચર્ચા અહીં કરી શકતાં નથી. હજી એક કારણ જોઈ લઈએ.

ઉપકારીના ઉપકારને ભૂલી તેનો દ્વેષી થઈને ઊભો રહે તે પણ મહામોહનીય કર્મ બાંધે.

ઉપકારીના ઉપકારનું સ્મરણ તો પળે-પળે રહેવું જોઈએ. એમાં પણ આત્મદશા પ્રગટ થવામાં જેઓ ઉપકારી થયા હોય તેમનો ઉપકાર તો શેં ભૂલાય? અનાદિ સંસારનાં દુ:ખો જીવે વેઠ્યાં તેનું કારણ જ એ કે આત્મદશા જાગી નો'તી. એ અનંત દુ:ખોનો અંત આણનાર ઉપકારી સદ્‌ગુરુ જ હોય. પણ કેટલાક જીવો આવા ઉપકારી ગુરુદેવના ઉપકારને પણ વીસરી જાય અને તેનો જ વિદ્વેષ કરી વિરોધી બની જાય.

ગોશાળાએ શું કર્યું? જે પ્રભુના સાંનિધ્યે તેનામાં અનેક શક્તિઓ જાગ્રત કરી તે જ પ્રભુને કેવળજ્ઞાન થતાં, પ્રભુનો વધતો પ્રભાવ અને

દેવેન્દ્રોથી થતી પ્રભુની પૂજા જોઈને તેના દિલમાં ઈર્ષ્યાની આગ પ્રજ્વળી ઊઠી. પ્રભુથી પોતે કોઈ રીતે ઊતરતો નથી એ સાબિત કરવા કેટલો ભ્રામક પ્રચાર કરવા માંડ્યો? તેમજ પ્રભુને જૂઠા કહી, પોતાને સર્વજ્ઞ તરીકે જાહેર કરતાં પણ ન અચકાયો! એટલું જ નહીં. ઉપકારીના ઉપકારને તો વીસરી જ ગયો. ઉપરાંત તેમના પર કેવો ભયંકર અપકાર કર્યો? તેજોલેશ્યાથી પ્રભુને બાળી મૂકવાના પ્રયત્નો કર્યા!

અંતરની ઈર્ષ્યાવૃત્તિ માનવને કેટલી અધમતા સુધી લઈ જાય છે તેનો તાદૃશ ચિતાર આમાં મળે છે. પણ બંધુઓ! પરિણામ શું આવ્યું? પ્રભુ તો વીતરાગ હતા, ક્ષમામૂર્તિ હતા, સમતાના સાક્ષાત્ અવતાર હતા.

તેમને તો શું થાય? પણ ગોશાળાએ અનંત સંસાર વધારનાર મહામોહનીય કર્મ બાંધ્યું. ઉપકારીના ઉપકારને ભૂલવાનું કેવું ભયંકર પરિણામ!

બંધુઓ! વિચારો! ગોશાળાએ પ્રભુઓ ચરણમાં સમર્પિત થઈ, પ્રભુની સર્વજ્ઞતાને વધાવી લીધી હોત અને પ્રભુના ચીંધેલ રાહે સાધના કરી હોત તો સંસારનો પાર પામી ગયો હોત.

આમ અનેક પ્રકારે જીવ મહામોહનીય કર્મ બાંધતો હોય છે. જીવે આ કારણો વિષે વિચાર કરવો ઘટે. પોતાના જીવનમાં જો આવું હોય, આવાં કારણો સેવાતાં હોય તો તેનાથી ચેતવાની જરૂર છે. જાગ્રત થવું આવશ્યક છે, અન્યથા ભવસાગરમાં ભમવા ચાલ્યા જઈશું.

વિનયધર્મના ઉત્તમ સિદ્ધાંતો બતાવ્યા પછી આ આત્મસાધક તત્ત્વોને કોણ સમજી શકે? સ્વીકારી શકે? તે હવે પછીની ગાથાઓમાં શ્રીમદ્‌જી બતાવશે.

# ....સમજે એહ વિચાર!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના યોગ્ય જીવ જ કરી શકે છે.

આજ સુધી થયેલ વિવેચનમાં આપણે એ જ જોયું કે આરાધના કરવા અને કરાવવા કોણ યોગ્ય છે અને કોણ અયોગ્ય છે. તેથી જ શ્રીમદ્‌જીએ સદ્‌ગુરુ અને અસદ્‌ગુરુનો ભેદ બતાવી, વિનય કરનાર તો કરે જ પણ ગ્રહણ કરનાર કેવા હોવા જોઈએ તે સ્પષ્ટ શબ્દોમાં આપણને સમજાવ્યું. આટલું કહ્યા પછી પણ તેઓશ્રી એ કહેવા માંગે છે કે આ બધી જ વાતો કોણ સમજી શકે? કોના માટે છે?

સ્થૂળ દૃષ્ટિથી વિચાર કરીએ તો આપણને તો એમ જ લાગે કે આ તો સંસારના સર્વ જીવો માટે જ હોય. તીર્થંકર પરમાત્મા દેશના આપે ત્યારે ભેદભાવ નથી રાખતા કે આટલા જીવો માટે જ છે અને આટલા માટે નહીં. પ્રભુની વાણી તો મેઘવર્ષા જેવી છે. એ તો સહુ પર સમાન ભાવે જ વરસે. આંબા પર વરસે તો લીમડા પર પણ વરસે. રાજાના મહેલ પર વરસે તો રંકની ઝૂંપડી પર પણ વરસે. વહેતી સરિતામાં વરસે તો ગંદા ખાબોચિયામાં પણ વરસે. વર્ષાની મુક્ત ધારા સહુને ભીંજવી દે.

એવી જ રીતે તીર્થંકરની વાણી પણ સર્વ જીવો માટે હોય છે અને તેમાંય પાપી અને પામર જીવો માટે તો ખાસ. અનંતકરૂણાનિધાન પ્રભુ સર્વ પ્રાણીઓ અર્થે વાણી પ્રવર્તાવે છે. દેવ, દાનવ, માનવ, પશુ સહુ એમની વાણીના અધિકારી છે.

પ્રભુ તો સહુ પર સરખા ભાવે જ વાણી વરસાવે પણ તેને ઝીલી કોણ શકે? પાત્રતા વિના તો વાણી ટકી ન શકે. આ વાણીને સમજી કોણ શકે? તો હવે શ્રીમદ્‌જી કહે છે:

**હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;**
**હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર...૨૨...**

મુમુક્ષુતા એટલે મોક્ષાભિલાષા. જેને ખરેખર અંતરથી સર્વ પ્રકારની સ્પૃહા શાંત થઈ હોય, કષાયો ઉપશાંત હોય, સંસારભાવમાં રુચિ ન હોય, સંસારની પ્રવૃત્તિ કરતો હોવા છતાં નિસ્પૃહ ભાવે, અલિપ્ત થઈ જીવતો હોય તે મુમુક્ષુ. આ એક અંતર્દશા છે. મુમુક્ષુતા એ કોઈ બહાર દેખાતી ચીજ નથી, પણ અંતરંગમાં પ્રગટ થતી એક પરિણામદશા છે. તે ક્યાંય જવાથી કે કોઈ મત, પંથ, સંપ્રદાયને માનવાથી કે તેમાં ભળવાથી આવતી દશા નથી. પણ જેને સંસારનો રસ ઊતરી ગયો, ભૌતિક જગતની નિસ્સારતા જેને સમજાણી છે, આધ્યાત્મિક રહસ્યોનાં મૂલ્ય જેને સમજાયાં છે અને તેને સ્વીકારવા તૈયાર થયો છે, એવો જીવ ગમે ત્યાં હોય પણ અંતઃકરણની પરિણામધારામાં મુમુક્ષુતા વર્તતી હોય છે.

આટલી યોગ્યતા ધરાવનાર જીવ જ જિનમાર્ગનાં રહસ્યોને સમજી શકે છે. સદ્ગુરુના ચરણોમાં સમર્પણતા, ચરમ આરાધના સુધીના સમર્પણભાવનું સાતત્ય તેમજ સત્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મ, આ ત્રણ તત્ત્વો પરની અનન્ય શ્રદ્ધા, તેમના પ્રત્યે આદર, માન, એ જ જીવનું કર્તવ્ય છે. કુદેવ, કુગુરુ અને કુધર્મની અંધશ્રદ્ધા ત્યાજ્ય છે. વળી હેય, જ્ઞેય અને ઉપાદેય તત્ત્વોનો વિવેક કરવો અનિવાર્ય આવશ્યકતા છે. આ બાબતો આગળની ગાથામાં શ્રીમદ્જી બતાવી ગયા. તેને વિચારવાન મોક્ષાભિલાષી મુમુક્ષુ જીવ સમજી શકે છે. કારણ એવા જીવને જ આ માર્ગનું મૂલ્ય સમજાયું છે. આપણા સહુનો અનુભવ છે કે જે પદાર્થનું મૂલ્ય સમજાય તેને મેળવવા અને મેળવ્યા પછી જાળવવા માટે કેટલા જાગ્રત હોઈએ છીએ તેની રક્ષા માટે કોઈએ કહેવું પડતું નથી.

એક વખત એક વણિક વ્યાપારી, પરદેશ કમાવા ગયો. ઘણાં વર્ષો રહી કમાયો. ખૂબ ધન મેળવ્યું. પોતાના વતન પાછો ફરે છે. ધન ઘણું છે. સાથે ઉપાડીને લઈ જઈ શકાય તેમ નથી, તેથી રત્નો ખરીદી લીધાં. એની નાની એવી પોટલી વાળી. પગપાળા મુસાફરી છે. રસ્તામાં ગાઢ મોટું જંગલ આવ્યું. લૂંટારાઓનો ભય છે. રત્નોની રક્ષા કરવી છે. સાથે પ્રાણની રક્ષા પણ જરૂરી છે. બુદ્ધિ વાપરી. થોડા કાચના કટકા ભેગા કરી તેની પોટલી વાળી પાસે રાખી અને સુરક્ષિત, એકાંત, નિર્જન જગ્યાએ રત્નોની પોટલી દાટી દીધી. જંગલમાં ચાલ્યો જાય છે. મોટે મોટેથી બૂમો પાડતો જાય છે. ''મારી પાસે રત્નો છે... રત્નો છે...'' અને પાગલ માણસની જેમ દોડ્યો જાય છે.



રસ્તે લૂંટારુઓ મળ્યા. સાંભળ્યું. અરે! આ તો પાગલ લાગે છે. છતાં એની પાસે શું છે તે જોઈએ તો ખરા! તેઓએ વાણિયાને ઊભો રાખી, પોટલી આંચકી લીધી. જોયું તો કાચ હતા. 'અરે! મૂરખ છે. છોડી દ્યો એને!' પડતો મૂકી ચાલતા થયા. બીજી ટોળી મળી. ત્યાં પણ એમ જ થયું અને વાણિયો આવી બૂમો પાડતો પાડતો આખાયે જંગલમાં ત્રણથી ચાર વાર આમથી તેમ ઘૂમ્યો. જંગલમાં રહેનાર બધા જ લૂંટારુઓ સમજી ગયા કે આ પાગલ છે. અને જ્યારે વાણિયાને લાગ્યું કે હવે પોતે સુરક્ષિત છે ત્યારે આજુ-બાજુ તપાસ કરી, કોઈ ન જાણે તેમ જમીનમાંથી દાટેલી રત્નની પોટલી કાઢી બૂમો પાડતો-પાડતો જંગલ વટાવી ગયો.

બંધુઓ! આનું નામ સમજાયેલાં મૂલ્યોની જાળવણી. મૂલ્ય સમજાય તો માનવ પાગલ બનવા પણ તૈયાર છે. અન્યની દૃષ્ટિએ મૂરખ ઠરવાનું પણ મંજૂર છે. જેને જિનેશ્વરની વાણી અને સદ્ગુરુના ઉપદેશનું મૂલ્ય સમજાયું છે તે જ તેને સમજવા માટે તેમાં ઊંડો ઊતરશે, પુરુષાર્થ કરશે. માર્ગ માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર થઈ જશે અને તેમ કરવા જતાં જગતની દૃષ્ટિએ પાગલ કહેવાય કે મૂરખ કહેવાય, તો પણ તેને દુઃખ નથી. આવા મુમુક્ષુ જીવના અંતરમાં તો પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ એવાં રમી રહ્યાં હોય અને તેઓ પ્રભુની નિકટતા એવી અનુભવતા હોય કે, સંસારના રાગી જીવો એને કંઈ પણ કહે તેની, તેમને પડી ન હોય, એ તો કહે –

**સંસારી કે'છે રે ભગતડાં ઘેલાં છે**
**તમે ઘેલાં ન જાણજો રે, પ્રભુને મન પે'લાં છે**
**સંસારી કે'છે રે ભગતડાં ભૂંડાં છે...**
**તમે ભૂંડાં ન જાણજો રે, ભક્તિના મૂળ ઊંડાં છે....**

તો આમ આત્મ-આરાધનાના માર્ગે જીવે જે કરવાનું છે અને જે છોડવાનું છે તેને મુમુક્ષુ જીવો સિવાય બીજા ન સમજી શકે. બીજા તો સવળી અને સીધી વાતોને અવળી રીતે જ સમજે છે. તેથી તેવા જીવો માટે શ્રીમદ્જીએ કહ્યું:

**હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર.**

જે જીવ પોતાની બુદ્ધિએ, મતિ-કલ્પનાએ ચાલનારો તથા મતાગ્રહી હોય, તેને આરાધનાની વાતો સમજાય નહીં. અરે! સમજે તો નહીં પણ તેનો અવળો અર્થ કરે.

જેના કષાયો શાંત થયા નથી, જેનો સંસારનો માર્ગ મોળો પડ્યો નથી, મિથ્યા માન્યતાઓ અને કદાગ્રહોને જેને છોડ્યા નથી એવા જીવને પોતાની માનેલી માન્યતાઓ સિવાય, બીજા કશામાંય રસ હોતો નથી. સર્વજ્ઞ-સર્વદર્શી પરમાત્માની સાક્ષાત્ વાણી કે તેઓનું સાક્ષાત્ સાંનિધ્ય તેના માટે ઉપકારી તો ન જ નીવડે, પણ વિષધરના મુખમાં ગયેલું અમૃત પણ વિષરૂપ પરિણમે તેમ, મતાર્થી જીવને તત્ત્વો પણ અવળી માન્યતારૂપ પરિણમે.

તેથી જ શ્રીમદ્જી કહેવા માગે છે કે મતાર્થી જીવ સ્વચ્છંદ ત્યજવામાં સમજે જ નહીં. સદ્ગુરુનું માહાત્મ્ય તેના હૈયે વસે જ નહીં. વિનય જેવા મહાન ધર્મની એ અવહેલના કરે. કુદેવ-કુગુરુ અને કુધર્મની મિથ્યા માન્યતામાં જ એ શ્રેય સમજતો હોય. આવા જીવો પાસે ગમે તેટલાં ઊંચા તત્ત્વો કહેવામાં આવે તેને હિતકર ન નીવડતાં અહિતકર નીવડે છે. જેમ કે –

**સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે.**
**ક્ષાર-સિંધુનું માછલડું જ્યમ, મીઠાં જળમાં મરે...પ્રેમરસ...**

◆

**ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ન સરે**
**મચ્છભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે...પ્રેમરસ...**

એકવાર એક સંતે, વ્યાપક દૃષ્ટિએ પોતાના પ્રવચનમાં સંસારની સ્વાર્થમયતા વિષે સમજાવ્યું. સભામાં બેઠેલા એક યુવાનની અવળી દૃષ્ટિએ આ તત્ત્વને અવળી રીતે ગ્રહણ કર્યું. એ ઘરે ગયો. ઘરમાંથી માતા-પિતાને ધક્કો મારી બહાર કાઢી મૂક્યાં. પત્નીને લાત મારી ઘરમાંથી નીકળી જવા માટે ઝઘડવા લાગ્યો. બાળકોને તો ઊંચકી-ઊંચકી બહાર ફેંકવાની તૈયારી કરવા માંડ્યો. ઘરમાં તો મહાભારત રચાઈ ગયું. બૂમાબૂમ અને રુદનના અવાજથી પાડોશીઓ ભેગાં થઈ ગયાં. સહુ પૂછે છે – 'છે શું? આમ એકાએક શું થયું?' માતા-પિતા, પત્ની, બાળકો તો કંઈ જાણતાં નથી. તેઓ કહે : 'અમને ખબર નથી કે અમારો અપરાધ શું છે?' અને પેલો ભાઈ તો કહે, 'તમે સહુ સ્વાર્થી છો. સ્વાર્થ છે ત્યાં સુધી જ સગાઈ છે. મહારાજે પ્રવચનમાં કહ્યું છે કે સ્વાર્થી સગાં સહુએ છોડવા જેવાં છે. માટે મારે કોઈ જોઈતાં નથી! તમે સહુ સ્વાર્થી છો. ચાલ્યાં જાવ મારા ઘરમાંથી, હું કોઈ સ્વાર્થીને રાખવા માગતો નથી.'

બંધુઓ! ઉપદેશમાંથી એણે શું ગ્રહણ કર્યું? કેવી અવળી મતિ?



આટલી સામાન્ય વાત પણ જે ન સમજી શકે તેને આત્મ-આરાધનાના તત્ત્વોની ગંભીર વાતો કરવામાં આવે તો એ શું કરે? ખૂબ મોટો અનર્થ કરી નાંખે. માટે જ શ્રીમદ્જીએ કહ્યું, કે ઉત્તમ પદાર્થોને મતાર્થી જીવ અધમ બનાવી નાખે. એટલે જ તેવા જીવને સત્સંગનો યોગ મળ્યો હોય તો પણ ઉપકારી ન નીવડે. તે માટે વળી શ્રીમદ્જી કહે છે –

**હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;**
**તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ...૨૩...**

મતાર્થી જીવ વિચારવાન નથી હોતો એટલે કે તેને નિજ-વિચારણા નથી હોતી. તેથી સંસાર પ્રત્યે પ્રીતિ અને આધ્યાત્મિકતાની અપ્રીતિ હોય છે. તેને જેટલો રસ પ્રેયમાં હોય છે એટલો શ્રેયમાં હોય નહીં. આત્મશ્રેયનાં સાધનોને એ ગૌણ સમજતો હોય અને સંસારની પ્રીતિ જોડવામાં, તેનું પોષણ કરવામાં, તેને વધારવામાં જ રચ્યો-પચ્યો રહેતો હોય. એ માટેનાં સર્વ સાધનોની મુખ્યતા માની, તેમાં જ પોતાનું હિત સમજતો હોય. આમ મમત્વ અને મોહભાવના કારણે તેને આત્મલક્ષ્ય જાગ્રત થાય નહીં. 'હું આત્મા છું. નિરાગી નિષ્કામ શુદ્ધ, ચૈતન્ય દ્રવ્ય છું. સર્વ પર પદાર્થોથી નિરાળો છું.' આવી ભાવના જાગે જ નહીં. તેનાં મન, વચન, કાયાના યોગો માત્ર સંસારભાવમાં જ રમતા હોય.

વિચારો બંધુઓ! રાત-દિવસ અનેક વિચાર કરો છો. શાના હોય છે એ વિચારો? એક દિવસ તો એવું કરજો કે આખો દિવસ જે વિચારો આવે તેને નોંધ્યા કરજો અને પછી જોજો કે કયા-કયા વિચારો આવ્યા. આત્માના કે આત્મા સિવાયના અન્ય? મને લાગે છે કે કોઈ ભાગ્યવાન જીવને જ આખા દિવસમાં પળ-બે પળ આત્મા યાદ આવતો હશે. બાકી તો સંસાર, સંસાર ને સંસાર! એ સિવાય કશું જ નહીં. અરે! અહીં ધર્મસ્થાનકમાં બેઠા હો ત્યારે પણ શેના વિચારો આવે છે? પરિણામધારા કઈ બાજુ વહેતી હોય છે? સાચું કહેશો? અહીં બેઠાં પણ આત્મા યાદ નથી આવતો! તમારામાંથી કોઈ કહેશે કે 'મહાસતીજી! અહીં બેઠા હોઈએ એટલી વાર તો આત્મા યાદ રહે છે.' તો પણ સારું! એટલા તો ભાગ્યશાળી છો. પણ જેને અહીં બેઠાં હોય પણ આત્મા યાદ ન આવે તેના માટે શું કહેવું? બંધુઓ! મુમુક્ષુતા ક્યારે પ્રગટશે? સંતના ચરણોમાં બેસી, સત્સંગની સભામાં બેસીને પણ જો મુમુક્ષુતા ન પ્રગટતી હોય, આત્મલક્ષ જાગ્રત ન થતું હોય તો ક્યાં થશે?

જે નિત્ય સંસારભાવમાં જ રહે છે, ધર્મનાં તત્ત્વોને પણ સાંસારિક ભાવથી જ સેવે છે, એવા જીવોને મતાર્થી કહ્યા છે. શ્રીમદ્જી હવે પછીની ગાથાઓમાં મતાર્થી જીવોની ઓળખાણ કરાવવા માગે છે. તેઓ કહે છે –

**તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ.**

મતાર્થી જીવો કેવા હોય? તેનાં લક્ષણો પક્ષપાતરહિત કહેવાં છે. જ્ઞાની પુરુષો તટસ્થ વૃત્તિ ધરાવતા હોય છે. તેમની દૃષ્ટિમાં સજ્જન પ્રત્યે રાગ નથી હોતો અને દુર્જન પ્રત્યે દ્વેષ નથી હોતો. તેઓ તો એ સમજતા હોય છે કે સર્વ જીવોનું પરિણમન સ્વતંત્ર હોય છે. કોઈના પરિણમનને ફેરવવું એ આપણી તાકાતની વાત નથી. માટે જે જીવ જેમ વર્ત્યો જતો હોય તેના પ્રત્યે માધ્યસ્થ ભાવ રાખી, માત્ર જોયા કરે. પણ એવા જીવની એટલે કે મતાર્થી જીવની પરિણતિ કેવી હોય તે બતાવવા પાછળ હેતુ હોય છે.

આગમોમાં પણ બન્ને પ્રકારના જીવોના વર્ણન આવે છે. જેઓ આરાધક ભાવે, ઉગ્ર તપ તેમજ ધ્યાન-સાધના વડે મુક્તિને પામી ગયા તે બતાવતાની સાથે વિરાધના કરનાર જીવ, વિરાધક ભાવે સંસારમાં ભટકે છે, તે પણ બતાવ્યું છે. ગ્રંથોમાં સમરાદિત્ય કેવળીની કથા છે તો સાથે અનંત સંસાર વધારનાર અગ્નિશર્માની કથા પણ છે. શ્રી પાર્શ્વનાથનો મહિમા ગાયો છે તો કર્મઠની ઉદ્ધતાઈનું પણ વર્ણન છે.

આ બતાવવાનો હેતુ એ છે કે જીવ પોતે પોતાના ભાવોને તપાસી વિરાધનાના માર્ગે હોય તો તેનાં માઠાં પરિણામોને વિચારી આરાધનાના માર્ગે વળે. પાપાચાર છોડી, સદાચારનો રાહ અપનાવે. જ્ઞાની પુરુષો વિરાધક જીવોનું વર્ણન કરી તેમની નિંદા કરવા નથી માગતા, વસ્તુ-સ્થિતિનું ભાન કરાવવા માગે છે.

અહીં શ્રીમદ્જી, એવા મતાર્થીનાં લક્ષણો પક્ષપાત છોડીને કહેવા માગે છે, જે આપણા પર ઉપકાર કર્યો છે. હવે પછીની ગાથાઓમાં મતાર્થીના એક-એક આંતર-બાહ્ય ભાવોનું વર્ણન થશે. આપણે સહુએ એ ભાવોને સાંભળી આપણી પરિણામધારા સાથે તેની તુલના કરી, તજવા યોગ્ય ભાવોને ત્યજવા પુરુષાર્થ કરીએ.

આગળ મતાર્થીનાં લક્ષણો કેવાં હોય તે અવસરે કહેવાશે.

ઽ

# ... તે ગુરુમાં જ મમત્વ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મ-વિચારણા જાગ્રત થયા પછી જ થાય છે. આત્મ-વિચારણા સતત વર્તે તો આરાધનાનાં નિમિત્તો મળતાં જ રહે. ભાવોમાં ઉત્કૃષ્ટતા જેટલી વધુ, તેટલાં બાહ્ય નિમિત્તો પણ જલદી મળે. સાધના માટેનાં નિમિત્તો નથી મળતાં તેનું કારણ આપણા ભાવોની કચાશ.

આત્મ-વિચારરહિત માત્ર બાહ્ય ભાવે ધર્મની આરાધના કરનાર જીવ, અનેક પ્રકારના જૂઠા ભ્રમને સેવતો હોય. દેવ, ગુરુ અને ધર્મવિષયક માન્યતા કે જ્ઞાનાદિ વિષયક તેની સમજણ ભૂલભરેલી હોય. આવો જીવ ક્યાં ક્યાં ભૂલ્યો છે, એ બતાવતાં શ્રીમદ્જી કહે છે.

**બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરુ સત્ય;**
**અથવા નિજકુળ ધર્મનાં, તે ગુરુમાં જ મમત્વ...૨૪...**

પ્રત્યેક માનવને જેમ વ્યાવહારિક જીવનમાં માર્ગદર્શકની જરૂર હોય છે તેમ ધર્મમાર્ગે ગુરુની આવશ્યકતા હોય છે. જેમ વ્યવહારમાં અનુભવી પુરુષને માર્ગ પૂછવા જઈએ છીએ, તેમ અધ્યાત્મ માર્ગે પણ આત્મ-અનુભવી સંતો જ ગુરુના સ્થાને હોઈ શકે. આવી જેને જાણ નથી, અધ્યાત્મમાર્ગનું ભાન નથી, આત્મલક્ષ્ય જાગ્રત થયું નથી એવા જીવો, ગુરુ તો ધારતા હોય, પણ એ માત્ર વેશધારી! જેણે કેવળ બાહ્યવેશ જ સજ્યો છે, પણ અંતરભેદ થયો નથી, ભેદવિજ્ઞાન વડે દેહ-આત્માની ભિન્નતા અનુભવી નથી, આવા ગુરુને માનવાથી શ્રેય સધાય નહીં.

બાહ્યાચારની આવશ્યકતા હોવા પછી પણ, લક્ષ્ય તો આત્મ-

અનુભૂતિનું જ હોવું ઘટે. આપણી પરંપરામાં, સાધુને પંચ-મહાવ્રત તથા પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિના પાલનની પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે. મહાવ્રતની પ્રતિજ્ઞા નવ-નવ કોટિએ હોય છે. મન, વચન, કાયાથી કરવું નહીં, કરાવવું નહીં, કરતાંને અનુમોદવું નહીં.

અહીં થોડું વિચારીએ. જીવનની બધી જ પ્રવૃત્તિઓ સાધુને પણ હોય જ છે, અને તે પ્રવૃત્તિ કરતાં પાપ ન થાય, હિંસા ન થાય, એવો સંભવ બહુ જ ઓછો છે. તેમાંય વચન અને કાયા પર તો કાબૂ થઈ શકે પણ મન પર કાબૂ કરવો તે મુશ્કેલ છે છતાં સર્વ સાધુઓને પચ્ચક્ખાણ તો નવ કોટિનાં જ હોય! આમ શા માટે? બહુ ગહન રહસ્ય છે. પહેલી વાત તો એ કે આવી પ્રતિજ્ઞા હોય અને પ્રતિજ્ઞા પ્રત્યે વફાદાર હોય તો એ મનથી પણ હિંસા કરવા ઈચ્છે નહીં. અજાણતાં થઈ જાય તે જુદી વાત. પણ બુદ્ધિપૂર્વક-પ્રયત્નપૂર્વક હિંસા કરવાનો વિચાર જાગે નહીં. જે પ્રવૃત્તિમાં હિંસા થતી હોય, તેનાથી દૂર જ રહે, અને બીજું વારંવારના આવા પ્રયત્નથી તેમના અંતર પરિણામમાંથી જ હિંસાના ભાવો ઊતરી જાય. પછી તે હિંસા કરી શકે જ નહીં. એટલું જ નહીં, પણ કોઈ જીવ જરા માત્ર પણ દુભાય, તેય તેનાથી સહન ન થાય. પરિણામમાંથી હિંસક ભાવોનું ઊતરી જવું એ જ છે ચરમ કોટિની અહિંસા.

આવા જીવોને અંતરમાં પ્રગટેલી ભાવદયા, આચરણમાં દ્રવ્યદયા રૂપે આવતી હોય છે. તેમણે મહાવ્રત રૂપે કરેલો બાહ્ય ત્યાગ, અંતરજ્ઞાનના નિમિત્ત રૂપ પરિણમ્યો હોય છે.

પણ જે જીવોને મહાવ્રતો સ્વીકાર્યા પછી પણ અંતરની ભાવધારામાંથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના ભાવો છૂટી જતા નથી તેઓ મહાવ્રતોનું બહુ જ રૂડી રીતે પાલન કરતા હોય, બહારના બધા જ આચાર-વિચારને પૂર્ણપણે વળગી રહ્યા હોય, તો પણ આત્મલક્ષ જાગ્રત કરી શકતા નથી અને સત્પુરુષની કોટિમાં પહોંચી શકતા નથી.

તેથી જ મહાવ્રતોના પાલનને પણ બાહ્ય ચારિત્ર જ કહ્યું. બાહ્ય ચારિત્ર-ભાવચારિત્રને પામવા માટે મહત્ત્વપૂર્ણ સાધન છે. જો બાહ્ય ચારિત્ર ગ્રહણ કર્યા પછી આત્મસ્વરૂપમાં સ્થિરતા રૂપ ભાવચારિત્ર ન



પ્રગટે તો મહાવ્રતોનું પાલન દ્રવ્યદશા સિવાય બીજું કશું નહીં.

બંધુઓ! સમજજો આ વાત! મહાવ્રતો પાળવા યોગ્ય જ છે અને પાળવાં જ જોઈએ. કોઈ એનો નિષેધ કરતું હોય તો તે ભયંકર ભૂલમાં છે. પણ તેની સાથે-સાથે એ પણ સમજવું જરૂરી છે કે, મહાવ્રતોનું પાલન, માત્ર પાલન કરવા ખાતર જ નથી. પણ તેના આશ્રયે આત્મસ્વરૂપની રમણતા રૂપ ભાવચારિત્ર પ્રગટ કરી લેવા માટે છે. જો આ સમજ વિના માત્ર બાહ્યાચારનું સેવન થતું હોય તો તેને બાહ્યત્યાગ જ કહેવાશે. તેથી જ શ્રીમદ્જી કહે છે કે જેને આંતરજ્ઞાન નથી અને કેવળ બાહ્ય ત્યાગ જ છે તેવા ગુરુને ગુરુ માનવા તે મતાર્થીનું લક્ષણ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે એ કેમ જાણવું કે આ બાહ્યત્યાગી સાધુ છે અને આ અંતર્જ્ઞાની છે? ઓળખવા શી રીતે? ઉપરથી સારું ચારિત્ર પાળતા હોય! કેટલાંક કષ્ટો સહન કરતા હોય! શાસ્ત્રોના જ્ઞાનની ચર્ચા પણ કરતા હોય, શાસ્ત્રો સમજાવતા હોય! તો શું એમને ગુરુ ન માનવા? સહજ ઊઠે એવો આ પ્રશ્ન છે. આ બધું હોય તેની સાથે જો તેઓને આત્માનુભવ થયો હોય તો તે ઓળખાયા વગર રહે નહીં. મુખ્ય વાત તો એ કે આત્મ-સાક્ષાત્કાર કરેલા સંત કદાગ્રહી ન હોય. હું કહું ને હું કરું તે જ સાચું, બીજા બધા ખોટા, આવું તેઓ કદી કહે તો નહીં, વિચારે પણ નહીં. વળી તેમને રાગ-દ્વેષાદિના વિકલ્પો વધે એવી કોઈ પણ પ્રવૃત્તિમાં રસ ન હોય. તેઓની દરેક પ્રવૃત્તિ સાથે નિ:સ્પૃહતા જોડાયેલી હોય. પોતે ઊંચા અને બીજા નીચા એવું તો તેઓ ક્યારેય માને નહીં. સહુ પોતપોતાનાં ક્ષયોપશમ પ્રમાણે વર્તતાં હોય તેમ માની માધ્યસ્થ ભાવને સેવતા હોય. આમ બીજા બધાથી તેઓની પરિણામધારા જુદી રીતે વહેતી હોય. આવા સત્પુરુષો ઓળખાયા વગર કેમ રહે?

અથવા જે સંતો ત્યાગી હોય, આત્મજ્ઞાન ન લાધ્યું હોય પણ તેઓને નિશ-દિન ખેદ વર્તતો હોય! હંમેશાં એમ થતું હોય કે હે પ્રભુ! આ તે કેવી વિડંબણા? સંસાર કે સંસારના વિષયોની પ્રીતિ નથી, રસ નથી, આત્માને પામવાની ઝંખના નિશ-દિન વર્તે છે, છતાં કેમ સમ્યગ્દર્શન થતું નથી? અને આવો ખેદ મનમાં એક નિશ્ચય કરાવે

કે સમ્યગ્દર્શન લઈને જ જંપવું છે. સમ્યગ્દર્શન ન થાય તો માનવ થયા તોય શું? સાધુ થયા તોય શું? અને આવી જાગૃતિ સેવતા સાધક પ્રબળ પુરુષાર્થની દિશામાં જ હોય છે. આવા સંતોનું શરણ પણ આત્મસાધક નીવડી શકે છે.

મતાર્થી જીવ બાહ્ય ત્યાગીને ગુરૂરૂપે સ્વીકારી ભૂલ કરી રહ્યો છે. એટલું જ નહીં પણ, **અથવા નિજ કુળધર્મના તે ગુરુમાં જ મમત્વ**, પોતે જે કુળમાં જન્મ્યો છે તે કુળની ચાલી આવતી પરંપરામાં જે ગુરુની માન્યતા ચાલી આવતી હોય તેને જ ગુરુ માને, અને તેમનામાં રહેલા પોતાના મમત્વનું પોષણ કરતો રહે. પછી એ ગુરુ થવાને યોગ્ય હોય અથવા ન પણ હોય. તેમના શરણે પોતાનો ઉદ્ધાર થાય યા ન થાય, પણ મારા ગુરુ આ જ છે અને એ જ સર્વશ્રેષ્ઠ છે, એવી કદાગ્રહી માન્યતામાં જ પીડાતો હોય.

અહીં પોતાના કુળગુરુને માનવાનો સર્વથા નિષેધ નથી. પણ જો એ માત્ર બાહ્યત્યાગી જ હોય અને જીવને તારવા સમર્થ ન હોય, માત્ર સાધુતાનો અંચળો જ ઓઢી લીધો હોય પણ અંદર તો પોલમપોલ હોય, તો એવા કુળગુરુ હોય તો પણ ત્યાજ્ય છે, સેવવા યોગ્ય નથી.

એવા ગુરુઓ તો ક્યારેક માણસનું સત્યાનાશ પણ કાઢી નાંખે. એક મોટા શહેરની વાત કરું. એક શ્રીમંત ઘરના બહેન, રોજ ઉપાશ્રયે આવે. એકવાર અમે તેમને પૂછ્યું કે તમો તો આવો છો, પણ તમારાં બાળકો કેમ ક્યારેય નથી આવતાં? તેમણે કહ્યું- મહાસતીજી! મારાં બાળકો પહેલાં તો આવતાં હતાં, પણ અમારે ત્યાં એક ઘટના બની ગઈ, જેથી હવે આવવાનું નામ નથી લેતાં.

બન્યું એવું કે એક કોઈ ચમત્કારી સંતની જાળમાં આ બહેન આવી ગયાં. તેમના પતિ અને બાળકોને પણ એમના પ્રત્યે શ્રદ્ધા થઈ ગઈ. પછી તેમને ઘરે લઈ આવ્યા. થોડા દિવસ ઘરે રાખ્યા. દરમ્યાનમાં અનેક અંધશ્રદ્ધાળુ લોકો તેના ચમત્કારથી ખેંચાઈ તેમની પાસે આવતા રહ્યા. જાણે તેમનો પ્રભાવ ચાર બાજુ એવો ફેલાઈ ગયો કે લોકોની તો લાઈન લાગી. કંઈકનાં દુ:ખો દૂર કરી દેવાનો દાવો હતો સંત પાસે, આ બહેન અને ઘરનાં નાના-મોટાં સહુ અંજાયાં. સ્તુતિ, ભક્તિ, પ્રાર્થના, જાપ વગેરે સહુ કરવા માંડ્યાં. સહુ ધર્મના



રંગે રંગાઈ ગયાં. એવામાં એક દિવસ એ બહેનના આખાયે કુટુંબને કોઈને ત્યાં લગ્ન પ્રસંગે જવાનું થયું. સંત પ્રત્યે અખૂટ વિશ્વાસ હતો. શંકાનું કોઈ કારણ નો'તું. સંત તો ઘરના જ એક સભ્ય જેવા થઈ ગયા હતા, તેથી તેમના ભરોસે ઘર છોડી સહુ લગ્નમાં ચાલ્યાં ગયાં અને સંતને મોકો મળી ગયો. રાત સુધી નિરાંત હતી. ઘરનાં કોઈ રાત સુધી આવવાનાં ન હતાં. તેથી જેટલું હાથ આવ્યું તેટલું દોઢ-બે લાખનું આંધણ કરીને ઊપડી ગયા. રાતે સહુ ઘરે આવ્યાં. ખબર પડી ગુરુદેવ તો એકાએક ચાલ્યા ગયા. જવાના ન હતા, શું થયું? ત્યાં તો ધીમે ધીમે ખબર પડવા માંડી કે આ ગયું ને પેલું ગયું અને સહુની શ્રદ્ધાને એવો મોટો ધક્કો લાગ્યો કે શ્રદ્ધાના ભાંગીને ભુક્કા થઈ ગયા.

બંધુઓ! આવા ઢોંગી ગુરુઓ માત્ર વેષધારી જ હોય. તે છેતરવા સિવાય બીજી વિદ્યા જાણતા જ ન હોય. વાસ્તવિક ધર્મ તો તેમનાથી સેંકડો યોજન દૂર હોય. આવા ગુરુઓમાં પોતાના મમત્વને પોષનાર જીવની દશા કેવી થાય? એ દિશાશૂન્ય થઈ જાય. માટે જ આપણા માર્ગાનુસારી કવિ પ્રીતમે બહુ સરસ ગાયું છે :

**જ્ઞાનહીણા ગુરુ નવ કિજીયે....**
**વાંઝ ગાય સેવ્યે શું થાય... સમાગમ સંતનો**
**કહે પ્રીતમ બ્રહ્મવિદ્ ભેટતાં,**
**ભવરોગ સમૂળો જાય.... સમાગમ સંતનો.**

અહીં સંતકોટિના કવિ પ્રીતમે જ્ઞાનહીન ગુરુને વંધ્યા ગાયની ઉપમા આપી છે. જેમ ગાય વંધ્યા હોય તો તે દૂધ ન આપે. કોઈ પણ માણસ પોતાના આંગણે ગાય તો એટલા માટે જ બાંધે કે તેને દૂધ મળે. જે ગાય દૂધ ન આપતી હોય તેની સેવા કરવાથી શું વળે? વળી વંધ્યા છે તે આજે નહીં તો કાલે પણ દૂધ નહીં આપે. એમ જેમને આત્મજ્ઞાન નથી થયું એવા ગુરુની ગમે તેટલી સેવા કરો તો વળે શું? માટે જ કવિ આગળ કહે છે, જેમને બ્રહ્મજ્ઞાન થયું છે એટલે નિજપદને અનુભવી જિનપદને ઓળખી લીધું છે. બ્રહ્મ એટલે આત્મા, બ્રહ્મ એટલે પરમાત્મા, આવી સચોટ અને દૃઢ પ્રતીતિ જેને વર્તે છે તેવા ગુરુ જો ભેટી જાય તો ભવનો રોગ મૂળમાંથી નષ્ટ થાય.

બંધુઓ! કોઈ પણ જાતનો રોગ હોય પણ તે મૂળમાંથી જ નષ્ટ થવો જોઈએ. તેને આજના યુગની જેમ એલોપથી દવાઓથી દાબી દેવામાં આવ્યો હોય તો તે, જે વૃક્ષનું મૂળ સાબૂત છે તેની જેમ પાછો પાંગરે. તેથી રોગને દાબવો નથી, જડમૂળમાંથી નાશ કરવો છે. ઢોંગી ગુરુઓએ ચીંધેલ માર્ગ સેવતાં ઉપર-ઉપરથી ધર્મી થઈ ગયા એવું લાગે પણ અંતરના ઊંડાણને ધર્મ સ્પર્શ્યો ન હોય. ઉપરથી તો કદાચ તેઓ વિષય-કષાયોને નબળા પાડે છે તેમ લાગે પણ અંતરશુદ્ધિ થાય નહીં. દવા તે એનું નામ કે જે મૂળમાંથી રોગને કાઢે.

આપણને પણ ભવ-રોગ લાગ્યો છે. એટલે કે વારંવાર જન્મ લેવો અને વારંવાર મરવું. આ પરંપરા ચાલુ જ છે.

**'पुनरपि जननं पुनरपि मरणं'**

ફરી ફરીને સંસારના આ ચક્રમાં ઘૂમ્યા જ કરીએ અને જ્યાં સુધી ભવના બીજનો નાશ નહીં થાય ત્યાં સુધી ઘૂમ્યા જ કરીશું. એ નાશની શક્તિ આપનાર છે સદ્‌ગુરુ. માટે એવા ગુરુના ચરણ સેવવા જોઈએ.

મતાર્થીની ગુરુવિષયક માન્યતા, તેને ડુબાડનાર છે. જ્યાં આ માન્યતામાં જ ભૂલ હોય ત્યાં આત્માના વાસ્તવિક સ્વરૂપની સમજણ ક્યાંથી પ્રગટે? અને એ સમજણના અભાવે આરાધક ભાવ પણ ન જાગે. પરિણામે સંસારનું પરિભ્રમણ જ રહે.

હવે મતાર્થીના અન્ય લક્ષણો શું છે તે શ્રીમદ્‌જી કહે છે.

## વર્ણન સમજે જિનનું...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્માર્થી જીવો જ કરી શકે છે. આત્માર્થીને આરાધનાની જાણ હોય છે અને તેથી જ સુયોગ સાંપડતાં એ આરાધનાના માર્ગે વળી જાય છે, પણ માત્ર બાહ્ય ભાવોમાં જ રાચતો હોય એવો મતાર્થી જીવ આરાધનાને ઓળખી શકતો જ નથી. આરાધના પોતા માટે કર્તવ્ય છે એ જાણતો જ નથી, પછી આરાધના કરે કઈ રીતે?

મતાર્થી જીવ આરાધનાના પ્રત્યેક સાધનને પોતાની રીતે મૂલવતો હોય અને એ જ મૂલ્યાંકન યોગ્ય છે તેમ માનતો હોય. વ્યાવહારિક ક્ષેત્રે, જ્યાં સુધી તમારા પોતાના જીવનની અંગત વાતો છે, ત્યાં તમારાં મૂલ્યાંકનો ચાલી શકે. પણ જે તમારા સુધી જ સીમિત નથી, ત્યાં સામાજિક મૂલ્યાંકનો સ્વીકારવાં રહ્યાં. તમારાં માનેલાં મૂલ્યો જે માત્ર તમારા માટે જ છે તે સમાજમાન્ય ન પણ બને, અને વ્યાપક સ્તર પરના મૂલ્યાંકનો તો અનુભવી મહાપુરુષો દઈ ગયા, તે જ યોગ્ય હોઈ શકે.

આધ્યાત્મિક ક્ષેત્રે આરાધનાની સમજણ અને આચરણવિષયક માન્યતા પર પૂર્વે જ મહાપુરુષો આ માર્ગ સેવી સિદ્ધિ પામી ગયા, તેમનાં આંકેલાં મૂલ્યો પર જ સિદ્ધિ અવલંબે. જો આ મૂલ્યો આપણાથી સ્વીકાર્ય ન બને તો ભ્રમણામાં અટવાયા જ કરીએ.

મતાર્થી જીવને પણ સાધનાનાં સાધનો તો મળી જાય છે પણ તેનાં મૂલ્ય અને સ્વરૂપ વિષે ભ્રમણા હોવાના કારણે આત્મવિકાસમાં ઉપયોગી નીવડતાં નથી. જીવન-વ્યવહારની ઉપયોગિતાના ક્ષેત્રે તમને મળેલાં સાધનોને પહેલાં તમે જાણ્યાં, સમજ્યાં અને પછી મૂલવ્યાં.

યોગ્ય વ્યક્તિના હાથમાં આવેલ યોગ્ય સાધનો, જીવન જીવવાની સરળતા કરી આપવાની સાથે મનનો આનંદ પણ આપે છે, પણ અયોગ્ય માણસના હાથમાં પહોંચેલું સાધન નિરુપયોગી થઈ જાય છે. તે જ રીતે મતાર્થીને મળેલાં બાહ્ય-આંતરિક સાધનોને એ જાણે-સમજે નહીં, તેનો ઉપયોગ કરતાં આવડે નહીં તો આત્મવિકાસનો માર્ગ મળે નહીં.

અહીં મતાર્થીના લક્ષણો બતાવતાં, તેની ગુરુવિષયક માન્યતા કેટલી ભૂલભરેલી છે તે બતાવ્યું. આપણાં શાસ્ત્રોમાં મિથ્યાત્વી જીવની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે જે જીવ કુ-દેવ, કુ-ગુરુ અને કુ-ધર્મને માને તે મિથ્યાત્વી. એ જ રીતે સુ-દેવ, સુ-ગુરુ અને સુ-ધર્મને ન માને તો પણ મિથ્યાત્વી. મતાર્થી કુ-ગુરુને સુ-ગુરુ માનતો હોય, તેમનામાં જ તેને શ્રદ્ધા હોય તેથી જ તેને મતાર્થી કહ્યો.

હવે તેની દેવવિષયક માન્યતા શું છે તે જોઈએ.

**જે જિનદેહ પ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ,**
**વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ...૨૫...**

જૈન સાધનામાં અરિહંત દેવ શ્રદ્ધેય છે. સાધના કરતો પ્રત્યેક સાધક પોતાના હૃદયમંદિરે જિનેશ્વર દેવને બિરાજમાન કરે છે. તેઓની સ્તુતિ-ભક્તિ શ્રદ્ધા વડે કરી, સાધ્યની સિદ્ધિ કરતો હોય છે.

મતાર્થી જીવ પણ અરિહંત પ્રભુને જ દેવ માનતો હોય, પણ એ દેવની ઉપાસના તેના બાહ્ય રૂપને જોઈને કરતો હોય. જિનેશ્વર પ્રભુની બાહ્ય વિભૂતિ પણ અમાપ હોય. બસ, તેમાં જ જિનેશ્વરનું સ્વરૂપ કલ્પી તેને માને, વંદે, પૂજે, પણ જિનેશ્વરનું યથાર્થ સ્વરૂપ શું છે તેની તેને ખબર ન હોય તથા જિનેશ્વરને જ શા માટે પૂજવા એ પણ તે જાણતો ન હોય.

અહીં પ્રશ્ન થાય કે જિનદેવ તે આપણા દેવ છે. શા માટે? કારણ તેઓ વીતરાગી છે, રાગ નથી અને દ્વેષ પણ નથી. તેઓ જે કંઈ કહે છે તે એકાંત કરૂણાભાવથી, નિષ્પક્ષપાત દૃષ્ટિથી. માટે જ એવા જિનેશ્વર આપણા દેવ.

**રાગ નથી એને, દ્વેષ નથી એને, પ્રેમભર્યો પારાવાર;**
**નિશદિન કૂણાં કાળજડેથી, વહેતી કરૂણાની ધાર;**



**સાતા પામે સઘળાં પ્રાણી, એવી મારા વીરની વાણી....**

નિરાગી દેવ જ સર્વ જીવોને સાચો રાહ બતાવી શકે. અન્યથા જ્યાં રાગ છે ત્યાં પક્ષપાતરહિત બુદ્ધિ રહેતી નથી. આપણા સહુનો અનુભવ છે કે જ્યાં જ્યાં આપણો રાગ જોડાયેલો છે, ત્યાં ત્યાં તે વ્યક્તિની, પહાડ જેવડી ભૂલ પણ રાઈ જેવડી લાગે અને દ્વેષ છે ત્યાં રાઈનો પહાડ કરીએ. રાગ-દ્વેષથી રંજિત દૃષ્ટિ નિષ્પક્ષપાતી ન હોઈ શકે માટે જ દેવ તો શ્રી વીતરાગ જ.

મતાર્થી જીવ આવા વીતરાગ પરમાત્માને જ દેવ માનતો હોય પણ તે તેઓની બાહ્ય છબીને; તેમનું સ્વરૂપ માની લે. અરિહંત પરમાત્મા પૂર્વભવોની અસીમ પુણ્યાઈ લઈને પધાર્યા હોય તેથી દેવાદિ તેમની સેવામાં હોય. તેઓ સમવસરણની સુંદર રચના કરે. પ્રભુનો પ્રભાવ વધે. વળી ૩૪ અતિશયો અને ૩૫ પ્રકારની વાણી પણ પુણ્યના યોગે હોય. તે સિવાય પ્રભુની દેહ-કાંતિ પણ અલૌકિક અને અનુપમ હોય. એમના દેહની અપ્રતિમ સુંદરતાને જોઈ માનવ તો મોહે, પણ દેવ અને દેવીઓ પણ મોહે.

શ્રી ભક્તામર સ્તોત્રમાં શ્રી માનતુંગાચાર્યે પ્રભુની દેહશોભાનું કારણ દર્શાવતાં કહ્યું છે :

**यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं,**
**निर्मापित। स्त्रिभुवनैकललामभूत!**
**तावन्त एव खलु तेऽप्यणवः पृथ्व्यिां,**
**यत्ते समानमपरं न हि रूपमस्ति ॥१२॥**

હે પ્રભુ! આપની દેહયષ્ટિ શાન્તરાગથી રસાયેલા ઉત્તમ પરમાણુઓથી નિર્મિત થઈ છે. જે પરમાણુઓ ત્રણેય લોકમાં સહુથી સુંદર હતા, તે બધા જ પરમાણુઓ આપે ગ્રહણ કરી લીધા. હવે એ માંહેલો એક પણ પરમાણુ જગતમાં ક્યાંય બચ્યો નથી. તેથી જ આપના જેવું અનન્ય રૂપ બીજા કોઈનું નથી.

આવા અદ્ભુત દેહલાલિત્યથી દીપતા પ્રભુ સહુ માટે આકર્ષણનું કેન્દ્ર હોય છે. પૂર્વભવે સેવેલા ઉત્કૃષ્ટ ભાવો અને સર્વ જીવોને ધર્મ પમાડવાની બળવત્તર ભાવનાએ ઉપાર્જન કરેલા પુણ્યાતિશયોને કારણે

બધી જ બાહ્ય રિદ્ધિ પ્રભુ પામ્યા હોય.

આટલું હોવા પછી પણ આ બધો પુદ્‌ગલનો જ ખેલ. પુણ્ય પણ પુદ્‌ગલ અને તેનાથી મળેલ બાહ્ય રિદ્ધિ તે પણ પુદ્‌ગલ. મતાર્થી જીવ આ પુદ્‌ગલના ખેલમાં ખોવાઈ જાય અને તેને જ પ્રભુનું સ્વરૂપ સમજી લે. પણ પ્રભુની આંતરિક વિભૂતિ તો અદ્‌ભુત હોય. તેનું ભાન મતાર્થીને થાય નહીં. આત્માર્થીને આ જ્ઞાન લાધે અને તેથી જ તે પ્રભુના આંતર-સ્વરૂપને ઓળખે અને જાણે અને તેમાં તન્મય થવાનો પ્રયાસ કરે.

અહીં એક પ્રશ્ન થાય છે કે પ્રભુના દૈહિક રૂપનો મહિમા શા માટે ઠેર ઠેર ગાવામાં આવ્યો છે? એ શું ઉપકારી થઈ શકે? બંધુઓ! મનુષ્યનું બાહ્ય વ્યક્તિત્વ પણ તેના જીવનમાં ઘણો ભાગ ભજવે છે. આપણે ક્યારેક કોઈ મહાપુરુષનું નામ સાંભળીએ, તેમના ગુણોની પ્રશંસા સાંભળી અને તરત આપણા માનસચક્ષુ સામે એક પ્રતિભાસંપન્ન પુરુષનું ચિત્ર ખડું થઈ જાય છે. તેમની મહાનતા સાથે જ, તેમની બાહ્ય સુંદરતા પણ ઊપસી આવે છે. આપણે એમ માનતા હોઈએ કે આટલી ઊંચી કક્ષાએ પહોંચેલા મહાપુરુષો આવા સુંદર જ હોવા જોઈએ અને આપણને સહજ આકર્ષણ થાય છે. તેવી જ રીતે અરિહંતના દેહસૌંદર્યનું વર્ણન, તેમની બાહ્ય વિભૂતિ સામાન્ય માનવને આકર્ષે છે. આવા આકર્ષણથી આકર્ષાઈને પણ માનવ તેમના ચરણમાં જાય તો, તેઓની વાણી, એ જીવનો ઉદ્ધાર કરે. આવા ભાવોને લક્ષ્યમાં રાખી અરિહંતના દિવ્ય રૂપનું વર્ણન કરવામાં આવે છે.

પણ ત્યાં જ અટવાઈ રહેવાનું નથી. જેમનું દૈહિક, દિવ્ય સૌંદર્ય આટલું મહિમામય! તેમનો ચૈતન્ય પ્રભુ કેવો અલૌકિક હશે કે જે ચેતનાના કારણે જ દેહપ્રભા પ્રકાશિત છે. માટે જ તેઓના આત્મસ્વરૂપનો વિચાર કરવાનો છે. જેઓ સંપૂર્ણ રાગ-દ્વેષથી રહિત થઈ ગયા, તેઓની વીતરાગી દશા કેવી અનુપમ હશે? આત્મામાં નિરાગી દશાનો કેવો અનુભવ તેઓ કરી રહ્યા હશે? ક્યારેક થોડી પળો માટે પણ આપણા મનમાં શાંતિ હોય અને રાગાદિના ભાવો જાણે શમી ગયા હોય એવું લાગે, ત્યારે કેવો આનંદ આપણે અનુભવી લેતા હોઈએ છીએ! તો જેઓ સર્વ દોષોથી રહિત થઈ ગયા તેમનું સ્વરૂપ કેવું અનેરું હશે!



જન્મ સાથે મતિ, શ્રુત, અવધિ ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને આ પૃથ્વીપટ પર અવતરિત થયા હોય અને ઉત્તરોત્તર આત્મવિકાસની દશા વધતી જતી હોય તો તેવા પ્રભુ જ્યારે કેવળજ્ઞાનને પામે ત્યારે તેઓની અંતરદશા કેવી અજોડ હોય! કઈ રીતે આપણે તે સ્વરૂપની કલ્પના કરી શકીએ? આપણા જેવા અજ્ઞાન જીવોના ગજા બહારની વાત છે. છતાં એ સ્વરૂપને જાણવું જરૂરી છે એટલું જ નહીં, શ્રદ્ધામાં ઉતારી, ભજવું પણ આવશ્યક છે.

એ સ્વરૂપને વળી શ્રી માનતુંગાચાર્ય ભક્તિ કરતાં કહે છે –

**त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं,**
**ब्रह्माणमीश्वरमनन्तमनंगकेतुम्।**
**योगीश्वरं विदितयोगमनेकमेकं,**
**ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२८॥**

ભગવાન ઋષભદેવની ભક્તિ કરતાં આચાર્યશ્રીએ પ્રભુને અનેક વિશેષણો વડે બિરદાવ્યા છે. જો કે જિનેશ્વરના અગાધ સ્વરૂપને કોઈ પણ વિશેષણ વર્ણવી શકે નહીં છતાં ભક્તિવશ મુખમાંથી પ્રભુના ગુણગાનના સુંદર શબ્દો સરી પડે છે.

પ્રભુ 'અવ્યયી' છે. અવ્યય એટલે જેમાં કશો જ ફરક ન પડે તે. વ્યાકરણમાં 'અવ્યય' આવે છે. વાક્યરચનામાં ગમે ત્યાં તેને મૂકવામાં આવે પણ તે સર્વ કાળમાં, સર્વ વચનમાં, સર્વ લિંગમાં, એક સરખું જ રહે. તેનું રૂપ બદલે નહીં. પ્રભુએ જે સ્વરૂપની પ્રાપ્તિ કરી છે તે અનંત અને અવ્યાબાધ છે. તેઓના આત્માની સંપૂર્ણ નિર્મળતા એવી છે કે હવે કોઈ પણ નિમિત્તો તેને મલિન કરી શકે નહીં. સર્વ વિશુદ્ધિને તેઓ પામી ગયા છે. તે ભાવો અનંત કાળ સુધી વર્ત્યા કરશે. સંપૂર્ણ જ્ઞાતા દૃષ્ટા ભાવને વરી ગયા છે. માટે જ પ્રભુ અવ્યયી છે.

પ્રભુ 'વિભુ' છે. પ્રભુએ અંતરંગ વિભૂતિ પ્રાપ્ત કરી છે તેથી તેઓ સ્વ-પર પ્રકાશક છે. પોતે આંતર-બાહ્ય પ્રકાશિત છે અને અન્યને પણ પ્રકાશિત કરે છે. તેઓના જ્ઞાનમાં લોકનો એક પણ પદાર્થ છાનો રહેતો નથી. બધા જ પદાર્થોનાં પ્રતિબિંબ તેઓના આત્મદર્પણમાં ઝળકે છે. વળી પોતે જે રીતે પ્રકાશિત થયા, એ જ માર્ગ અન્યને પણ બતાવે છે, માટે પ્રભુ 'વિભુ' છે.

પ્રભુ 'અચિન્ત્ય' છે. જેને ચિંતન દ્વારા જાણી ન શકાય, માપી ન શકાય, તે અચિન્ત્ય. માનવ મનથી ચિંતન કરી પદાર્થોને જાણતો હોય છે પણ મનના વિચારો એક સીમા સુધી જ પહોંચી શકે. પ્રભુનું અનંત મહિમામય સ્વરૂપ તો અસીમ છે, ત્યાં સુધી કેમ પહોંચાય? વળી મન જડ અને પ્રભુ એટલે અનંત ચેતનાનો અવિકલ આવિષ્કાર! ક્યાં મેળ ખાય? પ્રભુ આપ અમારા ચિંતનમાં સમાઈ શકો નહીં. માટે જ આપ 'અચિન્ત્ય' છો.

પ્રભુ 'અસંખ્ય' છે. જે સંખ્યાના માપથી ન મપાય તે અસંખ્ય. પ્રભુના અનંતગુણો પ્રગટ થઈ ચૂક્યા છે. આત્માના અસંખ્ય પ્રદેશ પર રહેલા અનંત-અનંતગુણો આવિર્ભુત થયા છે, તેથી આપ 'અસંખ્ય' છો.

પ્રભુ 'આદ્ય' છે. જેઓએ કેવળજ્ઞાન, કેવળદર્શન અને સંપૂર્ણ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ કરી છે, જે આદિ અનંત છે, તેથી આદ્ય છે. આ સ્તોત્રમાં ભગવાન ઋષભદેવની સ્તુતિ કરવામાં આવી છે. પ્રભુ આ અવસર્પિણી કાળના, ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકર, પ્રથમ રાજેશ્વર, પ્રથમ સમાજસેવક એમ અનેક પ્રકારે સમાજક્ષેત્ર અને ધર્મક્ષેત્રના આદ્ય કર્તા છે. તેથી તેઓ 'આદિનાથ'ના નામથી જૈન-અજૈન પરંપરાઓમાં પ્રસિદ્ધ છે માટે તેઓ 'આદ્ય' છે.

પ્રભુ 'બ્રહ્મા' છે. જેમનું બ્રહ્મતત્ત્વ એટલે કે સર્વ વિશુદ્ધ આત્મતત્ત્વ જાગ્રત થઈ ગયું છે તે બ્રહ્મા. પ્રભુએ પોતાના બ્રહ્મતત્ત્વને પામી લીધું છે. વળી બ્રહ્મા એટલે આ સૃષ્ટિના કર્તા, જેમણે સૃષ્ટિની રચના કરી. આ હિન્દુ માન્યતા છે. ભગવાન આદિનાથે અસિ, મસિ, કૃષિ રૂપ ત્રણ કળા આપી જગતના જીવોને રચનાત્મક જીવન જીવતાં શીખવ્યું, તેથી તેઓ 'બ્રહ્મા' છે.

પ્રભુ 'ઈશ્વર છે. જેઓએ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે તે ઈશ્વર – પ્રભુએ અંતરંગ લક્ષ્મીરૂપ અનંત જ્ઞાન, અનંત વીર્ય અને અનંત સુખની પ્રાપ્તિ કરી છે. આ ચારને ભાવપ્રાણ કહો, કે અનંત ઐશ્વર્ય કહો. વળી આ ઐશ્વર્ય પ્રાપ્ત થયા પછી પુનઃ નાશ પામતું નથી. માટે પ્રભુ 'ઈશ્વર' છે. ઈશ્વરને બીજા શબ્દોમાં નાથ પણ કહેવાય. પ્રભુ ત્રિલોકનાથ છે. સર્વ જીવોને શરણે રાખી સહુનું રક્ષણ કરે છે. ભવના સમુદ્રથી તારે છે, માટે પ્રભુ 'ઈશ્વર' છે.

પ્રભુ 'અનંત' છે. પ્રભુએ જે કંઈ પ્રાપ્ત કર્યું તે બધું જ અનંત પ્રાપ્ત કર્યું. હવે કશું જ અંતવાળું નહીં. અનંત ચતુષ્ટય, અનંત



અવ્યાબાધ સુખ, અનંત ક્ષાયિક સમકિત', અનંત અક્ષયસ્થિતિ આદિ અનંતોને પામી ગયા માટે પ્રભુ 'અનંત' છે.

પ્રભુ 'અનંગકેતુ' છે. જેઓએ અનંગ એટલે કામદેવને જીતી લીધો તે અનંગકેતુ છે. પ્રભુએ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કર્યો કે જે મોહનીય જ વિકારોની જડ હતી, તેથી હવે આત્માના એક પ્રદેશે પણ વિકૃતિ રહી નહીં.

રામચરિત માનસમાં તુલસીદાસજી શ્રી રામચંદ્રજીના વિવાહનો પ્રસંગ વર્ણવે છે. રામ સ્વયંવર મંડપમાં પધારે છે. ત્યાં રહેલા સ્ફટિક જેવા થાંભલાઓમાં તેઓનું પ્રતિબિંબ પડે છે. તે જોઈ કવિ કલ્પના કરે છે કે સ્તંભમાં પ્રતિબિંબિત થતું રૂપ એ કામદેવ છે. રામના રૂપ-સૌંદર્યને જોઈ કામદેવને શરમ આવી અને તે થાંભલામાં છુપાઈ ગયો. કામદેવ રામની પાસે આવી શકતો નથી. આ એક સંકેત છે. રામ પરણવા જાય ત્યારે કામદેવની લગામ રામના હાથમાં હોય અને સામાન્ય માણસ પરણવા જાય ત્યારે એની લગામ કામદેવના હાથમાં હોય.

પ્રભુના અનંત પાવન અંતઃકરણમાં કામદેવ પ્રવેશ પામી શકે નહીં, માટે પ્રભુ 'અનંગકેતુ' છે.

પ્રભુ 'યોગીશ્વર' છે. યોગ પર જેમણે પ્રભુત્વ મેળવ્યું તે યોગીશ્વર. મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિઓ સામાન્ય માનવની જેમ હોતી નથી, ત્રણેય યોગોને સાધી લીધા છે. યોગોને સાધી, તેની નિરર્થકતા જાણી, અયોગી બનવા માટે જઈ રહ્યા છે તે 'યોગીશ્વર' છે.

પ્રભુ 'વિદિત યોગ' સર્વ પ્રકારના યોગના જાણકાર છે. અર્થાત્ મન, વચન, કાયાને તેના દ્રવ્ય-પર્યાય રૂપ પરિણમનને જાણે છે, અને બીજી રીતે કહીએ તો પ્રભુ વિશ્વના જેટલા જેટલા જડ-જડ અને ચેતન-જડના યોગો થવા સર્જાયેલા છે, તે સર્વના જાણકાર છે.

પ્રભુ 'અનેક' છે અને 'એક' પણ છે. સિદ્ધ ભગવાનની સ્તુતિ કરતાં એક ભક્તહૃદય કહે છે.

**એક માંહી અનેક રાજે, અનેક માંહિ એકિકં,**
**એક અનેકકી નાહી સંખ્યા, નમો સિદ્ધ નિરંજનમ્**

સિદ્ધાલયમાં સિદ્ધ પરમાત્મા જ્યાં એક બિરાજે છે ત્યાં અનેક પણ

છે અને અનેક છે ત્યાં એક પણ છે. સિદ્ધ પ્રભુનો આત્મા જેટલા આકાશપ્રદેશને અવગાહીને રહ્યો હોય ત્યાં જ બીજા સિદ્ધાત્માઓ રહી શકે. છતાંય અનેક વચ્ચે સહુનું પોતાનું અસ્તિત્વ સ્વતંત્ર જ હોય માટે પ્રભુ એક પણ હોય. વળી બીજી રીતે સર્વ આત્માનું સ્વરૂપ એક સરખું જ છે માટે એક છે અને પ્રભુમાં અનેક ગુણો છે માટે અનેક છે. પ્રભુ સ્વયં એક છે, પણ અનેક ભક્તોના હૃદયમાં બિરાજે છે માટે અનેક છે.

પ્રભુ 'જ્ઞાન સ્વરૂપી' છે. આત્માના અસંખ્ય પ્રદેશે-પ્રદેશે જ્ઞાનગુણ છે. જ્ઞાન ગુણરહિત, આત્માનો એક પણ પ્રદેશ હોય નહીં. પ્રભુએ સર્વથા જ્ઞાનાવરણીયનો ક્ષય કરી, સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કરી છે. વળી જ્ઞાન તે જ આત્મા અને આત્મા તે જ જ્ઞાન. એમ તેઓની આત્મચેતના જ્ઞાનમય જ છે, માટે પ્રભુ 'જ્ઞાન-સ્વરૂપી' છે.

પ્રભુ 'અમલ' છે, જ્યાં જરા પણ મલિનતા નથી એ અમલ, મોહ છે ત્યાં મલિનતા છે, મોહ નથી માટે મલિનતા નથી. સર્વ વિશુદ્ધ આત્મ પ્રભુ 'અમલ' છે.

સંત પુરુષો, આત્માર્થી જીવો પ્રભુને આવા ગુણો વડે પીછાણે છે.

અહીં જિનેશ્વર ભગવાનનું આંતરસ્વરૂપ બતાવ્યું કે જે આત્માનું મૌલિક સ્વરૂપ છે અને તે જ જાણવા યોગ્ય છે. આ ગુણોથી જ જિનેશ્વરના સ્વરૂપને સમજી શકાય છે. પણ મતાર્થી જીવ પ્રભુને પુણ્યોદયથી મળેલી બાહ્ય રિદ્ધિમાં અંજાઈ જઈ, તેને જ પ્રભુનું સ્વરૂપ સમજે છે, અને તેમાં જ પોતાની બુદ્ધિનું સાર્થક્ય સમજે છે, પણ તે ભૂલ છે.

શ્રીમદ્જીએ અહીં દેવ સંબંધી માન્યતામાં ક્યાં ભ્રમ સેવાઈ રહ્યો છે તે બતાવ્યું. હવે આગળ મતાર્થીના અન્ય લક્ષણો કેવાં હોય છે તે કહેવાશે.

ડ

## આત્મ-ચિંતન....

''હું....આત્મા છું...'' ...''હું.....આત્મા......છું''

જ્ઞાયકતા...... એ મારો સ્વભાવ ........

જ્ઞાયકતા....... અર્થાત્ જાણપણું.....જાણવું.....એ મારો સ્વભાવ છે..... હું..... આત્મા..... હું ચૈતન્ય.... આત્માના અસંખ્ય પ્રદેશે મારો જ્ઞાનગુણ.....વિદ્યમાન છે..... મારી જ્ઞાનશક્તિ.....સમસ્ત જગતને જાણવાનું સામર્થ્ય ધરાવે છે. જે....શક્તિ જગતને જાણે છે.... તે જ શક્તિ..... આત્માને પણ જાણે છે......

મારો જ્ઞાનસ્વભાવ.... વિશ્વના પદાર્થોને જોવા.... વિશ્વના પદાર્થોને જાણવામાં.... રોકાયેલો છે....મન....બુદ્ધિ....અને ઈન્દ્રિયોના માધ્યમથી... વિશ્વના પદાર્થોને જુએ છે. ...જાણે છે....જગતમાં ફરતો આ જ્ઞાનગુણ.... ત્યાંથી પાછો વાળી..... આત્માને જાણવામાં ....પુરુષાર્થ કરે તો....આત્માને જાણી શકે.... આત્માને માણી શકે...આત્માને અનુભવી શકે....

જગતના જ્ઞેય પદાર્થોમાં રોકાયેલી વૃત્તિ...રાગ-દ્વેષને આધીન બની જાય છે.... જગતને જોઉં... જગતને જાણું....અને ત્યાં રાગ-દ્વેષ છે.... એ વિભાવ છે...મારે....મારી સ્વાભાવિક દશાને....પ્રાપ્ત કરવી છે.... મારા મૂળભૂત સ્વરૂપને પામવું છે....એ માટે મારા જ્ઞાનગુણને પદાર્થમાંથી પાછો વાળી....મારામાં સ્થિર કરું....મારામાં થયેલી સ્થિરતા... મને ઓળખાવશે....

હું ....મને જાણું... હું ....મને ઓળખું...હું મને પીછાણું....હું....મને અનુભવું...અખંડ જ્ઞાયક સ્વરૂપી આત્મા ...જ્યારે સમસ્ત જગતથી.....દૂર થશે.... ત્યારે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી લેશે.... મારે કેવળને પામવું છે... એટલે જગતમાં ફરતાં જ્ઞાનગુણને પાછો વાળી....મારામાં સ્થિર કરી દઉં....એ માટે આત્માનું ચિંતન.... થોડીક ક્ષણો વધુ એકાગ્ર થઈ.... નિજનું ચિંતન....

''હું ....આત્મા ....છું'' ''હું ....આત્મા ....છું''

''ૐ શાંતિ'' ...''શાંતિ..... ''શાંતિ.''

# વર્તે દૃષ્ટિ વિમુખ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જ જીવ કરી શકે છે કે જેના અંતઃકરણમાં સંસાર પ્રત્યે વિમુખતા આવી છે. જ્યાં સુધી સંસાર સન્મુખ હોય ત્યાં સુધી, સંસારની પ્રીતિ અંતરમાંથી ઓસરતી નથી. સંસારની પ્રીતિના કારણે એણે જે કંઈ કર્યું તે સંસારની વૃદ્ધિ થાય એવું જ કર્યું.

જ્યાં-જ્યાં, જે જે યોનિમાં ગયો, ત્યાં મળેલી ઈન્દ્રિયાદિની શક્તિઓનો ઉપયોગ માત્ર જન્મ-મરણની પરંપરાનાં નિમિત્તરૂપ જ થયો. પૂર્વે શું કર્યું અને કેમ વર્ત્યો તે યાદ નથી. પણ આ જન્મનો વિચાર કરીએ કે જન્મથી આજ સુધીની પ્રવૃત્તિ શું અને કેવી કરી?

વિચારો! બંધુઓ! બાળક જન્મે, કશી જ ખબર નથી. આંખ ખોલવાનું પણ ભાન નથી. છતાં ઈન્દ્રિયોનો ઉપયોગ શરૂ થઈ જાય. જોયું છે ને તમે? જન્મેલા બાળકને ગળથૂથી પાવામાં આવે, રૂના પૂમડાથી એક-એક ટીપું મુખમાં આપે, અને બાળક જીભથી સ્વાદ લેવા માંડે. અંદર પડેલા આહારસંજ્ઞાના સંસ્કારો જાગ્રત થઈ ઊઠે અને જીભથી સ્વાદ લેવાય એ પ્રગટ રૂપે ન જાણતો હોવા છતાં, રસને ગ્રહણ તો કરી જ લે.

એ જ રીતે અન્ય ઈન્દ્રિયોનો ઉપયોગ પણ શરૂ થાય. થોડો સમય જાય અને તે આંખથી ઓળખવા માંડે, કોઈ પદાર્થ તેની સામે ધરો કે જોઈને આકર્ષાય. કાનથી સાંભળવા માંડે. અવાજ કરો કે એનું નામ લઈને બોલાવો, તરત સાંભળે અને સાંભળીને સામું જુએ. આમ બધી જ ઈન્દ્રિયોનો ઉપયોગ અનાયાસે એ કરવા માંડે. સાથે-સાથે મનનું કાર્ય પણ શરૂ થઈ જાય છે. બાળક ઊંઘમાં હસે. શા માટે?



તેના અવચેતન મનમાં ચાલતી કોઈ પ્રક્રિયા હાસ્ય રૂપે પ્રગટ થાય છે.

બંધુઓ! આપણે નાના હતા ત્યારે કોઈએ શીખવ્યું નથી કે જો, આ તારા કાન છે, તેનાથી તારે સાંભળવાનું. આ આંખ છે, તેનાથી જોવાનું. છતાં બધી જ ઈન્દ્રિયોનો એ એ પ્રકારે ઉપયોગ કરી જ લઈએ છીએ. ક્યારેય વિચાર્યું આનું કારણ શું હોઈ શકે? અનંત ભૂતકાળમાં એક-બે-ત્રણ-ચાર જેટલી ઈન્દ્રિયો મળી ત્યાં-ત્યાં વિષયોના ભોગવટા સિવાય બીજું કશું કર્યું જ નથી. જીવને વિષયો જ પ્રિય છે. આપણી ચેતના બહિર્મુખ થઈ વિષયો તરફ જ દોડી રહી છે. એટલે ઈન્દ્રિયો સાથે જ્યાં જેટલી બુદ્ધિ મળી, જ્યાં મન મળ્યું, તે બધી જ શક્તિઓનો ઉપયોગ પણ આ દિશામાં જ થયો. ઈન્દ્રિયો, મન અને દેહમાં આટલી ઊંડી આસક્તિનું પરિણામ એ આવ્યું કે જીવને પોતાના શ્રેય સંબંધી વિચારોનો અવકાશ જ રહ્યો નહીં.

વળી જીવને ઈન્દ્રિયના વિષયોની આસક્તિ જેટલી વધારે એટલા રાગ-દ્વેષ પણ વધારે. અને રાગ-દ્વેષનું પરિણામ જેટલું તીવ્ર તેટલો જીવ આત્માથી દૂર, એટલે કે તેને આત્મભાવ જાગ્રત થાય જ નહીં. રાગાદિ ભાવો મિથ્યાત્વના પોષક છે. મિથ્યાત્વ પોષાતું રહે ત્યાં સુધી આત્માર્થ જાગે ક્યાંથી? અને તેથી આ વિરાટ વિશ્વમાં પડેલાં ઉત્તમ નિમિત્તોને ઓળખ્યા વિના જીવ બેભાન થઈ આથડી રહ્યો છે.

જીવને ઉત્તમ નિમિત્તો મળતાં તો હોય છે, પણ આંખ આડાં અંધારાં તેની ઓળખાણ થવા દે નહીં. તેથી તારક નિમિત્ત મળે તો પણ તેને આરાધી શકે નહીં અર્થાત્ તે નિમિત્તના આશ્રયે આત્મ-આરાધના કરી શકે નહીં.

નિષ્કારણ કરુણાશીલ જ્ઞાની પુરુષો, આ જીવનાં પરિણામોને જોઈ અંતરમાં કંઈક ખેદ અનુભવે છે. તેના પર કરુણા વરસાવે છે અને તેને ઠેકાણે લાવવા પ્રયત્નશીલ બને છે. તેથી જ એવા મતાર્થી જીવનાં એક એક લક્ષણો બતાવી તેને તેની ભૂલ સમજાવે છે.

અહીં શ્રીમદ્જીએ, બાહ્ય ત્યાગીને ગુરુ માનતા મતાર્થી જીવને શ્રદ્ધામાં ક્યાં ભૂલ છે તે સમજાવી. પછી સમવસરણ આદિ રિદ્ધિને જિન સ્વરૂપ સમજી રહેલા મતાર્થીને જ્ઞાનની ભૂલ સમજાવી. આ બંને ભૂલોનું પરિણામ શું હોય? આ ભૂલોને કારણે મતાર્થીની માન્યતા કેવી

કદાગ્રહી હોય તે બતાવતાં કહે છે –

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;**
**અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય...૨૬...**

મતાર્થી મિથ્યાત્વી હોય અને મિથ્યાત્વી જીવ પણ કંઈક પુણ્યો લઈને આવ્યો હોય, તો તે પુણ્યના યોગે સદ્‌ગુરુનું સામીપ્ય પણ મળી જાય. તેમનો સમાગમ પણ થાય. તેમની શારીરિક સેવા પણ કદાચ કરતો હોય. અને! તેઓની વાણી પણ સાંભળતો હોય. બધું જ થાય, પણ એ વાણી કે ગુરુદેવની આજ્ઞા ઉરમાં વસે નહીં. સાંભળવા માટે તો એ ક્યાંનો ક્યાં જાય? એ માટે પૈસો ખરચવો પડે તો ખરચે. હું જ ખરો શ્રોતા છું તેમ માને અને મનાવે. પણ પેલા ઊંધા ઘડા જેવો.

અનરાધાર વરસતા વરસાદમાં નેવા નીચે મૂકેલો ઊંધો ઘડો, આંગણમાં પાણી ભરાતાં અહીં-તહીં આથડી ફૂટી જાય છે પણ એક બુંદ પાણીને ગ્રહણ ન કરે અને વિનષ્ટ થઈ જાય. તેમ મતાર્થી જીવ ઉપદેશને સાંભળે, પણ અંતરમાં એક અક્ષર પણ ગ્રહણ ન કરે. એટલું જ નહીં, જે કહ્યું તેથી ઊલટો વર્તે. જળો નામનું જંતુ ગાયના સ્તન પર મૂક્યું હોય તો દૂધ ન પીએ પણ લોહી પીએ. તેમ મતાર્થી જીવ ગુરુના અણમોલ ઉપદેશમાંથી સારી વસ્તુ ગ્રહણ ન કરે પણ દોષો જ જુએ.

મોરારીબાપુએ કહેલી એક વાત યાદ આવે છે. તેઓ એક ગામમાં રામાયણ વાંચતા હતા. સાંજે એક યુવાન આવ્યો, કહે :

''બાપુ! પ્રશ્ન પૂછવો છે.''

બાપુને થયું, વાહ! આ યુવાનને રામાયણમાં કેટલો રસ હશે? કથા સાંભળીને વિચાર્યું હશે ત્યારે પ્રશ્ન ઊભો થયો હશે ને? અને ખુશ થતાં બાપુએ કહ્યું: 'પૂછ.'

''બાપુ! હનુમાનને પૂંછડું હતું તો તેની માને કેમ નહીં?

જુઓ બંધુઓ! આ પ્રશ્ન! રામાયણ જેવી ઉત્તમ કૃતિમાંથી આ ગ્રહણ કરવાનું હતું? બુદ્ધિ ક્યાં ચાલી? સારું ગ્રહણ કરી શકે જ નહીં. લોટ ચાળવાનો હવાલો, લોટને કાઢી નાખે અને કચરા રૂપ થૂલાને ધરી રાખે એવી થઈ આ વાત. બસ, મતાર્થી જીવ પણ સદ્‌ગુરુના સંપર્કમાં



આવ્યા પછી પણ સત્સંગ ન કરી શકે. પોતાનામાં સતને અનુભવવાનો પુરુષાર્થ ન આચરી શકે અને મળેલા રત્ન જેવા યોગને ગુમાવી દે. આ તો કાગડાની કોટે રતન! તેને કિંમતની શું ખબર હોય? અને તેમાં શોભા પણ શેની?

બંધુઓ! જેને કંઈક આત્માર્થ સાધવાની બુદ્ધિ સૂઝી છે તે જીવ પોતાની યોગ્યતા વધારતો જાય અને જેમના નિમિત્તે તેનો ચૈતન્ય દીપક પ્રગટવાનો છે, તેવા નિમિત્તને સત્સંગના વાતાવરણમાં વ્યાકુળ થઈ શોધતો ફરે. એ જીવ સદ્‌ગુરુના યોગને ઝંખતો હોય, ન મળે તો પળે પળે ખેદ વર્તતો હોય! કેમ સદ્‌ગુરુ નથી મળતા? તેનો અંતરમાં પારાવાર ઊહાપોહ હોય. કારણ તેને સત્ શિષ્ય બનવાની હવે ઉત્કટ તાલાવેલી લાગી છે. એવા જીવને બીજા કોઈ વિષયમાં રસ ન રહે. સંસારનાં કાર્યો કરવા ખાતર કરી લે, ફરજોને બજાવવી પડે તો પૂરી કરી લે, પણ તેનું અંતરમન તો નિરંતર સદ્‌ગુરુના વિરહની ઊંડી વ્યથા અનુભવતું હોય, કારણ એને ખબર છે કે એકવાર સદ્‌ગુરુ મળ્યા તો પછી તેમની કૃપા મારા પર વરસવાની જ છે, મારામાં અંતર્મુખતા તેઓ જગાડશે જ. એમના વિના બીજી કોઈ પણ શક્તિ મને આત્માની ઓળખાણ કરાવવા સમર્થ જ નથી. તેથી હવે સદ્‌ગુરુ વિના રહેવાતું નથી. એક ભક્ત કવિ કહે છે –

**ગુરુજી! તમ વિના બેલી મારું કોઈ નથી...હે...જી;**
**બાપજી! સાંભળો પોકાર....(૨) તમ વિના....ગુરુજી**
**ગુરુજી! જળ વિના તલખે જેમ મિનકા....હે....જી;**
**દીલ મારું તલખે દીદાર....(૨) તમ વિના....ગુરુજી**

જ્યાં આત્માર્થી જીવ સદ્‌ગુરુના યોગ વિના અકળાતો હોય, ત્યાં મતાર્થી જીવ મળેલા યોગને સફળ ન કરી શકતો હોય. તેની દૃષ્ટિની વિમુખતા અને કુ-ગુરુને સુ-ગુરુ માનવાની ભૂલ, તેની સમજણનાં દ્વાર બંધ જ રાખે, ખૂલવા ન દે. તેને કોઈ સદ્‌ગુરુ સામેથી જઈને સાચો રાહ બતાવે તો પણ તે ચાલવા તૈયાર ન થાય.

**શું જાણે ભક્તિ વનચર વગડાના રે વાસી?**
**પાસે જઈને પ્રમોદીએ, તો નિશ્ચે જાય નાસી રે**
**સાધુ પુરુષોનો સંગ ન કીધો, આપોઆપ ઉદાસી....શું....જાણે**

આવી દશા હોય મતાર્થીની! સદ્‌ગુરુને માને નહીં અને અસદ્‌ગુરુમાં પડેલા મમત્વને છોડે નહીં! અસદ્‌ગુરુને સેવતાં હિત થાય છે કે અહિત, તેનો વિચાર એ કરી જ ન શકે! પણ પોતામાં રહેલ અહંનું પોષણ થાય માટે અસદ્‌ગુરુમાં દૃઢ વિશ્વાસ ધરાવે. તેમના પ્રત્યેની પ્રીતિ વધુ ને વધુ મજબૂત કરતો જાય. કારણ કે ત્યાં માન મળે છે, સમાજે માનેલી જૂઠી પ્રતિષ્ઠા મળે છે. એવા ગુરુ તો તેની વાહ વાહ કરે, અને તેમાંય જો ધન ખર્ચી જાણતો હોય તો પછી પૂછવું જ શું? ભાઈ – ભાઈ થતો હોય, પાંચમાં પૂછાતો હોય!

ખ્યાલ કરજો બંધુઓ! આવા ઢોંગી ગુરુઓને આવા શિષ્યો મળી જ રહે, તેને આત્મ-આરાધનાના નામે કંઈ લેવા-દેવા નહીં અને વ્રત, પ્રત્યાખ્યાન આદિમાં પણ રસ નહીં. માત્ર વાહ-વાહ થાય. માન-પ્રતિષ્ઠા મળે. બસ! એવો ધર્મ જોઈએ અને એવા ધર્મગુરુ જોઈએ! જે ભક્તોને ચાવી દીધેલા રમકડાની જેમ રમાડતા હોય. આ કાળમાં આવા અંધશ્રદ્ધાળુ માનવો સંખ્યાબંધ મળે અને ધુતારા કુ-ગુરુઓ એવા લોકોને ભક્તો બનાવી પોતાના સ્વાર્થનું પોષણ કરે. પોતાનું અહમ્ પણ પોષાય અને ભક્તના અહંને પણ પોષણ મળે. બસ, અન્યોન્ય આવા ભાવો હોય. આમાં કોઈનુંય હિત સધાય ક્યાંથી?

આવા જીવો અનાદિકાળથી ભ્રમમાં જ પડ્યા છે. તેની દૃષ્ટિ અવળી જ છે. સવળી દૃષ્ટિ થઈ નથી અને તે કરવા માગતો પણ નથી. સત્‌નો આદર જ નથી. અરે! સત્ શું છે તેની પણ જાણ નથી. તેથી સત્‌નો અનાદર કરતો રહે અને અવળી દૃષ્ટિ હોવાના કારણે અસત્‌નો આદર કરે. આ જીવો કરુણાને પાત્ર છે. લોકોત્તર માર્ગ મળ્યા પછી પણ એ માર્ગે ડગ માંડી શકે નહીં, જીવની આ કમનસીબી નહીં તો બીજું શું? બંધુઓ! આપણે આપણા અંતરને તપાસી લઈએ કે વીતરાગની વાણી અને સંતોનો સંગ પામ્યા પછી પણ જો આત્મા માટે, સત્ માટે આદર ન જાગતો હોય તો શું સમજવું? ક્યાં છીએ આપણે? મતાર્થીનાં લક્ષણોને સાંભળીને આપણે પણ તેની કક્ષામાં મુકાઈએ એવા તો નથી ને? એ ખાસ વિચારવું જરૂરી છે.

મતાર્થી જીવની ભૂલ ભરેલી માન્યતાઓ હજુ શું શું છે તે અવસરે કહેવાશે.

# .... જે સમજે શ્રુતજ્ઞાન!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, યથાર્થ રીતે થાય તો જ તે ફળીભૂત થાય. અન્યથા કરેલો પુરુષાર્થ નિષ્ફળતામાં પરિણમે. વ્યાવહારિક કામોમાં જેમ યથાર્થતાનો આગ્રહ રહે છે, તેમ આરાધના માર્ગે એટલો જ, બલ્કે એથી વધુ ખ્યાલ રહેવો જરૂરી છે.

પ્રાયઃ એવું બનતું જોવામાં આવે છે કે લોકરૂઢિથી થતા ધર્મનાં ક્રિયા-આચારો, લાંબા સમય કરાયા પછી પણ મનનું માનેલું ફળ ના મળે, તેથી માણસની શ્રદ્ધા તૂટી જાય છે. અમુક ઉપવાસ, આયંબિલ કરું તો આવેલ આપત્તિ દૂર થઈ જાય, આવા વિશ્વાસથી કરાતાં અનુષ્ઠાનો જ્યારે સંકટને નષ્ટ ન કરી શકે ત્યારે માનવ કહે છે "ધર્મ ખોટો છે. મેં આટઆટલું કર્યું છતાં મને ફળ ના મળ્યું." અને તે અનુષ્ઠાનોને આચરવાનું છોડી દે છે.

આ દૃષ્ટિ વિચારણા માગી લે છે. શું આ રીતે થતાં વ્રત-પ્રત્યાખ્યાનો સાંસારિક દુઃખો દૂર કરી દે ખરાં? અને ન કરે તો ખોટાં? જો આ અનુષ્ઠાનો જ સંકટનું સમાધાન હોત, તો માનવને બીજો કોઈ પ્રયત્ન કરવાનું જ ન રહેત. ગમે તેમ કરીને અનુષ્ઠાનો કરી લેત, પણ એમ નથી. ધર્મ સંકટ સમયે સહાય કરે છે તે વાત સાચી, પણ કઈ રીતે સહાયક થાય?

દુઃખ સમયે ધર્મદૃષ્ટિ એમ કહે છે કે આવેલ દુઃખ તારાં કરેલાં કર્મોનું ફળ છે માટે સમતા રાખ, વિષમતા ન લાવ. કોઈ પર આરોપ ન નાખ. કોઈના કારણે તને દુઃખ નથી આવ્યું, પણ તારા પોતાના જ ગુપ્ત કારણે આવ્યું છે માટે સમતાથી સહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જો આમ સમજી સમતા રાખે, મહા-ભયંકર વેદનામાં પણ